# ‘નામ પૂછવામાં આવ્યા, પછી હુમલો કરવામાં આવ્યો’ : ઉત્તરપૂર્વ દિલ્હીમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ પર હુમલો; પરિવાર ન્યાય માંગે છે

(એજન્સી) તા.૨૦

ઉત્તરપૂર્વ દિલ્હીના મુસ્તફાબાદ વિસ્તારમાં બે મુસ્લિમ વિદ્યાર્થીઓ પર કથિત રીતે હિન્દુત્વવાદીઓના એક જૂથ દ્વારા ક્રૂર હુમલો કરવામાં આવ્યો હતો જ્યારે તેઓ ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષા આપીને ઘરે પરત ફરી રહ્યા હતા. પીડિતો, ૧૭ વર્ષનો વિદ્યાર્થી મોહમ્મદ ફૈઝાન અને તેનો મિત્ર, જેનું નામ પણ ફૈઝાન છે, ૧૬ માર્ચે તુખ્મીરપુરમાં તેમની ઓલ-બોયઝ સરકારી શાળામાંથી બહાર નીકળ્યા હતા ત્યારે હુમલો થયો હતો. પરિવારના જણાવ્યા અનુસાર, છોકરાઓએ તેમની પરીક્ષા પૂર્ણ કરી હતી, અને ફૈઝાન ઘરે જતા પહેલા ઝુહરની નમાઝ અદા કરી હતી. તે ઉપવાસ કરી રહ્યો હતો અને તે સમયે તેણે ટોપી પહેરી હોવાનું કહેવાય છે, જેના કારણે તે ઓળખી શકાયો હતો. પ્રત્યક્ષદર્શીઓના અહેવાલો સૂચવે છે કે પુરુષોનું એક જૂથ પાછળથી વિદ્યાર્થીઓ પાસે આવ્યું, તેમને રોક્યા અને તેમના નામ પૂછ્યા. તેમની વચ્ચેના હિન્દુ વિદ્યાર્થીઓને ઓળખ્યા પછી, હુમલાખોરોએ તેમને અલગ કર્યા અને તેમને ભગાડી દીધા. ત્યારબાદ બે મુસ્લિમ છોકરાઓ પર હિંસક હુમલો કરવામાં આવ્યો. હુમલાખોરોએ



તેમને મારવા માટે કથિત રીતે લાકડીઓ, મુક્કાઓ, સ્ક્રુડ્રાઈવર અને અન્ય વસ્તુઓનો ઉપયોગ કર્યો હતો. મોહમ્મદ ફૈઝાનને ગંભીર ઈજાઓ થઈ હતી. તેના પરિવારનો આરોપ છે કે તેને એટલી જોરથી મારવામાં આવ્યો હતો કે તેનું માથું પાર્ક કરેલા ટ્રકમાં અથડાયું હતું, જેના કારણે તે સ્થળ પર જ બેભાન થઈ ગયો હતો. તેને ગંભીર ઈજાઓ થઈ હતી, જેમાં નાકમાં ફ્રેક્ચર થયું હતું અને તેના હોઠ પર અનેક ટાંકા લેવા પડ્યા હતા. શરૂઆતમાં ભાગી ગયેલા હિન્દુ સહાધ્યાયીઓ પાછળથી પાછા ફર્યા અને પોલીસને જાણ કરી. પીડિતોને પહેલા નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને બાદમાં વધુ સારવાર માટે ગુરૂ તેગ બહાદુર હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. ‘તેના નાકમાંથી લોહી વહેતું બંધ થતું નહોતું,’ તેમણે કહ્યું, તેમણે ઉમેર્યું કે તે રમઝાન માટે ઉપવાસ કરી રહ્યો હતો અને તેની બોર્ડ પરીક્ષાઓને કારણે પહેલેથી જ તણાવમાં હતો. તેઓ પરીક્ષા આપવા ગયા હતા, તેઓ ઉપવાસ કરી રહ્યા હતા, અને ઈદની રાહ જોઈ રહ્યા હતા. તેના બદલે, તેમના પર આ રીતે હુમલો કરવામાં આવ્યો, “તેમણે કહ્યું. રશીદે ઉમેર્યું કે પરિવાર આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યો છે અને વિસ્તારના સીસીટીવી ફૂટેજની તપાસ કરવાની માંગ કરી છે. તેમણે એમ પણ કહ્યું કે મોહમ્મદ ફૈઝાન ઈદની રાહ જોઈ રહ્યો હતો અને ઈદની નમાઝ માટે નવા કપડાં ખરીદવા માટે ઉત્સાહિત હતો. આ ઘટનાથી પરિવાર ભયભીત થઈ ગયો છે, સલામતી અંગે ચિંતાઓ અને રહેવાસીઓમાં ચિંતા વધી રહી છે.







































# વડોદરામાં ત્રણ કલાક સુધી લાઈટો નહીં આવતા MGCVLની ઓફિસ ખાતે લોકોનો મધરાતે હોબાળો

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૦

વડોદરામાં ગુરૂવારની રાત્રે ફુંકાયેલા ભારે પવન અને વરસાદના કારણે શહેરના સંખ્યાબંધ વિસ્તારોમાં અંધારપટ છવાયો હતો. બીજી તરફ કારેલીબાગ વિસ્તારમાં અમુક જગ્યાએ ત્રણ ત્રણ કલાક સુધી પણ વીજ પુરવઠો ચાલુ નહીં થતા લોકોએ MGVCLની કારેલીબાગ ઓફિસ ખાતે રાત્રે ભારે હોબાળો મચાવ્યો હતો.

લોકોએ આક્ષેપ કર્યો હતો કે MGVCLની હેલ્પલાઇન પર અને કારેલીબાગ ઓફિસમાં પણ લેન્ડલાઈન ફોન પર કોઈ જવાબ નથી આપી રહ્યું. ફોન બાજુ પર મૂકી દેવામાં આવ્યો છે. સ્થાનિક લોકોએ અધિકારીઓનો ઘેરાવો કર્યો હતો. લોકોએ એવું પણ કહ્યું હતું કે અધિકારીઓ અને કર્મચારીઓએ ઉદ્ધતાઈ પૂર્ણ વર્તન કર્યું હતું.

બીજી તરફ એમજીવીસીએલના ઉચ્ચ અધિકારીઓએ કહ્યું હતું કે ઘણી જગ્યાએ લાઈનનું સમારકામ ચાલી રહ્યું હતું અને તેના કારણે સ્ટાફ વ્યસ્ત રહ્યો હતો એટલે કોઈ જગ્યાએ વીજ પુરવઠો ચાલુ કરવામાં વિલંબ થયો હોઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે ગુરૂવારની રાત્રે એમજીવીસીએલના ૭૦ ફીડરો પર વીજ પુરવઠો ખોરવાયો હતો અને આ તમામ ફીડરો રાત્રે ચાલુ થઈ ગયા હોવાનો દાવો પણ સત્તાધીશોએ કર્યો હતો. અધિકારીના કહેવા પ્રમાણે વીજ સપ્લાય બંધ થવાની રાત્રે ૯૦૦ જેટલી વ્યક્તિગત ફરિયાદો મળી હતી અને સવારે ૬:૦૦ વાગ્યા સુધીમાં ૧૩૩ ફરિયાદોને બાદ કરતા બાકીની ફરિયાદોનો ઉકેલ આવી ગયો હતો.

# વડોદરા : ટ્રેનમાં નશાયુક્ત પાણી પીવડાવી રૂા.૧.૨૨ લાખની ચોરી

વડોદરા, તા.૨૦

મૂળ પશ્ચિમ બંગાળના અને હાલ સુરતમાં રહેતા સીરાજુલ ઈસ્લામ શેખ પોતાના પિતાને વડોદરા રેલવે સ્ટેશન પરથી અમદાવાદ-હાવડા એક્સપ્રેસ ટ્રેનમાં બેસાડી રહ્યા હતા. ટ્રેન ઉપડ્યા બાદ થોડા જ સમયમાં એક અજાણ્યો શખ્સ તેમની સામેની સીટ પર આવી બેઠો હતો અને મીઠી વાતો કરીને પિતા-પુત્રનો વિશ્વાસ જીત્યો હતો.

થોડીવાર બાદ ગઠિયાએ પાણી પીવાનું કહી બોટલ આપી હતી. પિતાએ પાણી પીધા બાદ સીરાજુલએ પણ થોડું પાણી પી લીધું હતું. પાણી પીતા જ થોડા સમયમાં બંનેને ચક્કર આવવા લાગ્યા અને તેઓ બેભાન થઈ ગયા હતા. હોશમાં આવતા તેમને ખબર પડી કે આરોપી તેમની મોબાઈલમાંથી બંને સિમકાર્ડ કાઢી ગયો હતો તેમજ પેન્ટના ખિસ્સામાંથી પર્સ પણ ચોરી લઈ ગયો હતો. પર્સમાં એટીએમ કાર્ડ, ટ્રેન ટિકિટ અને રૂા.૨,૫૦૦ રોકડ રકમ હતી.

આરોપીએ એટીએમ કાર્ડનો ઉપયોગ કરીને તેમજ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા આશરે રૂા.૧.૨૦ લાખ ઉપાડી લીધા હતા. આમ કુલ મળીને અંદાજે રૂા.૧,૨૨,૫૦૦ની ચોરી કરવામાં આવી હતી.

# વડોદરામાં વૃદ્ધા સાથે છેતરપિંડી

વડોદરા, તા.૨૦

વડોદરા જિલ્લાના સોમિયાલા ગામે રહેતા ધનુબેન રાઈસિંગભાઈ ઓડ ગુરૂવારના બપોરના સમયે તેમના જમાઈની એક્ટિવા પર મંગળ બજાર પદમાવતી શોપિંગ સેન્ટર ખાતે ઘરગથ્થું સામાન લેવા ગયા હતા. જમાઈએ તેમને ત્યાં ઉતારી દીધા બાદ ધનુબેન ખરીદી કરવા માટે ગયા હતા ખરીદી કરીને તેઓ પરત ફર્યા હતા અને લહેરીપુરા ગેટ નજીક ચોકમાં ઊભા હતા ત્યારે બે શખ્સ તેમની પાસે આવ્યા હતાં તેઓએ પોતે દાન આપવા માટે આવ્યા છે તેમ કહી મીઠી વાતો કરતા વૃદ્ધાને તેમના પર વિશ્વાસ આવી આવી ગયો હતો. બંને ગઠિયાઓ વૃદ્ધાને એચડીએફસી બેંકની બાજુમાં સીડી પાસે બેસાડ્યા હતા. ત્યાં એક ગઠિયાએ તમારા હાથમાં પહેરેલી સોનાની બંગડી ઉતારી આપો દાન આપનારા લોકો ચકાસણી કરશે અને જો કિંમતી વસ્તુ હશે તો દાન નહીં આપે. જેથી પહેરેલી સોનાની બંગડીઓ કાઢી નાખવા કહ્યું હતું. વૃધ્ધાએ તેમની વાતોમાં આવીને બંગડીઓ કાઢી પોતાના નાના પર્સમાં મૂકી અને તે પર્સ ખરીદીના થેલામાં મૂકી દીધો હતો. આ દરમિયાન બંને ઠગોએ વાતોમાં ભોળવી વૃધ્ધાની નજર ચૂકવી થેલોમાંથી રૂપિયા ૨.૮૫ લાખની સોનાની બંગડીઓ લઈને ફરાર થઈ ગયા હતા.

# વેરાવળમાં ટી.બી. મુક્ત પંચાયત અંતર્ગત સર્ટિફિકેટ વિતરણ સમારોહ યોજાયો

વેરાવળ તા.૨૦

કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના માર્ગદર્શનમાં ગીર સોમનાથ જિલ્લો વ્યસનમુક્ત બને એ માટે જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ સતત પ્રયત્નશીલ છે. જેના ઉપક્રમે વેરાવળના કૉમ્યુનિટી હોલમાં જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ અંતર્ગત ટીબી મુક્ત પંચાયત અંતર્ગત સર્ટિફિકેટ વિતરણ સમારોહ અને પંચાયતી રાજ સંસ્થાના સભ્યોની કાર્ય શિબિર યોજાઈ હતી.

આ તકે, ધારાસભ્ય ભગવાનભાઈ બારડે વ્યસનમુક્તિનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, ટી.બી થવાના પાયામાં મુખ્યત્વે વ્યસન રહેલું છે. તમાકુ-બીડી સહિત શારીરિક નુકસાન પહોંચાડતી ટેવથી દૂર રહેવું હિતાવહ છે. સરપંચ ધારે તો ગામમાં અનેક સુધારાઓ કરી શકે છે. તે જ રીતે ગામમાં એકપણ ટી.બીનો દર્દી ન રહે તે માટે પ્રયત્ન કરી શકે છે. આવી જનભાગીદારી અને સહિયારા પુરૂષાર્થથી જ પરિવર્તન આવતું હોય છે. આવા પરિવર્તન દ્વારા જ વડાપ્રધાનનું 'વકસિત ભારતનું સ્વપ્ન' આપણે પૂર્ણ કરી શકીશું.

કલેક્ટર એ ક્ષયનાબૂદી અભિયાનની મહત્તા વર્ણવતા કહ્યું હતું કે, ૫૦ વર્ષ પહેલા ટી.બી.ને રાજરોગ કહેવાતો હતો. જેમ-જેમ ટેક્નોલોજીના નવા આયામો આવતા ગયા અને આરોગ્ય ક્ષેત્રે નવી-નવી શોધો થતી ગઈ તેમ ટી.બી. નિર્મૂલનના આશાના કિરણો જાગ્યાં. ટી.બી એ ચેપી રોગ છે જેની નાબૂદી કરવી અત્યંત જરૂરી છે. જેથી અભિયાનના ભાગરૂપે આ રોગને નાબૂદ કરવા સરકાર સતત પ્રયત્નશીલ છે.

જિલ્લા ક્ષય અધિકારી ડૉ.શીતલ રામે ટી.બી ક્ષેત્રે ઉત્તરોત્તર સફળતાની આંકડાકીય વિગતો રજૂ કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩માં ગીર સોમનાથ જિલ્લામાં ૩૧ ગ્રામપંચાયત, વર્ષ ૨૦૨૪માં ૧૪૮ ગ્રામપંચાયત અને વર્ષ ૨૦૨૫માં ૧૭૬ ગ્રામપંચાયત ક્ષયમુક્ત બની છે. ૧૮ ગ્રામપંચાયત સતત ૩ વર્ષથી, ૮૮ ગ્રામપંચાયત સતત ૨ વર્ષથી અને ૭૦ ગ્રામપંચાયત ૧ વર્ષથી ક્ષયમુક્ત રહી છે. આમ, ક્ષયઅધિકારી એ ટી.બી. નિર્મૂલન માટે ગીર સોમનાથ જિલ્લામાં કરવામાં આવતા પ્રયત્નો અને સફળતાઓ વર્ણવી હતી.

# સાબરકાંઠાના પાંચ તાલુકામાં કમોસમી વરસાદ, ખેડૂતોને નુકસાનની ભીતિ

હિંમતનગર, તા.૨૦

ગુરૂવારે સવારથી જ જિલ્લામાં ભારે પવન અને ધૂળની ડમરીઓ ઉડી રહી હતી. મોડી સાંજ સુધી પવન ફૂંકાતો રહ્યો હતો. રાત્રિના સમયે વીજળીના ચમકારા સાથે પવન અને કમોસમી વરસાદ શરૂ થયો હતો. જોકે, વરસાદ હળવો અને ઓછા સમય માટે વરસ્યો હતો.આ કમોસમી વરસાદની અસર ખેતરોમાં કાપેલા ઘઉંના પૂળા પર થઈ છે. વરસાદને કારણે ઘઉંમાં કાળી ડાઘી પડી શકે છે, જેનાથી તેની ગુણવત્તામાં ઘટાડો થશે અને બજારમાં ઓછો ભાવ મળવાની શક્યતા છે.હિંમતપુરના ખેડૂત જયંતીભાઈ પટેલે જણાવ્યું હતું કે, તેમણે ૧૦ વીઘામાં ઘઉંનું વાવેતર કર્યું હતું, જેમાંથી ૭થી ૮ વીઘાના ઘઉંની કાપણી કરી લીધી હતી. બાકીના ઘઉં ખેતરમાં ઉભા હતા. પવનના કારણે ઉભા ઘઉં પડી ગયા અને કમોસમી વરસાદથી ભીના થયા છે, જેના કારણે ઘઉંમાં કાળી ડાઘી પડી જશે અને ભાવ ઓછો મળશે.

આ અંગે સાબરકાંઠા જિલ્લા ખેતીવાડી અધિકારી ભાવેશભાઈ જોશીએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, કમોસમી વરસાદથી ક્યાંય મોટા નુકસાનની જાણ નથી, પરંતુ આ વરસાદથી ઘઉંમાં કાળી ડાઘી પડી શકે છે, જેના પરિણામે ખેડૂતોને ઓછો ભાવ મળી શકે છે. જિલ્લાના આઠમાંથી પાંચ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો હતો. જેમાં હિંમતનગરમાં ૧ મિલીમીટર, ઈડરમાં ૨ મિલીમીટર, વડાલીમાં ૩ મિલીમીટર, વિજયનગરમાં ૨ મિલીમીટર અને ખેડબ્રહ્મામાં ૩ મિલીમીટર વરસાદ પડ્યો હતો. જ્યારે પોશીના, પ્રાંતિજ અને તલોદ તાલુકામાં વરસાદ નોંધાયો નથી. સાબરકાંઠા જિલ્લામાં રવિ સિઝનમાં કુલ ૧,૭૫,૪૮૧ હેક્ટરમાં વિવિધ પાકોનું વાવેતર થયું છે, જેમાં ઘઉં, જુવાર, મકાઈ, તમાકુ, ચણા, રાઈ, જીરૂં, ધાણા, લસણ, વરિયાળી, ડુંગળી, બટાકા, શાકભાજી અને ઘાસચારાનો સમાવેશ થાય છે. ઘઉંનું વાવેતર ૯૬,૫૩૬ હેક્ટરમાં થયું છે.

## ભાવનગરમાં આંગણવાડી બહેનોની હડતાલ

ભાવનગર, તા.૨૦

આંગણવાડી બહેનો પોતાના હક અને સન્માનજનક વેતન માટે છેલ્લા લાંબા સમયથી લડત ચલાવી રહેલી ગુજરાતની અંદાજે ૮૦ હજારથી વધુ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોએ ત્રણ દિવસની સજ્જડ હડતાલ અને તાળાબંધીનું શસ્ત્ર ઉગામ્યું છે ત્યારે ગુરુવારે ભાવનગર જિલ્લામાં પણ આઠ જેટલા તાલુકાની બહેનોએ શહેરના મોતીબાગ ટાઉનહોલ ખાતે મોટી સંખ્યામાં એકત્રિત થઈ સરકારની નીતિઓ સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

# તળાજાના ધારડી ગામે બાઈક ચાલકે અડફેટે લેતા વૃદ્ધાનું મોત

ભાવનગર,તા.૨૦

તળાજા તાલુકાના ધારડી ગામે રહેતાઅને અભ્યાસ કરતા ઉમંગભાઈ હરકીશનભાઈ લશ્કરી, - રામાનંદી સાધુ, ઉ.વ.૨૧, વાળાએ એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે તેમના દાદીમા કુંદનબા લક્ષ્મીરામ લશ્કરી ગુરૂવારે અમારા ગામમાં રામ રોટી લેવા ગયેલ હતા અને ચાલીને ઘરે બપોરના રોડ ક્રોસ કરવા જતા સામેથી એક મો.સા. નં. GJ-04-FD-1443ના ચાલકે તેનુ મો.સા. પુર ઝડપે બેફીકરાઈથી ગફલતભરી રીતે માણસોની જિંદગી જોખમાઈ તે રીતે ચલાવી મારા દાદીમાની સાથે જોરદાર ભટકાડી દઈ માથાના ભાગે તથા બન્ને હાથે તથા પગે નાની-મોટી ગંભીર ઈજાઓ કરી નાસી ગયેલ. તેમને જમણા હાથે તથા જમણા પગના નળા પાસે તથા આખા શરીરે નાની-મોટી ગંભીર ઈજાઓ થયેલ હતી. માથાના ભાગે પણ ઈજા થયેલ હતી. જેથી તુરંત જ પ્રાઈવેટ વાહનમાં પ્રથમ તળાજા સરકારી દવાખાને સારવારમાં લઈ ગયેલ ત્યાં ડૉક્ટરે વધુ સારવારનું કહેતા એક એમ્બ્યુલન્સમાં ભાવનગર સર ટી હોસ્પિટલમાં સારવારમાં લાવતા ઈમરન્સી વોર્ડના ડૉક્ટરે તપાસી મરણ ગયેલ જાહેર કરેલ. આ બનાવ અંગે અલંગ પોલીસે બાઈકચાલક સામે બીએનએસની કલમ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચોટીલા હાઈવે પર ત્રિપલ અકસ્માત, બેનાં મોત, જ્યારે બેની ગંભીર હાલત

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૨૦

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર ચોટીલા નજીક ત્રિપલ અકસ્માત સર્જાયો છે. ચોટીલાથી સાત કિલોમીટર દૂર જોલી એન્જોય વોટરપાર્ક પાસે જીૈકં કાર, પીકઅપ વાન અને એક ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી. આ દુર્ઘટનામાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે, જ્યારે અન્ય બે ગંભીર રીતે ઘાયલ થયા છે. પ્રાથમિક માહિતી મુજબ, હાઈવે પર એક પીકઅપ વાન આગળ જઈ રહી હતી. આ દરમિયાન તે રસ્તા પર ઉભેલા એક ટ્રક સાથે અથડાઈ હતી. આ ટક્કર બાદ પાછળથી આવી રહેલી અમદાવાદ પાસિંગની કાર પણ આ અકસ્માતનો ભોગ બની હતી, જેના કારણે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં કુલ ચાર લોકોને ઈજા થઈ હતી. તેમાંથી બે વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત થયા હતા. અન્ય બે ઈજાગ્રસ્તોમાં એક બાળક અને કારનો ડ્રાઈવરનો સમાવેશ થાય છે. બંનેની હાલત ગંભીર જણાતા તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલના સૂત્રો અનુસાર, તેમની તબિયત નાજુક છે. પ્રાથમિક માહિતી મુજબ, આ પરિવાર અમદાવાદનો હોવાનું અને કાર પણ અમદાવાદ પાસિંગની હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતની જાણ થતા જ ચોટીલા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ક્રેન અને સ્થાનિકોની મદદથી ક્ષતિગ્રસ્ત વાહનોને હટાવ્યા હતા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ચોટીલાની સરકારી હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે.

# વડસર ખાતે ગેસ લાઈનની કામગીરી દરમિયાન કરંટ લાગતા ત્રણ સંતાનના પિતાનું મોત

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૦

વડોદરા શહેરના વડસર રોડ પર આવેલી વલ્લભ વાટિકા સોસાયટીમાં ગેસ લાઈનની કામગીરી દરમિયાન વીજ કરંટ લાગવાને કારણે ૩૫ વર્ષીય શ્રમિકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. પ્રાથમિક દૃષ્ટિએ આ ઘટનામાં સુરક્ષાના સાધનોનો અભાવે કામદારનું મોત થયું હોવાની લોકોમાં ચર્ચા છે.

વડસર રોડ પર આવેલી વલ્લભ વાટિકામાં છેલ્લા એક અઠવાડિયાથી ગેસ લાઈન નાખવાનું કામ ચાલી રહ્યું હતું. આ દરમિયાન મૂળ રાજસ્થાનના વતની એવા ૩૫ વર્ષીય અડીયાભાઈ પટેલ કામગીરી કરી રહ્યા હતા. ખોદકામ અથવા પાઈપ લાઈન ફિટિંગ દરમિયાન અચાનક વીજ લાઈન સાથે સંપર્ક થતા તેમને જોરદાર કરંટ લાગ્યો હતો. કરંટ એટલો ભયાનક હતો કે અડીયાભાઈનું સ્થળ પર જ પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું.

મૃતક અડીયાભાઈ રાજસ્થાનથી વડોદરા મજૂરીકામ માટે આવ્યા હતા. તેમના મોતના સમાચાર મળતા જ પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. અડીયાભાઈને સંતાનમાં ૩ બાળકો છે, જેમણે પિતાની છત્રછાયા ગુમાવી છે. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

# સુરેન્દ્રનગર અને ખમીસાણાને જોડતો પુલ ક્યારે ચાલુ કરાશે ?

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૨૦

આજ દિન સુધી નવીનીકરણ કે રીપેરીંગનું કામ શરૂ ન કરવામાં આવતા બંધ કરેલો પુલ સ્થાનિક લોકોએ જાતે ખુલ્લો કરી નાખ્યો. પુલ નીચેના ભાગેથી પોપડા પડી રહ્યા છે નર્મદાની કેનાલ ઉપરનો આપવો હોય છે. નવીનીકરણનું કામ શરૂ કરવામાં ન આવતા જીવના જોખમે વહાનચાલકો પસાર થવા મજબુર બન્યા.

વડોદરા પુલ તૂટવાની ઘટના બન્યા બાદ સુરેન્દ્રનગર જિલ્લામાં તમામ પુલો બ્રીજો અન્ડરબ્રીજ ઓવરબ્રિજ સહિતના પૂલોની ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં સુરેન્દ્રનગર દુધરેજ નર્મદા કેનાલ ઉપર આવેલા ત્રણ જેટલા પુલ બંધ કરવામાં આવ્યા હતા. જે પૈકી દુધરેજ ઉપર નર્મદાની કેનાલ ઉપર પસાર થતાં પુલનું સમારકામ કરી નાખવામાં આવ્યું પરંતુ ખમીસાણા નજીક પણ નર્મદાની કેનાલ ઉપર પસાર થતો પુલ એક વર્ષથી બંધ કરવામાં આવ્યો છે તેનું સમારકામ અથવા તો નવીનીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું નથી.

જેને લઈને હવે ગ્રામજનો કંટાળ્યા છે. આજુબાજુના ચારથી

## લુણાવાડા ખાતે

# રમઝાન માસની અંતિમ જુમ્આની નમાઝ પઢવા મસ્જિદોમાં ભીડ જામી



(તસવીર : રિયાઝ કાઝી, લુણાવાડા)

(સંવાદદાતા દ્વારા)
લુણાવાડા, તા.૨૦

મહીસાગર જિલ્લાના લુણાવાડા રમઝાન માસની છેલ્લી જુમ્આની નમાઝ પઢાવવામાં આવી. પવિત્ર રમઝાન માસનો આખો મહિનો અલ્લાહ તઆલા એ ફરમાવેલ તમામ અરકાનો અદા કરી, જેમકે રોઝા, નમાઝ, તરાવીહ, ઝકાત, ફીતરા, સદકાત અદા કરી આજે જુમ્આના દિવસે પવિત્ર રમઝાન માસ પૂર્ણ થતો હોઈ લુણાવાડા નગરના મુસ્લિમો અલવિદા જુમ્આની નમાઝ અદા કરવા મસ્જિદમાં ઉમટી પડ્યા હતા. નમાઝ બાદ ઈરાન યુદ્ધ વચ્ચે લુણાવાડા નગરના પોતાની રોજીરોટી અર્થે ગયેલા લુણાવાડા નગરના તમામ યુવાધન માટે તેમની હિફાઝત માટે અને ભારત દેશમાં શાંતિ એકતા અને અખંડિતતા ભાઈચારો જળવાઈ રહે તે માટે દુવાઓ ગુજારવામાં આવી હતી.

# જૂનાગઢ જિલ્લામાં અપમૃત્યુના ૪ બનાવો

જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢ સહિત જિલ્લામાં ૪ અપમૃત્યુના બનાવો પોલીસ ચોપડે નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે કેશવલાલ દિનેશભાઈ ચૌહાણે જાહેર કરેલ કે પોતાના મૃતક પુત્ર દેવેન્દ્ર(ઉ.વ.૨૯)વાળાએ મજેવડી ગામે માતાજીના મઢનું પ્લાસ્ટર કામની મજૂરી અર્થે ગયેલ જ્યાં તેઓ સિમેન્ટની અડધી થેલી લઈને સીડી ઉપર ચડતા હોય દરમ્યાન પગ લપસતા પડી જતા સારવાર અર્થે ખસેડાયા બાદ સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે વંથલી પોલીસ મથકે મીલનભાઈ લાખાભાઈ ડાંગરે જાહેર કરેલ પોતાના મૃતક પિતા લાખાભાઈ(ઉ.વ.૬૦)ને છેલ્લા બે વર્ષથી કમરના દુઃખાવાની બીમારી હોય અને બીમારીથી કંટાળી ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરેલ તેમજ ચોરવાડ પોલીસ મથકે વિજયભાઈ ઉકાભાઈ સેવરાએ જાહેર કરેલ કે મૃતક બેનાબેન ઉકાભાઈ સેવરા(ઉ.વ.૫૯)ને ખોરાસા ગીર ગામે આવેલ કાલીંદ્રી નદીમાં મગર બચકા ભરી જતા ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે અને માળીયા હાટીના પોલીસ મથકે સનદભાઈ કરણાભાઈ કાગડાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પિતા કરણાભાઈ(ઉ.વ.૫૬)નો માનસીક બીમારી હોય અને પોતાની જાતે ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## ઈદગાહ અને મસ્જિદોમાં વિશેષ નમાઝ બાદ

# મુસ્લિમ બિરાદરો દ્વારા દેશમાં અમન-શાંતિ માટે દુઆ માંગવામાં આવશે

## નડિયાદ સહિત ખેડા જિલ્લામાં આજે ઈદ-ઉલ-ફિત્રની શાનદાર ઉજવણી

નડિયાદ, તા.૨૦

સમગ્ર ખેડા જિલ્લા સહિત નડિયાદ શહેરમાં શનિવારના રોજ પવિત્ર ઈદ-ઉલ-ફિત્રના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવશે. રમઝાન માસના ઉપવાસ પૂર્ણ થતા મુસ્લિમ બિરાદરો દ્વારા સામૂહિક નમાઝ અદા કરી એકબીજાને પર્વની મુબારકબાદી પાઠવવામાં આવશે. નડિયાદ શહેરમાં અમદાવાદી દરવાજા બહાર આવેલી ઐતિહાસિક શાહી ઈદગાહ ખાતે ઈદ-ઉલ-ફિત્રની નમાઝનો સમય સવારે ૮:૩૦ કલાકનો નક્કી કરવામાં આવ્યો છે. શહેર કાઝી સૈયદ અબ્દુલહૈઈ કાદરી દ્વારા નમાઝના સમય અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

નમાઝ પૂર્ણ થયા બાદ મુસ્લિમ બિરાદરો એકબીજાને ગળે મળીને ઈદની શુભેચ્છાઓ પાઠવશે. આ અવસરે પરંપરાગત રીતે ખીર અને મિષ્ટાન્ન ખવડાવીને મોઢું મીઠું કરાવવામાં આવશે. ધાર્મિક વિધિના ભાગરૂપે નમાઝ બાદ વિશેષ પ્રાર્થના કરવામાં આવશે, જેમાં દેશમાં સદભાવના, અમન અને શાંતિ જળવાઈ રહે તે માટે દુઆ માંગવામાં આવશે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઈદને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને પર્વના દિવસે વહેલી સવારથી જ મસ્જિદોમાં ભીડ ઉમટી પડશે.

નડિયાદ સ્ટેશન વાળી મસ્જિદમાં સવારે ૮:૩૦ કલાકે નમાઝ થશે નરસંડા માં સવારે ૮:૩૦ કલાકે નમાઝ થશે.

# ખેડા જિલ્લામાં વંટોળ સાથે વરસાદને લઈ તમાકુ અને ઘઉંના પાકને વ્યાપક નુકસાન

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૨૦

ખેડા જિલ્લામાં ગઈકાલે સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતા ભારે પવન અને વાવાઝોડા સાથે વરસાદી ઝાપટાં પડ્યા હતા. આ કુદરતી આફતના કારણે જિલ્લાના ખેતીવાડી ક્ષેત્રે ભારે પાયમાલી સર્જાઈ છે, જેમાં ખાસ કરીને કલકત્તી તમાકુ અને ઘઉંના પાકને મોટું નુકસાન થતા ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે. ખેડા જિલ્લામાં ગત સાંજે અચાનક વાતાવરણનો મિજાજ બદલાયો હતો અને જોરદાર પવન સાથે વાવાઝોડું ત્રાટક્યું હતું. પવનની ગતિ એટલી તીવ્ર હતી કે ખેતરોમાં તૈયાર થયેલા પાક આડા પડી ગયા હતા. ખાસ કરીને કલકત્તી તમાકુ પકવતા ખેડૂતો માટે આ આફત બનીને ત્રાટકી છે. તમાકુના છોડ પવન અને વરસાદના કારણે જમીનદોસ્ત થઈ ગયા છે, જેને પગલે ખેડૂતોની સિઝન નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. તમાકુ ઉપરાંત ખેતરોમાં ઉભેલા ઘઉંના પાકને પણ વાવાઝોડા અને વરસાદી ઝાપટાંથી વ્યાપક નુકસાન પહોંચ્યું છે. તૈયાર થવા આવેલા પાક પર કુદરતી આફત ત્રાટકતા ખેડૂતોની હાલત અત્યંત કફોડી બની ગઈ છે અને મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.વાવાઝોડાની અસર માત્ર ખેતી પર જ નહીં પરંતુ જિલ્લાના માળખાગત સુવિધાઓ પર પણ જોવા મળી હતી. ભારે પવનના કારણે અનેક વિસ્તારોમાં વર્ષો જૂના વૃક્ષો ધરાશાયી થયા હતા, જેના કારણે રસ્તાઓ બંધ થઈ ગયા હતા અને વાહનવ્યવહારને અસર પહોંચી હતી. અનેક જગ્યાએ વીજળીના લાઈન પર વૃક્ષો પડવાથી અને થાંભલા નમી જવાથી વીજ પુરવઠો સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કલાકો સુધી અંધારપટ છવાઈ રહ્યો હતો.

# અંકલેશ્વર ઉદ્યોગોને મોટી રાહત : ETL દ્વારા ૫ ટકા ચાર્જ વધારો રદ કરાયો

અંકલેશ્વર, તા.૨૦

અંકલેશ્વરના ઉદ્યોગકારો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. એન્વાયરો ટેક્નોલોજી લી. (ETL) દ્વારા જાહેર કરાયેલા સર્ક્યુલર મુજબ આર્થિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઈફ્લ્યુએન્ટ ટ્રીટમેન્ટ ચાર્જમાં પ્રસ્તાવિત ૫ ટકાનો વધારો નહીં કરવામાં આવે.માહિતી મુજબ, ઉદ્યોગકારોની લાંબા સમયથી ચાલતી માંગ અને અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોશિએશનના અધ્યક્ષ વિમલ જેઠવા દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ધ્યાનમાં રાખીને આ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને ઉદ્યોગજગતમાં સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે.

ETL દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ ૫ ટકા ચાર્જમાં રાહત માત્ર ૨૦૨૬-૨૭ વર્ષ માટે જ લાગુ રહેશે અને તેને ભવિષ્ય માટે કોઈ નીતિગત પરંપરા તરીકે માનવામાં આવશે નહીં.કંપનીના મુખ્ય કાર્યકારી અધિકારી બી.ડી. દલવાડી એ જણાવ્યું હતું કે, "સભ્યોના સહકાર અને વિશ્વાસના કારણે કંપનીનું સંચાલન સુચારૂ રીતે ચાલી રહ્યું છે. ભવિષ્યમાં પણ ઉદ્યોગોનો સહયોગ યથાવત્ રહેશે તેવી આશા છે."

આ નિર્ણયથી અંકલેશ્વર GIDC વિસ્તારમાં કાર્યરત અનેક નાના-મધ્યમ તથા મોટા ઉદ્યોગોને આર્થિક રીતે મોટી રાહત મળશે અને ઉત્પાદન ખર્ચમાં નિયંત્રણ રાખવામાં મદદ મળશે.

## ત્રણને પોલીસે દબોચી લીધા : બે ઈજાગ્રસ્ત અંધારાનો લાભ લઈ ફરાર

# દારૂ ભરેલી ઈનોવા કેશોદ પાસે પલ્ટી ગઈ : ત્રણ બુટલેગરો દબાઈ ગયા !

જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢ એલસીબીને બાતમી મળી હતી કે, એક સિલ્વર કલરની ઈનોવા કારમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને બુટલેગરો મંગલપુર ફાટકથી મઢડા ગામ તરફ જઈ રહ્યા છે. આ માહિતીના આધારે પોલીસે સ્થળ પર વોચ ગોઠવી હતી. પોલીસને જોતા જ બુટલેગરોએ પોતાની ઈનોવા કાર (GJ 11 BR 9873) પૂરપાટ ઝડપે હંકારી મૂકી હતી. પોલીસે પણ તરત જ સરકારી વાહનો સાથે આ કારનો પીછો શરૂ કર્યો હતો. રસ્તા પર પકડાઈ જવાના ડરથી બુટલેગરોએ કાર પરનું નિયંત્રણ ગુમાવ્યું હતું અને ઈનોવા કાર પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતને પગલે ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. અકસ્માત સર્જાતા જ કારમાં સવાર પાંચ શખસમાંથી બે અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યા હતા. જ્યારે અન્ય ત્રણ શખસ કારની અંદર જ ફસાઈ ગયા હતા અને તેમને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. પોલીસે તાત્કાલિક ધોરણે ઈજાગ્રસ્ત આરોપીઓ દુદા દેવરાજ કોડીયાતર, નયન ટપુ વંશ અને બાલુ દાના કોડીયાતરને કેશોદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યા હતા. બીજી તરફ, નાસી છૂટેલા આરોપીઓ પરેશ દાના કોડીયાતર અને કરસન કાના કોડીયાતરની શોધખોળ માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરવામાં આવી છે.પોલીસે પલટી મારેલી ઈનોવા કારની તલાશી લેતા તેમાંથી નાની-મોટી કુલ ૯૭૫ નંગ ઈંગ્લિશ દારૂની બોટલો મળી આવી હતી. આ દારૂના જથ્થાની બજાર કિંમત અંદાજે રૂા.૨,૧૪,૮૬૦ જેટલી થાય છે. દારૂ ઉપરાંત પોલીસે ઘટનાસ્થળેથી ઈનોવા કાર અને બુટલેગરોના મોબાઈલ ફોન સહિત કુલ રૂા. ૧૨,૩૪,૮૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલમાં પકડાયેલા ત્રણેય આરોપી પોલીસના પહેરા હેઠળ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે અને તેમની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ભાવનગર સહિત જિલ્લામાં વરસાદની આગાહી

ભાવનગર, તા.૨૦

રાજ્યમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે જ્યારે ભાવનગરમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. પવન સાથે વરસાદની શક્યતાને જોતા માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

ભાવનગર શહેર જિલ્લામાં ગઈ કાલ સાંજના ૬ વાગ્યા બાદ અચાનક બદલાયેલા વાતાવરણ અને મિની વાવાઝોડા જેવા ભારે પવનને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું જેથી કેટલાક વૃક્ષો ઉખડી પડતા વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. તોફાની પવન ફૂંકાતા રસ્તા પર વાહનવ્યવહારને ભારે મુશ્કેલી નડી તો લોકોમાં ભાગદોડ સર્જાઈ હતી.

# સાબરકાંઠામાં ત્રણ પોલીસકર્મી સસ્પેન્ડ

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૨૦

સાબરકાંઠા જિલ્લામાં શિસ્તભંગ અને ગેરવર્તણૂકના મામલાઓમાં જિલ્લા પોલીસ વડા ડૉ.પાર્થરાજસિંહ ગોહિલે કડક કાર્યવાહી કરી છે. એક મહિલા સહિત કુલ ત્રણ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ચિઠોડા પોલીસ સ્ટેશન ખાતે એક આરોપી લોકઅપ ખોલીને ફરાર થઈ ગયો હતો. આ ગંભીર બેદરકારીના મામલે બે પોલીસકર્મીઓ, જેમાં એક મહિલા

પોલીસકર્મીનો પણ સમાવેશ થાય છે, તેમને સસ્પેન્ડ કરાયા છે. આ ઘટનામાં કુલ ત્રણ સામે ફરિયાદ નોંધાઈ હતી.

આ ઉપરાંત, હિંમતનગરના બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક પોલીસ કોન્સ્ટેબલને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. આ કોન્સ્ટેબલ પર ધાંગધ્રાના એક તબીબને NDPS કેસમાં ફસાવવાની ધમકી આપી સમાધાનના બહાને નાણાંની માંગણી કરનાર ટોળકીમાં સામેલ હોવાનો આરોપ છે. આ અંગે સુરેન્દ્રનગર જિલ્લાના બજાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી અને તેની ધરપકડ પણ થઈ હતી.આ સમગ્ર મામલાઓની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક અસરથી ત્રણેય પોલીસકર્મીઓ સામે સસ્પેન્શનની કાર્યવાહી કરી છે. સસ્પેન્ડ કરાયેલા પોલીસકર્મીઓમાં હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ વૈભવસિંહ મહેન્દ્રસિંહ વાઘેલા, ચિઠોડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રમણભાઈ જીવાજી બુવળ અને મહિલા હેડ કોન્સ્ટેબલ રીટાબેન કાનજીભાઈ ડોડીયારનો સમાવેશ થાય છે.

## પાલીતાણા શહેરમાં વીજળીના ધાંધિયા

પાલીતાણા, તા.૨૦

પાલીતાણામાં પી.જી.વી.સી એલની નબળી કામગીરીને લીધે શહેરના નગરજનો વિજળી ડુલ થવાથી અંધાર પટ ભોગવી રહ્યા છે જ્યારે વિજ રિપેરિંગ, તો વિજ કાપથી લઈને ક્યારે વિજ પ્રવાહ બંધ પડે તે નક્કી હોતું નથી જેને લઈને રાત્રિના સમયે અચાનક વિજ પ્રવાહ બંધ થતાં અઘટીત બનાવ કે અકસ્માત અંધારાના કારણે બની શકે છે તેવો ભય ઉભો થાય છે ત્યારે અસંખ્ય રજૂઆતોના પગલે પણ વિજ પુરવઠો અનિયમિત મળી રહ્યો છે જેને લઈને અધિકારીઓ એ જાગ્રુત બની યાત્રાધામમાં ઘટતી કામગીરી તરત કરવી જોઈએ.

AMCને સુપ્રીમની રાહત, ફેરિયાઓ પર પ્રતિબંધ યથાવત્

# ભદ્ર પરિસરમાં ફેરિયાઓને ફરી પુનઃ સ્થાપિતના ગુજરાત હાઈકોર્ટના હુકમ પર સુપ્રીમ કોર્ટનો સ્ટે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ને રાહત આપતા સુપ્રીમ કોર્ટે અમદાવાદ શહેરના ઐતિહાસિક ભદ્ર પરિસરમાં 'સ્ટેટસ ક્વો' એટલે કે યથાસ્થિતિ જાળવી રાખવાનો મહત્વનો આદેશ આપ્યો છે. આ સાથે જ કોર્ટે જાહેર રસ્તાઓ અને ફૂટપાથ પર કોઈપણ પ્રકારના ફેરિયાઓના દબાણ અથવા વેચાણ પ્રવૃત્તિઓ પર કડક પ્રતિબંધ લાદી દીધો છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની ખંડપીઠે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દાખલ કરવામાં આવેલી સ્પેશિયલ લીવ પિટિશન (SLP) પર સુનાવણી કરતા આ નિર્દેશ આપ્યા હતા. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ગુજરાત હાઈકોર્ટના ૧૩ માર્ચ ૨૦૨૬ના તે ચુકાદા પર રોક સમાન છે, જેમાં હાઈકોર્ટે ફેરિયાઓને ફરી બેસવાની મંજૂરી આપી હતી. હાઈકોર્ટના આદેશ મુજબ આગામી શનિવાર, ૨૧ માર્ચથી ફેરિયાઓ માટે જગ્યાઓ ફાળવવાની પ્રક્રિયા શરૂ થવાની હતી, પરંતુ હવે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ આ પ્રક્રિયા સ્થગિત થઈ ગઈ છે. કોર્ટમાં AMC તરફથી પક્ષ રજૂ કરતા સોલિસિટર જનરલે દલીલ કરી હતી કે ભદ્ર વિસ્તાર અમદાવાદનો સૌથી વ્યસ્ત અને ઐતિહાસિક રીતે સંવેદનશીલ વિસ્તાર છે. અહીં રસ્તાઓ પર ફેરિયાઓને મંજૂરી આપવાથી જાહેર સલામતી

## સુપ્રીમે જાહેર રસ્તાઓ અને ફૂટપાથ પર કોઈપણ પ્રકારના ફેરિયાઓના દબાણ અથવા વેચાણ પ્રવૃત્તિઓ પર કડક પ્રતિબંધ લાદી દીધો



અને ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ શકે છે. કોર્પોરેશને કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે અગાઉ અહીં ૧,૫૦૦થી વધુ ફેરિયાઓ રસ્તાઓ અને ફૂટપાથ રોકીને બેસતા હતા, જેના કારણે રાહદારીઓને ચાલવામાં મુશ્કેલી પડતી હતી અને એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડ જેવા ઈમરજન્સી વાહનો માટે પણ રસ્તો બચતો નહોતો. સુપ્રીમ કોર્ટે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લેતા આદેશ આપ્યો છે કે ઓક્ટોબર ૨૦૨૫થી AMC દ્વારા જે દબાણમુક્ત અભિયાન ચલાવવામાં આવ્યું છે, તે સ્થિતિ હાલમાં યથાવત રાખવામાં આવે. આ ચુકાદાથી ભદ્ર પરિસરના જાહેર રસ્તાઓ અને ફૂટપાથ દબાણમુક્ત રહેશે, જેનાથી વાહનવ્યવહાર અને રાહદારીઓના અધિકારોનું રક્ષણ થશે. હવે આ મામલે વધુ સુનાવણી ન થાય ત્યાં સુધી ભદ્ર પ્લાઝામાં ફેરિયાઓના પુનઃવસવાટ કે નવી કોઈ પ્રવૃત્તિ પર રોક રહેશે. કેસની વિગતો અનુસાર અમદાવાદના ભદ્ર વિસ્તારમાંથી પાથરણાવાળાઓને દૂર કરવાના વિવાદમાં થયેલી જાહેરહિતની અરજીનો ગત સપ્તાહે ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો જેમા હાઈકોર્ટે નોધ્યું છે કે, AMCએ સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટનો અમલ કર્યો નથી. AMC પહેલા સર્વે કરે અને સ્ટ્રીટ વેન્ડર્સને સાથે રાખી સ્કીમ બનાવે. ભદ્ર પ્લાઝા એરિયામાં પાથરણાવાળાઓને AMC હટાવી શકશે નહીં. સર્વે વગર ભદ્રને નો વેડિંગ ઝોન જાહેર કરી શકાય નહીં. સર્ટિફાઇડ સ્ટ્રીટ વેન્ડર્સને AMC અગાઉ બનેલા પ્લાન મુજબ જગ્યા આપે.

એટલું જ નહીં AMCના ત્રણ અધિકારીઓ સ્ટ્રીટ વેન્ડર્સના સર્ટિફિકેટ તપાસે તેમાં એક સિનિયર પોલીસ અધિકારી પણ હશે. આ કાર્ય ૧ અઠવાડિયામાં કરવાનું રહેશે અને ૨૧ માર્ચ સુધીમાં ભદ્રના સર્ટિફાઇડ ફેરિયાઓને પુનઃસ્થાપિત કરવાના રહેશે. જો કે તેને લઈને આવાગમનનો રસ્તો રોકાય નહીં તેનું વ્યવસ્થાતંત્ર ધ્યાન રાખશે. ભદ્ર ખાતે વેપાર-ધંધો કરતા ફેરીયાઓને હટાવવાની કાર્યવાહી સામે વર્ષ ૨૦૧૪માં ગુજરાત હાઈકોર્ટ ખાતે જાહેર હિતની અરજી થઈ હતી. તેના અનુસંધાને ગુજરાત હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો હતો. ચુકાદા સામે મનાઈ હુકમની માગણી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વકીલ દ્વારા કરવામાં આવી હતી તે નકારી કાઢવામાં આવી હતી. AMCના રેકોર્ડ મુજબ અહીં ૮૪૪ ફેરિયાઓને સમાવી શકાય છે, પરંતુ ૫૮૬ ફેરિયાઓને પ્રમાણપત્ર અપાયાનું AMCએ જણાવ્યું હોવાથી તેમને પુન; સ્થાપિત કરવા અને બાકી રહેલા ૨૫૮ ફેરિયાઓને દિવાળી પહેલાની હંગામી વ્યવસ્થાની જેમ રિલોકેટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ બાબતે આગળ કાર્યવાહીની જરૂર પડે તો સુનાવણી ૧૭ એપ્રિલે યોજવામાં આવશે.

### જે ફેરિયા ફૂટપાથ પર કાયદેસર વેચાણ કરે છે તે સ્થિતિ યથાવત્

સુપ્રીમ કોર્ટે આ મામલે 'સ્ટેટસ ક્વો' એટલે કે 'યથાસ્થિતિ' જાળવી રાખવાનો આદેશ આપ્યો છે, જેનો અર્થ એ થાય કે જે ફેરિયાઓ હાલ ફૂટપાથ પર કાયદેસર રીતે વેચાણ કરી રહ્યા છે તેઓ પોતાની પ્રવૃતિ ચાલુ રાખી શકશે.

મિની વાવાઝોડા અને માવઠાએ ખેડૂતોને રાતા પાણીએ રડાવ્યા

# ગુજરાતમાં કમોસમી વરસાદથી ખેડૂતો બરબાદ અનાજ, શાકભાજી સાથે કેરીનો પાક પણ ધોવાયો

## બરબાદીના વરસાદે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના ખેડૂતોને પાયમાલ કર્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં અચાનક બે દિવસથી વરસેલા કમોસમી વરસાદથી ખેડૂતોને મોટુ નુકસાન પહોંચ્યુ છે, ગુજરાતના ખેડૂતો બરબાદ થઈ ગયા છે, સૌરાષ્ટ્રથી લઈને ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ખેડૂતોના પાકનું ધોવાણ થયુ છે. રાજ્યમાં ચણા, રાયડો, ઈસબગુલ, વરીયાળીના પાકને નુકસાન પહોંચ્યુ છે, આ ઉપરાંત કેરી અને શાકભાજીના પાકને પણ નુકસાન થવાની શક્યતા છે. રાજ્યમાં ખેડૂતોને માવઠાએ રાતા પાણી રડાવ્યા છે. અચાનક માવઠુ થતાં ખેડૂતોને ફરી એકવાર પડ્યા પર પાટૂ જેવી સ્થિતિ પેદા થઈ છે. હાલમાં મળેલા રિપોર્ટ પ્રમાણે, રાજ્યમાં મોટા ભાગના પાકોને મોટુ નુકસાન મિની વાવાઝોડા અને માવઠાથી થયુ છે, બરબાદીના વરસાદે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારોના ખેડૂતોને પાયમાલ કર્યા છે. ચણા, રાયડો, ઈસબગુલ, વરીયાળીના પાકને મોટુ નુકસાન પહોંચ્યુ છે. આ ઉપરાંત વાવાઝોડાના કારણે કેરીના પાકને પણ નુકસાન થયુ છે, કમોસમી વરસાદથી શાકભાજી સાથે સાથે અન્ય શિયાળુ પાક પણ પલળી જતાં નુકસાનીની ભીતિ છે. અરવલ્લીના મેઘરજમાં પણ માવઠાએ ચિંતા વધારી છે અહીં બસ સ્ટેશન વિસ્તાર, અંબાવાડી સહિતના વિસ્તારમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસતાં બાગાયતી સહિતની ખેતી કરતા ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. સાબરકાંઠા જિલ્લામાં પણ બરબાદીનો વરસાદ વરસ્યો, હિંમતનગર, ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા પંથકમાં ભારે પવન સાથે માવઠું થતાં ખેડૂતો નુકસાનની આશંકાથી ચિંતામાં મૂકાયા છે. કારણ કે શિયાળું પાક તૈયાર થઈ ગયો હોય પરંતુ હજું ખેતરમાં જ હોય તેવો પાક પલળતા ખેડૂતોની ચિંતા વધી છે. ગોધરા સહિતના વિસ્તારોમાં માવઠાએ ખેડૂતોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. ખાસ કરીને ફળોની ખેતી કરતા ખેડૂતોને નુકસાન થયું છે. કાચી કેરીઓ ખરી જતાં પારવાર નુકસાન થયું છે. આ ઉપરાંત ખેડૂતો ચિંતિત છે કારણ કે, વરિયાળી, એરંડા, ઘઉં સહિતના પાકને નુકસાન પહોંચ્યુ છે. અચાનક આવેલા ભારે પવન અને કમોસમી વરસાદને કારણે સુરતથી લઈને જામનગર અને અમદાવાદથી લઈને રાજકોટ સુધી વિનાશના દશ્યો જોવા મળ્યા છે. હાલ લાખોનું અનાજ પાણીમાં પલળી ગયું છે. કેરીનો ૭૦% પાક ખરી ગયો છે.

## રાજ્ય પર વધુ એક સંકટ, ૨૨ માર્ચે વધુ એક સિસ્ટમ થશે એક્ટિવ

IMD મુજબ હાલમાં દેશમાં પાંચ હવામાન સિસ્ટમ એક્ટિવ છે. પરિણામે રાજ્યમાં વરસાદ, તોફાન અને કરા પડયાં છે. હવામાન વિભાગની વધુ એક આગાહીએ ચિંતા વધારી છે. ૨૨ માર્ચ પછી એક નવી સિસ્ટમ સક્રિય થશે. હવામાન વિભાગ અનુસાર, અપર સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે હવામાનમાં ફરી એકવાર પલટો આવશે,. આ સિસ્ટમની અસર, ખાસ કરીને ગુજરાત ઉત્તર મધ્યપ્રદેશ રાજસ્થાન પર અનુભવાઈ શકે છે. આગામી કેટલાક દિવસો સુધી રાજ્યમાં હવામાન આંશિક રીતે અસ્થિર રહેશે. દિવસના તાપમાનનો વધારો થશે અને સાંજે વાદળો ઘેરાશે અને ધૂળ ભરી આંધી સાથે ગાજવીજ સાથે છૂટછવાયો વરસાદ વરસી શકે છે.

## ગીર પંથકમાં ધોધમાર વરસાદ રસ્તાઓ-ખેતરોમાં પાણી ફરી વળ્યા

રાજ્યમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. શુક્રવારે ગીર પંથકના વાતાવરણમાં પલટો આવતા ઉના, ગીર ગઢડા અને તાલાલા સહિતના વિસ્તારોમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. કમોસમી વરસાદને પગલે અનેક માર્ગો પર નદીઓની જેમ પાણી વહેતા થયા હતા. જ્યારે માળીયા હાટીના તાલુકાના અકાળા, કાલીંભડા અને વિરડી સહિતના ગામોમાં અડધો ઈંચ જેટલો વરસાદ ખાબકતા ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીના પાકને અસર થઈ છે. ગીર સોમનાથ જિલ્લો જે કેસર કેરી માટે જાણીતો છે, ત્યાં સિઝનના પ્રારંભે જ કમોસમી વરસાદ પડતા બગીચાના માલિકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. તૈયાર થઈ રહેલા આંબાના મોર અને નાની કેરીઓ ખરી જવાની શક્યતાને પગલે ખેડૂતો ભારે મુંઝવણમાં મુકાયા છે.

૩૪ જિલ્લા અને ૨૬૦ તાલુકા પંચાયતો માટે નવું સીમાંકન પૂર્ણ

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એપ્રિલમાં જાહેર થઈ શકે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૦

ગુજરાત રાજ્યમાં જિલ્લા અને તાલુકા પંચાયતની આવનારી ચૂંટણીને લઈને રાજ્ય ચૂંટણી આયોગે તૈયારી તેજ કરી દીધી છે. ચૂંટણી પ્રક્રિયાના પ્રથમ મહત્વપૂર્ણ તબક્કા રૂપે આગામી ૨૩ માર્ચે પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે, જેને કારણે રાજ્યભરમાં ચૂંટણીનો માહોલ ગરમાયો છે. જો કે ૩૦ માર્ચ સુધી ફાઈનલ મતદારયાદીની પ્રક્રિયા ચાલશે. ત્યારબાદ મતદારયાદી જાહેર થશે. જેથી કહીં શકાય કે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એપ્રિલમાં જાહેર થઈ શકે છે. આયોગે વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે રાજ્યની ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોના મતવિસ્તારોનું સીમાંકન પૂર્ણ કર્યું છે. આ નવા સીમાંકનને આધારે વિધાનસભાની તાજી ફોટોવાળી મતદારયાદી પરથી પંચાયતવાર નવી યાદીઓ તૈયાર કરવામાં આવી રહી છે. જાહેર કાર્યક્રમ મુજબ ૨૩ માર્ચે યાદી પ્રસિદ્ધ થયા બાદ નાગરિકો પોતાના નામોની ચકાસણી કરી શકશે. જો કોઈ ભૂલ કે નામ ન હોય તો ૨૭ માર્ચ સુધી દાવા-આક્ષેપો રજૂ કરી શકાશે. ત્યારબાદ આક્ષેપોની તપાસ પૂર્ણ કરીને ૩૦ માર્ચ સુધીમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે અને પછી આખરી મતદારયાદી જાહેર થશે. ચૂંટણીને પારદર્શક બનાવવા માટે તમામ જિલ્લાઓમાં ચૂંટણી અધિકારીઓ (RO) અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ (ARO)ની નિમણૂક કરી દેવામાં આવી છે. આ સાથે જ મતદાર નોંધણી અધિકારીઓ અને મામલતદારોને સૂચના આપવામાં આવી છે કે તેઓ નમૂના-૨ મુજબ ચોક્કસ અને અપડેટેડ યાદીઓ તૈયાર કરે. ખાસ વાત એ છે કે ઉમેદવારી પત્રોની છેલ્લી તારીખ સુધી પૂરવણી મતદારયાદી દ્વારા નામ ઉમેરવા, સુધારવા અથવા કાઢવાની પ્રક્રિયા ચાલુ રહેશે, જેના કારણે મતદારોને વધુ તક મળશે. આ સમગ્ર પ્રક્રિયા સાથે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે રાજકીય ચહલપહલ તેજ બની છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા

# PM મોદી ગુજરાતના પ્રવાસે આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે ગુજરાતના રાજકીય માહોલમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ, આગામી ૩૧મી તારીખે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવી શકે છે. PM મોદીના આ પ્રવાસને લઈને વહીવટી તંત્ર અને સંગઠન સ્તરે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતના વાવ અને થરાદ પંથકમાં વડાપ્રધાનની મુલાકાતને લઈને કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનના આ પ્રવાસ દરમિયાન વાવ અને થરાદની મુલાકાત લે તેવી પ્રબળ શક્યતા છે. આ વિસ્તારમાં



વડાપ્રધાનના હસ્તે વિવિધ વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ અથવા ખાતમુહૂર્ત પણ થઈ શકે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક હોવાથી PMની આ મુલાકાત ભાજપ માટે ખૂબ જ મહત્વની માનવામાં આવે છે. છેલ્લી કેટલીક ચૂંટણીઓના સમીકરણો જોતા, વાવ-થરાદ ભાજપ પોતાનો ગઢ વધુ મજબૂત કરવા માંગે છે, જેના ભાગરૂપે આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હોવાનું મનાય છે.

# વાહન અકસ્માત કેસના અરજદારનું મોતનું સત્ય ૧૧ વર્ષ સુધી વકીલે હાઈકોર્ટથી છૂપાવ્યું

## હાઈકોર્ટે અરજી કરનારને રજૂ કરવા વકીલને કહેતા ઘટસ્ફોટ થયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૦

ગુજરાત હાઈકોર્ટમાં એક ચોંકાવનારો કિસ્સો બન્યો છે. એક વકીલે હાઈકોર્ટથી ૧૧ વર્ષ સુધી એક સત્ય છુપાવ્યું હતું, જે તેના ક્લાયન્ટના મોતનું સત્ય હતું. કેસની વિગતો મુજબ આ કિસ્સો જાન્યુઆરી, ૨૦૦૩નો છે. મકવાણા નામના એક શખ્સ બાઈક પર જઈ રહ્યા હતા, ત્યારે એક ટ્રકે તેમને પાછળથી ટક્કર મારી હતી. ઘટનામાં બાઈક પર પાછળ સવાર વ્યક્તિનું મોત નિપજ્યું હતું. આ ઘટનામાં મકવાણા પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેના બાદ તેઓ લકવાગ્રસ્ત બન્યા હતા. આ બાદ તેઓએ વડોદરાની આઈપીસીએલ કંપનીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી હતી. વર્ષ ૨૦૧૨માં મોટર દુર્ઘટના એક્ટ અંર્તગત તેઓને ટ્રક માલિક અને વીમા કંપનીને ૧૦.૪ લાખ રૂપિયા વળતર આપવાનો આદેશ કરાયો હતો. આ રકમથી અસંતુષ્ટ થઈને તેઓએ વધુ વળતર માટે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. ૨૭ જાન્યુઆરીના રોજ કોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. અદાલતે અરજીકર્તાના વકીલને આદેશ આપ્યો કે, ૩ ફેબ્રુઆરીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા મકવાણાને રજૂ કરવામાં આવે. આ દરમિયાન વકીલે પહેલીવાર કોર્ટને કહ્યું કે, મકવાણાનું નિધન ૨૦૧૫ માં થયું હતું. આ સાંભળીને જસ્ટિસ સંગીતા વિનેશ અને જસ્ટિસ નિશા ઠાકોરે વકીલને આકરા શબ્દોમાં ફટકાર લગાવી હતી. કોર્ટે કહ્યું હતુ કે, આટલી મહત્વપૂર્ણ માહિતી છુપાવવી ગંભીર લાપરવાહી છે. તેના બાદ અદાલતે ગુજરાત રાજ્ય વિધિક સેવા પ્રાધિકરણનો નિર્દેશ આપ્યો કે, મકવાણાના કાયદાકીય વારસ વિશે માહિતી મેળવવામાં આવે, અને તેઓને આ કેસમાં સામેલ કરે. ૨૫ ફેબ્રુઆરીના રોજ કોર્ટે અપીલ મંજૂર કરી હતી. હવે મકવાણાના બંને દીકરીઓને કોર્ટમાં અપીલકર્તા બનાવાઈ છે. હવે તેમને ૩૭.૨ લાખ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવશે. કોર્ટે એ પણ જણાવ્યું કે, મકવાણાના પત્નીનું નિધન વર્ષ ૨૦૧૯ માં થયું છે. જ્યારે તેમના સંતાનોનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેઓને આ વિશે કોઈ ખબર ન હતી.

# સરખેજમાં જૂથ અથડામણમાં થયેલી હત્યા કેસમાં પાંચ આરોપીઓનું ઘટના સ્થળે રિકન્સ્ટ્રક્શન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૦

શહેરના સરખેજ વિસ્તારમાં સોશિયલ મીડિયા પર મૂકાયેલા એક વાંધાજનક સ્ટેટસને પગલે એક જ સમાજના બે જૂથો અથડામણ થઈ હતી. જેમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે. પોલીસે આ કેસમાં અત્યાર સુધી કુલ ૫ આરોપીની ધરપકડ કરી છે અને અન્ય એક આરોપીની શોધખોળ ચાલી રહી છે. ત્યારે સરખેજમાં જ્યાં હત્યા થઈ હતી, તે સ્થળે શુક્રવારે પોલીસ દ્વારા પાંચેય આરોપીઓને લાવીને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન આસપાસમાં રહેતા લોકોના ટોળા પણ ત્યાં એકઠા થયા હતા. મહત્ત્વનું છે કે, આ રિકન્સ્ટ્રક્શન દરમિયાન મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ અંગે સરખેજ પોલીસ સ્ટેશનના PIએ જણાવ્યું કે, બે દિવસ પહેલા સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારના ઠાકોરવાસમાં ઠાકોર સમાજના બે જૂથો વચ્ચે માથાકૂટ થઈ હતી, જેમાં ગણેશ નામના યુવકની હત્યા થઈ અને જયેશ તથા નરેશ ઠાકોર ઈજાગ્રસ્ત થયા હતા. આ બનાવ પાછળનું મુખ્ય કારણ ફરિયાદી પક્ષના આશિષ ઠાકોરે પોતાના મોબાઈલ સ્ટેટસમાં સામેવાળા પક્ષને ઉદ્દેશીને લખેલી ગાળો અને વાંધાજનક લખાણ હતું, જે સમજાવવા છતાં તેણે દૂર ન કરતા આ ઝઘડો થયો હતો. આ કેસમાં અમે કુલ છ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી છે, જેમાંથી પાંચ આરોપીઓને અત્યાર સુધીમાં ઝડપી લેવામાં આવ્યા છે. હાલમાં આ પાંચેય આરોપીઓ રિમાન્ડ પર છે અને તેઓએ ગુનો કેવી રીતે કર્યો તથા ઘટનાસ્થળે કેવી રીતે આવ્યા તે જાણવા માટે અમે તેમને અહીં લાવી ડેમોન્સ્ટ્રેશન પંચનામું કર્યું છે, જે અત્યારે પૂર્ણ થયું છે.

હવે રાંધણગેસ માટે લાઈનમાં ઊભા રહેવાની જરૂર નહીં

# મોબાઈલના એક ક્લિકથી ઘરે આવશે સિલિન્ડર : વોટ્સએપ, મિસ્ડકોલ, SMS, ઓનલાઈન બુકિંગ અને સ્માર્ટફોન એપથી થશે બુકિંગ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૨૦

રાજ્યમાં રાંધણગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને રાજ્ય સરકાર દ્વારા તે અંગે કોઈ પણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરવામાં આવી છે. ગેસ એજન્સીઓ તરફથી LPG સિલિન્ડરની યોગ્ય આપૂર્તિ સુનિશ્ચિત કરવા માટે ચોક્કસ દેખરેખ રાખવામાં આવી રહી છે અને નાગરિકોએ તેમના સિલિન્ડર માટે એજન્સીએ જઈને લાઈનમાં ઊભા રહેવાની જરૂર નથી. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા નાગરિકોને તેમના ઘરે જ સરળતાથી સિલિન્ડર મળી રહે તે માટે ટેક્નોલોજીના ઉપયોગથી પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. નાગરિકોને મોબાઈલના એક ક્લિકથી જ સિલિન્ડર મળી રહે તે માટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા તમામ સુવિધાઓ પ્રદાન કરવામાં આવી છે. LPG બુકિંગ અને રિફીલ માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નોંધાયેલા લાભાર્થીઓ વોટ્સએપ, મિસ્ડ કૉલ, SMS/IVR બુકિંગ, સ્માર્ટફોન એપ્લિકેશન અને કંપનીના સત્તાવાર પોર્ટલનો ઉપયોગ કરીને સરળતાથી બુકિંગ કરી શકે છે.

બુકિંગ માટેની સુવિધાઓ

IOCLના જણાવ્યા અનુસાર મોબાઈલ દ્વારા LPG બુકિંગ માટે નીચે મુજબની સુવિધાઓનો ઉપયોગ કરી શકાય છે. બુકિંગ બાદ સરળતાથી સિલિન્ડરની હોમ ડિલીવરી થઈ જશે.

વોટ્સએપ માટેઃ ૭૫૮૮૮૮૮૮૨૪

રજીસ્ટર્ડ નંબર દ્વારા કોલથી બુકિંગ માટેઃ ૮૪૫૪૯૫૫૫૫૫

SMS / IVRS બુકિંગ માટે : ૭૭૧૮૯૫૫૫૫૫

મોબાઈલ એપઃ IndianOil ONE

ઓનલાઈન પોર્ટલઃ https://cx.indianoil.in

HP ગેસની બુકિંગ માટે નીચેની સુવિધાઓ ઉપલબ્ધ છેઃ

વોટ્સએપ માટેઃ ૯૨૨૨૨૦૧૧૨૨

રજીસ્ટર્ડ નંબર દ્વારા કોલથી બુકિંગ માટેઃ ૯૪૯૩૬૦૨૨૨૨

SMS / IVRS બુકિંગ માટેઃ ૮૮૮૮૮૨૩૪૫૬

મોબાઈલ એપઃ HP PAY

ઓનલાઈન પોર્ટલઃ https://myhpgas.in

ભારતગેસ દ્વારા સરળ બુકિંગ સુવિધાઓ

વોટ્સએપ માટે : ૧૮૦૦૨૨૪૩૪૪

રજીસ્ટર્ડ નંબર દ્વારા કોલથી બુકિંગ માટેઃ ૭૭૧૦૯૫૫૫૫૫

SMS / IVRS બુકિંગ માટેઃ ૭૭૧૫૦૧૨૩૪૫

મોબાઈલ એપઃ HelloBPCL

ઓનલાઈન પોર્ટલ : my.ebharatgas.com

# સેવન્થ ડે સ્કૂલમાં પુસ્તકોના વેચાણને લઈ DEOના નિર્દેશ

## સ્કૂલ દ્વારા પુસ્તકોની યાદી મોકલી DEO પાસે મંજૂરી માંગવામાં આવી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭ના પાઠ્યપુસ્તકોના વિતરણ અને વેચાણમાં પારદર્શિતા લાવવા માટે જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરી દ્વારા મહત્વના નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે. સ્કૂલ દ્વારા પાઠ્યપુસ્તકોની યાદી મોકલી તેની DEO પાસે મંજૂરી માંગવામાં આવી હતી. જેની સામે DEOએ પુસ્તકોના વેચાણમાં નફાખોરીને કોઈ પણ સંજોગોમાં સ્થાન આપવામાં આવશે નહીં તેમ સ્પષ્ટ જણાવી દીધું હતું. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ શાળાના આચાર્યને આદેશ આપ્યો છે કે, પબ્લિકેશન અથવા હોલસેલરોને શાળા કક્ષાએ રૂબરૂ બોલાવવા માટે ચોક્કસ તારીખ અને સમય નક્કી કરવો પડશે. આ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓને વધુમાં વધુ વળતર મળે તે હેતુથી વાલીઓ અથવા તેમના પ્રતિનિધિઓની હાજરીમાં એક બેઠકનું આયોજન કરવાનું રહેશે. આ બેઠકમાં DEO કચેરીના વહીવટદાર અથવા પ્રતિનિધિની હાજરી પણ અનિવાર્ય રહેશે. DEO દ્વારા એવી પણ અનુમતિ આપવામાં આવી છે કે, વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો મેળવવા માટે ભટકવું ન પડે તે માટે શાળા કેમ્પસમાંથી જ પુસ્તકો સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા કરવી. સામે પક્ષે સેવન્થ-ડે એડવેન્ટીસ્ટ સ્કૂલે જણાવ્યું હતું કે, શાળા દ્વારા પાઠ્યપુસ્તકોની પસંદગી માત્ર શૈક્ષણિક ગુણવત્તાના આધારે જ કરવામાં આવી છે. વાલીઓ પર આર્થિક બોજ ન વધે તે માટે શાળાએ મહત્તમ વિષયોમાં અગાઉના વર્ષોના પુસ્તકો જ યથાવત રાખ્યા છે.

## અમદાવાદમાં ITના દરોડા

અમદાવાદ,તા.૨૦

અમદાવાદમાં ઈનકમ ટેક્સ વિભાગ એક્શન મોડમાં જોવા મળ્યું છે. શહેરના જાણીતા કેમિકલ ગ્રુપ મયૂર ડાયકેમ પર IT વિભાગે ત્રાટકીને મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વટવા GIDCમાં આવેલી મયૂર પટેલની ઓફિસ અને ફેક્ટરી સહિત તેમના વ્યવસાયિક ભાગીદારોના સ્થળોએ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી માત્ર ઓફિસ પૂરતી મર્યાદિત ન રહેતા, સોલા વિસ્તારમાં આવેલા બંને ભાગીદારોના નિવાસસ્થાન અને અન્ય સંલગ્ન સ્થળો પર પણ ટીમો દ્વારા સર્ચ કરવામાં આવી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટેક્સ ચોરીની શંકાના આધારે કુલ ૨૦ સ્થળોએ એકસાથે તપાસ હાથ ધરવામાં આવી છે.

# પત્ની કમાતી હોય તો પણ તે ભરણપોષણ મેળવવા માટે હકદાર : ગુજરાત હાઈકોર્ટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે પત્ની નોકરી કરતી હોય અથવા તેની પાસે આવકનું સાધન હોય, માત્ર તેટલા જ કારણોસર પતિ તેને ભરણપોષણ ચૂકવવાની જવાબદારીમાંથી મુક્ત થઈ શકતો નથી. અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું કે પત્નીની કમાણી એ તેની ભરણપોષણની અરજીને ફગાવી દેવા માટેનો એકમાત્ર માપદંડ બની શકે નહીં.

જસ્ટિસ હસમુખ ડી. સુથારની ખંડપીઠ સમક્ષ એક પતિ દ્વારા ફેમિલી કોર્ટના આદેશને પડકારતી અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ફેમિલી કોર્ટે પતિને તેની પત્નીને દર મહિને ૧૫,૦૦૦ રૂપિયા ભરણપોષણ તરીકે ચૂકવવાનો આદેશ આપ્યો હતો. આ મામલાની વિગતો મુજબ, પત્નીએ ફેમિલી કોર્ટમાં ભરણપોષણ વધારીને ૩૦,૦૦૦ રૂપિયા કરવાની માંગ કરી હતી, જેમાં તેણે આક્ષેપ કર્યો હતો કે તેનો પતિ માસિક ૭૦,૦૦૦થી ૭૫,૦૦૦ રૂપિયા કમાય છે અને તેને માનસિક તેમજ શારીરિક ત્રાસ આપીને ઘરમાંથી કાઢી મૂકવામાં આવી છે.સામે પક્ષે પતિએ દલીલ કરી હતી કે તેનો નેટ પગાર ૫૪,૪૯૯ રૂપિયા છે અને તેના પર માતા-પિતાની સંભાળ, ઘરનું ભાડું અને લોનના હપ્તા જેવી અનેક આર્થિક જવાબદારીઓ છે. જોકે, હાઈકોર્ટે આ દલીલોને ફગાવતા નોંધ્યું હતુ કે પતિની માતા નિવૃત્ત સરકારી કર્મચારી છે અને પેન્શન મેળવે છે, પિતા આત્મનિર્ભર છે અને બહેન પણ નોકરી કરે છે. આ સંજોગોમાં પત્નીની સંભાળ રાખવી એ પતિની પ્રાથમિક જવાબદારી બને છે.

હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના 'સુનિતા કચવાહા વિરૂદ્ધ અનિલ કચવાહા'ના સીમાચિહ્નરૂપ ચુકાદાનો સંદર્ભ આપતા કહ્યું હતું કે પત્ની ઉચ્ચ શિક્ષિત હોય કે કમાતી હોય, તે ભરણપોષણ ન આપવા માટેનું માન્ય કારણ નથી. અદાલતે અવલોકન કર્યું કે ફેમિલી કોર્ટે પતિની આવકમાં થયેલા વધારા અને પત્નીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ભરણપોષણની રકમ ૫,૦૦૦થી વધારીને ૧૫,૦૦૦ રૂપિયા કરી છે, જે યોગ્ય અને ન્યાયસંગત છે.અંતે, હાઈકોર્ટે ફેમિલી કોર્ટના આદેશમાં કોઈ કાયદાકીય ભૂલ ન જણાતા પતિની અરજીને ફગાવી દીધી હતી. અદાલતે ટ્રાયલ કોર્ટને આ મામલે સ્વતંત્ર રીતે અને ઝડપથી નિર્ણય લેવા સૂચના આપી હતી, સાથે જ સ્પષ્ટ કર્યું હતું કે વચગાળાના ભરણપોષણની રકમને આખરી આદેશ વખતે યોગ્ય રીતે સમાયોજિત કરવામાં આવે.

# ગાંધીનગર મ્યુ. કોર્પો.નો ટેક્સ ઓફિસર રૂા. ૧ લાખની લાંચ લેતા ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૦

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા ટેક્સ ઓફિસર ઉપેન્દ્ર સુતરીયા એક લાખ રૂપિયાની લાંચ લેતા ACBના છટકામાં ઝડપાઈ જતા મ્યુનિસિપલ આલમમાં ફફડાટ વ્યાપ્યો ગયો છે. ધંધા અર્થે જરૂરી લાયસન્સ આપવાની અવેજીમાં લાંચની માંગણી કરવી અધિકારીને ભારે પડી છે. ઘટનાની વિગતો અનુસાર ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રોફેશનલ ટેક્સ અને વ્હીકલ ટેક્સ વિભાગનો હવાલો સંભાળતા ટેક્સ ઓફિસર ઉપેન્દ્ર સુતરીયાએ એક અરજદાર પાસે તેના ધંધાકીય લાયસન્સની પ્રક્રિયા પૂર્ણ કરવાના બદલામાં એક લાખ રૂપિયાની માંગણી કરી હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે ACBનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે ACBની ટીમે સતર્કતા દાખવી છટકું ગોઠવ્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં જ જ્યારે ઉપેન્દ્ર સુતરીયા લાંચની રકમ સ્વીકારી રહ્યા હતા, ત્યારે જ પૂર્વ આયોજિત પ્લાન મુજબ ACBની ટીમે ત્રાટકીને તેમને રંગેહાથ ઝડપી પાડ્યો હતો.? ઉપેન્દ્ર સુતરીયા પાસે કોર્પોરેશનમાં મહત્વના એવા વ્યવસાય વેરા અને વાહન વેરા વિભાગની જવાબદારી હતી.

# ગૂજરાત વિદ્યાપીઠનો ૨૦૨૬નો પ્રવેશ કાર્યક્રમ જાહેર કરાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૦

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા વર્ષ ૨૦૨૬ માટેના પ્રવેશ પ્રક્રિયાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ગૂજરાત વિદ્યાપીઠની એકેડેમિક કાઉન્સિલ અને એક્ઝીક્યુટીવ કાઉન્સિલની કુલપતિ હર્ષદ પટેલની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. જેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ માટેની પ્રવેશ કાર્યવાહી મંજુર કરવામાં આવી છે. ૨૨ માર્ચથી પ્રવેશ અરજી પ્રક્રિયા શરુ કરવામાં આવશે. અલગ અલગ અભ્યાસક્રમમાં પ્રવેશ લેવા માંગતા વિદ્યાર્થીઓ ૮ મે સુધી ઓનલાઈન અરજી કરી શકશે. જે બાદ પ્રવેશ પરીક્ષા માટે ૧૦ મેના રોજ રાજ્યના ૨૬ સ્થાનો પરીક્ષા યોજવામાં આવશે. જે બાદ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. ગુજરાત બોર્ડની પરીક્ષા પૂર્ણ થતા જ પરિણામ જાહેર થાય તે પહેલા જ ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ગૂજરાત વિદ્યાપીઠમાં ૮ સ્નાતક, ૩ સ્નાતકોત્તર, ૨૦ અનુસ્નાતક, ૧ અનુસ્નાતક ડિપ્લોમા, ૧૬ વિષયોમાં પીએચ.ડી અભ્યાસક્રમ સહિત કુલ ૧૨૪૬ જેટલી બેઠક માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ ૨૨ માર્ચથી ૮ મે સુધી ઓનલાઈન અરજી કરી શકશે. ૧૦ મેના પ્રવેશ પ્રક્રિયા યોજ્યા બાદ વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવશે. ૧૨ અને ૧૩મે દરમિયાન પીએચ .ડી સિવાયના અભ્યાસક્રમોમાં પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ૧૪ મેના પીએચ. ડી જૂથ ચર્ચા અને રૂબરૂ મુલાકાત રાખવામાં આવી છે. જે બાદ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થતા ૧લી જુલાઈથી નવું સત્ર શરુ કરવામાં આવશે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# દેશની વધુ એક હોસ્પિટલના અગ્નિકાંડે નિર્દોષ દર્દીઓને જીવતા ભૂંજી નાખ્યા

દર્દીઓ હંમેશા પોતાનો જીવ બચાવવા માટે કોઈપણ સરકારી કે ખાનગી હોસ્પિટલમાં દાખલ થાય છે પરંતુ જ્યારે તેમના જીવ ત્યાં જ જોખમમાં મુકાય છે, ત્યારે જવાબદાર કોણ? દેશભરમાં ઠેરઠેર વિકસી રહેલી હોસ્પિટલોમાં સલામતીના નિયમોની અવગણના કરવામાં આવે છે, જેના કારણે ચિકિત્સાના વ્યાપારીકરણ અંગે પ્રશ્ન થવો સ્વાભાવિક છે. દિલ્હીથી કોલકાતા, ઝાંસી, અમદાવાદ અને જયપુર સુધી આગની ઘટનાઓમાં દર્દીઓના મૃત્યુ અગ્નિ સલામતીના ધોરણોમાં ઘોર બેદરકારીને આભારી છે.

ઓડિશાના કટકમાં રાજ્ય સંચાલિત SCB મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં, સૌથી સુરક્ષિત સઘન સંભાળ એકમ (ICU)માં મોડી રાત્રે ભીષણ આગ લાગી હતી, જેમાં ઓછામાં ઓછા દસ દર્દીઓ માર્યા ગયા હતા અને અગિયાર તબીબી કર્મચારીઓ ઘાયલ થયા હતા. મુખ્યમંત્રીએ થોડા મહિના પહેલા રાજ્યની તમામ તબીબી સંસ્થાઓને અગ્નિ સલામતીના પગલાં લેવા સૂચના આપી હોવા છતાં આ ઘટના બની છે.

પ્રશ્ન એ છે કે શું ત્યાં મૂળભૂત અગ્નિ સલામતીના ધોરણોનું પણ પાલન કરવામાં આવતું ન હતું ? આ બેદરકારી માટે કોણ જવાબદાર છે ? તે દુઃખદ છે કે આવી હોસ્પિટલો આગના બનાવોમાંથી ક્યારેય પાઠ શીખતી નથી. ઘણી જગ્યાએ, અગ્નિ સલામતીના સાધનો જ ન હતા અને અન્ય જગ્યાએ કટોકટી સમયે બહાર નીકળવાની યોગ્ય વ્યવસ્થા જ નહોતી. ફાયર સેફ્ટી સર્ટિફિકેટની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં પણ હોસ્પિટલોને ચેતવણી આપવામાં આવી ન હતી ન તો તેમની સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. નાના શહેરોથી લઈને મોટા મેટ્રોપોલિટન વિસ્તારો સુધી, ખાનગી અને નાની હોસ્પિટલો માન્ય લાઈસન્સ અને સેફ્ટી સર્ટિફિકેટ વિના કાર્યરત જોવા મળી રહી છે. શું સંબંધિત અધિકારીઓની બેદરકારી અને અધિકારીઓની મિલીભગત વિના આ શક્ય બની શકે ? કાયદા દ્વારા, બધી તબીબી સંસ્થાઓમાં ફાયર સેફ્ટી સાધનોનું નિયમિત અને કડક નિરીક્ષણ થવું જોઈએ. આ નિષ્ફળતાના પરિણામે ઓડિશામાં ઉચ્ચ-સુરક્ષા સઘન સંભાળ એકમમાં દાખલ થયેલા ઘણા દર્દીઓના મૃત્યુ થયા અને હજી પણ કોને ખબર કયા રાજ્યના કયા શહેરની કઈ હોસ્પિટલમાં નિર્દોષ દર્દીઓ અગ્નિકાંડની જ્વાળાઓમાં હોમાઈ જશે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદની શ્રેય હોસ્પિટલનો અગિનકાંડ હોય કે કોઈપણ રાજ્યમાં ચાલતી ખાનગી કે સરકારી હોસ્પિટલ હોય...દરેક જગ્યાએ સલામતીની કોઈ ગેરંટી નથી. ખાસ કરીને અગ્નિકાંડ તો જાણે કે દેશની હોસ્પિટલો માટે રૂટિન બની ગયા છે પરંતુ સરકારોને જ જ્યાં પડી ન હોય ત્યાં પછી જે હોસ્પિટલોમાં બીમાર દર્દીઓ પોતાના જીવ બચાવવા જાય છે તે જ તેમના માટે ઘણીવાર જીવ ગુમાવવાનું સ્થળ બની જાય છે.

# આ હયાતીનો મને અહેસાસ કરાવે જાન છે, એમ લાગે શ્વાસમાં ગૂંજ્યા કરે રમઝાન છે !

રમઝાન વિશેષ

- હર્ષદ પંડ્યા

જિંદગીભર આપણે સપનાં જોઈએ છીએ 'હેટટ્રિક'નાં પણ આપણા પ્રયત્નો હોય છે 'નો બોલ' જેવા પરિણામે જે પરિણામ આવે છે તેમાં હારી ગયાનો અહેસાસ થાય એ સ્વાભાવિક છે. તેમ છતાં સાચો માણસ પોતાના સપનાં સાકાર કરવા માટે ક્યારેય પ્રયત્નો છોડી દેતો નથી. પછી એ સપનાં શ્રીમંતાઈનું સુખ મેળવવાનાં હોય કે સુખની શ્રીમંતાઈ મેળવવાનાં-પણ પ્રયત્નો નહીં છોડવા જોઈએ.

આજે એવરેજ માણસ શ્રીમંતાઈના સુખને શોધવા નીકળ્યો છે, જે વાસ્તવમાં છે જ નહીં. જ્યારે સુખની શ્રીમંતાઈ આજે એક એવી વ્યક્તિને શોધી રહી છે, જે વાસ્તવમાં છે, પણ એ ક્યાં છે, એની એ વ્યક્તિને જ ખબર નથી ! કરૂણતા આને કહેવાય ! હું અંગતપણે એવું માનું છું કે શ્રીમંતાઈનું સુખ ઝાંઝવાં જેવું છે, દેખાય ખરૂં પણ હોય નહીં. મને સુખની શ્રીમંતાઈ એટલા માટે ગમે છે કે એ ભલે દેખાય નહીં, પણ એનો અહેસાસ ચોક્કસ થાય છે. જો મારી આ વાત તમને ખોટી લાગતી હોય તો એકાદ એવી વ્યક્તિને જઈને પૂછજો કે તું અને તારી પ્રિયતમા, તું અને તારી પત્ની, તું અને તારાં માબાપ, તું અને તારાં સંતાન, તું અને તારાં ભાઈ-બહેન, તું અને તારૂં ફ્રેન્ડ સર્કલ-એકબીજાને આટલો બધો પ્રેમ કરો છો અને એ પણ નિઃસ્વાર્થ, નિર્ભેળ અને છળકપટ કે છેતરપિંડીના પ્રદૂષણ વગર... પણ તું તો ભાડાની રૂમમાં રહે છે - શું તું ખરેખર સુખી છે ? જો એ વ્યક્તિ ધોધમાર વરસીને ચોખ્ખા થઈ ગયેલા આકાશ જેવું સ્વચ્છ સ્મિત કરીને એવું કહે કે હું ભલે એક નાનકડી રૂમમાં રહેતો હોઉં કે રહેતી હોઉં - પણ હસતાં હસતાં, પ્રસન્નતાના પર્યાવરણમાં અને એકબીજાનાં હૃદયની પૂજા કરવામાં ક્ષણે ક્ષણે સુખી હોવાનો કે પ્રેમનો પયગમ્બર હોવાનો કે સંબંધોનો શહેનશાહ હોવાનો જે અહેસાસ કરૂં છું એની શ્રીમંતાઈ આગળ તો ફાઈવ સ્ટાર કે સેવનસ્ટાર બંગલા કે ફાર્મ હાઉસ પાણી ભરે છે પાણી...! ત્યારે સમજી જવાનું કે સુખનાં સપનાંની 'હેટટ્રિક' કરવાનું આપણે વિચારી રહ્યા છીએ, એ સપનાં તો આ માણસ પોતાની સાવ નાનકડી રૂમમાં સાકાર કરવા નહીં, 'સાકાર કરીને' જીવી રહ્યો છે ! મિત્રો, હવે તમે જ કહો શ્રીમંતાઈનું સુખ સાચું કે સુખની આવી શ્રીમંતાઈ સાચી ?!

કોઈનો ઉપયોગ કરવો એના કરતા કોઈના ઉપયોગમાં આવવું એ જ સાચા સંબંધનો સાચો યોગ કહેવાય. પ્રાર્થના કરતાં કે ઈબાદત કરતા આપણે આંખો બંધ કરીને જે ઈષ્ટ-પરમતત્ત્વ છે એનું સ્મરણ કરીએ છીએ - એ સ્મરણની ફ્રેમમાં આપણને જો આપણા હૃદયનું પ્રતિબિંબ મઢાઈ ગયેલું દેખાય તો માનજો કે જે પ્રાર્થના - જ ઈબાદત આપણાં થકી થઈ રહી છે તે એ જ ક્ષણે ઈશ્વર - અલ્લાહે કબૂલ મંજૂર કરી જ દીધી છે કારણ કે ઉપરવાળો કયારેય કોઈનું કરજ બાકી નથી રાખતો. એક જ ક્ષણ પૂરતી કરેલી આપણી એ પ્રાર્થનાનો નાનો અમથોય ડાઘ ન લાગ્યો હોય એવી નિર્દોષ અને પારદર્શક અને નિઃસ્વાર્થ હશે તો એ એક જ ક્ષણની પ્રાર્થના - ઈબાદતનું ફળ જિંદગીના અંતિમ શ્વાસ સુધી મળતું રહે છે એમાં શંકાને સ્થાન જ નથી. શરત એટલી કે એ એક ક્ષણ આપણા હૃદયમાંથી માલિક માટે ઉઠતા મૌન અવાજનો પડઘો બને અને એ પડઘામાં માલિકની નિઃશબ્દ દુઆનું સંગીત આપણા શ્વાસ - શ્વાસમાં, અંતિમ શ્વાસ સુધી ગૂંજ્યા કરે તો ચોક્કસ માનવાનું કે આપણી પેલી એક જ ક્ષણની પ્રાર્થના સદીઓ છલકાવતું સુખ આપે છે !

તમે જેને પ્રેમ કરો છો, તમે જેને પ્રેમ કર્યો છે એ, તમારા માટે ઈશ્વર કે ખુદા કરતાં સહેજ પણ ઓછો નથી. એમ સમજી ક્ષણે ક્ષણે એને તમારો પ્રેમ, તમારૂં વહાલ, તમારી એના પ્રત્યેની કાળજી આપતા રહેશો તો ખુદ ખુદા તમારી સામે તમારી પ્રયત્ક્ષ તમારા 'પ્રિયજન' રૂપે આવી ઊભો છે એમ માનજો ! તમારો પ્રેમ, તમારી પૂજા, તમારી પ્રાર્થના, તમારી ઈબાદત, તમારી વ્યક્તિ કે તમારી વંદના જો પથ્થરમાં પણ 'પ્રાણપ્રતિષ્ઠા'કરી શકે, તો તમારૂં પ્રિયજન' તો ચેતના ધરાવતું-હસતું ફરતું-ધબકતા શ્વાસનું જીવતું-જાગતું રૂપ છે ! એનામાં તમારા પ્રેમની પ્રાણપ્રતિષ્ઠા તમારા સંબંધની સ્થાપના કે મૈત્રીના મંદિરનું નિર્માણ કેમ ન થાય ? જરૂર થાય ! આપણો પ્રેમ, આપણી મૈત્રી જો શબ્દોના વાઘા પહેરાવ્યા વગરનાં કે કોઈપણ પ્રકારના ડાઘા વગરનાં હોય તો ખુદ ખુદાને તમારા 'પ્રિયજન' બનીને કે તમારા અભિન્ન મિત્ર બનીને આવવાની ફરજ પડે ! સાચો ધર્મ આ જ છે, જે તમારા ઈશ્વરને, તમારા અલ્લાહને, તમારા માલિકને તમારા પ્રિયજન કે મિત્ર બનવાની ફરજ પાડે ! પણ આજનો માણસ કોણ જાણે કેમ કહેવાતા પાખંડીઓ અને બની બેઠેલા ધર્મગુરૂઓ માત્રને માત્ર પોતાની 'દુકાન' ચલાવવા પૂરા સમાજના કાનમાં કટ્ટરતાનો કાટ એવો તો લગાડી દે છે કે માણસ પોતાનો મૂળ ધર્મ ભૂલીને અધર્મને જ ધર્મ માનવાની 'જીવલેણ' ભૂલ કરી બેસે છે. 'પ્રેમ જેવો કોઈ ધર્મ નથી' એવો જગતના મંચ પરથી જોરશોરથી બકવાસ થતો રહે છે. પણ આવો બકવાસ કરનારા જ બંધ બારણે કટ્ટરતાનો કચરો ઠાલવતા રહી માનવતાને ક્ષણેક્ષણે બીમાર પાડતા રહ્યા છે. આતંકવાદીઓનો કોઈ ચોક્કસ યુનિફોર્મ થોડો હોય ?

આજે રમઝાનના રમઝાની પર્યાવરણમાં આપણે સૌ એક સ્વરે, એક શ્વાસે અને એક - નેક વિશ્વાસે પૂરા માનવ સમાજમાં પ્રેમનું પ્રાગટ્ય થાય, પ્રેમની પ્રાણપ્રતિષ્ઠા થાય, સંબંધોની સુવાસમાં ક્યાંયથી દુર્ગંધ પ્રવેશી ન જાય એવી પરમતત્ત્વને-માલિકને પ્રાર્થના કરીએ અને 'શબ્દપ્રીત'ની આ પંક્તિને રોજ વાગોળતા રહીએ - રોજ રોજ એકબીજાને 'ઈદ મુબારક' કહેતા રહી એ શુભેચ્છા સાથે 'શબ્દપ્રીત'ની આ પંક્તિ :

**"આ હયાતીનો મને અહેસાસ કરાવે જાન છે,**
**એમ લાગે શ્વાસમાં ગૂંજ્યા કરે રમઝાન છે !"**

**:: ટહુકો ::**

**અચ્છી આંખે સચ્ચે દિલ પૂજા કરે**
**આ સનમ - ખાનો મેં સજદા કરે**
**ફૂલ જૈસે ખૂબસૂરત જખ્મ હૈ**
**જિંદગીસે કયા ગિલા-શિકવા કરે**

- બશીર બદ્ર

# સુરતના લાભાર્થીઓના આયુષ્યમાન કાર્ડ અંકલેશ્વરમાં કચરામાંથી મળ્યા

## ગરીબો માટે મહત્ત્વપૂર્ણ સાબિત થતી યોજનાના કાર્ડને કોણે ફેંક્યા ? પ્રિન્ટિંગ બાદ જ નિકાલ કરાયો હોવાની શંકા

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૦

સુરતના લાભાર્થીઓના આયુષ્યમાન કાર્ડ અંકલેશ્વરમાં કચરાના ઢગલામાંથી મળી આવ્યા છે જેને પગલે ચકચાર મચી ગઈ છે. ગરીબો માટે મહત્ત્વપૂર્ણ સાબિત થતી યોજનાના કાર્ડનો આટલો મોટો જથ્થો કોણે ફેંક્યો ? તે અંગે સવાલો ઉભા થયા છે.



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

પ્રાપ્ત માહિતી અનુસાર, અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર ૪૮ પર અંસાર માર્કેટ નજીક કચરાના ઢગલામાંથી આયુષ્યમાન કાર્ડનો મોટો જથ્થો મળી આવ્યો છે. આ કાર્ડ સુરત શહેરના લાભાર્થીઓના હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક અનુમાન મુજબ, કોઈ એજન્સી દ્વારા આ કાર્ડનો નિકાલ કરવામાં આવ્યો હોઈ શકે છે. આરોગ્ય વિભાગમાં ચકચાર જગાવી આ કાર્ડ લાભાર્થીઓ સુધી પહોંચ્યા ન હોવાની અને સીધા જ કચરામાં ફેંકી દેવામાં આવ્યા હોવાની પણ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ બાબત સ્થાનિક પ્રશાસન અને આરોગ્ય વિભાગમાં ચકચાર જગાવી છે.અંકલેશ્વર આરોગ્ય વિભાગે આ મામલે તાત્કાલિક તપાસ હાથ ધરી છે. આરોગ્ય અધિકારી ડૉ. સુશાંત કઠોરવાલાએ જણાવ્યું કે, આ કાર્ડનો જથ્થો જૂનો લાગે છે. શક્યતા છે કે પ્રિન્ટિંગ થયા બાદ લાભાર્થીઓને વિતરણ કર્યા વિના જ તેનો નિકાલ કરી દેવાયો હોય.જો કે, હાલના સમયમાં લોકો ઓનલાઈન પણ આયુષ્યમાન કાર્ડ મેળવી શકતા હોવાથી તેઓ એજન્સી પાસેથી ભૌતિક કાર્ડ લેવા ન ગયા હોય તેવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઘટનાને લઈને સ્થાનિક લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે, કારણ કે, આયુષ્યમાન યોજના ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે મહત્ત્વપૂર્ણ આરોગ્ય સહાય પૂરી પાડે છે. લોકો દ્વારા આ મામલે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે.

# સુરતમાં વ્યાજખોરોનો આતંક

# શહેરના બે વ્યાજખોરો સામે ફરિયાદ

## અમરોલીના વૃદ્ધ પાસે ૧૦ લાખની સામે ૪૭ લાખ લીધા બાદ પણ ૪૫ લાખની માંગણી, ડિંડોલીમાં યુવકે ૪૭ હજારના બદલામાં ૫૭ હજાર ચૂકવી દીધા બાદ પણ વ્યાજખોરોએ વધુ ૫૦ હજાર માંગ્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૦

સુરત શહેરમાં દિન પ્રતિદિન વ્યાજખોરોનો આતંક વધી રહ્યો છે. ગતરોજ પણ સુરત શહેરમાં અલગ અલગ પોલીસ મથક વિસ્તારમાં વ્યાજખોરો સામે વધુ બે ગુનાઓ નોંધાયા છે. જેથી આખરે પોલીસે અમરોલી અને ડીંડોલીમાં આ પ્રકારના ગુનાઓ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરના અમરોલી વિસ્તારમાં રહેતા મોહનભાઈ કરસનભાઈ સોલંકીના ૭૪ વર્ષીય પત્ની તારાબેને અમરોલી પોલીસ મથકમાં વિક્કી રણજીતભાઈ ચૌહાણ (રહે ૧૬૭,મેઘાણી ટાવર સિનેમા રોડ દિલ્હી ગેટ) સામે વ્યાજખોરીની ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૬ ના જાન્યુઆરી મહિનામાં તારાબેનના પતિ મોહનભાઈને દવાખાના તથા અન્ય કામથી રૂપિયાની જરૂર પડતા તેમણે વિકિ રણજીતભાઈ ચૌહાણ પાસેથી રૂપિયા દસ લાખ સાડા ચાર ટકાના વ્યાજે લીધા હતા. જેના બદલામાં સિક્યુરિટી પેટે વિકી ચૌહાણએ તેઓ હાલમાં જે ઘરમાં રહે છે તે સૃષ્ટિ કો-ઓપરેટિવ સોસાયટીના પ્લોટ નંબર ૫૫,૫૬ વાળા મકાનનો દસ્તાવેજ કરાવી લીધો હતો અને ત્યારબાદ મોહનભાઈએ વિકીને વ્યાજ તથા મુદ્દલ રકમ સહિત કુલ રૂપિયા ૪૭.૪૦ લાખ ચૂકવી દીધા હતા. જોકે ત્યારબાદ પણ મકાનનો દસ્તાવેજ પરત નહીં આપી મોહનભાઈના મકાન પર એસબીઆઈ બેંકની લોન મેળવી વધારે રૂપિયા ૪૫ લાખની માંગણી કરી હતી અને જો રૂપિયા નહીં ચૂકવે તો હેરાન પરેશાન કરી નાખશે તેમજ બેંકના હા નહીં ભરી મકાન પણ સીલ કરાવી નાખવાની ધમકીઓ આપી હતી. પોલીસે તારાબેનની ફરિયાદના આધારે વ્યાજખોર વિકી ચૌહાણ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.બીજા બનાવવામાં ડીંડોલી વિસ્તારમાં સુમુખ સર્કલ પાસે આવેલી શિવકૃપા નગરમાં રહેતા કમલેશ ઉપેન્દ્ર શર્માએ ડીંડોલીમાં નવાગામ રામદેવ નગર સોસાયટીમાં રહેતા તેજા રામબલી મોરિયા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪ ના સપ્ટેમ્બર મહિનામાં તેમણે તેજા મોરિયા પાસેથી રૂપિયા ૪૭,૫૦૦ ઉછીના લીધા હતા. જેના બદલામાં તેમને રોકડા રૂપિયા ૧૨,૫૦૦ તથા ઓનલાઈન ૪૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૭,૨૫૦ ચૂકવી દીધા હતા. જોકે ત્યારબાદ પણ તેજા મોર્યાએ તેમને ફોન પર ગાળો આપી હાથ ટાંટીયા તોડી નાખવાની ધમકી આપી બળજબરીથી રૂપિયા ૫૦,૦૦૦ ની માંગણી કરી હેરાન પરેશાન કરતો હતો. જેથી આખરે કમલેશે પોલીસનો સહારો લીધો હતો. ડીંડોલી પોલીસે તેજા મોર્યાસામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ડીસામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા ૯૨૦ લિટર શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપાયો

## રૂપિયા ૬.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત, એક્સપાયરી ડેટવાળા ૧.૪૦ લાખના ઘીનો નાશ

(સંવાદદાતા દ્વારા)ડીસા, તા.૨૦

ડીસા શહેરમાં આવેલા એક ગોડાઉન પર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે ઓચિંતી રેડ પાડી મોટા પ્રમાણમાં શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપી પાડ્યો છે. જો કે, આ સમગ્ર કાર્યવાહીમાં અધિકારીઓના મીડિયા પ્રત્યેના વલણને લઈને અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે ડીસાના હીરા બજારમાં બી. એમ. દોશી કોમ્પલેક્ષમાં આવેલા નિકુંજકુમાર વિનોદભાઈ બાંડીવાલાના ગોડાઉન પર તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન 'હાસ્ય' બ્રાન્ડ સહિત અલગ-અલગ માર્કના પેકિંગમાં શંકાસ્પદ ઘી મળી આવ્યું હતું. ફૂડ વિભાગે આ તમામ ઘીના સેમ્પલ લઈ લેબોરેટરીમાં મોકલ્યા છે અને અંદાજે ૯૨૯ કિલો શંકાસ્પદ ઘી (કિંમત રૂા.૬,૧૪,૯૯૫)નો જથ્થો સીઝ કર્યો છે. આ ઉપરાંત, અંદાજે ૧.૪૦ લાખની કિંમતનું ઘી એક્સપાયર થઈ ગયું હોવાનું જણાતા તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આમ, કુલ મળીને રૂા.૬.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. જો સેમ્પલ ફેલ થશે તો વેપારી સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

### મીડિયાથી વિગતો છુપાવતા વિભાગની કામગીરી શંકાના ઘેરામાં ?

સામાન્ય રીતે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ જ્યારે કોઈ મોટી કાર્યવાહી કરે ત્યારે મીડિયાને સાથે રાખે અથવાં તુરંત જ જાણકારી આપી કે વિગતો જાહેર કરતું હોય છે. પરંતુ આ કેસમાં અધિકારીઓ દ્વારા બીજા દિવસે પણ માહિતી આપવામાં ભારે આનાકાની અને ઠાગાઠૈયા કરવામાં આવ્યા હતા. તેમાં પણ સચોટ વિગતો આપી નહતી.જેથી સમગ્ર પ્રકરણ પર પડદો પાડવાની કોશિશ થતી હોય કે આ કાર્યવાહીમાં કોઈની મીઠી નજર હેઠળ ગોઠવણ થઈ રહી હોય તેવી શંકા લોકોમાં સેવાઈ રહી છે. જેથી આ મામલે જિલ્લા કલેક્ટર અને ઉચ્ચ અધિકારીઓ દખલગીરી કરી સત્ય બહાર લાવે તેવી માંગ ઉઠી છે.

# અમરોલીમાં પાડોશીએ સગીરાને ઘરમાં મળવા બોલાવી બળાત્કાર ગુજાર્યો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૦

શહેરનના અમરોલી સૂર્યનગર સોસાયટીમાં રહેતા યુવકે તેમની સોસાયટીમાં રહેતી સગીરા સાથે મિત્રતા કર્યા બાદ તું મને ગમે છે અને હું તને પ્રેમ કરું છું તેમ કહીને તેમને લલચાવી ફોસલાવી મળવા માટે પોતાના ઘરે બોલાવી હતી. જોકે ત્યારબાદ યુવકે તેને પોતાના બેડરૂમમાં લઈ જઈ હવે આપણે લગ્ન કરી લેવાના છે તેમ કહીને તેમની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો અને બાદમાં આ વાતની જાણ કોઈને કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવની વિગત એવી છે કે, અમરોલી નવા કોસાડ રોડ પર સૂર્યદર્શન સોસાયટીમાં રહેતો રાજદીપ ચુડાસમાએ તેમની સોસાયટીમાં રહેતી એક સગીરા પર દાનત બગાડી હતી. રાજદિપે તેની સાથે કોઈ પણ બહાને મિત્રતા કેળવી હતી. આ દરમ્યાન રાજદિપે સગીરા સામે પોતાની દિલની વાત મુકી ને જણાવ્યુ હતુ કે તું મને ગમે છે અને હું તને પ્રેમ કરું છું તેમ કહીને પોતાના ઝાંસામા ફસાવી લીધી હતી.ત્યારબાદ રાજદિપે ગત તારીખ ૧૪/૨/૨૦૨૬ ના રોજ બપોરના સગીરા ને મળવા માટે પોતાના ઘરે બોલાવી હતી. બીજીબાજુ સગીરા પણ પ્રેમમા આંધળી બની રાજદિપના ઘરે પહોંચી ગઇ હતી. રાજદીપ ચુડાસમાએ તેને પોતાના ઘરના બેડરૂમમાં લઈ જઈ હવે આપણે લગ્ન કરી લેવાના છે તેમ કહીને બળજબરીથી તેમની સાથે શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો અને બાદમાં આ વાતની જાણ કોઈને કરશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.સગીરા ઘરે આવ્યા બાદ સઘળી હકીકત પરિવારજનોને જણાવતા તેઓએ અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# સુરત શહેરને મીની વાવાઝોડાએ ઘમરોળ્યું, ૮૦થી વધુ ઝાડ ધરાશાયી : વીજપોલ અને હોર્ડિંગ્સ પણ જમીનદોસ્ત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૦

રાજયના હવામાન વિભાગ દ્વારા છેલ્લા બે દિવસમાં કમોસમી વરસાદ અને ભારે પવનની આગાહી કરવામાં આવી હતી, જેના પગલે ગત રાત્રે રાત્રે ૮ વાગ્યા સુધીમાં રાજયના ૭૨ તાલુકામાં ૧ મિમીથી લઈને ૪૧ મિમી સુધી વરસાદ નોંધાયો છે.વરસાદની સાથે રાજયમાં અનેક જિલ્લાઓમાં વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી. માર્ચ મહિનામાં જ કમોસમી વરસાદને કારણે અનેક વિસ્તારોમાં ભારે નુકસાન થયું હતું. ઘણી જગ્યાએ ઝાડ પડી ગયા હતા તો ક્યાંક હોડિંગ પણ પડી ગયા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સાયકલોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા વરસાદી માહોલ સર્જાયો છે. આજે પણ ૧૦ જિલ્લામાં છૂટો-છવાયો વરસાદ પડી શકે છે અને પવન પણ ફૂંકાઈ શકે છે. શહેરમાં રાત્રે ફૂંકાયેલા મીની વાવાઝોડાએ ભારે તારાજી સર્જી છે, જેમાં ખાસ કરીને સુરતના ડુમસ વિસ્તારમાં આવેલા સ્વર્ણભૂમિ સહિત અંદાજે ૭જેટલા પાર્ટી પ્લોટમાં લગ્ન માટે તૈયાર કરવામાં આવેલા ભવ્ય સેટ ધરાશાયી થઈ ગયા હતા.કુદરતી આફતની આ પ્રચંડ અસરને કારણે સમગ્ર શહેરમાં ઠેર ઠેર વૃક્ષો ધરાશાય થાય હતા.શહેરના પાલ ભાઠાથી લઈને વેસુ, અડાજણ પાટિયા, પાલ ગૌરવપથ રોડ, પાંડેસરા, પુણા સહીતના અલગ અલગ વિસ્તારોમાં ૮૦ થી વધુ વૃક્ષો પડયા હતા,આ સિવાય કેટલીક જગ્યાઓ અનેક વીજપોલ જમીનદોસ્ત થયા હતા, જેના લીધે વીજપુરવઠો ખોરવાયો હતો અનેક વિસ્તારોમાં અંધારપટ છવાયો હતો.જયારે ઠેર ઠેર ઝાડ પડવા સહીતની ઘટનાઓ અને પરિસ્થિતિને કાબૂમાં લેવા અને અવરોધાયેલા રસ્તાઓ ખુલ્લા કરવા માટે ફાયર વિભાગની ટીમો આખી રાત દોડતી રહી હતી. ખાસ કરીને નાનપુરા ટીમલીયાવાડમાં રસ્તા પર દોડતી કાર પર અચાનક ઝાડ પડયુ હતુ.જોકે કારમાં બેસેલા લોકોનો આબાદ બચાવ થયો હતો.

# ખીમાણા-દિયોદર રોડ પર ખોડા પાસે અકસ્માત સર્જાયો

## સામ-સામે બે કાર અથડાતાં યુવતીનું મોત, ૩ને ઈજા

ડીસા, તા.૨૦

કાંકરેજ તાલુકાના ખોડા ગામ પાસે ખીમાણા-દિયોદર હાઈવે પર બુધવારે સવારે બે કાર વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં એક યુવતીએ પોતાનો જીવ ગુમાવ્યો છે. દિયોદરના રૈયા ગામના નાનજીભાઈ વિરભણભાઈ પટેલની કાર નં.જીજે-૦૮-આર-૮૪૨૩માં બેસી વસંતબેન માનસુંગભાઈ મકવાણા(રહે.ખોડા તા.કાંકરેજ), પવિબેન ઠાકોર(રહે.વડા તા.ઓગડ) અને રણછોડભાઈ પટેલ (રહે.રૈયા) પાટણ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન સામેથી આવતી કાર આરજે ૨૨-યુએ-૭૮૨૫ સાથે ટક્કર થઈ હતી. અકસ્માત બાદ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્તોને ખીમાણા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. વસંતબેનની હાલત ગંભીર હોવાથી તેમને પાલનપુર રિફર કરવામાં આવ્યા હતા, પરંતુ રસ્તામાં જ તેમનું મોત નિપજ્યું હતું. બલાભાઈ મકવાણાની ફરિયાદના આધારે શિહોરી પોલીસે કારના ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

# બોરસદના ધોબીકૂઈ નજીક બસ-બાઈક અથડામણમાં બે યુવકોનાં મોત

(સંવાદદાતા દ્વારા)

આણંદ,તા.૨૦

આણંદ જિલ્લાનાં બોરસદ તાલુકાના નાપા રોડ ઉપર આવેલા ધોબીકુઈ નજીક ગત મોડી રાત્રે એસ.ટી. બસ અને બાઈક વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં લાંભવેલ ગામના બે યુવકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજતાં સમગ્ર ગામમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. પરિવારજનોમાં આ ઘટના બાદ રડારોડ મચી ગયો હતો.મળતી માહિતી મુજબ, આણંદ તાલુકાના લાંભવેલ ગામના રહેવાસી સુનીલ પઢિયાર અને મયંક પરમાર કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા હતાં. ગુરૂવારે રાત્રિના સમયે બંને યુવકો બોરસદ ખાતે કેટરિંગનો ઓર્ડર પૂર્ણ કરી બાઈક પર પોતાના ગામ લાંભવેલ પરત ફરી રહ્યા હતાં. દરમ્યાન તેઓ બોરસદ-નાપા રોડ પર આવેલ ધોબીકુઈ નજીકથી પસાર થઈ રહ્યા હતાં ત્યારે અચાનક જ ભારે પવન સાથે આવેલા વાવાઝોડાને કારણે રસ્તા પર એક વૃક્ષ ધરાશાયી થયું હતું. આ પરિસ્થિતિ વચ્ચે તેમની બાઈક અને સામેથી આવતી એસ.ટી. બસ વચ્ચે જોરદાર અથડામણ સર્જાઈ હતી.

આ ભયાનક અકસ્માતમાં બંને યુવકોને માથા સહિત શરીરના ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. આ બનાવ અંગે બોરસદ રૂરલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# દેશની વધુ એક હોસ્પિટલના અગ્નિકાંડે નિર્દોષ દર્દીઓને જીવતા ભૂંજી નાખ્યા

દર્દીઓ હંમેશા પોતાનો જીવ બચાવવા માટે કોઈપણ સરકારી કે ખાનગી હોસ્પિટલમાં દાખલ થાય છે પરંતુ જ્યારે તેમના જીવ ત્યાં જ જોખમમાં મુકાય છે, ત્યારે જવાબદાર કોણ? દેશભરમાં ઠેરઠેર વિકસી રહેલી હોસ્પિટલોમાં સલામતીના નિયમોની અવગણના કરવામાં આવે છે, જેના કારણે ચિકિત્સાના વ્યાપારીકરણ અંગે પ્રશ્ન થવો સ્વાભાવિક છે. દિલ્હીથી કોલકાતા, ઝાંસી, અમદાવાદ અને જયપુર સુધી આગની ઘટનાઓમાં દર્દીઓના મૃત્યુ અગ્નિ સલામતીના ધોરણોમાં ઘોર બેદરકારીને આભારી છે.

ઓડિશાના કટકમાં રાજ્ય સંચાલિત SCB મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં, સૌથી સુરક્ષિત સઘન સંભાળ એકમ (ICU)માં મોડી રાત્રે ભીષણ આગ લાગી હતી, જેમાં ઓછામાં ઓછા દસ દર્દીઓ માર્યા ગયા હતા અને અગિયાર તબીબી કર્મચારીઓ ઘાયલ થયા હતા. મુખ્યમંત્રીએ થોડા મહિના પહેલા રાજ્યની તમામ તબીબી સંસ્થાઓને અગ્નિ સલામતીના પગલાં લેવા સૂચના આપી હોવા છતાં આ ઘટના બની છે.

પ્રશ્ન એ છે કે શું ત્યાં મૂળભૂત અગ્નિ સલામતીના ધોરણોનું પણ પાલન કરવામાં આવતું ન હતું ? આ બેદરકારી માટે કોણ જવાબદાર છે ? તે દુઃખદ છે કે આવી હોસ્પિટલો આગના બનાવોમાંથી ક્યારેય પાઠ શીખતી નથી. ઘણી જગ્યાએ, અગ્નિ સલામતીના સાધનો જ ન હતા અને અન્ય જગ્યાએ કટોકટી સમયે બહાર નીકળવાની યોગ્ય વ્યવસ્થા જ નહોતી. ફાયર સેફ્ટી સર્ટિફિકેટની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં પણ હોસ્પિટલોને ચેતવણી આપવામાં આવી ન હતી ન તો તેમની સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. નાના શહેરોથી લઈને મોટા મેટ્રોપોલિટન વિસ્તારો સુધી, ખાનગી અને નાની હોસ્પિટલો માન્ય લાઈસન્સ અને સેફ્ટી સર્ટિફિકેટ વિના કાર્યરત જોવા મળી રહી છે. શું સંબંધિત અધિકારીઓની બેદરકારી અને અધિકારીઓની મિલીભગત વિના આ શક્ય બની શકે ? કાયદા દ્વારા, બધી તબીબી સંસ્થાઓમાં ફાયર સેફ્ટી સાધનોનું નિયમિત અને કડક નિરીક્ષણ થવું જોઈએ. આ નિષ્ફળતાના પરિણામે ઓડિશામાં ઉચ્ચ-સુરક્ષા સઘન સંભાળ એકમમાં દાખલ થયેલા ઘણા દર્દીઓના મૃત્યુ થયા અને હજી પણ કોને ખબર કયા રાજ્યના કયા શહેરની કઈ હોસ્પિટલમાં નિર્દોષ દર્દીઓ અગ્નિકાંડની જ્વાળાઓમાં હોમાઈ જશે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદની શ્રેય હોસ્પિટલનો અગ્નિકાંડ હોય કે કોઈપણ રાજ્યમાં ચાલતી ખાનગી કે સરકારી હોસ્પિટલ હોય...દરેક જગ્યાએ સલામતીની કોઈ ગેરંટી નથી. ખાસ કરીને અગ્નિકાંડ તો જાણે કે દેશની હોસ્પિટલો માટે રૂટિન બની ગયા છે પરંતુ સરકારોને જ્યાં પડી ન હોય ત્યાં પછી જે હોસ્પિટલોમાં બીમાર દર્દીઓ પોતાના જીવ બચાવવા જાય છે તે જ તેમના માટે ઘણીવાર જીવ ગુમાવવાનું સ્થળ બની જાય છે.

# આ હયાતીનો મને અહેસાસ કરાવે જાન છે, એમ લાગે શ્વાસમાં ગૂંજ્યા કરે રમઝાન છે !

રમઝાન વિશેષ

- હર્ષદ પંડ્યા

જિંદગીભર આપણે સપનાં જોઈએ છીએ 'હેટટ્રિક'નાં પણ આપણા પ્રયત્નો હોય છે 'નો બોલ' જેવા પરિણામે જે પરિણામ આવે છે તેમાં હારી ગયાનો અહેસાસ થાય એ સ્વાભાવિક છે. તેમ છતાં સાચો માણસ પોતાના સપનાં સાકાર કરવા માટે ક્યારેય પ્રયત્નો છોડી દેતો નથી. પછી એ સપનાં શ્રીમંતાઈનું સુખ મેળવવાનાં હોય કે સુખની શ્રીમંતાઈ મેળવવાનાં-પણ પ્રયત્નો નહીં છોડવા જોઈએ.

આજે એવરેજ માણસ શ્રીમંતાઈના સુખને શોધવા નીકળ્યો છે, જે વાસ્તવમાં છે જ નહીં. જ્યારે સુખની શ્રીમંતાઈ આજે એક એવી વ્યક્તિને શોધી રહી છે, જે વાસ્તવમાં છે, પણ એ ક્યાં છે, એની એ વ્યક્તિને જ ખબર નથી ! કરૂણતા આને કહેવાય ! હું અંગતપણે એવું માનું છું કે શ્રીમંતાઈનું સુખ ઝાંઝવાં જેવું છે, દેખાય ખરૂં પણ હોય નહીં. મને સુખની શ્રીમંતાઈ એટલા માટે ગમે છે કે એ ભલે દેખાય નહીં, પણ એનો અહેસાસ ચોક્કસ થાય છે. જો મારી આ વાત તમને ખોટી લાગતી હોય તો એકાદ એવી વ્યક્તિને જઈને પૂછજો કે તું અને તારી પ્રિયતમા, તું અને તારી પત્ની, તું અને તારાં માબાપ, તું અને તારાં સંતાન, તું અને તારાં ભાઈ-બહેન, તું અને તારૂં ફ્રેન્ડ સર્કલ-એકબીજાને આટલો બધો પ્રેમ કરો છો અને એ પણ નિઃસ્વાર્થ, નિર્ભેળ અને છળકપટ કે છેતરપિંડીના પ્રદૂષણ વગર... પણ તું તો ભાડાની રૂમમાં રહે છે - શું તું ખરેખર સુખી છે ? જો એ વ્યક્તિ ધોધમાર વરસીને ચોખ્ખા થઈ ગયેલા આકાશ જેવું સ્વચ્છ સ્મિત કરીને એવું કહે કે હું ભલે એક નાનકડી રૂમમાં રહેતો હોઉં કે રહેતી હોઉં - પણ હસતાં હસતાં, પ્રસન્નતાના પર્યાવરણમાં અને એકબીજાનાં હૃદયની પૂજા કરવામાં ક્ષણે ક્ષણે સુખી હોવાનો કે પ્રેમનો ઈશ્વરદૂત હોવાનો કે સંબંધોનો શહેનશાહ હોવાનો જે અહેસાસ કરૂં છું એની શ્રીમંતાઈ આગળ તો ફાઈવ સ્ટાર કે સેવનસ્ટાર બંગલા કે ફાર્મ હાઉસ પાણી ભરે છે પાણી...! ત્યારે સમજી જવાનું કે સુખનાં સપનાંની 'હેટટ્રિક' કરવાનું આપણે વિચારી રહ્યા છીએ, એ સપનાં તો આ માણસ પોતાની સાવ નાનકડી રૂમમાં સાકાર કરવા નહીં, 'સાકાર કરીને' જીવી રહ્યો છે ! મિત્રો, હવે તમે જ કહો શ્રીમંતાઈનું સુખ સાચું કે સુખની આવી શ્રીમંતાઈ સાચી ?!

કોઈનો ઉપયોગ કરવો એના કરતા કોઈના ઉપયોગમાં આવવું એ જ સાચા સંબંધનો સાચો યોગ કહેવાય. પ્રાર્થના કરતાં કે ઈબાદત કરતા આપણે આંખો બંધ કરીને જે ઈષ્ટ-પરમતત્ત્વ છે એનું સ્મરણ કરીએ છીએ - એ સ્મરણની ફ્રેમમાં આપણને જો આપણા હૃદયનું પ્રતિબિંબ મઢાઈ ગયેલું દેખાય તો માનજો કે જે પ્રાર્થના - જ ઈબાદત આપણાં થકી થઈ રહી છે તે એ જ ક્ષણે ઈશ્વર - અલ્લાહે કબૂલ મંજૂર કરી જ દીધી છે કારણ કે ઉપરવાળો ક્યારેય કોઈનું કરજ બાકી નથી રાખતો. એક જ ક્ષણ પૂરતી કરેલી આપણી એ પ્રાર્થનાનો નાનો અમથોય ડાઘ ન લાગ્યો હોય એવી નિર્દોષ અને પારદર્શક અને નિઃસ્વાર્થ હશે તો એ એક જ ક્ષણની પ્રાર્થના - ઈબાદતનું ફળ જિંદગીના અંતિમ શ્વાસ સુધી મળતું રહે છે એમાં શંકાને સ્થાન જ નથી. શરત એટલી કે એ એક ક્ષણ આપણા હૃદયમાંથી માલિક માટે ઉઠતા મૌન અવાજનો પડઘો બને અને એ પડઘામાં માલિકની નિઃશબ્દ દુઆનું સંગીત આપણા શ્વાસ - શ્વાસમાં, અંતિમ શ્વાસ સુધી ગૂંજ્યા કરે તો ચોક્કસ માનવાનું કે આપણી પેલી એક જ ક્ષણની પ્રાર્થના સદીઓ છલકાવતું સુખ આપે છે !

તમે જેને પ્રેમ કરો છો, તમે જેને પ્રેમ કર્યો છે એ, તમારા માટે ઈશ્વર કે ખુદા કરતાં સહેજ પણ ઓછો નથી. એમ સમજી ક્ષણે ક્ષણે એને તમારો પ્રેમ, તમારૂં વહાલ, તમારી એના પ્રત્યેની કાળજી આપતા રહેશો તો ખુદ ખુદા તમારી સામે તમારી પ્રયત્ક્ષ તમારા 'પ્રિયજન' રૂપે આવી ઊભો છે એમ માનજો ! તમારો પ્રેમ, તમારી પૂજા, તમારી પ્રાર્થના, તમારી ઈબાદત, તમારી વ્યક્તિ કે તમારી વંદના જો પથ્થરમાં પણ 'પ્રાણપ્રતિષ્ઠા'કરી શકે, તો તમારૂં પ્રિયજન' તો ચેતના ધરાવતું-હસતું ફરતું-ધબકતા શ્વાસનું જીવતું-જાગતું રૂપ છે ! એનામાં તમારા પ્રેમની પ્રાણપ્રતિષ્ઠા તમારા સંબંધની સ્થાપના કે મૈત્રીના મંદિરનું નિર્માણ કેમ ન થાય ? જરૂર થાય ! આપણો પ્રેમ, આપણી મૈત્રી જો શબ્દોના વાઘા પહેરાવ્યા વગરનાં કે કોઈપણ પ્રકારના ડાઘા વગરનાં હોય તો ખુદ ખુદાને તમારા 'પ્રિયજન' બનીને કે તમારા અભિન્ન મિત્ર બનીને આવવાની ફરજ પડે ! સાચો ધર્મ આ જ છે, જે તમારા ઈશ્વરને, તમારા અલ્લાહને, તમારા માલિકને તમારા પ્રિયજન કે મિત્ર બનવાની ફરજ પાડે ! પણ આજનો માણસ કોણ જાણે કેમ કહેવાતા પાખંડીઓ અને બની બેઠેલા ધર્મગુરૂઓ માત્રને માત્ર પોતાની 'દુકાન' ચલાવવા પૂરા સમાજના કાનમાં કટ્ટરતાનો કાટ એવો તો લગાડી દે છે કે માણસ પોતાનો મૂળ ધર્મ ભૂલીને અધર્મને જ ધર્મ માનવાની 'જીવલેણ' ભૂલ કરી બેસે છે. 'પ્રેમ જેવો કોઈ ધર્મ નથી' એવો જગતના મંચ પરથી જોરશોરથી બકવાસ થતો રહે છે. પણ આવો બકવાસ કરનારા જ બંધ બારણે કટ્ટરતાનો કચરો ઠાલવતા રહી માનવતાને ક્ષણેક્ષણે બીમાર પાડતા રહ્યા છે. આતંકવાદીઓનો કોઈ ચોક્કસ યુનિફોર્મ થોડો હોય ?

આજે રમઝાનના રમઝાની પર્યાવરણમાં આપણે સૌ એક સ્વરે, એક શ્વાસે અને એક - નેક વિશ્વાસે પૂરા માનવ સમાજમાં પ્રેમનું પ્રાગટ્ય થાય, પ્રેમની પ્રાણપ્રતિષ્ઠા થાય, સંબંધોની સુવાસમાં ક્યાંયથી દુર્ગંધ પ્રવેશી ન જાય એવી પરમતત્ત્વને-માલિકને પ્રાર્થના કરીએ અને 'શબ્દપ્રીત'ની આ પંક્તિને રોજ વાગોળતા રહીએ - રોજ રોજ એકબીજાને 'ઈદ મુબારક' કહેતા રહી એ શુભેચ્છા સાથે 'શબ્દપ્રીત'ની આ પંક્તિ :

**"આ હયાતીનો મને અહેસાસ કરાવે જાન છે,**
**એમ લાગે શ્વાસમાં ગૂંજ્યા કરે રમઝાન છે !"**

**:: ટહુકો ::**

**અચ્છી આંખે સચ્ચે દિલ પૂજા કરે**
**આ સનમ - ખાનો મેં સજદા કરે**
**ફૂલ જૈસે ખૂબસૂરત જખ્મ હૈ**
**જિંદગીસે ક્યા ગિલા-શિકવા કરે**

**- બશીર બદ્ર**

# 'ધુરંધર ૨ એક પાકિસ્તાની ફિલ્મ છે, તેને હિન્દુસ્તાનના લોકોને કેમ બતાવો છો ?' રણવીર સિંહની ફિલ્મ પર સપા ધારાસભ્ય અબુ આઝમીના પ્રહાર

(એજન્સી) મુંબઈ, તા.૨૦

બોલિવૂડ અભિનેતા રણવીર સિંહ સ્ટારર ફિલ્મ 'ધુરંધર ૨' (Dhurandhar 2) અત્યારે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે, પરંતુ તેની સાથે જ ફિલ્મ મોટા વિવાદમાં સપડાઈ છે. સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અબુ આઝમીએ આ ફિલ્મને 'નફરત ફેલાવતી ખોટી ફિલ્મ' ગણાવીને તેના પર આકરા પ્રહાર કર્યા છે. આઝમીએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, આ ફિલ્મ પાકિસ્તાન પર આધારિત છે, તો પછી તેને ભારતના પ્રેક્ષકોને બતાવવાની શું જરૂર છે ?

**મુસ્લિમ સમુદાયને બદનામ કરવાનો આરોપ :** સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમીએ સમાચાર એજન્સી IANS સાથે વાત કરતા જણાવ્યું હતું કે, 'આ ફિલ્મ માત્ર નફરત ફેલાવવા માટે બનાવવામાં આવી છે. આ એક પાકિસ્તાની ફિલ્મ છે, તો તેને પાકિસ્તાનના લોકોને કેમ નથી બતાવતા ? હિન્દુસ્તાનના લોકોને કેમ બતાવો છો ?' તેમણે વધુમાં આરોપ લગાવ્યો હતો કે, ફિલ્મમાં માત્ર પસંદગીના ગુનાઓને હાઈલાઈટ કરીને મુસ્લિમ સમુદાયને બદનામ કરવામાં આવી રહ્યો છે, જ્યારે દેશના અન્ય મોટા મુદ્દાઓ અને ગુનાઓને નજરઅંદાજ કરવામાં આવ્યા છે.

**રાજકીય નેતાઓની આકરી પ્રતિક્રિયા :** માત્ર અબુ આઝમી જ નહીં, પરંતુ અન્ય નેતાઓએ પણ ફિલ્મની ટીકા કરી છે. સપા ધારાસભ્ય રઈસ શેખે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, સિનેમા મનોરંજન માટે હોવું જોઈએ, પ્રોપેગેન્ડા (પ્રચાર) માટે નહીં. તેમણે દાવો કર્યો કે, 'ધુરંધર' જેવી ફિલ્મો વાર્તા અને રાજકીય સંદેશ વચ્ચેની રેખા ભૂંસી રહી છે અને આ કળા નહીં પણ એક એજન્ડા છે. AIMIM નેતા વારિસ પઠાણે પણ આક્ષેપ કર્યો હતો કે, કેટલાક ફિલ્મ નિર્માતાઓ આર્થિક લાભ માટે ચોક્કસ સમુદાય વિરૂદ્ધ નકારાત્મકતા ફેલાવી રહ્યા છે.

**વિવાદ છતાં બોક્સ ઓફિસ પર રેકોર્ડબ્રેક કમાણી :** રાજકીય વિવાદો અને વિરોધ છતાં આદિત્ય ધર દ્વારા નિર્દેશિત આ સ્પાય એક્શન થ્રિલર ફિલ્મે બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચ્યો છે. ફિલ્મે તેના પ્રથમ દિવસે જ રૂા.૧૦૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે. પેઈડ પ્રિવ્યૂ સહિત ફિલ્મની કુલ કમાણી અત્યાર સુધીમાં અંદાજે રૂા.૧૪૫.૫૫ કરોડ સુધી પહોંચી ગઈ છે. જો કે, ૧૮ માર્ચે ફિલ્મની રિલીઝમાં કેટલીક ટેકનિકલ સમસ્યાઓ અને વિલંબ થવાને કારણે દિગ્દર્શક આદિત્ય ધરે પ્રેક્ષકોની માફી પણ માંગી હતી.

**શું છે ફિલ્મની વાર્તા ? :** 'ધુરંધર ૨'માં રણવીર સિંહ અન્ડરકવર એજન્ટ જસકીરત સિંહ રાંગીની ભૂમિકામાં છે, જે પાકિસ્તાનના લ્યારી વિસ્તારમાં 'હમઝા અલી મઝારી' નામના નકલી નામ સાથે ગુનાખોરીની દુનિયામાં ઘૂસે છે. ફિલ્મમાં રણવીર સિંહનો તીવ્ર અંદાજ અને તેના અક્ષય ખન્ના, આર. માધવન, અર્જુન રામપાલ અને સંજય દત્ત જેવા કલાકારો સાથેના ટકરાવને દર્શાવવામાં આવ્યો છે.

# 'ધુરંધર ૨' ફિલ્મમાં મુસ્લિમોના સાંપ્રદાયિક રૂઢિગત વિચારોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે : અનેક લોકોએ આ ફિલ્મનો વિરોધ કર્યો

## કેટલાક ટીકાકારો અને પત્રકારોએ આ ફિલ્મને એક વ્યાપક 'ભાજપ-આરએસએસ સાંસ્કૃતિક પ્રોજેક્ટ'નો ભાગ ગણાવી છે જેનો હેતુ ચોક્કસ રાજકીય વિચારધારાને પ્રોત્સાહન આપવાનો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

મુસ્લિમ ધર્મગુરૂઓ અને ધાર્મિક વિદ્વાનોએ ફિલ્મ 'ધુરંધર ૨' (જેને ધુરંધર : ધ રીવેન્જ તરીકે પણ ઓળખવામાં આવે છે)ની કથિત રીતે સાંપ્રદાયિક વિભાજન અને મુસ્લિમોના રૂઢિગત ચિત્રણને પ્રોત્સાહન આપવા બદલ આકરી ટીકા કરી છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના વડા મૌલાના શહાબુદ્દીન રઝવી બરેલવી અને ઉત્તર પ્રદેશના શાહી મુફ્તી મૌલાના ચૌધરી ઈફરાહીમ હુસૈને ગુરૂવારે ફિલ્મ નિર્માતાઓ પર વ્યાપારી લાભ માટે હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે વિવાદો ઉભા કરવાનો આરોપ મૂક્યો છે. વિદ્વાનોએ મુસ્લિમો અને પાકિસ્તાનને સ્વાભાવિક રીતે હિંસક તરીકે દર્શાવતી વાર્તાઓ બનાવવા બદલ ફિલ્મની ટીકા કરી અને દાવો કર્યો કે, આ ફિલ્મ સૂચવે છે કે, "સમુદાયનો દરેક વ્યક્તિ આતંકવાદી અથવા ગેંગસ્ટર છે". મૌલાના બરેલવીએ કહ્યું, "જુઓ, ફિલ્મ 'ધુરંધર ૨' જોયા પછી એવું લાગે છે કે તેમાં બતાવેલ બધું જ ખોટી વાર્તાઓ પર આધારિત છે અને આવી બનાવટી વાર્તાઓ પર બનેલી દરેક વસ્તુ પણ ખોટી છે. ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા કેટલાક લોકો ખાસ કરીને દિગ્દર્શકો, ફક્ત એક જ હેતુ ધરાવે છે : પૈસા કમાવવાનો. પૈસાની દોડમાં, તેઓ હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે ભાગલા પાડી રહ્યા છે અને વિવાદો ઉભા કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે સંવાદિતા અને ભાઈચારાને સમાપ્ત કરવા માંગે છે." મૌલાના હુસૈને ચકાસણી વિના સંવેદનશીલ વિષયો પર કામ કરતી ફિલ્મોની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, સૌ પ્રથમ, આપણા દેશની પોતાની એજન્સીઓ અને ન્યાયતંત્ર છે. જ્યાં સુધી ન્યાયતંત્ર અથવા આ એજન્સીઓ પુષ્ટિ ન કરે અથવા પગલાં ન લે, ત્યાં સુધી કોઈને પણ ચોક્કસ સમુદાયને લક્ષ્ય બનાવતી આવી છબીઓ અથવા ફિલ્મો બનાવવાનો અધિકાર નથી. હું એ પણ સ્પષ્ટ કરવા માંગુ છું કે આતંકવાદનો કોઈ ધર્મ નથી. આ વિવાદ હોવા છતાં આદિત્ય ધર દ્વારા દિગ્દર્શિત અને રણવીર સિંહ અભિનીત 'ધુરંધરઃ ધ રીવેન્જ'એ બોક્સ ઓફિસ પર મજબૂત શરૂઆત કરી છે. ટ્રેડ ટ્રેકર સેકનિલ્કના મતે, ફિલ્મે ગુરૂવારે તેની સત્તાવાર રિલીઝ પહેલા ૧૮ માર્ચે પ્રીવ્યૂ શો યોજ્યા હતા અને તેના શરૂઆતના દિવસે વિશ્વભરમાં રૂા.૭૫ કરોડની કમાણી કરી હોવાનું કહેવાય છે. જો કે, ભારતમાં અનેક પ્રીવ્યૂ રદ થવાથી અને વિલંબ થવાથી રિફંડ મળી શકે છે, જે અંતિમ આંકડાઓને અસર કરી શકે છે. કેટલાક વિવેચકો અને પત્રકારો જેમ કે, અરફાખાનુમ શેરવાની, ફિલ્મને એક વ્યાપક "ભાજપ-આરએસએસ સાંસ્કૃતિક પ્રોજેક્ટ"ના ભાગ તરીકે વર્ણવે છે જેનો હેતુ ચોક્કસ રાજકીય વિચારધારાને પ્રોત્સાહન આપવાનો છે. વિવેચકોએ ધ્યાન દોર્યું કે, ફિલ્મ વાસ્તવિક જીવનની ઘટનાઓ (જેમ કે, ૨૬/૧૧ના હુમલા અને IC814 હાઈજેકિંગ)ને કાલ્પનિક તત્ત્વો સાથે મિશ્રિત કરે છે. કેટલાક લોકો દલીલ કરે છે કે, તે ચોક્કસ વૈચારિક કથા માટે ઉપયોગમાં લેવાતી "દૂષિત વિકૃતિ" છે. ફિલ્મના સમર્થકો દલીલ કરે છે કે, તે પાકિસ્તાન-પ્રાયોજિત આતંકવાદને લક્ષ્ય બનાવે છે અને તેને ભારતીય મુસ્લિમ સમુદાય સાથે ભેળસેળ ન કરવી જોઈએ. કેટલાક ટીકાકારોએ નોંધ્યું કે, મુસ્લિમ પ્રેક્ષકો થિયેટરોમાં ફિલ્મનો ઉત્સાહ વધારતા જોવા મળ્યા હતા, જે સૂચવે છે કે, "મુસ્લિમ વિરોધી" લેબલ પાયાવિહોણું છે. ફિલ્મના દિગ્દર્શકને કેટલાક લોકો એક સક્ષમ ફિલ્મ નિર્માતા તરીકે વર્ણવે છે જેમનું કાર્ય "વૈચારિક રીતે ભયાનક" હોવાને બદલે વ્યાપારી રીતે તકવાદી છે. આ ફિલ્મને રાજકીય રીતે સંવેદનશીલ સામગ્રીને કારણે સાઉદી અરેબિયા, યુએઈ અને કુવૈત સહિત ઘણા મધ્ય પૂર્વીય દેશોમાં પ્રતિબંધિત કરવામાં આવી છે. આ ફિલ્મે માત્ર કલાકારોના અભિનય માટે જ નહીં પરંતુ તેની આસપાસના વિવાદો માટે પણ ધ્યાન ખેંચ્યું છે. કોર્ટ અરજીઓ અને જાહેર આક્રોશથી લઈને તેના રાજકીય અર્થઘટન પર ચર્ચાઓ સુધી 'ધુરંધર' હેડલાઈન્સમાં રહી છે. અશોક ચક્ર પુરસ્કાર વિજેતા સ્વર્ગસ્થ મેજર મોહિત શર્માના પરિવાર તરફથી પણ આરોપો થયા, જેમણે દાવો કર્યો કે, આ ફિલ્મ તેમના જીવન અને ગુપ્ત કામગીરીમાંથી લેવામાં આવી છે. બલોચ ડાયસ્પોરાના સભ્યો તરફથી વધુ ટીકા કરવામાં આવી જેમણે બલોચ પાત્રો અને બળવાખોર જૂથોના ચિત્રણ સામે વાંધો ઉઠાવ્યો હતો. વિવેચકોએ દલીલ કરી છે કે, આ ફિલ્મ રાષ્ટ્રવાદી થીમ્સ તરફ ઝુકાવ ધરાવે છે, સરહદ પારના તણાવ અને ગુપ્તચર નેટવર્કના ચિત્રણને કેટલાક લોકો શુદ્ધ સિનેમેટિકને બદલે રાજકીય પ્રચાર તરીકે જુએ છે.

# નફરતભર્યા ભાષણ સામેની લડાઈ સૌના વતી હોવી જોઈએ, માત્ર પોતાના સમુદાય પૂરતી મર્યાદિત નહીં : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

ભારતની સર્વોચ્ચ અદાલતે શુક્રવારે (૨૦ માર્ચ, ૨૦૨૬) નફરતભર્યા ભાષણો (Hate Speech) અંગે એક અત્યંત મહત્વપૂર્ણ અવલોકન કર્યું છે. જસ્ટિસ બી.વી. નાગરત્નાની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે, નફરતભર્યા ભાષણ વિરૂદ્ધની લડાઈ કોઈ એક ચોક્કસ સમુદાય પૂરતી સીમિત હોવાને બદલે સમગ્ર સમાજ માટે હોવી જોઈએ. કોર્ટે સ્પષ્ટ કર્યું કે કોઈ પણ સમુદાય વિરૂદ્ધ નફરત ફેલાવવી એ અસ્વીકાર્ય છે.

**'બ્રાહ્મણ વિરોધી' ભાષણો અંગેની અરજી પર સુનાવણી :** સુપ્રીમ કોર્ટમાં બ્રાહ્મણ સમુદાયને નિશાન બનાવતા નફરતભર્યા ભાષણો સામે હસ્તક્ષેપની માંગ કરતી એક અરજી દાખલ કરવામાં આવી હતી. અરજદાર મહાલિંગમ બાલાજીએ 'બ્રાહ્મણફોબિયા' (Brahmophobia) જેવો શબ્દ વાપરીને તેને જ્ઞાતિ આધારિત ભેદભાવ ગણી સજાની માંગ કરી હતી. આ સુનાવણી દરમિયાન જસ્ટિસ નાગરત્નાએ મૌખિક ટિપ્પણી કરતા કહ્યું કે, 'કોઈ ચોક્કસ સમુદાયે આગળ આવીને એવું કેમ કહેવું જોઈએ કે, 'મારા સમુદાયને નફરતભર્યા ભાષણથી બચાવો' ? તેના બદલે આપણે એવું કહેવું જોઈએ કે 'કોઈપણ વ્યક્તિએ નફરતભર્યા ભાષણમાં સામેલ થવું જોઈએ નહીં'.'

**સહિષ્ણુતા અને બંધુત્વ પર ભાર :** જસ્ટિસ નાગરત્નાએ વધુમાં ઉમેર્યું હતું કે કોર્ટ નફરતભર્યા ભાષણની પ્રવૃત્તિની વિરૂદ્ધમાં છે, પછી ભલે તે કોઈપણ સમુદાયને નિશાન બનાવીને કરવામાં આવી હોય. તેમણે કહ્યું, 'અમે કોઈપણ સમુદાય વિરૂદ્ધ હેટ સ્પીચ ઈચ્છતા નથી. આ બાબત સમાજમાં શિક્ષણના સ્તર, બૌદ્ધિક વિકાસ, સહિષ્ણુતા અને ધીરજ પર આધાર રાખે છે. એકવાર દરેક વ્યક્તિ બંધુત્વ (Fraternity)ના ભાવને અનુસરે, તો નફરતભર્યા ભાષણો આપોઆપ બંધ થઈ જશે.'

**અવગણના કરવાની સલાહ અને અરજી પાછી ખેંચી :** અરજદાર બાલાજીએ દલીલ કરી હતી કે આ સમુદાય વર્ષોથી હેટ સ્પીચનો ભોગ બની રહ્યો છે, જેના પર જસ્ટિસ નાગરત્નાએ સલાહ આપી હતી કે આવી બાબતોથી પ્રભાવિત ન થવાની ક્ષમતા કેળવવી જોઈએ. કોર્ટે નોંધ્યું કે, 'જો ઘણી વસ્તુઓને અવગણવામાં આવે, તો તે આપોઆપ શમી જાય છે. જો તમે પ્રતિક્રિયા આપશો, તો તે માત્ર સામી પ્રતિક્રિયાને જ જન્મ આપશે.' આ ટિપ્પણી બાદ કોર્ટે અરજદારને તેની અરજી પાછી ખેંચવાની પરવાનગી આપી હતી.

# ટ્રમ્પના ઈરાન યુદ્ધની ગણતરીઓ પાટા પરથી ઉતારી નાખનાર ત્રણ 'ઘાતક' ધારણાઓ : અમેરિકા હવે પોતાના દ્વારા ઊભા કરવામાં આવેલ સંકટમાં ફસાઈ શકે છે

(એજન્સી) તા.૨૦

ઈરાન સામેના અનંત યુદ્ધને હવે વિશ્વ વ્યવસ્થામાં એક વળાંક તરીકે જોવામાં આવી રહ્યું છે. અમેરિકા આટલું ખોટું કેવી રીતે પગલું ભર્યું ? ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકાએ ત્રણ મોટી ધારણાઓ કરી હતી. પ્રથમ, અમેરિકા માનતું હતું કે વિશ્વ શક્તિ સંતુલન અનુકૂળ હતું, તેના મુખ્ય મહાન સ્પર્ધકો કાં તો અન્ય સંઘર્ષોમાં (યુક્રેનમાં રશિયા) વિચલિત હતા અથવા સ્થાનિક અને પ્રાદેશિક બાબતોમાં (પૂર્વ એશિયામાં ચીન) હતા. સરળતાથી વેનેઝુએલાના પતનથી યુએસ સર્વશક્તિ વિશ્વાસ મજબૂત થયો. એકલવાયેલા ઈરાનને દબાવવાની તકની બારી ખુલ્લી હતી. બીજું, વ્યૂહાત્મક બોમ્બમારાનો મોટા પાયે ઉપયોગ ઈરાનને પછાડવા માટે પૂરતો માનવામાં આવ્યો. આ એક લક્ષ્ય રાજ્યના નેતૃત્વ અને તેના કમાન્ડ અને કંટ્રોલ નોડ્સના ક્લાસિક યુએસ સિદ્ધાંત સાથે સુસંગત હતું. ત્રીજું, યુએસએ અંદાજ લગાવ્યો હતો કે તેના પ્રચંડ સાથી નેટવર્કે તેને ટૂંકા પરંતુ સઘન યુદ્ધનો ભાર સહન કરવા અનન્ય ફાયદા પૂરા પાડ્યા છે. આ ત્રણેય ધારણાઓ પર, યુએસની ખોટી ગણતરી સાથે ખુલ્લી પડી ગઈ છે. ઈરાન એકલું નહોતું અને તેની વ્યૂહાત્મક ભાગીદારીએ જૂન ૨૦૨૫માં ૧૨ દિવસના યુદ્ધ પછી તેની લશ્કરી તૈયારીઓને વેગ આપવામાં મદદ કરી છે. જ્યારે વ્યૂહાત્મક બોમ્બમારાથી વ્યૂહાત્મક સફળતાઓ મળી છે, ત્યારે તે રાજકીય વ્યવસ્થા, મહત્વપૂર્ણ સંસ્થાઓ અને ઈરાની લોકોના અંતર્ગત સંકલ્પને ખતમ કરવામાં નિષ્ફળ ગયું છે. બીજું, યુએસ સાથી નેટવર્ક ખરેખર આવા પસંદગીના સંઘર્ષમાં ફાયદાને બદલે બોજ સાબિત થયું છે. જેમ ટ્રમ્પે પોતે સ્વીકાર્યું હતું કે, પર્સિયન ગલ્ફ અને પશ્ચિમ એશિયામાં યુએસ બેઝ પર હુમલો કરવામાં ઈરાનના પ્રતિભાવની તીવ્રતા અને અસરકારકતાથી યુએસ ચોંકી ગયું હતું, જે આક્રમક અને રક્ષણાત્મક કામગીરી માટે મહત્વપૂર્ણ સ્ટેજીંગ ગ્રાઉન્ડ હતા. સેટેલાઈટ છબી અનુસાર, પાંચ દેશોમાં સાત યુએસ બેઝ પર ૨૫ સ્થળોએ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં મહત્વપૂર્ણ પ્રારંભિક ચેતવણી રડાર, લોજિસ્ટિકલ ઈમારતો, હેંગરો અને ઈંધણ સંગ્રહ કન્ટેનરનો સમાવેશ થાય છે. ઈરાને બદલો લેવા માટે યુએસ પ્રાદેશિક સાથીઓ અને તેમના મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓની નબળાઈએ પરસ્પર ખાતરીપૂર્વકના વિનાશનું એક તત્વ રજૂ કર્યું છે જેને યુએસમાં કટ્ટરપંથીઓ પણ અવગણી શકતા નથી. આ જ કારણ છે કે ઈઝરાયેલી હુમલા બાદ ટ્રમ્પે ઝડપથી પીછેહઠ કરી છે. ઈરાનની સ્થિતિસ્થાપકતા તેના લશ્કરી સિદ્ધાંતના તર્ક, કાર્યક્ષમતા અને તકનીકી સિદ્ધિઓમાં છે. ઈરાનનું મૂલ્યાંકન નાટો અને યુએસ ફોર્સ સ્ટ્રક્ચર્સના લેન્સ પરથી કરવામાં આવ્યું હતું. ઓછા રાષ્ટ્રીય સંસાધનો ધરાવતા સ્વતંત્ર રાજ્ય તરીકે, ઈરાને તેની મુખ્ય ભૂ-રાજકીય જરૂરિયાતો માટે સમર્પિત લશ્કરી સિદ્ધાંત વિકસાવ્યો. એટલે કે, એવા શસ્ત્રોનો ઉપયોગ જે ધમકીઓના સ્ત્રોત પર વળતો પ્રહાર કરી શકે. આ દાયકાઓથી મિસાઈલો અને ડ્રોન અને હવાઈ બોમ્બમારા માટે અભેદ્ય ભંડાર પર બનાવવામાં આવ્યું હતું, જેમાં અત્યંત અદ્યતન પ્રકારોનો સમાવેશ થાય છે જે સમગ્ર પ્રદેશમાં જટિલ યુએસ-ઈઝરાયેલી મિસાઈલ સંરક્ષણ કવચને સરળતાથી વીંધી શકે છે. ઈરાને જાહેરમાં આ સિદ્ધાંત જાહેર કર્યો હતો અને તેની અસરકારકતા પણ દર્શાવી હતી, જો કે, ૨૦૨૫માં ૧૨ દિવસના યુદ્ધ દરમિયાન મર્યાદિત રીતે તેનો અમલ કર્યો હતો.

**શું અમેરિકા હવે ફસાઈ ગયું છે ?**

ભારે બોમ્બમારા છતાં, અમેરિકા ઈરાનની લશ્કરી શક્તિને અર્થપૂર્ણ રીતે નબળી પાડવામાં અથવા તેના રાજકીય એકતાને નબળી પાડવામાં નિષ્ફળ ગયું છે. શરૂઆતના તબક્કામાં વ્હાઈટ હાઉસ અને પેન્ટાગોન દ્વારા આપવામાં આવેલા અલ્ટીમેટમ્સ અને મહત્તમ યુદ્ધના ઉદ્દેશ્યો હવે આ યુદ્ધના ત્રણ અઠવાડિયા પછી ખૂબ જ હાસ્યાસ્પદ લાગે છે. હાલમાં, અમેરિકા આ યુદ્ધના ફટકા અને પરિણામોનો સામનો કરવામાં વધુ વ્યસ્ત છે જેમાં અમેરિકાની અંદર ઘટતો ટેકો, વૈશ્વિક આર્થિક અસ્થિરતાનો ભય, ઊર્જા બજારો અને સંલગ્ન ક્ષેત્રોને પ્રણાલીગત આંચકો, અને લાંબા લશ્કરી અભિયાનના લોજિસ્ટિકલ ગ્રાઈન્ડનો સમાવેશ થાય છે. ઈરાનના વિદેશ પ્રધાન દ્વારા જાહેરમાં પુષ્ટિ કરાયેલા અહેવાલો સહિત વિશ્વસનીય અહેવાલો સૂચવે છે કે અમેરિકાએ અનેક પ્રસંગોએ યુદ્ધવિરામની માંગ કરી છે. પરંતુ અમેરિકા હજુ પણ આશા રાખે છે કે આ યુદ્ધ એવી શરતો પર સમાપ્ત થશે જે તેના પ્રાદેશિક વર્ચસ્વને નાટકીય રીતે નષ્ટ ન કરે અથવા તેની લશ્કરી હાજરીને ઘટાડશે નહીં. તેનાથી વિપરીત, ઈરાન વધુ ટકાઉ શાંતિ ઈચ્છે છે. આ બે વિરોધાભાસી સ્થિતિઓ આ તબક્કે, તૃતીય પક્ષોની મધ્યસ્થી સાથે અથવા વગર, અસંબંધિત લાગે છે. જો કે, આ યુદ્ધ શરૂ થયું છે, અને યુએસ અને તેના સાથીઓને વાસ્તવિક અને ભાવિ ખર્ચ થવા લાગે છે, તેમ તેઓ ગંભીર રીતે શાંતિ માટે વાટાઘાટો માટે વોશિંગ્ટન પોતાના નિર્ણયનું પુનર્મૂલ્યાંકન કરી શકે છે.

# ઉત્તમ નગરમાં ઈદની ગૌરવપૂર્ણ અને શાંતિપૂર્ણ ઉજવણી નિશ્ચિત કરવા દિલ્હી હાઈકોર્ટે અધિકારીઓને નિર્દેશ આપ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

રાષ્ટ્રીય રાજધાનીના ઉત્તમ નગર વિસ્તારમાં વધી રહેલા સાંપ્રદાયિક તણાવ વચ્ચે, દિલ્હી હાઈકોર્ટે ગુરૂવારે પોલીસ અને નાગરિક વહીવટીતંત્રને શાંતિ જાળવવા અને 'શાંતિપૂર્ણ અને ગૌરવપૂર્ણ રીતે ઈદની ઉજવણી' સુનિશ્ચિત કરવા માટે 'કાયદા હેઠળ માન્ય' તમામ જરૂરી પગલાં લેવાનો નિર્દેશ આપ્યો. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઉત્તમ નગરમાં પરિસ્થિતિને 'કોઈપણ ખરાબ વળાંક લેવાની' મંજૂરી આપવી જોઈએ નહીં અને અધિકારીઓને તહેવારોના સમયગાળા દરમિયાન રહેવાસીઓ માટે સંવાદિતા અને ખાતરીનું વાતાવરણ બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. મજબૂત સુરક્ષા વ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મૂકતા બેન્ચે કહ્યું કે, પોલીસ તૈનાત 'સમાજના તમામ વર્ગોમાં સલામતી અને સુરક્ષાની ભાવના' જગાવવી જોઈએ. તેણે વધુમાં નિર્દેશ આપ્યો હતો કે, અધિકારીઓએ ખાતરી કરવી જોઈએ કે, 'સમાજના કોઈપણ વર્ગમાંથી કોઈ પણ વ્યક્તિ તોફાન ન કરે' જે સંભવિત રીતે સાંપ્રદાયિક સુમેળને ખલેલ પહોંચાડી શકે અથવા કોઈ અનિચ્છનીય ઘટનાને ઉત્તેજિત કરી શકે. શરૂઆતમાં આ મામલાની સુનાવણી બુધવારે મુખ્ય ન્યાયાધીશ ડી.કે. ઉપાધ્યાયની અધ્યક્ષતાવાળી બેન્ચ દ્વારા થવાની હતી પરંતુ ગુરૂવારે તેની સુનાવણી કરવામાં આવી. સુનાવણી દરમિયાન કોર્ટે કાયદા અમલીકરણ એજન્સીઓને સ્પષ્ટ સંદેશ આપ્યો, જેમાં તેમને આત્મસંતુષ્ટિ સામે ચેતવણી આપી. 'સત્તાવાળાઓએ ખાતરી કરવી જોઈએ કે, કોઈપણ વ્યક્તિ કે જૂથ જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડી શકે તેવી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ ન થાય. પોલીસે બેદરકારી ન દાખવવી જોઈએ. દિલ્હીમાં જે કંઈ પણ થાય છે તેની અસર પડે છે,' બેન્ચે અવલોકન કર્યું. કોર્ટે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે, ઈદ પછી પણ અને રામ નવમીના તહેવાર સુધી સુરક્ષા વ્યવસ્થા મજબૂત રહે, જે સંવેદનશીલ સમયગાળા દરમિયાન સતત સતર્ક રહેવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. હોળી દરમિયાન થયેલી અથડામણમાં ૨૬ વર્ષીય યુવાનના મૃત્યુ પછી ઉત્તમ નગર વિસ્તારમાં તાજેતરમાં થયેલા ભારે તણાવની પૃષ્ઠભૂમિમાં આ આદેશ આપવામાં આવ્યો છે. જ્યારે પોલીસે હત્યામાં કોઈ સાંપ્રદાયિક દૃષ્ટિકોણનો ઈન્કાર કર્યો છે, ત્યારે કેસમાં આરોપી મુસ્લિમ પરિવારે પસંદગીયુક્ત નિશાન બનાવવા અને મીડિયા દ્વારા ઘટનાનું ખોટું ચિત્રણ કરવાનો આરોપ લગાવ્યો છે. દરમિયાન, હિન્દુત્વ જૂથો મુસ્લિમો વિરૂદ્ધ નફરતભર્યા ભાષણો આપી રહ્યા છે, ઈદ દરમિયાન રક્તપાતની ચેતવણી આપી રહ્યા છે.

**હદીસ બોધ**

મારી ઉમ્મતનો શ્રેષ્ઠ પતિ એ છે જે પોતાની પત્ની સાથે સારી રીતે જીવન વિતાવે છે. (હદીસ બોધ)

**બોધ વચન**

સૌથી વધુ શક્તિશાળી વ્યક્તિ તે છે જેને પોતાની જાતમાં વિશ્વાસ હોય. - સેનેકા

**આજની આરસી**

૨૧ માર્ચ શનિવાર ૨૦૨૬
૧ શવ્વાલ હિજરી ૧૪૪૭
ચૈત્ર સુદ ત્રીજ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૨૪
ખત્મે ઝવાલ ૧૨-૪૭
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૪૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૫૧

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# રાજ્યસભાના ૭૩ સાંસદો સામે ગુનાહિત કેસ; ૩૧ અબજોપતિઓ : ADR રિપોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)ના એક અહેવાલ મુજબ, રાજ્યસભાના લગભગ ૩૨ ટકા સાંસદોએ પોતાની સામે ફોજદારી કેસ જાહેર કર્યા છે, જ્યારે ૧૪ ટકા અબજોપતિ છે. આ રિપોર્ટ ૨૩૩ રાજ્યસભાના સાંસદોમાંથી ૨૨૯ના સોગંદનામાના વિશ્લેષણ પર આધારિત છે. ઝારખંડમાંથી એક બેઠક હાલમાં ખાલી છે, જ્યારે ત્રણ સાંસદોના સોગંદનામા ઉપલબ્ધ નથી. વિશ્લેષણમાં તાજેતરમાં ચૂંટાયેલા ૩૭ સભ્યોનો સમાવેશ થાય છે. વિશ્લેષણ કરાયેલા ૨૨૯ સાંસદોમાંથી, ૭૩ (૩૨ ટકા)એ ફોજદારી કેસ જાહેર કર્યા છે, જેમાં ૩૬ (૧૬ ટકા) પર ગંભીર આરોપો છે. એક સાંસદે હત્યાનો કેસ જાહેર કર્યો છે, ચાર પર હત્યાના પ્રયાસનો કેસ છે અને ત્રણ પર મહિલાઓ વિરૂદ્ધ ગુનાઓ સંબંધિત કેસ છે. પક્ષની દૃષ્ટિએ ૯૯ ભાજપના સાંસદોમાંથી ૨૭, કોંગ્રેસના ૨૮માંથી ૧૨, ટીએમસીના ૧૩ સાંસદોમાંથી ચાર અને આપના ૧૦માંથી ચાર સાંસદોએ ફોજદારી કેસ જાહેર કર્યા છે. સીપીઆઈ(એમ) અને બીઆરએસના ત્રણ-ત્રણ સાંસદોએ ગુનાહિત કેસોનો ખુલાસો કર્યો છે. રિપોર્ટમાં એ પણ જાણવા મળ્યું છે કે, ૩૧ સાંસદો (૧૪ ટકા) અબજો રૂપિયાની કુલ સંપત્તિ ધરાવે છે. મુખ્ય પક્ષોમાં, છ ભાજપના સાંસદો, પાંચ કોંગ્રેસના સાંસદો, ચાર વાયએસઆરસીપી સાંસદો, બે આપ સાંસદો, બે બીઆરએસ સાંસદો અને ત્રણ એનસીપી સાંસદોએ ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જાહેર કરી છે. રાજ્યસભાના સાંસદની સરેરાશ સંપત્તિ રૂ.૧૨૦.૬૯ કરોડ છે. મુખ્ય પક્ષોમાં, પ્રતિ સાંસદ સરેરાશ સંપત્તિ ભાજપ માટે રૂ.૨૮.૨૯ કરોડ, કોંગ્રેસ માટે રૂ.૧૨૮.૬૧ કરોડ, ટીએમસી માટે રૂ.૧૭.૭૦ કરોડ અને આપ માટે રૂ.૫૭૪.૦૯ કરોડ છે. અન્ય પક્ષોમાં વાયએસઆરસીપી (રૂ.૫૨૨.૬૩ કરોડ), સપા (રૂ.૩૯૯.૭૧ કરોડ), બીજેડી (રૂ.૧૦૫.૬૩ કરોડ) અને ડીએમકે (રૂ.૧૧.૯૦ કરોડ)નો સમાવેશ થાય છે. બીઆરએસ સાંસદ બંદી પાર્થ સારધીએ સૌથી વધુ રૂ.૫,૩૦૦ કરોડથી વધુની સંપત્તિ જાહેર કરી છે, ત્યારબાદ આપના રાજિન્દર ગુપ્તા રૂ.૫,૦૫૩ કરોડથી વધુની સંપત્તિ સાથે બીજા ક્રમે છે અને વાયએસઆરસીપીના અલ્લા અયોધ્યા રામી રેડ્ડી રૂ.૨,૫૭૭ કરોડથી વધુની સંપત્તિ સાથે ત્રીજા ક્રમે છે. બીજી બાજુ, આપના સાંસદ સંત બલબીર સિંહ સૌથી ગરીબ છે, જેમની સંપત્તિ લગભગ રૂ.૩ લાખ છે. તેમના પછી મણિપુરના મહારાજા સનાજાઓબા લીશેમ્બા લગભગ રૂ.૫ લાખ અને ટીએમસીના પ્રકાશ ચિક બરૈક લગભગ રૂ.૯ લાખ સાથે ત્રીજા ક્રમે છે.

# વાળંદ સમુદાયે અસ્પૃશ્યતા સામે ઝુંબેશ શરૂ કરી

## અખિલા કર્ણાટક શ્રી શિવશરણ હડપદ અપ્પન્ના સમાજ સેવા સંઘે વાળંદોને વાળ કાપવાની સેવાઓ આપતી વખતે અસ્પૃશ્યતાનું પાલન ન કરવા માટે સંવેદનશીલ બનાવવા માટે 'ક્ષૌરીકારા નાદે દલિતરા કેરિયા કડે' (દલિતોની વસાહતો તરફ વાળંદોનું પગલું) અભિયાન શરૂ કર્યું છે

(એજન્સી) હુબલી, તા.૨૦

દલિતો માટે વાળ કાપવાની સેવાઓનો ઈન્કાર કરવાના વારંવારના કિસ્સાઓ વારંવાર નોંધાય છે. વાળંદ સમુદાયના સભ્યો ઉચ્ચ જાતિના પરોક્ષ દબાણને વશ થઈને અસ્પૃશ્યતાનું પાલન કરી રહ્યા છે. હવે, સમુદાયના વડાઓ અને સંતો અસ્પૃશ્યતા સામે રાજયવ્યાપી જાગૃતિ અભિયાન શરૂ કરી રહ્યા છે. તેઓ તાલુકા સ્તરે બેઠકો યોજી રહ્યા છે અને અસ્પૃશ્યતાના કાનૂની અને સામાજિક પાસાઓ સમજાવી રહ્યા છે. તેઓ ચેતવણી પણ આપી રહ્યા છે કે જો કોઈ અસ્પૃશ્યતાનું નિરીક્ષણ કરશે, તો સમુદાય તેમની મદદ માટે આવશે નહીં અને તે અધિકારીઓને આવા સલુન્સ સામે કાર્યવાહી શરૂ કરવા વિનંતી કરે છે. સુખક્ષેત્ર હડપદ અપ્પન્ના પીઠ, તાંગાડગીના અન્નદાન ભારતી અપ્પન્ના મહાસ્વામીજીએ જણાવ્યું હતું કે, 'ક્ષૌરીકરા નાદે દલિતરા કેરિયા કડે' (નંદો દલિત વસાહતો તરફ આગળ વધે છે) નામનું એક અભિયાન તાજેતરમાં શરૂ કરવામાં આવ્યું હતું. "અમે આ અભિયાન તાંગાડગીમાં અમારા મઠથી શરૂ કર્યું હતું અને બે કાર્યક્રમો - એક હાવેરી જિલ્લાના કરજગીમાં અને બીજો કોપ્પલ જિલ્લાના ચિક્કેનાકોપ્પામાં - પહેલાથી જ યોજાઈ ચૂક્યા છે. અમે સૌપ્રથમ વાળંદ સમુદાયની એક બેઠક યોજીએ છીએ અને તેમને ૧૨મી સદીના બસવન્ના અને અન્ય શરણાઓ દ્વારા પ્રચારિત સામાજિક સમાનતા વિશે સંવેદનશીલ બનાવીએ છીએ. બાદમાં, અમે દલિત વસાહતમાં એક ખુલ્લો કાર્યક્રમ યોજીએ છીએ, જ્યાં અમે વાળંદો, દલિતો, ગામના ઉચ્ચ જાતિના લોકો અને વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિઓને આમંત્રિત કરીએ છીએ. જો અસ્પૃશ્યતા જોવા મળે તો અમે વાળંદોને કાનૂની પરિણામો વિશે પણ શિક્ષિત કરીએ છીએ. અમને બંને સમુદાયો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ઉચ્ચ જાતિના ઘણા લોકો પણ આ અભિયાનમાં જોડાઈ રહ્યા છે," તેમણે સમજાવ્યું. તેમણે વધુમાં કહ્યું, "અમારી પાસે રાજયભરમાં આ ઝુંબેશ હાથ ધરવાની યોજના છે અને જ્યારે પણ શક્ય હોય ત્યારે અમે તે કરીએ છીએ, કારણ કે, અમારી પાસે મર્યાદિત સંસાધનો છે." અખિલા કર્ણાટક શ્રી શિવશરણ હડપદ અપ્પન્ના સમાજ સેવા સંઘ, બેંગ્લુરૂના રાજ્ય પ્રમુખ દેવુ હડપદે જણાવ્યું હતું કે, ગ્રામીણ વિસ્તારોમાં વાળંદોને ઉચ્ચ જાતિના લોકો તરફથી પરોક્ષ દબાણ અને બ્લેકમેલ તકનીકોનો સામનો કરવો પડી રહ્યો છે. "અમે જોયું છે કે દલિતોની વસ્તી ૨૫% છે જ્યારે ઉચ્ચ જાતિ ગામડાઓમાં ૭૫% છે. જો આપણે દલિતોને અમારી સેવાઓ આપીએ છીએ, તો ઉચ્ચ જાતિના લોકો અસ્પૃશ્યતાનો ઉલ્લેખ કરીને અમારી સેવાઓનો ઈન્કાર કરે છે અને બહિષ્કાર કરે છે. આ વલણ વાળંદોને અસ્પૃશ્યતાનું પાલન કરવા માટે પીડાદાયક રીતે મજબૂર કરી રહ્યું છે. થોડા વાળંદ અસ્પૃશ્યતાના કેસોનો ભોગ બન્યા હતા. આ દૂષણનો અંત લાવવા માટે અમે વાળંદો, દલિતો અને અન્ય તમામ સમુદાયોમાં વિશ્વાસ બનાવવા માટે 'ક્ષૌરિકારા નાદે દલિતરા કેરિયા કડે' અભિયાન શરૂ કર્યું," તેમણે જણાવ્યું. ગડગ જિલ્લા સવિતા સમાજના કૃષ્ણ હડપદે જણાવ્યું હતું કે, દરેકને તેમની સામાજિક કે નાણાકીય સ્થિતિ જોયા વિના સેવાઓ આપવી એ સવિતા સમાજની પરંપરા છે. "જો કેટલાક સલુન્સ અસ્પૃશ્યતાનું પાલન કરે છે, તો અમે તેમના ગેરબંધારણીય પગલાની નિંદા કરીશું. અમે સવિતા સમાજના રાજ્ય કાર્યકર્તાઓને ગડગમાં આમંત્રિત કરીશું અને ટૂંક સમયમાં નાઈઓ અને દલિતો વચ્ચે વિશ્વાસ બનાવવા માટે દલિત અને પ્રગતિશીલ કાર્યકરો સાથે બેઠક બોલાવીશું," તેમણે ભારપૂર્વક જણાવ્યું.

# કેનેડામાંથી બે ભારતીયોને ખંડણી અને ડ્રગ્સની હેરાફેરી બદલ દેશનિકાલ

(એજન્સી) ટોરોન્ટો, તા.૨૦

કેનેડિયન સત્તાવાળાઓએ બે ભારતીય નાગરિકોને ખંડણી સંબંધિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા હોવાને કારણે દેશનિકાલ કરવાની જાહેરાત કરી છે, જેમાં એક વ્યક્તિનો પણ સમાવેશ થાય છે જેણે ખાલિસ્તાન ચળવળને ટેકો આપવાને કારણે ભારત પરત ફર્યા પછી સતાવણીનો સામનો કરવો પડ્યો હોવાના આધારે કાર્યવાહીનો વિરોધ કર્યો હતો. જારી કરાયેલા એક પ્રકાશનમાં, કેનેડિયન બોર્ડર સર્વિસીસ એજન્સી (CBSA)એ બંનેની ઓળખ અર્શદીપ સિંહ અને સુખનાઝ સિંહ સંધુ તરીકે કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, સિંહ ૨૦૨૨માં સ્ટડી પરમિટ પર કેનેડામાં પ્રવેશ્યા હતા. નવેમ્બર ૨૦૨૫માં, CBSAએ તેમની ધરપકડ કરી અને અટકાયત કરી અને "તેમને ખંડણી, આગચંપી, ડ્રગ હેરફેર અને હથિયારોના ગુનાઓ સાથે જોડાયેલા ગુનાહિત સંગઠનમાં સભ્યપદ માટે અસ્વીકાર્ય જાહેર કર્યા". એક મહિના પછી ઈમિગ્રેશન એન્ડ રેફ્યુજીસ બોર્ડ ઓફ કેનેડા (IRB) દ્વારા તેમને અસ્વીકાર્ય જાહેર કરવામાં આવ્યા અને દેશનિકાલનો આદેશ જારી કરવામાં આવ્યો. તે જાહેર જનતા માટે ખતરો અને ઉડાનના જોખમના આધારે ઈમિગ્રેશન અટકાયતમાં રહ્યો અને ૧૯ જાન્યુઆરીએ તેને કેનેડાથી એસ્કોર્ટ હેઠળ દૂર કરવામાં આવ્યો. CBSAએ જણાવ્યું હતું કે, સંધુ ૨૦૧૬માં કેનેડામાં કામચલાઉ નિવાસી તરીકે પ્રવેશ્યા હતા. નવેમ્બર ૨૦૨૫માં, CBSAએ તેમની ધરપકડ કરી અને અટકાયત કરી અને તેમને અસ્વીકાર્ય જાહેર કર્યા અને ત્યારબાદ દેશનિકાલનો આદેશ જારી કરવામાં આવ્યો. ૩ ફેબ્રુઆરી સુધી, જ્યારે CBSAએ તેમને કેનેડાથી એસ્કોર્ટ હેઠળ કાઢી મૂક્યા ત્યાં સુધી તેઓ જાહેર જનતા માટે જોખમી હોવાના આધારે ઈમિગ્રેશન અટકાયતમાં રહ્યા. બંને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તરીકે કેનેડા આવ્યા હતા અને આલ્બર્ટાના એડમોન્ટનથી તેમની ધરપકડ કરવામાં આવી હતી, જો કે, તેમની કથિત ગુનાખોરી ઓન્ટારિયો અને બ્રિટિશ કોલંબિયા પ્રાંતોમાં પણ ફેલાયેલી હતી, તેમ આઉટલેટ CBC ન્યૂઝે અહેવાલ આપ્યો છે. તેમાં ઉમેર્યું હતું કે, સંધુએ "દેશનિકાલ સામે લડત આપી હતી અને દાવો કર્યો હતો કે, જો તેઓ ઉત્તર ભારતમાં ખાલિસ્તાન નામના સ્વતંત્ર શીખ રાજ્ય બનાવવા માંગતા શીખ અલગતાવાદી ચળવળને ટેકો આપવાને કારણે ભારત પાછા ફર્યા તો તેમને સતાવણીનો સામનો કરવો પડી શકે છે". CBSAએ જણાવ્યું હતું કે, ઓગસ્ટ ૨૦૨૫માં, તેણે પેસિફિક અને પ્રેઈરી પ્રદેશોમાં "ઔપચારિક રીતે ઈમિગ્રેશન અમલીકરણ કેસોનું નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું હતું જે સંભવિત રીતે ગેરવસૂલી સાથે જોડાયેલા હતા", નવેમ્બર ૨૦૨૫માં આ કાર્યને ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં વિસ્તૃત કર્યું. આ કેસ ઘણા સ્રોતો દ્વારા CBSAના ધ્યાન પર આવે છે, જેમાં ગેરવસૂલી ટાસ્ક ફોર્સ સાથે સહયોગ, ભાગીદાર એજન્સીઓ અને જનતા તરફથી ટિપ્સ અને તેના પોતાના તપાસ કાર્યનો સમાવેશ થાય છે. તે સંદર્ભમાં તેણે જણાવ્યું હતું કે, ૧૨ માર્ચ, ૨૦૨૬ સુધીમાં, તેણે ૩૭૨ ઈમિગ્રેશન તપાસ ખોલી હતી, વિવિધ અસ્વીકાર્યતાના આધારો માટે ૭૦ દૂર કરવાના આદેશો જારી કરવામાં આવ્યા હતા અને ૩૫ દૂર કરવાના અમલમાં મૂકવામાં આવ્યા હતા. "કેનેડાના જાહેર સલામતી મંત્રી ગેરી આનંદસાંગરીએ જણાવ્યું હતું કે, "વિકસતા ગુનાહિત ધમકીઓનો સામનો કરવા માટે કેનેડિયનોની સલામતી અને સુખાકારીનું રક્ષણ કરવા માટે સતત સતર્ક રહેવાની જરૂર છે. આપણા દેશમાં છેડતી અને સંગઠિત ગુનાઓનું કોઈ સ્થાન નથી. આપણી સરકાર મજબૂત, સંકલિત અમલીકરણ પ્રયાસોને ટેકો આપવાનું અને રોકાણ કરવાનું ચાલુ રાખશે જેથી આપણે આપણા સમુદાયોનું શોષણ અને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરનારાઓ સામે પગલાં લઈ શકીએ, જેમાં કેનેડામાં રહેવા માટે હકદાર ન હોય તેવા લોકોને દૂર કરવાનો પણ સમાવેશ થાય છે."

# પટનામાં ડાબેરી અને દલિત વિદ્યાર્થીઓએ UGC ઈક્વિટી રેગ્યુલેશન્સ ૨૦૨૬ના સમર્થનમાં વિરોધ પ્રદર્શન કર્યું

**પટના, ૧૮ માર્ચ (PTI) અધિકારીઓએ જણાવ્યું હતું કે, ડાબેરી અને દલિત વિદ્યાર્થીઓએ બુધવારે UGC ઈક્વિટી રેગ્યુલેશન્સ ૨૦૨૬ના સમર્થનમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (AISA), રિવોલ્યુશનરી યુથ એસોસિએશન (RYA), ભીમ આર્મી અને અન્ય જૂથોના પ્રતિનિધિઓ, ઓલ ઈન્ડિયા ફોરમ ફોર ઈક્વિટી (AIFE)ના સમર્થનમાં બુધવારે અહીં વિરોધ પ્રદર્શન કર્યું હતું**

(એજન્સી) તા.૨૦

ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (AISA), રિવોલ્યુશનરી યુથ એસોસિએશન (RYA), ભીમ આર્મી અને અન્ય જૂથોના પ્રતિનિધિઓ, જે ઓલ ઈન્ડિયા ફોરમ ફોર ઈક્વિટી (AIFE)ના બેનર હેઠળ એકઠા થયા હતા, તેમણે ડાક બંગલા ચૌરાહા ખાતે વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. જ્યારે AISA અને RYA CPI (ML) લિબરેશનની વિદ્યાર્થી પાંખો છે, ત્યારે ભીમ આર્મી એક દલિત અધિકાર સંગઠન છે. AIFE દ્વારા એક નિવેદન અનુસાર, પોલીસે તેમની સાથે નાની ઝપાઝપી બાદ કેટલાક વિરોધીઓની થોડા સમય માટે અટકાયત કરી હતી. જો કે, પીટીઆઈ સાથે વાત કરતા એસડીપીઓ (ટાઉન-૨)એ અટકાયત અને બળપ્રયોગના દાવાઓને નકારી કાઢ્યા. પત્રકારોને માહિતી આપતા સીપીઆઈ (એમએલ) લિબરેશનના એમએલસી શશી યાદવે જે ત્યાં હાજર હતા જણાવ્યું હતું કે, "શૈક્ષણિક સંસ્થાઓમાં ભેદભાવ સતત વધી રહ્યો છે. આને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ યુજીસી ઈક્વિટી રેગ્યુલેશન્સના સમર્થનમાં મોટી સંખ્યામાં અહીં આવ્યા છે." તેમણે આરોપ લગાવ્યો કે, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના નિર્દેશોને અનુસરીને યુજીસી ઈક્વિટી રેગ્યુલેશન્સ પર સ્ટે આપ્યો છે. ૨૯ જાન્યુઆરીના રોજ સર્વોચ્ચ અદાલતે યુજીસી (ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ઈક્વિટીનો પ્રમોશન) રેગ્યુલેશન્સ પર સ્ટે આપ્યો હતો, જે ૧૩ જાન્યુઆરીના રોજ સૂચિત કરવામાં આવ્યા હતા. નિયમન માળખા હેઠળ યુનિવર્સિટીઓ અને કોલેજોએ ભેદભાવની ફરિયાદોને સંબોધવા અને સમાવેશને પ્રોત્સાહન આપવા માટે ઈક્વિટી કમિટી સાથે સમાન તક કેન્દ્ર સ્થાપવાની જરૂર હતી. યુજીસી ઈક્વિટી રેગ્યુલેશન્સના અમલીકરણ ઉપરાંત પ્રદર્શનકારીઓએ SC/ST/EBC/BC શ્રેણીઓ માટે ૬૫ ટકા અનામત લાગુ કરવાની અને ઉચ્ચ શિક્ષણમાં જાતિ આધારિત ભેદભાવને દૂર કરવા માટે 'રોહિત કાયદો' લાગુ કરવાની માંગ કરી હતી, AIFE નિવેદનમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. અન્ય માગણીઓમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ પાછી ખેંચવી EWS ક્વોટા નાબૂદ કરવો, કોલેજિયમ સિસ્ટમ નાબૂદ કરવી અને ખાનગી ક્ષેત્રની નોકરીઓ અને ન્યાયતંત્રમાં અનામતનો વિસ્તાર કરવો શામેલ છે, એમ તેમાં ઉમેર્યું હતું. PTI SUK MNB આ અહેવાલ PTI ન્યૂઝ સર્વિસમાંથી સ્વતઃ- જનરેટેડ છે. ThePrint તેની સામગ્રી માટે કોઈ જવાબદારી લેતું નથી.

# જંગાવના અધિકારીઓ દ્વારા ચાના સ્ટોલ તોડી પાડવામાં આવ્યા બાદ બે દલિત મહિલાઓએ વિરોધ કર્યો

## ૧૧ માર્ચે ક્રેનનો ઉપયોગ કરીને ચાના સ્ટોલ તોડી પાડવામાં આવ્યા હોવાના અહેવાલ છે, જ્યારે કન્ટેનરની અંદરનો સામાન ઢગલામાં ફેંકી દેવામાં આવ્યો હતો, મહિલાઓએ પોલીસમાં ફરિયાદ દાખલ કરી

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૦

બે અનુસૂચિત જાતિની મહિલાઓએ સોમવાર, ૧૬ માર્ચે તેલંગાણા હાઈકોર્ટમાં પોલીસ ફરિયાદ અને જાહેર હિતની અરજી (PIL) દાખલ કરી જેમાં જંગાવના જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેશન હાઉસ ઓફિસર દ્વારા ગેરકાયદેસર અને મનસ્વી કાર્યવાહી સામે રક્ષણ મેળવવાની માંગ કરવામાં આવી હતી, જેમણે કથિત રીતે તેમના સ્ટોલ તોડી પાડવા માટે સાથે મળીને કામ કર્યું હતું. પલમાકુલા ચિન્ના મંજુલા અને પોટકાનુરી વિજયલક્ષ્મી બંને જંગાવ જિલ્લાના યેરાગોલ્લાપડ ગામના રહેવાસી છે. રાજ્ય સરકારની ઈન્દિરા મહિલા શક્તિ યોજનાના ભાગરૂપે, જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સી (DRDA)એ તેમને જંગાવ કલેક્ટર કચેરી કાર્યાલય સંકુલમાંથી ચલાવવા માટે એક ચાનો સ્ટોલ પૂરો પાડ્યો. મહિલાઓનો દાવો છે કે, પૂર્વ કલેક્ટર શેખ રિઝવાન પાશાએ તેમને પ્રોત્સાહન આપ્યું હતું અને સરકારી સહાય તેમના સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવામાં મદદ કરી હતી. જો કે, મંજુલાએ દાવો કર્યો હતો કે, નવનિયુક્ત જિલ્લા કલેક્ટર સંદીપ કુમાર ઝાએ મ્યુનિસિપલ કમિશનરને પૂર્વ સૂચના કે યોગ્ય પ્રક્રિયા વિના તેમની દુકાનો દૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો. વિજયલક્ષ્મીએ પોતાની અરજીમાં જણાવ્યું હતું કે, "કમિશનર અધિકારીઓ SHO સાથે મળીને હવે મને કોઈ પણ સૂચના આપ્યા વિના કે કાયદાની યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના ઉપરોક્ત દુકાનમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે." મંજુલાએ જણાવ્યું હતું કે, તેણે દુકાનો વિકસાવવા માટે રૂ.૩ લાખ સુધીની મોટી લોન લીધી હતી અને હવે, તોડી પાડવાને કારણે, તેણીને રૂ.૧૦,૦૦૦નું વધારાનું નુકસાન થયું છે. જિલ્લા કલેક્ટરના આદેશ પર JCB ક્રેન દ્વારા ચાના સ્ટોલ તોડી પાડવામાં આવ્યા હતા. ૧૧ માર્ચે ક્રેનનો ઉપયોગ કરીને ચાના સ્ટોલ તોડી પાડવામાં આવ્યા હતા, જ્યારે કન્ટેનરની અંદરનો સામાન ઢગલામાં ફેંકી દેવામાં આવ્યો હતો. "૧૧ માર્ચે સવારે ૧૧ વાગ્યે, JCB ક્રેન આવી અને અમારી દુકાનમાંથી માલ બળજબરીથી હટાવ્યો, ઢગલામાં ફેંકી દીધો અને ક્રેન વડે ચાની દુકાનના કન્ટેનરને દૂર કરવાનો પ્રયાસ કર્યો," મંજુલાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું. તેણીએ ઉમેર્યું કે, કાર્યવાહી ૧૨ માર્ચે પણ ચાલુ રહી, જ્યારે મ્યુનિસિપલ કમિશનર, મહેશ્વર રેડ્ડી, દુકાન દૂર કરવા માટે ૨૦ લોકોના જૂથ સાથે પહોંચ્યા. "ફરીથી, ૧૨ માર્ચે બપોરે ૧૨:૩૦ વાગ્યે, મ્યુનિસિપલ કમિશનર, મહેશ્વર રેડ્ડી, જંગાવ શહેરના લગભગ ૨૦ લોકો સાથે આવ્યા અને મારી દુકાન અને માલસામાન દૂર કરવાનો પ્રયાસ કર્યો, જેનાથી મારા પતિ અને મને અમારૂં ઘર છોડવાની ફરજ પડી." મહિલાઓએ જણાવ્યું હતું કે, તોડી પાડવાની કાર્યવાહી મનસ્વી, ગેરકાયદેસર અને બંધારણની કલમ ૧૪ (કાયદા સમક્ષ દરેક વ્યક્તિ સમાનતા, કાયદાનું સમાન રક્ષણ આપે છે), ૧૯ (૧) (S) (કોઈપણ વ્યવસાય કરવાનો અથવા કોઈપણ વ્યવસાય, વેપાર અથવા વ્યવસાય કરવાનો અધિકાર) અને ૨૧ (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના રક્ષણનો મૂળભૂત અધિકાર)નું ઉલ્લંઘન કરે છે.


**ઈદ મુબારક**

**સ્વાદ રેસ્ટોરન્ટ**

સ્વાદિષ્ટ અને ચટાકેદાર વેજ/નોનવેજ જમવાના શોખીનો માટે ઉત્તમ સ્થળ

બગીચા લાઈન કોર્નર

ધાનેરા જિ.બનાસકાંઠા


**ઓનલાઈન ટેન્ડર ટૂંકી મુદ્દતની જાહેર નિવિદા નં.૩૮ સને ૨૦૨૫-૨૬ (બીજો પ્રયત્ન)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) મુખ્ય પોસ્ટ ઓફિસની સામે અમરેલી ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૧૦૦ દ્વારા માન્ય ઈજારદારો પાસેથી આ વિભાગ હસ્તકના બ્રીજ વર્કના કામ માટે ઈ-ટેન્ડર પદ્ધતિથી ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડર https://tender.nrpocure.com ઉપરથી તા.૨૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. શક્ય હશે તો તા.૩૦/૦૩/૨૦૨૬ ના રોજ સમય ૧૦.૩૦ કલાકે સક્ષમ કક્ષાએથી ખોલવામાં આવશે.

આ કામોની વિગતવાર નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetender.gujarat.gov.in તથા કચેરીના નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે. આ નોટીસ અંગે વધુ માહિતી મેળવવા માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના કામ-કાજના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી. જીમાહિ/અમરે/૫૭૩/૨૬

**ટેન્ડર નિવિદા**

**સિદ્ધપુર એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ** દ્વારા સંચાલિત એડનવાલા પ્રાઈમરી સ્કૂલની બાજુમાં આવેલ જમીન ઉપર, "હોસ્ટેલ બિલ્ડિંગ"ના બાંધકામ સારૂં લેબર કામગીરી કરવા સારૂં રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો પાસે દિન-૭માં ટેન્ડર મંગાવવામાં આવે છે. સદર ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

- Site prepration and excavation
- Foundation works
- Structrual construction (reinfoece concrete frame work)
- Masonry plasternig and finishing works
- Landscaping and external works

**સદર કામગીરીના ક્ષેત્રફળની વિગતો નીચે મુજબ છે.**

**Sheet Title**

| covered Area | Area in sq.ft. |
|---|---|
| Ground Floor | 4515 |
| First Floor | 4515 |
| Second floor | 4515 |
| Third Floor | 4515 |
| Fourth Floor | 4515 |
| Terrace Cabin/Lift | 500 |
| Total bulit up area | 23075 Sq.ft |

**અબરારઅલી એસ. સૈયદ (એડવોકેટ)**

**મેનેજિંગ ટ્રસ્ટી : સિદ્ધપુર એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ**

સરનામું : શિરીન બાગ, ઓનેસ્ટી સોસાયટી સામે, કોલેજ રોડ સિદ્ધપુર


**ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર**

**જોઈએ છે**

**જોઈએ છે લેડીઝ/જેન્ટસ**
કોમ્પ્યુટર ઓપરેટર, ૧૫, અસ્મિતા સોસાયટી, રેલ્વે ક્રોસિંગ પાસે, મણીનગર-પૂર્વ ફોટા સાથે અરજી કરવી

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**તૈયાર ફાર્મહાઉસ વેચાણથી આપવાનું છે**
ડભોઈ રોડ, વડોદરા, કોલ - 9099048960

**વ્યવસાયીલક્ષી/અન્ય**

One day picnic તથા ગરમીમાં સ્વિમિંગ પૂલના ઠંડકની મજા માણો. Misty Woods farm-house, Vadodara Call 8980355444

**લગ્ન વિષયક**

**નિકાહ નેટવર્કસ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો 9825215334 9904969895


[પરિશિષ્ટ -IV-A જુઓ પ્રોવિસો નિયમ ૮(૬) આર/ડબ્લ્યુ ૯(૧)]

**સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી માટે જાહેર નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

CIN: U67100MH2007PLC174759

**રજિ. કાર્યાલય :** એડલવાઈસ હાઉસ, પહેલો માળ ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮.

**નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ, ૨૦૦૨ના અમલ હેઠળ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટેની ઇ-ઓક્શન વેચાણ નોટિસ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ("નિયમો")ના નિયમ ૮(૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વાંચો**

નીચે દર્શાવેલ **વિવિધ વેચાણ સંસ્થાઓ**ની નાણાકીય સુવિધાઓ (ત્યારબાદ "સોંપનાર" તરીકે ઓળખવામાં આવે છે) એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે જે તેની ક્ષમતામાં **વિવિધ ટ્રસ્ટીઓ**ના ટ્રસ્ટીઓ તરીકે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઈનમેન્ટના અનુસંધાનમાં, EARCએ અસાઈનરના અધિકારોમાં પ્રવેશ કર્યો અને સુરક્ષિત ક્રેડિટર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે EARC, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટના ૧૩(૪) અને ત્યાંના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.

**૩૦ દિવસ**ની સૂચના આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને દેણદાર(રો) અને બાંયધરી આપનાર(રો)ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો સલામત લેણદારની તરફેણમાં ગીરો છે, જેનો **ભૌતિક કબજો** સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તે રકમની વસૂલાત માટે **"જેમ છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે છે તે"** આધારે વેચવામાં આવશે. દેણદાર અને બાંયધરી આપનાર પાસેથી EARC દ્વારા મેળવેલા કોઈપણ નાણાં માટે વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચાઓ/ખર્ચો સાથે EARCને લીધે નીચે ઉલ્લેખ કર્યો છે. દરેક મિલકત માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે ઉલ્લેખિત છે.

**ઈ-હરાજીમાં મૂકવા માટેની સલામત મિલકતની વિગતો :**

| લોન એકા. નં./વેચાણની સંસ્થા | દેણદાર/સહ-દેણદાર/ગેરંટર/મોર્ગેજરના નામ | ટ્રસ્ટનું નામ | ૧૮-૦૩-૨૦૨૬ના રોજ કુલ બાકી દેવા ભા.રૂા. | અનામત રકમ (ભા.રૂા.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) ભા.રૂા. | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| SHLHAHEA 0000854- ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ | ૧. દર્શનાબેન હર્ષદભાઈ મકવાણા (દેણદાર), ૨. અમીક મેહુલકુમાર ધનજીભાઈ(સહ-દેણદાર) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૭૩ | રૂા. ૨૫,૬૬,૪૩૭.૧૩ | રૂા. ૧૫,૧૦,૦૦૦/- | રૂા. ૧,૫૧,૦૦૦/- | ૨૩-૦૪-૨૦૨૬ અને સવારે ૧૧:૩૦ વાગે | ભૌતિક |

**મિલકતનું વર્ણન :** બિનખેતીની મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા ફલેટ નં.ડી-૪૦૮, બ્લોક નં.ડીમાં, ચોથો માળ, ક્ષેત્રફળ લગભગ ૪૭.૦૧ ચો.મી., કાર્પેટ એરિયા ૪.૫૭ ચો.મી., બાલ્કની/વોશ કાર્પેટ એરિયા અને બિનવહેંચાયલ હિસ્સા ૨૨.૧૦ ચો.મી., સ્કીમ નામે 'આટ્રે એલેગન્સ' તરીકે જાણીતી, સ્થિત અત્રે મોજે : મુઠિયા, તા. અસારવા, જિ. અમદાવાદ, જમીન ધરાવતા સબ પ્લોટ નં. (૨૭ + ૨૮ + ૨૯)/૧ અને (૨૭ + ૨૮ + ૨૯)/૨ ફાઈનલ પ્લોટ નં. (૨૭ + ૨૮ +૨૯)/૧ના અને (૨૭ + ૨૮ + ૨૯)/૨ સર્વે નં.૨૩૧+૨૩૧+૦.૨૩૩ ટીપી સ્કીમ નં.૭૦ રજિ. સબ જિ. અમદાવાદ-૬ (નરોડા)

**મિલકતની ખૂંટો :** ઉત્તર : ફલેટ નં.ડી-૪૦૫, દક્ષિણ : માર્જિનની જગ્યા, પૂર્વ : ફલેટ નં.ડી-૪૦૭, પશ્ચિમ : ફલેટ નં.ડી-૪૦૧

**હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી :**

| | | |
|---|---|---|
| 1. | ઈએમડી ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) **એડલવાઈઝ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ-ઈએમડી એકાઉન્ટ**ની તરફેણમાં મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર રહેશે. | |
| 2. | ઈએમડી પેમેન્ટ આરટીજીએસ મારફતે નીચે મુજબ કરવાનું રહેશે. એકાઉન્ટનું નામ **એડલવાઈઝ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ*** ઈએમડી એકાઉન્ટ નં.**000405158602**, બેંકનું નામ - આઈસીઆઈસીઆઈ બેંક ; આઈએફએસસી કોડ : **IFSC ICIC0000004** | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના ૧ દિવસ પહેલા પ્રાપ્ત |
| 4. | બિડ્સ સબમિશન માટેનું સ્થળ | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮ |
| 5. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઈટ) | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વિગતો | ૧૮૦૦ ૨૬૬ ૬૫૪૦ |
| 7. | મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય | અગાઉની એપોઈન્ટમેન્ટ મુજબ |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.inમાં આપેલી લિંકનો સંદર્ભ લો.

**તારીખ : ૨૧-૦૩-૨૦૨૬** **અધિકૃત અધિકારી**

**સ્થળ : મુંબઈ** **વતી, એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

Edelweiss Asset Reconstruction

# ભારતે ઓસ્કાર-નોમિનેટેડ ગાઝા ફિલ્મ 'ધ વોઈસ ઓફ હિન્દ રજબ'ની રિલીઝ પર પ્રતિબંધ મૂક્યો

## આ ફિલ્મ ૨૦૨૪માં ગાઝામાં ઈઝરાયેલી લશ્કરી કાર્યવાહી દરમિયાન મરી ગયેલી છ વર્ષની પેલેસ્ટીની છોકરીની વાર્તા છે

(એજન્સી) તા.૨૦

ગાઝા સંઘર્ષ દરમિયાન એક વાસ્તવિક ઘટના પર આધારિત ઓસ્કાર-નોમિનેટેડ ફિલ્મ 'ધ વોઈસ ઓફ હિન્દ રજબ'ને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) દ્વારા મંજૂરી આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે અને ભારતીય થિયેટર રિલીઝ પ્રતિબંધિત કરવામાં આવી છે.



મુંબઈ સ્થિત જય વિરાટ એન્ટરટેઈનમેન્ટના વડા મનોજ નંદવાનાએ જણાવ્યું હતું કે બોર્ડે ફિલ્મના "સંવેદનશીલ" સ્વભાવને ટાંકીને પ્રમાણપત્ર આપવાનો ઈન્કાર કર્યો હતો. આ ફિલ્મ ફેબ્રુઆરીમાં મંજૂરી માટે સબમિટ કરવામાં આવી હતી, એકેડેમી એવોર્ડ્સ પહેલા ૬ માર્ચે રિલીઝ થવાની યોજના હતી. નંદવાનાએ જણાવ્યું હતું કે ફિલ્મ હજુ પણ પ્રમાણિત નથી, જેના કારણે ભારતમાં તેની થિયેટરમાં રિલીઝ અટકાવી શકાય છે. તેમણે દાવો કર્યો હતો કે સીબીએફસીના સભ્યએ ફિલ્મની સંભવિત રાજદ્વારી અસર અંગે અનૌપચારિક રીતે ચિંતા વ્યક્ત કરી હતી. જો તે રિલીઝ થશે, તો તે ભારત-ઈઝરાયેલ સંબંધોને અસર થશે. જો કે આ દાવાને નકારી કાઢતા, વિતરકે દલીલ કરી હતી કે દ્વિપક્ષીય સંબંધો મજબૂત છે અને ફિલ્મ રિલીઝથી પ્રભાવિત થવાની શક્યતા ઓછી છે. ભારત-ઈઝરાયેલ સંબંધ એટલા મજબૂત છે કે આ ફિલ્મ તેને અસર કરશે તેવું વિચારવું મૂર્ખામીભર્યું છે, આ ફિલ્મ યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગડમ, ફ્રાન્સ અને ઈટાલી સહિતના દેશોમાં પહેલાથી જ પ્રદર્શિત થઈ ચૂકી છે. સીબીએફસીએ આરોપોનો સત્તાવાર પ્રતિભાવ જારી કર્યો નથી. કૌથર બેન હાનિયા દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ જાન્યુઆરી ૨૦૨૪ માં ગાઝામાં ઈઝરાયલી લશ્કરી કાર્યવાહી દરમિયાન કારમાં ફસાયેલી છ વર્ષની પેલેસ્ટીની છોકરી હિંદ રજબની હત્યા પર આધારિત છે. દસ્તાવેજી અને નાટકીય તત્વોનું મિશ્રણ આ ફિલ્મ પેલેસ્ટીની રેડ ક્રેસન્ટ સોસાયટી દ્વારા વાહનમાંથી બાળકીને દુઃખદ ફોન કર્યા પછી બાળકી સુધી પહોંચવાના પ્રયાસોને દર્શાવે છે. રજબ, પરિવારના ઘણા સભ્યો અને તેને બચાવવા માટે મોકલવામાં આવેલા બે પેરામેડિક્સ સાથે, પાછળથી મૃત હાલતમાં મળી આવી હતી. આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય ધ્યાન ખેંચ્યું હતું અને સંઘર્ષમાં નાગરિક જાનહાનિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

વેનિસ પ્રીમિયરમાં ધ વોઈસ ઓફ હિંદ રજબને રેકોર્ડ ૨૩-મિનિટનો ઓવેશન મળ્યો હતો. ફિલ્મનું પ્રીમિયર વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં થયું હતું, જ્યાં તેને લાંબા સમય સુધી સ્ટેન્ડિંગ ઓવેશન મળ્યું હતું અને સિલ્વર લાયન ગ્રાન્ડ જ્યુરી પ્રાઈઝ જીત્યો હતો. ત્યારથી તે અનેક આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદર્શિત થઈ છે અને ઓસ્કાર અને ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સમાં નામાંકન મેળવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની સ્થિતિએ ઈઝરાયેલ માટે વધુ સમર્થન દર્શાવ્યું છે, જેમાં નવી દિલ્હી ૭ ઓક્ટોબરના હુમલાના પ્રારંભિક પ્રતિભાવ આપનારાઓમાં સામેલ હતું. ફેબ્રુઆરીમાં ઈઝરાયેલની બે દિવસીય મુલાકાત દરમિયાન, મોદી અને ઈઝરાયેલી નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને વધારવા માટે અનેક કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.


રોઝા મુબારક



અલીઝા સોએબ દાસ્તાન
(ઉ.વર્ષ-૬)
દાદી : હસીના ફારૂક દાસ્તાન
દાદા : ફારૂક દાસ્તાન
ચાચા : ઝૈદ દાસ્તાન
ચાચા : અમાન દાસ્તાન
દાસ્તાન પરિવાર તરફથી રોઝા મુબારક
જમાલપુર-અમદાવાદ

રોઝા મુબારક



જાવરાવાલા અતિક મોહંમદ યાસીન
(ઉંમર વર્ષ-૧૦)
----------: દુઆગો :----------
પપ્પા : મોહંમદ યાસીન ઈબ્રાહીમભાઈ જાવરાવાલા
મમ્મી : રૂબીના મોહંમદ યાસીન જાવરાવાલા
કાસમ ઈબ્રાહીમ જાવરાવાલા
આસીફ ઈબ્રાહીમ જાવરાવાલા
અસ્પાક ઈબ્રાહીમ જાવરાવાલા
તથા જાવરાવાલા પરિવાર તરફથી રમજાન માસના રોઝા રાખવા મુબારક
જમાલપુર-અમદાવાદ

રોઝા મુબારક



અલીઝા સોએબ દાસ્તાન
(ઉંમર વર્ષ-૦૬)
કાસમભાઈ જાવરાવાલા
મોહંમદ યાસીન જાવરાવાલા
આસીફ જાવરાવાલા
અસ્પાક જાવરાવાલા
જાવરાવાલા પરિવાર તરફથી રોઝા મુબારક
જમાલપુર-અમદાવાદ


# દેશમાં ૨૫ વર્ષથી ઓછી ઉંમરના આશરે ૪૦% સ્નાતકો બેરોજગાર છે : અઝીમ પ્રેમજી રિપોર્ટ

## અઝીમ પ્રેમજી યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા એક અહેવાલ મુજબ, ૧૫-૨૫ વય જૂથમાં બેરોજગારી આશરે ૪૦% છે અને ૨૫-૨૯ વય જૂથમાં આશરે ૨૦% છે. સ્નાતક થયા પછી બેરોજગાર તરીકે નોંધણી કરાવ્યાના એક વર્ષની અંદર ૫૦% યુવાનોને નોકરી મળે છે, જ્યારે ફક્ત ૭% લોકોને કાયમી પગારદાર નોકરી મળે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦



છેલ્લા ચાર દાયકામાં શિક્ષણમાં ઝડપી વૃદ્ધિ છતાં, અઝીમ પ્રેમજી યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત તાજેતરના અહેવાલ મુજબ, ૧૫થી ૨૫ વર્ષની વયના લોકોમાં બેરોજગારી લગભગ ૪૦% અને ૨૫થી ૨૯ વર્ષની વયના લોકોમાં લગભગ ૨૦% છે. "સ્ટેટ ઓફ વર્કિંગ ઈન્ડિયા ૨૦૨૬" શીર્ષક ધરાવતો આ અહેવાલ શિક્ષણ અને રોજગાર સર્જન વચ્ચે વધતા અંતરને દર્શાવે છે. ભારતની ૧૫થી ૨૯ વર્ષની વયના યુવાનોની વસ્તી ૩૬૭ મિલિયન છે, જે કાર્યકારી વય જૂથના લગભગ એક તૃતીયાંશ હિસ્સો ધરાવે છે.

આ અહેવાલ મુજબ, આ જૂથના ૨૬૩ મિલિયન લોકો શિક્ષણમાં નથી અને સંભવિત કાર્યબળનો ભાગ છે. ૨૮ વર્ષની સરેરાશ ઉંમર સાથે, ભારત વિશ્વની સૌથી યુવા અર્થવ્યવસ્થાઓમાંની એક છે, પરંતુ આ વસ્તી વિષયક લાભ ૨૦૩૦ પછી ઘટવા લાગશે, જેના કારણે આગામી દાયકામાં રોજગાર સર્જનની ગતિ મહત્વપૂર્ણ બનશે.

આ અહેવાલ મુજબ, ૨૦થી ૨૯ વર્ષની વયના ૬૩ મિલિયન સ્નાતકોમાંથી, ૨૦૨૩માં ૧.૧ કરોડ બેરોજગાર હતા. ૧૫થી ૨૫ વર્ષની વય જૂથમાં બેરોજગારી આશરે ૪૦% અને ૨૫થી ૨૯ વર્ષની વય જૂથમાં આશરે ૨૦% છે. સ્નાતક થયા પછી બેરોજગારીમાં પ્રવેશ્યાના એક વર્ષમાં ૫૦% યુવાનોને નોકરી મળે છે, જ્યારે ફક્ત ૭% લોકોને કાયમી પગારદાર નોકરી મળે છે.

અહેવાલમાં એમ પણ જણાવાયું છે કે ૧૯૮૩થી સ્નાતકોમાં બેરોજગારીનો દર ૩૫% અને ૪૦%ની વચ્ચે સ્થિર રહ્યો છે. છેલ્લા ચાર દાયકામાં, શૈક્ષણિક નોંધણીમાં ઝડપી વધારો થયો છે, જેના કારણે ભારતનો ઉચ્ચ શિક્ષણ નોંધણી દર (૨૮%) સમાન માથાદીઠ આવક ધરાવતા દેશોની સમકક્ષ છે.

૧૯૮૩માં યુવાન મહિલાઓમાં નોંધણી ૩૮% હતી તે ૨૦૨૩માં વધીને ૬૮% થઈ ગઈ, જ્યારે પુરુષોમાં તે ૪૯%થી વધીને ૭૩% થઈ ગઈ. ૨૦૧૧થી ૨૦૨૩ દરમિયાન અનુસૂચિત જાતિ (SC) નોંધણી ૧૧%થી વધીને ૨૬% થઈ ગઈ, અને અનુસૂચિત જનજાતિ (ST) નોંધણી ૮%થી વધીને ૨૧% થઈ, જોકે બંને રાષ્ટ્રીય સરેરાશથી ઓછી છે.

આ અહેવાલમાં પુરુષોની નોંધણીમાં તાજેતરના ઘટાડાનો પણ ઉલ્લેખ છે. શિક્ષણમાં યુવાનોનો હિસ્સો ૨૦૧૭માં ૩૮%થી ઘટીને ૨૦૨૪ના અંત સુધીમાં ૩૪% થઈ ગયો. આંકડા મુજબ, કુટુંબની આવકમાં યોગદાન આપવાની જરૂરિયાતને કારણે ૭૨% યુવાનોએ શિક્ષણ છોડી દીધું હતું.

આ શૈક્ષણિક વિસ્તરણ મુખ્યત્વે ખાનગી સંસ્થાઓના વિકાસ દ્વારા પ્રેરિત છે. ઉદારીકરણ પછી, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સંખ્યા ૧,૬૪૪થી વધીને ૬૯,૫૩૪ થઈ ગઈ. ૨૦૧૦માં પ્રતિ લાખ યુવાનો દીઠ ૨૯ કોલેજો હતી જે ૨૦૨૧માં વધીને ૪૫ થઈ ગઈ છે. જોકે, અહેવાલમાં શિક્ષકોની અછત તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું છે. AICTE ધોરણોમાં પ્રતિ શિક્ષક ૧૫થી ૨૦ વિદ્યાર્થીઓની જરૂર હોય છે, ત્યારે ખાનગી કોલેજોમાં પ્રતિ શિક્ષક સરેરાશ ૨૮ વિદ્યાર્થીઓ અને સરકારી કોલેજોમાં પ્રતિ શિક્ષક ૪૭ વિદ્યાર્થીઓ હોય છે. વ્યાવસાયિક તાલીમનો પણ એ જ રીતે વિકાસ થયો છે. ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI)ની સંખ્યા ૨૦૦૫માં ૩,૬૭૪થી વધીને ૨૦૨૫ સુધીમાં ૧૪,૫૮૨ થઈ ગઈ, જેમાંથી ૮૦% ખાનગી ક્ષેત્રમાં છે. અહેવાલ મુજબ, આ વિસ્તરણ સંસ્થાઓની ગુણવત્તામાં ઘટાડાના સ્વરૂપમાં થયું છે. નવી અને ખાનગી ITI ગુણવત્તા ધોરણોમાં પાછળ છે અને ઉત્પાદન ક્ષેત્ર સાથે નબળી કડીઓ ધરાવે છે.

ઉચ્ચ શિક્ષણની પહોંચમાં વધારો થયો હોવા છતાં, ગરીબ પરિવારોના વિદ્યાર્થીઓનો હિસ્સો ૨૦૦૭માં ૮%થી વધીને ૨૦૧૭માં ૧૫% થયો છે. જોકે, નાણાકીય અવરોધો હજુ પણ છે. તબીબી ડિગ્રીનો ખર્ચ વાર્ષિક આશરે રૂા.૯૭,૪૦૦ છે, જ્યારે એન્જિનિયરિંગ શિક્ષણનો ખર્ચ આશરે રૂા૨.૩ મિલિયન છે.

અહેવાલ મુજબ, આ ખર્ચ ગરીબ પરિવારોની વાર્ષિક આવક કરતાં વધી જાય છે, જે વ્યાવસાયિક અભ્યાસક્રમોની ઍક્સેસને મર્યાદિત કરે છે અને ઉચ્ચ પગારવાળા વ્યવસાયોમાં અસમાનતાને કાયમી બનાવે છે. ડિગ્રી મેળવનારા યુવાનોને સ્પષ્ટ પગાર લાભ મળે છે. શરૂઆતમાં તેઓ બિન-સ્નાતકો કરતાં લગભગ બમણું કમાય છે, અને સમય જતાં આ અંતર વધતું જાય છે. જોકે, ૨૦૧૧થી યુવાન પુરુષ સ્નાતકોનો પ્રારંભિક પગાર સ્થિર રહ્યો છે. દરમિયાન, સ્નાતકોમાં લિંગ વેતન તફાવત ઓછો થયો છે, અને યુવાન મહિલા સ્નાતકો હવે તેમના પુરુષ સમકક્ષો જેટલું કમાય છે. આ અહેવાલમાં યુવા રોજગાર ક્ષેત્રોમાં થયેલા પરિવર્તનો પર પણ છે. યુવા કામદારો ઝડપથી કૃષિ ક્ષેત્ર છોડી રહ્યા છે, જોકે ૨૦૧૭થી કૃષિ ક્ષેત્રમાં મહિલાઓનો હિસ્સો વધ્યો છે, જ્યારે પુરુષોનો હિસ્સો સ્થિર રહ્યો છે. માહિતી ટેકનોલોજી, ઓટોમોબાઈલ ઉત્પાદન, કાપડ ઉદ્યોગ અને વ્યવસાય સહાયક સેવાઓ જેવા આધુનિક ક્ષેત્રોમાં યુવાન મહિલાઓ વધુ કાર્યરત છે, જ્યારે વૃદ્ધ મહિલાઓ મુખ્યત્વે સમુદાય અને વ્યક્તિગત સેવાઓમાં કાર્યરત છે. વેપાર, પરિવહન અને બાંધકામ યુવાનો માટે મુખ્ય રોજગાર સ્ત્રોત છે.

આ અહેવાલમાં જાતિ અને લિંગ આધારિત વ્યાવસાયિક અલગતામાં ઘટાડો નોંધવામાં આવ્યો છે. કાગળ, ઓટોમોબાઈલ અને ટેલિકોમ્યુનિકેશન સાધનો ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં આ સમુદાયો માટે રોજગાર વધ્યો છે.







# કમોસમી વરસાદ અને ભારે પવનથી આણંદ જિલ્લામાં ખેતી પાયમાલ, તમાકુ સહિતના પાકને ભારે નુકસાન

આણંદ,તા.૨૦

આણંદ શહેર સહિત જિલ્લાભરમાં ગત સાંજે અચાનક જોરદાર પવન સાથે હળવો વરસાદ વરસ્યો હતો. આ કારણે અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયા હતા, જ્યારે ખેતરોમાં ઊભા તથા કાપેલા પાકને નુકસાન પહોંચ્યું હતું. જિલ્લામાં અંદાજે ૫૯ હજાર હેક્ટર વિસ્તારમાં તમાકુનું વાવેતર કરવામાં આવ્યું હતું. હાલ તમાકુનો પાક તૈયાર થઈ જતા ખેડૂતો તેને કાપીને ખેતરોમાં સુકવવા મૂકી રહ્યા હતા, ત્યારે જ કમોસમી વરસાદ પડતાં તમાકુનો પાક પલળી ગયો હતો. જેના કારણે તમાકુના પાનમાંથી કસ ધોવાઈ જવાની શક્યતા છે અને તમાકુ ભુકો થઈ જવાથી પડા બાંધવા અસમર્થ બની જશે. આ ઉપરાંત તમાકુ કાળો પડી જવાથી બજારમાં યોગ્ય ભાવ મળવાની શક્યતા પણ ઘટી ગઈ છે. પરિણામે ખેડૂતોને ખર્ચ પણ વસૂલ થશે કે નહીં તેવી ચિંતા સતાવી રહી છે. ભાલ પંથકમાં પણ ચણા, ઘઉં અને જુવારના પાકને



(તસ્વીર : બુરહાન પઠાણ, આણંદ)

ભારે નુકસાન થયું છે. ખેડૂત અજયસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, તેમના ૧૦ વીઘાના ચણાના પાકને વરસાદથી નુકસાન થયું છે અને ચણો કાળો પડી ગયો છે. એટલું જ નહીં તેનો ભૂસો પણ પશુઓ માટે ઉપયોગી રહ્યો નથી. તે જ રીતે ખેડૂત વિક્રમસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, તેમના ૧૦ વીઘામાં વાવેલા જુવારના પાકને પવનના કારણે આડો પડી જતાં તે હવે પશુઓના ચારા માટે પણ ઉપયોગી રહ્યો નથી. ખેડૂતોના જણાવ્યા અનુસાર ઘઉંના પાકમાં પણ પાણી ભરાઈ જતાં તેની ગુણવત્તા બગડવાની શક્યતા છે, જેના કારણે બજારમાં યોગ્ય ભાવ મળશે નહીં. ટામેટાં સહિતના શાકભાજી પાકને પણ અસર પહોંચી છે. આ પરિસ્થિતિમાં ખેડૂતો સરકાર પાસે તાત્કાલિક સહાયની માંગ કરી રહ્યા છે. તેમણે માંગ કરી છે કે સરકાર વહેલી તકે નુકસાનનો સર્વે કરાવી યોગ્ય વળતર ચૂકવે જેથી ખેડૂતો આગામી સિઝનમાં ફરી ખેતી માટે ઊભા થઈ શકે.

# કેનેડાથી બાળકને ગેરકાયદેસર ભારત લાવનાર પિતાને ગુજરાત હાઈકોર્ટનો ફટકો : માતાને સોંપ્યો કબજો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં પિતાને આદેશ આપ્યો છે કે તે તેના ૫ વર્ષના પુત્રનો કબજો તેની માતાને સોંપી દે. અદાલતે અવલોકન કર્યું હતું કે પિતા કેનેડાની કોર્ટ દ્વારા માતાને અપાયેલા કસ્ટડીના આદેશનું ઉલ્લંઘન કરીને બાળકને ગેરકાયદેસર રીતે ભારત લાવ્યા હતા. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે કેનેડામાં જન્મેલા અને ઉછરેલા બાળકને તેની માતાથી દૂર રાખવું તેના માટે આઘાતજનક સાબિત થઈ શકે છે.

જસ્ટિસ એન.એસ. સંજય ગૌડા અને જસ્ટિસ ડી.એમ. વ્યાસની ખંડપીઠે પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી 'હેબિયસ કોર્પસ' (બંદી પ્રત્યક્ષીકરણ) અરજી પર આ ચુકાદો આપ્યો હતો. પત્નીએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે તે તેના પુત્રની કાયદેસરની રક્ષક છે અને કેનેડાની ઓન્ટારિયો કોર્ટે પણ તેની તરફેણમાં આદેશ આપ્યો છે, તેમ છતાં પિતા બાળકને પરવાનગી વગર ભારત લઈ આવ્યા છે.અદાલતે નોંધ્યું હતું કે દંપતીએ કેનેડાના કાયદા હેઠળ લગ્ન કર્યા હતા, તેથી તેમના અધિકારો અને જવાબદારીઓ પણ કેનેડાના કાયદા મુજબ જ નક્કી થાય. પિતા વ્યવસાયે ડેન્ટિસ્ટ હોવા છતાં તેમણે અગાઉ એક ઈમેલમાં સ્વીકાર્યું હતું કે લગ્નજીવનનો અંત આવ્યો છે અને બાળક માતા પાસે રહે તેમાં તેમને કોઈ વાંધો નથી. હાઈકોર્ટે કડક શબ્દોમાં જણાવ્યું કે જે પિતાએ કેનેડાની કોર્ટની કાર્યવાહીમાં ભાગ લીધો હોય અને ત્યાં અધિકારક્ષેત્રનો કોઈ વિરોધ ન કર્યો હોય, તે હવે ભારતીય કોર્ટનો આશરો લઈને કેનેડાની કોર્ટના આદેશનો અનાદર કરી શકે નહીં.બાળકના હિત અંગે ચર્ચા કરતા હાઈકોર્ટે જણાવ્યું હતું કે, જે બાળકનો જન્મ અને ઉછેર કેનેડામાં થયો હોય, તેને અચાનક ભારતના અલગ વાતાવરણમાં લાવવો તેના માનસિક સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. દાદા-દાદીનો પ્રેમ ચોક્કસપણે મહત્ત્વનો છે, પરંતુ તે કુદરતી માતાના હૂંફ અને પ્રેમનો વિકલ્પ બની શકે નહીં. ભારતીય કાયદો પણ સ્વીકારે છે કે ૫ વર્ષની ઉંમર સુધી બાળકનો કબજો માતા પાસે રહેવો તે હિતાવહ છે. પિતા દ્વારા પત્ની પર લગાવાયેલા વ્યભિચારના આક્ષેપોને પણ કોર્ટે ફગાવી દીધા હતા. અદાલતે કહ્યું કે જો પિતા અગાઉથી આ બાબત જાણતા હતા, તો પણ તેમણે બાળકનો કબજો માતાને સોંપવાની સંમતિ આપી હતી, તેથી હવે આ દલીલ ગ્રાહ્ય નથી. વધુમાં, કેનેડાની જીવનશૈલી અને શિક્ષણ પદ્ધતિથી ટેવાયેલા બાળકને અન્ય દેશમાં ખસેડવો તેના ભવિષ્ય માટે વિક્ષેપકારક બની શકે છે.હાઈકોર્ટે પિતાને નિર્દેશ આપ્યો છે કે તેઓ તાત્કાલિક બાળકનો કબજો માતા અથવા બાળકના નાનાને સોંપી દે અને બાળકના પાસપોર્ટ તેમજ ઓસીઆઈ (OCI) કાર્ડ પણ પરત કરે. અદાલતે પિતાને છૂટ આપી છે કે તેઓ કસ્ટડી અથવા મુલાકાતના અધિકાર માટે કેનેડાની સંબંધિત કોર્ટમાં સંપર્ક કરી શકે છે. આ ચુકાદા સાથે હાઈકોર્ટે માતાની અરજી મંજૂર કરી છે.

# સુરતમાં ઈદ અને રામનવમીના તહેવારોને પગલે પોલીસ એલર્ટ મોડ પર આવી

## સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ કર્મીઓ સાથે ઉચ્ચ અધિકારીઓનું ફૂટ પેટ્રોલિંગ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૦

શહેરમાં આવતી કાલે મુસ્લિમ બિરાદરો દ્વારા રમઝાન ઈદની ઉજવણી કરવામાં આવશે, ત્યાર આગામી દિવસો ચેટીચાંદ, રામનવમી જેવા ધાર્મિક તહેવારો પણ આવનારા છે. આ તહેવારો દરમ્યાન કાયદો વ્યવસ્થા જળવાઈ રહીને શાંતિપૂર્ણ વાતવરણમાં તહેવારોની ઉજવણી થઇ શકે તેવા ઉદેશ્ય સાથે પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે અને ખાસ કરીને અઠવાલાઈન્સ વિસ્તારમાં અલગ અલગ રૂટો પર પોલીસ કર્મીઓના કાફલા સાથે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દવારા ફુટ પેટ્રોલિંગ કરવામાં આવી હતી.

પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત નાઓએ હાલમાં મુસ્લિમ સમાજનો પવિત્ર રમઝાન માસ ચાલતો હોય અને આગામી દિવસોમાં ચેટીચાંદ, રામ નવમી તથા રમઝાન ઈદનો તહેવાર હોવાથી શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેમજ સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુ પુરતા પ્રયત્નો કરવા તથા વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ રાખી તકેદારી રાખવા સુચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ અલગ ધર્મના લોકો વસવાટ કરતા હોય જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ વિસ્તારમાં કોમી એખલાસ જળવાઈ રહે તે હેતુથી અધિક પોલીસ કમિશનર સેક્ટર-૨ મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશનર ઝોન-૪ ડૉ.નિધી ઠાકુરની રાહબરી હેઠળ અઠવા લાઈન્સ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર આઈ.એમ.હુદડ તથા સેકન્ડ પોલીસ ઈન્સપેક્ટર આર.આર.મકવાણા તથા તમામ પીએસઆઈ અને પોલીસ માણસો સાથે પોલીસ સ્ટેશનથી લઈને સાગર હોટલ, ન્યુ ખ્વાઝાદાના રોડ બડેખા ચકલા, મોમનાવાડ ત્રણ, સગરામપુરા તલાવડી માછલી સર્કલ બોમ્બે રેલ રાહત કોલોની હિન્દુ ગાર્ડન કોલોની ચાર રસ્તા, પ્રકાશ બેકરી થઈ કાદરશાની નાળ ખંડેરાવપુરા ચાર રસ્તા હબીબશા મહોલ્લો ચાંદ સુબેદાર મસ્જિદ જમરૂખગલી થઈ એકતા સર્કલ ઝીંગા સર્કલ પખાલીવાડ સાગર હોટલ ગુજરાત મિત્ર પ્રેસની ગલી એસ.એન.પારેખ સ્કુલ ચાર રસ્તા અલ-ખલીલ ટી સેન્ટર થઈ અઠવા પોલીસ સ્ટેશન સુધી ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

# પત્ની કમાતી હોય તો પણ તે ભરણપોષણ મેળવવા માટે હકદાર : ગુજરાત હાઈકોર્ટ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૦

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે પત્ની નોકરી કરતી હોય અથવા તેની પાસે આવકનું સાધન હોય, માત્ર તેટલા જ કારણોસર પતિ તેને ભરણપોષણ ચૂકવવાની જવાબદારીમાંથી મુક્ત થઈ શકતો નથી. અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું કે પત્નીની કમાણી એ તેની ભરણપોષણની અરજીને ફગાવી દેવા માટેનો એકમાત્ર માપદંડ બની શકે નહીં.

જસ્ટિસ હસમુખ ડી. સુથારની ખંડપીઠ સમક્ષ એક પતિ દ્વારા ફેમિલી કોર્ટના આદેશને પડકારતી અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ફેમિલી કોર્ટે પતિને તેની પત્નીને દર મહિને ૧૫,૦૦૦ રૂપિયા ભરણપોષણ તરીકે ચૂકવવાનો આદેશ આપ્યો હતો. આ મામલાની વિગતો મુજબ, પત્નીએ ફેમિલી કોર્ટમાં ભરણપોષણ વધારીને ૩૦,૦૦૦ રૂપિયા કરવાની માંગ કરી હતી, જેમાં તેણે આક્ષેપ કર્યો હતો કે તેનો પતિ માસિક ૭૦,૦૦૦થી ૭૫,૦૦૦ રૂપિયા કમાય છે અને તેને માનસિક તેમજ શારીરિક ત્રાસ આપીને ઘરમાંથી કાઢી મૂકવામાં આવી છે.સામે પક્ષે પતિએ દલીલ કરી હતી કે તેનો નેટ પગાર ૫૪,૪૯૯ રૂપિયા છે અને તેના પર માતા-પિતાની સંભાળ, ઘરનું ભાડું અને લોનના હપ્તા જેવી અનેક આર્થિક જવાબદારીઓ છે. જોકે, હાઈકોર્ટે આ દલીલોને ફગાવતા નોંધ્યું હતું કે પતિની માતા નિવૃત્ત સરકારી કર્મચારી છે અને પેન્શન મેળવે છે, પિતા આત્મનિર્ભર છે અને બહેન પણ નોકરી કરે છે. આ સંજોગોમાં પત્નીની સંભાળ રાખવી એ પતિની પ્રાથમિક જવાબદારી બને છે.

હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના 'સુનિતા કચવાહા વિરૂદ્ધ અનિલ કચવાહા'ના સીમાચિહ્નરૂપ ચુકાદાનો સંદર્ભ આપતા કહ્યું હતું કે પત્ની ઉચ્ચ શિક્ષિત હોય કે કમાતી હોય, તે ભરણપોષણ ન આપવા માટેનું માન્ય કારણ નથી. અદાલતે અવલોકન કર્યું કે ફેમિલી કોર્ટે પતિની આવકમાં થયેલા વધારા અને પત્નીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ભરણપોષણની રકમ ૫,૦૦૦થી વધારીને ૧૫,૦૦૦ રૂપિયા કરી છે, જે યોગ્ય અને ન્યાયસંગત છે.અંતે, હાઈકોર્ટે ફેમિલી કોર્ટના આદેશમાં કોઈ કાયદાકીય ભૂલ ન જણાતા પતિની અરજીને ફગાવી દીધી હતી. અદાલતે ટ્રાયલ કોર્ટને આ મામલે સ્વતંત્ર રીતે અને ઝડપથી નિર્ણય લેવા સૂચના આપી હતી, સાથે જ સ્પષ્ટ કર્યું હતું કે વચગાળાના ભરણપોષણની રકમને આખરી આદેશ વખતે યોગ્ય રીતે સમાયોજિત કરવામાં આવે.

# પાલીતાણાના થોરાળી ગામના બે સદસ્યને સસ્પેન્ડ કરવા મામલે રાષ્ટ્રીય દલિત અધિકારી મંચે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું



પાલીતાણા તાલુકાના થોરાળી ગ્રામ પંચાયતના બે સદસ્યને રજૂઆતો છતાં સસ્પેન્ડ ન કરાતા ભાવનગર દલિત મંચના માવજીભાઈ સરવૈયા સહિત આગેવાનો એ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપી રજૂઆત કરી. થોરાળી ગ્રામ પંચાયતના સદસ્ય નિરાલીબેન મકવાણાને ત્રણ સંતાનો હોવા છતાં વિજેતા બનેલ અને ચૂંટણી ફોર્મમાં ત્રણ બાળકોની વિગતો છુપાવી રહેલ જે બાબતે સસ્પેન્ડ કરવા આવેદન આપી રજૂઆત કરી છે.જયારે બીજા સદસ્ય મંજુલાબેન વાઘેલાના ઘરે શૌચાલય ન હોવા છતાં ચૂંટણીમાં ફોર્મ પરત સમયે વિગતો છુપાવી વિજેતા થયેલ છે. આ બંને સદસ્યો સસ્પેન્ડ કરવા ઉગ્ર માંગ સાથે રાષ્ટ્રીય દલિત મંચે ઝડપથી ન્યાયની માંગ કરી હતી. (તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

# સુરતમાં વૃદ્ધાઓને રિક્ષામાં બેસાડી ચોરી કરતી ટોળકી ઓલપાડ-જહાંગીરપુરા રોડ પરથી પકડાઇ

## ડીસીબીએ દાગીના, બે રિક્ષા સહિત કુલ રૂા.૧૨.૫૭ લાખની મતા કબજે કરી : પાલ, અડાજણ અને જહાંગીરપુરાના ગુના ઉકેલાયા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૦

રિક્ષાના નંબર પ્લેટ સાથે છેડા કરી, પેસેન્જરોનો સ્વાંગ રચી એકલી વૃદ્ધ મહિલાઓને બેસાડી, સોનાના ઘરેણા ચોરી કરતી ગેંગના મુખ્ય રીઢા આરોપી તેમજ મહિલા સહિતની ૪ આરોપીને સુરત શહેર ક્રાઇમ બ્રાંચે પકડી પાડી પાંજરે પુર્યા છે. પોલીસે ચોરી થયેલા ઓરીજનલ ઘરેણા સહિત રૂપિયા ૧૨,૫૭,૭૭૦ના મુદ્દામાલ કબજે કરી પકડી ચોરીના વણ શોધાયેલ ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલી કાઢ્યો છે.ડીસીબીને બાતમી મળી હતી કે, ઓલપાડ-જહાંગીરપુરા રોડ નાયરા પેટ્રોલ પંપની સામે ઓલપાડ તરફથી આવતા રોડ ઉપર આ ટોળકી બે રીક્ષા લઈને શિકારની શોધમા ફરી રહ્યા છે. આ હકીકતના આધારે ડીસીબીઓ વોચ રાખી બે રીક્ષા સાથે મહિલા સહિત ચારને પકડી પાડ્યા હતા. પોલીસે પુછપરછ કરતા કાશીરામ જાદવભાઈ સોલંકી, અરવિંદ કાનજીભાઈ ખીમજીભાઈ ધડુક, શંકરભાઈ કરમશીભાઈ સોલંકી અને ગૌરીબેન તે દયારામ જાદવભાઈ સોલંકી હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેઓની પાસેથી મંગળસુત્ર, સોનાની બંગડી નંગ - ૨, સોનાની લગડી નંગ-૦૨, રિક્ષા નંગ - ૨, મોબાઈલ ફોન નંગ - ૦૩, કટ્ટર નંગ - ૦૧ અને બોગસ નંબર પ્લેટ નંગ - ૨ મળી કુલ રૂપિયા ૧૨,૫૭,૭૭૦ની મતા કબજે કરી હતી. પોલીસે તેઓની પુછપરછ કરતા આરોપી કાશીરામ સોલંકી અને શંકરભાઇ સોલંકી બંને સગા પિતરાઇ ભાઈઓ છે અને ગૌરીબેન સોલંકી તેમની ભાભી છે તેઓ કઠોર વિસ્તારમાં ખેતરમાં ભાગ રાખી ત્યાં ઝુપડુ બાંધીને રહે છે.

# ૪૯૫ કિલો હેરોઈન હેરાફેરી કેસ : ૭ વર્ષ બાદ આરોપીને હાઈકોર્ટે આપ્યા જામીન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ગુજરાતના ચકચારી ડ્રગ્સ હેરાફેરીના કેસો પૈકીના એક એવા ૪૯૫ કિલો હેરોઈન કેસમાં મહત્વનો વળાંક આવ્યો છે. આ કેસમાં છેલ્લા ૭ વર્ષથી જેલમાં બંધ મુખ્ય આરોપી રફીક સુમરાને ગુજરાત હાઈકોર્ટે જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. ડ્રગ્સના મોટા જથ્થાના સંગ્રહ માટે પોતાના ગોડાઉનનો ઉપયોગ કરવા દેવાના ગંભીર આરોપ હેઠળ તેની ધરપકડ કરવામાં આવી હતી.

લાંબા સમયથી જેલવાસ ભોગવી રહેલા રફીક સુમરાએ અગાઉ પણ જામીન મેળવવા માટે કાયદાકીય પ્રયાસો કર્યા હતા, પરંતુ કેસની ગંભીરતા જોતા તેને રાહત મળી નહોતી. જોકે, તાજેતરની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કેસની લંબાયેલી પ્રક્રિયા અને આરોપીના લાંબા જેલવાસને ધ્યાને રાખીને જામીન મંજૂર કર્યા છે. આ ડ્રગ્સ નેટવર્ક આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલું હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું, જેમાં દરિયાઈ માર્ગે કરોડોની કિંમતનું હેરોઈન ગુજરાતમાં લાવવામાં આવ્યું હતું.

તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર, રફીક સુમરાના ગોડાઉનનો ઉપયોગ નશીલા પદાર્થો છુપાવવા માટે કરવામાં આવતો હતો. આ કેસમાં અન્ય ઘણા શંકાસ્પદ આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે અને તપાસ હજુ પણ ચાલી રહી છે. કાયદાકીય નિષ્ણાતોનું માનવું છે કે હાઈકોર્ટના આ નિર્ણયમાં 'સ્પીડી ટ્રાયલ' (ઝડપી ન્યાય)ના અધિકારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, કારણ કે લાંબા સમય સુધી કેસ ચાલ્યા વગર કોઈ વ્યક્તિને કેદ રાખવી એ બંધારણીય દૃષ્ટિએ પડકારજનક બને છે.

આ કેસમાં જાણવા મળ્યા મુજબ મુખ્ય આરોપી પાકિસ્તાનના ભાઈજાન અને નબી બક્ષ છે. આરોપીઓ પાકિસ્તાનથી ડ્રગ્સ લાવી પંજાબ મોકલતા હતા. ડ્રગ્સ પાકિસ્તાનથી કચ્છના સલાયા બંદર આવતું હતું. દુબઈના અર્શદ રઝાકના નિર્દેશથી શાહિદ અને રફીક સુમરાએ ૪૯૫ કિલો ડ્રગ્સ અલગ-અલગ સહ આરોપીઓને આપવાનું હતું અને પંજાબમાં આ ડ્રગ્સ મોકલવાનું હતું. ત્યાં આરોપી સીમરનજીત સંધુ તેનું હેન્ડલિંગ કરતો હતો. આરોપી આંગડિયા મારફતે રૂપિયા મેળવતો હતો.

જ્યાં ડ્રગ્સ રાખવામાં આવતું તે જગ્યાએથી મળેલા મટીરિયલનો FSL રિપોર્ટ કરવામાં આવ્યો હતો. ૨૯૫ કિલો ડ્રગ્સ સાથે ગાડી ઝડપાઈ હતી તેનો રિપોર્ટ રજૂ કરાયો હતો. ઊંઝા APMCથી ડ્રગ્સ પંજાબના અમૃતસર લઈ જવાનું હતું. કોર્ટે નોંધ્યું હતું કે, આરોપી ૭ વર્ષ કરતા વધુ સમયથી જેલમાં છે, મોટાભાગના સાહેદોને તપાસવાના બાકી છે. ત્યારે સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલા ચુકાદાઓ મુજબ જામીન આપવામાં આવ્યા હતા.

# અંકલેશ્વરમાં ભારે પવન સાથે વરસાદ વરસતા તારાજી, જનજીવન પ્રભાવિત

## ભારે પવન ફૂંકાતા વીજ પુરવઠો ખોરવાયો

અંકલેશ્વર, તા.૨૦

અંકલેશ્વર પંથકમાં ગત રોજ સાંજના અરસામાં અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. અચાનક મીની વાવાઝોડું ફુંકાતા જનજીવન પ્રભાવિત થયું હતું ભારે પવન ફુંકાતા વીજપુરવઠો ખોરવાયો હતો જેના કારણે અંધારપટ છવાઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.

હાંસોટ તાલુકાના આસ્તા ગામમાં વીજળી પડતા પશુઓ માટે સંગ્રહિત ઘાસચારો બળીને ખાક થઈ ગયો હતો, જેના કારણે પશુપાલકોને આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે. બીજી તરફ, ઇલાવ ગામમાં આવેલી આશ્રમ શાળાના પતરા જોરદાર પવનને કારણે ઉડી ગયા હતા, જેના કારણે શાળા મકાનને નુકસાન થયું છે.આ ઉપરાંત, અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયા હતા, જેના કારણે માર્ગ અવરજવર પર અસર પડી હતી.





તમામ શુભેચ્છકો તથા પ્રજાજનોને
ઈદ મુબારક
યુનિટી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ
અંકલેશ્વર
હાજી જહાંગીરખાન પઠાણ (પ્રમુખ)
સમાઉનખાન પઠાણ (સેક્રેટરી)
સલાઉદ્દીન બેગ (ઉપપ્રમુખ)
તથા શાળાના શિક્ષકગણ તથા સ્ટાફ




**Change of Name**
: Old Name :
SAUDAGAR ABDULLAH
: New Name :
SODAGAR ABDULLA
Add : Panchpada Bukdi Road At-Patan Di-Patan-384265

**Change of Name**
: Old Name :
BADARPURIA MOHAMMAD SOHEB HABIBBHAI
: New Name :
BADARPURIYA MOHAMMADSOHEB HABIBBHAI
At-Amarpura Di-Patan-384285

**CHANGE OF NAME**
I HAVE CHANGE OF MY OLD NAME FROM **BILKISBANU MOHAMMADASHRAF VAID** TO NEW NAME **BILKISHBANU MOHAMMADASHRAF VAID** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
MOTI KHADKI, KHANPUR DEH, TA: JAMBUSAR, DIST: BHARUCH. PIN. 392150, GUJARAT.

**CHANGE OF NAME**
I HAVE CHANGE OF MY OLD NAME FROM **MOHMEDASHRAF HASAN VAID** TO NEW NAME **MOHAMMADASHRAF HASAN VAID** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
MOTI KHADKI, KHANPUR DEH, TA: JAMBUSAR, DIST : BHARUCH. PIN. 392150, GUJARAT.

માનવંતા ગ્રાહકો, શુભેચ્છકો તથા મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક
એરાઈઝ મેટલ
નોબલ માર્કેટ, ને.હા.નં.૪૮, અંકલેશ્વર





















# 'અલવિદા માહે રમઝાન' : છેલ્લા રોજા અને રમઝાન માસની આખરી જુમ્મા પર ભાવુક માહોલ



પવિત્ર રમઝાન મહિનાના છેલ્લા રોજા અને રમઝાન માસની આખરી જુમ્માના દિવસે ભાવુકતા અને આધ્યાત્મિકતાભર્યો માહોલ સર્જાયો હતો. મહિનાભરની ઈબાદત, રોજા, તરાવીહ બાદ હવે આ પવિત્ર મહિના સાથે વિદાય લેવાનો સમય આવતા મુસ્લિમ સમાજમાં એક અલગ જ લાગણી જોવા મળી હતી. અનેક લોકોની આંખોમાં આંસુઓની ધારા વહેવા લાગી હતી. 'અલવિદા અલવિદા માહે રમઝાન' કહેતા સમયે લોકોના ચહેરા પર વિદાયની ઉદાસી સ્પષ્ટ દેખાઈ રહી હતી. મસ્જિદોમાં રમઝાન માસની આખરી જુમ્માની નમાઝ અને દુઆઓ થઈ જ્યાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો હાજર રહ્યા.

### ગુજરાતના ચોરીના ૨૫ ગુનાઓનો ભેદ ઉકેલાયો

# ટ્રેનમાં મુસાફરોને કેફી પદાર્થ આપી લૂંટતો આરોપી દિલ્હીથી ઝડપાયો

## અમદાવાદ પોલીસે ફુગ્ગાવાળા અને લારીવાળા બનીને રેકી કરી આરોપીને દબોચી લીધો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૦

ટ્રેનોમાં મુસાફરો સાથે મિત્રતા કેળવીને તેમની સાથે ખાણીપીણીની ચીજ વસ્તુઓમાં ઊંઘની ગોળી ભેળવી બેહોશ કર્યા બાદ રોકડ રકમ, કિંમતી દાગીના, મોબાઈલ ફોનના સીમકાર્ડ, એટીએમની ચોરી કરનાર આરોપી અમિત ઠાકુરને અમદાવાદ પશ્ચિમ રેલવે એલસીબીની ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. ધો. ૪ અભ્યાસ કરેલો આરોપી ૧૫ દિવસ માટે ટુર ઉપર નીકળી જતો હતો અને દેશભરમાં અલગ અલગ રાજ્યોમાં જતી ટ્રેનોમાં પોતાનો શિકાર કરતો હતો. મોબાઈલ ફોન ચોરી કરવાની જગ્યાએ તેમાંથી માત્ર સીમકાર્ડ કાઢી લેતો અને સાથે ચોરેલા એટીએમ કાર્ડનો પીન બદલીને રોકડ ઉપાડી લેતો હતો. રેલ્વે એલસીબીની ટીમ દ્વારા દિલ્હી ખાતે આરોપીના ઘરે સાત દિવસ મજૂર ફુગ્ગા વાળા અને લારીવાળા બનીને વોચ ગોઠવી છેવટે ઘરે આવતા દબોચી લીધો હતો. પોલીસે આખા રાજ્યના રેલ્વે ચોરીના ૨૫ જેટલા ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે.

# રાજ્યના મહેસૂલ વિભાગમાં વહીવટી સ્તરે મોટાપાયે ફેરફાર

### ૮૮૦ કર્મચારી-અધિકારીની બઢતી અને બદલી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૦

રાજ્યના મહેસૂલ વિભાગમાં વહીવટી સ્તરે મોટા પાયે ફેરફારો કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા એકસાથે આશરે ૮૦૦ કર્મચારીઓને પ્રમોશન આપવામાં આવ્યા છે, જ્યારે ૮૦ નાયબ મામલતદારોની જિલ્લાવાર બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મહેસૂલ વિભાગ હેઠળ કાર્યરત કારકૂન અને મહેસૂલી તલાટી વર્ગ-૩ના કર્મચારીઓને બઢતી આપી નાયબ મામલતદાર વર્ગ-૩ તરીકે નિયુક્તિ આપવામાં આવી છે. સરકારના આદેશ મુજબ, વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા નાયબ મામલતદારોને વહીવટી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નવા જિલ્લાઓમાં બદલી આપવામાં આવી છે. ખાસ કરીને અમદાવાદ, ગાંધીનગર, સુરત, ભાવનગર, જામનગર સહિતના જિલ્લાઓમાં મોટા પ્રમાણમાં ફેરફાર જોવા મળ્યો છે.

# કેનેડાથી બાળકને ગેરકાયદેસર ભારત લાવનાર પિતાને ગુજરાત હાઈકોર્ટનો ફટકો : માતાને સોંપ્યો કબજો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં પિતાને આદેશ આપ્યો છે કે તે તેના ૫ વર્ષના પુત્રનો કબજો તેની માતાને સોંપી દે. અદાલતે અવલોકન કર્યું હતું કે પિતા કેનેડાની કોર્ટ દ્વારા માતાને અપાયેલા કસ્ટડીના આદેશનું ઉલ્લંઘન કરીને બાળકને ગેરકાયદેસર રીતે ભારત લાવ્યા હતા. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે કેનેડામાં જન્મેલા અને ઉછરેલા બાળકને તેની માતાથી દૂર રાખવું તેના માટે આઘાતજનક સાબિત થઈ શકે છે.

જસ્ટિસ એન.એસ. સંજય ગૌડા અને જસ્ટિસ ડી.એમ. વ્યાસની ખંડપીઠે પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી 'હેબિયસ કોર્પસ' (બંદી પ્રત્યક્ષીકરણ) અરજી પર આ ચુકાદો આપ્યો હતો. પત્નીએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે તે તેના પુત્રની કાયદેસરની રક્ષક છે અને કેનેડાની ઓન્ટારિયો કોર્ટે પણ તેની તરફેણમાં આદેશ આપ્યો છે, તેમ છતાં પિતા બાળકને પરવાનગી વગર ભારત લઈ આવ્યા છે.અદાલતે નોંધ્યું હતું કે દંપતીએ કેનેડાના કાયદા હેઠળ લગ્ન કર્યા હતા, તેથી તેમના અધિકારો અને જવાબદારીઓ પણ કેનેડાના કાયદા મુજબ જ નક્કી થાય. પિતા વ્યવસાયે ડેન્ટિસ્ટ હોવા છતાં તેમણે અગાઉ એક ઈમેલમાં સ્વીકાર્યું હતું કે લગ્નજીવનનો અંત આવ્યો છે અને બાળક માતા પાસે રહે તેમાં તેમને કોઈ વાંધો નથી. હાઈકોર્ટે કડક શબ્દોમાં જણાવ્યું કે જે પિતાએ કેનેડાની કોર્ટની કાર્યવાહીમાં ભાગ લીધો હોય અને ત્યાં અધિકારક્ષેત્રનો કોઈ વિરોધ ન કર્યો હોય, તે હવે ભારતીય કોર્ટનો આશરો લઈને કેનેડાની કોર્ટના આદેશનો અનાદર કરી શકે નહીં.બાળકના હિત અંગે ચર્ચા કરતા હાઈકોર્ટે જણાવ્યું હતું કે, જે બાળકનો જન્મ અને ઉછેર કેનેડામાં થયો હોય, તેને અચાનક ભારતના અલગ વાતાવરણમાં લાવવો તેના માનસિક સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. દાદા-દાદીનો પ્રેમ ચોક્કસપણે મહત્ત્વનો છે, પરંતુ તે કુદરતી માતાના હૂંફ અને પ્રેમનો વિકલ્પ બની શકે નહીં. ભારતીય કાયદો પણ સ્વીકારે છે કે ૫ વર્ષની ઉંમર સુધી બાળકનો કબજો માતા પાસે રહેવો તે હિતાવહ છે. પિતા દ્વારા પત્ની પર લગાવાયેલા વ્યભિચારના આક્ષેપોને પણ કોર્ટે ફગાવી દીધા હતા. અદાલતે કહ્યું કે જો પિતા અગાઉથી આ બાબત જાણતા હતા, તો પણ તેમણે બાળકનો કબજો માતાને સોંપવાની સંમતિ આપી હતી, તેથી હવે આ દલીલ ગ્રાહ્ય નથી. વધુમાં, કેનેડાની જીવનશૈલી અને શિક્ષણ પદ્ધતિથી ટેવાયેલા બાળકને અન્ય દેશમાં ખસેડવો તેના ભવિષ્ય માટે વિક્ષેપકારક બની શકે છે.હાઈકોર્ટે પિતાને નિર્દેશ આપ્યો છે કે તેઓ તાત્કાલિક બાળકનો કબજો માતા અથવા બાળકના નાનાને સોંપી દે અને બાળકના પાસપોર્ટ તેમજ ઓસીઆઈ (OCI) કાર્ડ પણ પરત કરે. અદાલતે પિતાને છૂટ આપી છે કે તેઓ કસ્ટડી અથવા મુલાકાતના અધિકાર માટે કેનેડાની સંબંધિત કોર્ટમાં સંપર્ક કરી શકે છે. આ ચુકાદા સાથે હાઈકોર્ટે માતાની અરજી મંજૂર કરી છે.

# RTE પ્રવેશમાં પારદર્શિતા વધશે : હવે વાલીઓ પોતાની પસંદગીની પાળી પસંદ કરી શકશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં રાઈટ ટુ એજ્યુકેશન (RTE) હેઠળ પ્રવેશ લેતા વિદ્યાર્થીઓ સાથે થતો ભેદભાવ દૂર કરવા માટે શિક્ષણ વિભાગે મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. હવે RTE પોર્ટલમાં ટેક્નિકલ સુધારા કરીને વાલીઓને પોતાના બાળક માટે પસંદગીની પાળી પસંદ કરવાની સુવિધા આપવામાં આવશે. આ નિર્ણયથી ખાનગી શાળાઓની મનમાની પર રોક લગાવવામાં આવશે. હાલ સુધી ઘણી ખાનગી શાળાઓ RTE હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને માત્ર બપોરની પાળીમાં જ દાખલ કરતી હતી, જ્યારે સવારની પાળી ફી ચૂકવતા વિદ્યાર્થીઓ માટે જ રાખવામાં આવતી હોવાની ફરિયાદો સામે આવી હતી. આ કારણે વાલીઓ અને વિદ્યાર્થીઓને વિવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ખાસ કરીને પરિવહન, સમય વ્યવસ્થા અને અભ્યાસની ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા થતા હતા. RTE કાયદા અનુસાર, ખાનગી શાળાઓએ ધોરણ-૧માં કુલ બેઠકોમાંથી ૨૫ ટકા બેઠકો આર્થિક રીતે નબળા વર્ગના બાળકો માટે અનામત રાખવાની હોય છે. છતાં પણ કેટલીક શાળાઓ આ વિદ્યાર્થીઓને અલગ પાળીમાં રાખીને પરોક્ષ રીતે ભેદભાવ કરતી હતી. આ મુદ્દે 'મુખ્યમંત્રી જનસંવાદ પોર્ટલ' પર મોટી સંખ્યામાં ફરિયાદો નોંધાઈ હતી. આ ફરિયાદોને ગંભીરતાથી લઈ પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીએ RTE પોર્ટલમાં સુધારા કરવાનો નિર્ણય કર્યો છે. હવે પોર્ટલ પર શાળાઓની કુલ બેઠકો સાથે પાળી મુજબની વિગતો પણ દર્શાવવામાં આવશે. વાલીઓ ફોર્મ ભરતી વખતે જ 'સવાર' કે 'બપોર' પાળી પસંદ કરી શકશે, જેથી શાળાઓ પોતાની મરજી મુજબ પાળી ફાળવી શકશે નહીં. શિક્ષણ વિભાગના જણાવ્યા મુજબ, આ નવા ફેરફારો બાદ ટૂંક સમયમાં RTE પ્રવેશ પ્રક્રિયાનું સમયપત્રક જાહેર કરવામાં આવશે. આ નિર્ણયથી લાખો વાલીઓને રાહત મળશે અને શિક્ષણમાં સમાનતા તથા પારદર્શિતાનો સિદ્ધાંત વધુ મજબૂત બનશે.

# સ્કૂલમાં પાંચ વર્ષીય બાળકીની જાતીય છેડછાડના કેસમાં ત્રણેય શિક્ષકોને નિર્દોષ ઠરાવતી ચિલ્ડ્રન કોર્ટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૦

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલી માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં સિનિયર કે.જી.માં ભણતી પાંચ વર્ષની સગીર બાળકી સાથે જાતીય છેડછાડ અને તેને ટોયલેટમાં બંધ કરી મારવાના ચકચારીભર્યા કેસમાં ચિલ્ડ્રન કોર્ટના સ્પેશિયલ જજ એમ.પી. પુરોહિતે ત્રણેય આરોપી શિક્ષકો નીલ બકુલેશ ભટ્ટ, હીરલ રિચર્ડ વાઝા અને મૌલી સુનિલ ડીસાને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો હતો. કોર્ટે સમગ્ર કેસમાં પોલીસ તપાસની ખામીની પણ ટીકા કરતા જણાવ્યું હતું કે, તપાસમાં શાળાના સીસીટીવી ચેક કરવામાં આવ્યા નથી કે કબજે પણ કરાયા નથી. આમ તપાસ કરનારના પુરાવા પરથી પણ આરોપીઓની નિશંકપણે ગુનામાં સંડોવણી પુરવાર થતી નથી. કેસની વિગતો મુજબ શહેરના નવરંગપુરા વિસ્તારમાં આવેલી માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં સંગીત ટીચર નીલ બકુલેશ ભટ્ટે સિનિયર કે.જી.માં ભણતી પાંચ વર્ષીય બાળકીને પગના સાથળના ભાગે બે હાથેથી પકડી જોરથી દબાવતાં તેને પગમાં બહુ દુ:ખાવો થયો હતો. જેને લઈને બાળકીના માતા-પિતાએ ફરિયાદ નોંધાવી હતી. બાળકીને ડોક્ટર પાસે લઈ જવતા વધુ ખરાઈ માટે બાળકીનું કાઉન્સેલિંગ કરાયું હતું અને તેમાં બાળકીએ સંગીત ટીચર દ્વારા જાતીય અડપલાં કરાયાનો ઘટસ્ફોટ કર્યો હતો.

# ગુજરાતના ગામોમાં ૨૪x૭ શુદ્ધ પાણી પહોંચાડવા રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે MOU

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં જલ જીવન મિશન ૨.૦ અંતર્ગત રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે MoU કરવામાં આવ્યો છે, જેનો સીધો લાભ ગ્રામ્ય જનતાને મળશે. આ કરાર હેઠળ હવે ગામોમાં દરેક ઘરમાં નળ દ્વારા નિયમિત અને ગુણવત્તાયુક્ત પીવાનું પાણી પહોંચાડવા પર ખાસ ધ્યાન આપવામાં આવશે. પાણી સપ્લાય માત્ર ઉપલબ્ધ જ નહીં, પરંતુ સતત શુદ્ધ અને ટકાઉ રહે તે માટે નવી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવશે. આ યોજના મુજબ ગ્રામ પંચાયતોને પાણી પુરવઠાની જવાબદારી સોંપવામાં આવશે, જેથી સ્થાનિક સ્તરે જ પાણીનું સંચાલન અને જાળવણી થઈ શકે. વિલેજ વોટર એન્ડ સેનિટેશન કમિટી (VWSC) દ્વારા પાણીના ઉપયોગ, મેન્ટેનન્સ અને મોનિટરિંગ કરવામાં આવશે. ડિજિટલ ટ્રેકિંગ માટે 'સુજલમ ભારત' અને 'પીએમ ગતિશક્તિ' પ્લેટફોર્મનો ઉપયોગ થશે, જેના કારણે પાણી પુરવઠા પર નજર રાખવી સરળ બનશે. સાથે જ પાણીની ગુણવત્તા ચકાસણી, 'નલ જલ મિત્ર' જેવી વ્યવસ્થાઓ અને જાગૃતિ અભિયાનથી લોકોમાં પાણી બચત અંગે સમજણ વધારાશે. આ MoU હેઠળ કેન્દ્ર સરકાર ફંડિંગ અને માર્ગદર્શન આપશે, જ્યારે રાજ્ય સરકાર અમલીકરણ કરશે. ૨૦૨૮ સુધીમાં પાણી પુરવઠા વ્યવસ્થાને વધુ મજબૂત અને સતત બનાવવા લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જેથી ગ્રામ્ય પરિવારોને દૈનિક જીવનમાં પાણીની તકલીફ ન રહે.

# ૪૯૫ કિલો હેરોઈન હેરાફેરી કેસ : ૭ વર્ષ બાદ આરોપીને હાઈકોર્ટે આપ્યા જામીન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ગુજરાતના ચકચારી ડ્રગ્સ હેરાફેરીના કેસો પૈકીના એક એવા ૪૯૫ કિલો હેરોઈન કેસમાં મહત્વનો વળાંક આવ્યો છે. આ કેસમાં છેલ્લા ૭ વર્ષથી જેલમાં બંધ મુખ્ય આરોપી રફીક સુમરાને ગુજરાત હાઈકોર્ટે જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. ડ્રગ્સના મોટા જથ્થાના સંગ્રહ માટે પોતાના ગોડાઉનનો ઉપયોગ કરવા દેવાના ગંભીર આરોપ હેઠળ તેની ધરપકડ કરવામાં આવી હતી.

લાંબા સમયથી જેલવાસ ભોગવી રહેલા રફીક સુમરાએ અગાઉ પણ જામીન મેળવવા માટે કાયદાકીય પ્રયાસો કર્યા હતા, પરંતુ કેસની ગંભીરતા જોતા તેને રાહત મળી નહોતી. જોકે, તાજેતરની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કેસની લંબાયેલી પ્રક્રિયા અને આરોપીના લાંબા જેલવાસને ધ્યાને રાખીને જામીન મંજૂર કર્યા છે. આ ડ્રગ્સ નેટવર્ક આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલું હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું, જેમાં દરિયાઈ માર્ગે કરોડોની કિંમતનું હેરોઈન ગુજરાતમાં લાવવામાં આવ્યું હતું.

તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર, રફીક સુમરાના ગોડાઉનનો ઉપયોગ નશીલા પદાર્થો છુપાવવા માટે કરવામાં આવતો હતો. આ કેસમાં અન્ય ઘણા શંકાસ્પદ આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે અને તપાસ હજુ પણ ચાલી રહી છે. કાયદાકીય નિષ્ણાતોનું માનવું છે કે હાઈકોર્ટના આ નિર્ણયમાં 'સ્પીડી ટ્રાયલ' (ઝડપી ન્યાય)ના અધિકારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, કારણ કે લાંબા સમય સુધી કેસ ચાલ્યા વગર કોઈ વ્યક્તિને કેદ રાખવી એ બંધારણીય દૃષ્ટિએ પડકારજનક બને છે.

આ કેસમાં જાણવા મળ્યા મુજબ મુખ્ય આરોપી પાકિસ્તાનના ભાઈજાન અને નબી બક્ષ છે. આરોપીઓ પાકિસ્તાનથી ડ્રગ્સ લાવી પંજાબ મોકલતા હતા. ડ્રગ્સ પાકિસ્તાનથી કચ્છના સલાયા બંદર આવતું હતું. દુબઈના અર્શદ રઝાકના નિર્દેશથી શાહિદ અને રફીક સુમરાએ ૪૯૫ કિલો ડ્રગ્સ અલગ-અલગ સહ આરોપીઓને આપવાનું હતું અને પંજાબમાં આ ડ્રગ્સ મોકલવાનું હતું. ત્યાં આરોપી સીમરનજીત સંધુ તેનું હેન્ડલિંગ કરતો હતો. આરોપી આંગડિયા મારફતે રૂપિયા મેળવતો હતો.

જ્યાં ડ્રગ્સ રાખવામાં આવતું તે જગ્યાએથી મળેલા મટીરિયલનો FSL રિપોર્ટ કરવામાં આવ્યો હતો. ૨૯૫ કિલો ડ્રગ્સ સાથે ગાડી ઝડપાઈ હતી તેનો રિપોર્ટ રજૂ કરાયો હતો. ઊંઝા APMCથી ડ્રગ્સ પંજાબના અમૃતસર લઈ જવાનું હતું. કોર્ટે નોંધ્યું હતું કે, આરોપી ૭ વર્ષ કરતા વધુ સમયથી જેલમાં છે, મોટાભાગના સાહેદોને તપાસવાના બાકી છે. ત્યારે સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલા ચુકાદાઓ મુજબ જામીન આપવામાં આવ્યા હતા.


ઈદ મુબારક
નુર મોહંમદ કુરેશી
(સામાજિક કાર્યકર, અંકલેશ્વર)
કી જાનીબ સે
સભી કો તહેદિલસે ઈદ મુબારક

ઈદ-ઉલ-ફિતર મુબારક
अल्लाह ईस साल हम सभी को अपनी दया आशीर्वाद और प्यार प्रदान करे । ईद-उल-फितर मुबारक
ચેરમેન સા.કાં.જિલ્લા કોંગ્રેસ માઈનોરીટી ડિપાર્ટમેન્ટ
ટી.વી.પટેલ

Reliance Gas
S.P. GAS AGENCY
Distributors-Reliance Gas
Nr. Hathmati Bridge, Highway Road,
Himatnagar-383 001. Ph: (O) 245292,

ESTD - 2009
SAFE FOOD
SCIENCE & TECHNOLOGY INSTITUTE
ISO 9001 - 2015 CERTIFIED INSTITUTE
ફૂડ બીઝનેસ / ઈન્ડસ્ટ્રીઝ માટે
ફૂડ પ્રોડક્ટ ડેવલપમેન્ટ તથા ફૂડ મેન્યુફેક્ચરિંગ રેસીપી સાથે ટ્રેનીંગ
પ્રોડક્ટ લૉંગ સેલ્ફ લાઈફ તથા પ્રોડક્ટ પ્રોબ્લેમ સોલ્યુશન, બારકોડ રજી.
ફૂડ સેફ્ટી, થર્ડ પાર્ટી ઓડીટ, ક્વોલિટી ઈન્ટરનલ ઓડીટ & હાયજીન ઓડીટ
FoSTaC એડવાન્સ મેન્યુફેક્ચરિંગ/કેટરીંગ/મિલ્ક પ્રોડક્ટ ટ્રેનીંગ, APEDA રજી.
ISO-22000/ FSSC/ BRC/ USFDA/ HALAL/ GLOBAL GAP/ CFIA REG.
ઓલ ફૂડ પ્રોડક્ટ, વોટર & મિલ્ક પ્રોડક્ટ ટેસ્ટીંગ, HACCP, GMP, SCH-4 ટ્રેનીંગ
FSSAI સેન્ટ્રલ - સ્ટેટ લાયસન્સ & ઈન્ટરનેશનલ સર્ટીફિકેશન
Contact : Mr. A. M. Patel : 98252 36110 | Email : safefoodscience@gmail.com
Office : 9, Mirambika Complex, Opp. Gandhi Baugh, Nanpura Road, Surat.

માનવંતા ગ્રાહકો, શુભેચ્છકો તથા મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક
એરાઈઝ મેટલ
નોબલ માર્કેટ, ને.હા.નં.૪૮, અંકલેશ્વર

વાહન તમારું,ટેન્શન અમારું.
Eid Mubarak
નાસીર સાબુગર વીમા એજન્ટ
IFFCO-TOKIO BAJAJ Allianz RELIANCE General Insurance
યશવી કોમ્પ્લેક્ષ,હોટલ પેરેમાઉન્ટ સામે,ઈડર રોડ, હિંમતનગર ૩૮૩ ૦૦૧ ફોન: ઓ.૨૪૮૮૯૪,મો.૯૮૨૪૨ ૬૧૦૯૯

મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક
ગોપાલસિંહ રાઠોડ
હિંમતનગર સાબરકાંઠા

The Best Deal Used Cars
Rajesh Rajacar Eid Mubark
Sale & Purchase Used Chr 4 Wheelers
Gaytri Mandir Road, Before Soham Showroom, Mahaveernagr, Himmatnagar, Gujarat-383001.
Secretary all India car dealers association hmt.sk Gujarat

તમામ શુભેચ્છકો તથા પ્રજાજનોને
ઈદ મુબારક
યુનિટી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ
અંકલેશ્વર
હાજી જહાંગીરખાન પઠાણ (પ્રમુખ)
સમાઉનખાન પઠાણ (સેક્રેટરી)
સલાઉદ્દીન બેગ (ઉપપ્રમુખ)
તથા શાળાના શિક્ષકગણ તથા સ્ટાફ

Eid Mubarak
HP GAS
SABAR GAS AGENCY
EID MUBARAK
HP GAS your friendly gas
7, Star Buliding, Opp. Collector Office, Idar Highway, Himatnagar, S.K.
Ph. (O) 241810, 249501 (R) 244501.
website : www.hindpetro.com


CHANGE OF NAME

I HAVE CHANGE OF MY OLD NAME FROM **BILKISBANU MOHAMMADASHRAF VAID** TO NEW NAME **BILKISHBANU MOHAMMADASHRAF VAID** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

MOTI KHADKI, KHANPUR DEH, TA: JAMBUSAR, DIST: BHARUCH. PIN. 392150, GUJARAT.

CHANGE OF NAME

I HAVE CHANGE OF MY OLD NAME FROM **MOHMEDASHRAF HASAN VAID** TO NEW NAME **MOHAMMADASHRAF HASAN VAID** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

MOTI KHADKI, KHANPUR DEH, TA: JAMBUSAR, DIST : BHARUCH. PIN. 392150, GUJARAT.

Change of Name

: Old Name :
SAUDAGAR ABDULLAH
: New Name :
SODAGAR ABDULLA
Add : Panchpada Bukdi Road At-Patan Di-Patan-384265

Change of Name

: Old Name :
BADARPURIA MOHAMMAD SOHEB HABIBBHAI
: New Name :
BADARPURIYA MOHAMMADSOHEB HABIBBHAI
At-Amarpura Di-Patan-384285


જમિઅતે ઉલમા એ હિંદ સાબરકાંઠા
ખાદીમ સાહબ લાલપુરી (પ્રેસીડેન્ટ પ્રમુખ)
સર્વે મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારકની શુભકામનાઓ....
रात को नया चांद मुबारक,
चांद को चांदनी मुबारक,
फलक को सितारे मुबारक,
सितारों को बुलन्दी मुबारक,
और आप सबको हमारी
तरफ से, ईद मुबारक
ચાયના ગેટ, કોમ્પ્લેક્ષ, સેંટ ઝેવિયર્સ સ્કૂલની સામે, આર.ટી.ઓ. ઓફિસની બાજુમાં, હિંમતનગર, ગુજરાત, (સા.કા.) ૩૮૩૦૦૧

# કેરળ ચૂંટણી ૨૦૨૬ : 'સ્થિતિ ગંભીર છે', કોંગ્રેસે ૯૨માંથી માત્ર ૯ મહિલાઓને ટિકિટ આપતા શમા મોહમ્મદનો રાહુલ ગાંધીને પત્ર

(એજન્સી) તિરૂવનંતપુરમ/નવી દિલ્હી, તા.૨૦


કેરળ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીનો જંગ જામ્યો છે. કોંગ્રેસ પાર્ટીએ ગુરૂવારે રાત્રે કેરળ માટે તેના ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરી દીધી છે પરંતુ આ યાદી સાથે જ પક્ષમાં આંતરિક વિરોધના સૂર ઉઠ્યા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શમા મોહમ્મદે મહિલા ઉમેદવારોની ઓછી સંખ્યા અંગે નારાજગી વ્યક્ત કરી છે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને આ મામલે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે.

**૯૨ બેઠકોમાંથી માત્ર ૯**



**મહિલા ઉમેદવારો :** કેરળની ૧૪૦ સભ્યોની વિધાનસભામાં કોંગ્રેસ ૯૨ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. શમા મોહમ્મદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાની વેદના ઠાલવતા લખ્યું કે, 'હું હારી નથી. હું મારા આદરણીય નેતા રાહુલ ગાંધીજીને વિનંતી કરૂં છું કે, તેઓ કેરળની કોંગ્રેસની મહિલા કાર્યકરોની મદદ કરે. ૯૨ ટિકિટોમાંથી માત્ર ૯ ટિકિટ જ મહિલાઓને આપવામાં આવી છે. જો મહિલા પ્રતિભાશાળી હોય, તો પણ સ્થિતિ અત્યંત ગંભીર અને દુઃખદ છે.' તેમણે વધુમાં ઉમેર્યું કે અગાઉ લોકસભાની ૧૬ બેઠકોમાંથી પણ માત્ર એક જ મહિલાને તક મળી હતી.

**ચૂંટણીનું ગણિત અને ઉમેદવારોની પસંદગી :** કોંગ્રેસે આ યાદીમાં ૩૭ મતવિસ્તારોને આવરી લીધા છે, જે ચાર દિવસની લાંબી ખેંચતાણ બાદ નક્કી કરવામાં આવ્યા છે. પક્ષ ૯૨ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતારશે, જ્યારે સત્તાધારી CPI-Mમાંથી બળવો કરનાર નેતાઓને ૩ બેઠકો પર ટેકો આપશે. ઉમેદવારી પત્ર ભરવા માટે હવે માત્ર ત્રણ દિવસ બાકી રહ્યા છે ત્યારે ટિકિટની આ વહેંચણીએ પક્ષમાં મહિલા પ્રતિનિધિત્વના મુદ્દે નવી ચર્ચા છેડી દીધી છે. વર્ષ ૨૦૨૬ની કેરળ વિધાનસભા ચૂંટણી ૯ એપ્રિલે એક જ તબક્કામાં યોજાશે. કેરળની સાથે તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી અને આસામના ચૂંટણી પરિણામો ૪ મેના રોજ જાહેર કરવામાં આવશે. પાંચ રાજ્યોની આ ચૂંટણીઓને આગામી રાષ્ટ્રીય રાજકારણ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.




# 'લોકો મમતા બેનરજી સાથે છે' : પશ્ચિમ બંગાળ ચૂંટણી અંગે સંજય રાઉતે ECIની ટીકા કરી

## પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી બે તબક્કામાં યોજાશે : ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલ, ૨૦૨૬; મતગણતરી ૪ મેના રોજ થશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

શિવસેના (UBT) સાંસદ સંજય રાઉતે શુક્રવારે દાવો કર્યો હતો કે, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સહિત ભાજપનું ટોચનું નેતૃત્વ જાણે છે કે, પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના વડા મમતા બેનરજીને હરાવી શકાતા નથી. તેમણે કહ્યું કે, તમે મમતા બેનરજીને હરાવી શકતા નથી. પશ્ચિમ બંગાળમાં તેમની સામે જીતવું ફક્ત મુશ્કેલ જ નથી - અશક્ય પણ છે. આ વાત અમિત શાહ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સમગ્ર ભાજપને ખબર છે. મુખ્ય ચૂંટણી કમિશનર પણ આ વાતથી વાકેફ છે. એટલા માટે તેઓ પશ્ચિમ બંગાળ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી રહ્યા છે. રાઉતે વરિષ્ઠ અધિકારીઓની બદલીઓને 'સંપૂર્ણ નિયંત્રણ' લેવાના પ્રયાસ તરીકે ગણાવી અને જણાવ્યું કે, લોકો મમતા બેનરજીની સાથે ઊભા છે, ૨૩ અને ૨૯ એપ્રિલે યોજાનારી આગામી બે તબક્કાની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં તેમની જીતની આગાહી કરે છે. મુખ્ય સચિવ, ડીજીપી અને કમિશનરની બદલીઓ કરવામાં આવી છે. તેનાથી શું પ્રાપ્ત થશે ? મહારાષ્ટ્ર કે આસામ જેવા અન્ય રાજ્યોમાં આવી બદલીઓ કેમ થતી નથી ? ભારતના લોકો મમતા બેનરજીની સાથે છે. તેઓ પશ્ચિમ બંગાળમાં વિજયી બનશે. આ



ટિપ્પણી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની આકરી ટીકા બાદ કરવામાં આવી છે, જેમણે ભારતીય ચૂંટણી પંચ (ECI) અને ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર તેમના રાજ્યને પસંદગીયુક્ત રીતે નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે ૫૦થી વધુ વરિષ્ઠ અધિકારીઓની બદલીને 'અઘોષિત કટોકટી' ગણાવી હતી. બેનરજીએ જણાવ્યું હતું કે, મોટા પાયે બદલીઓ વહીવટી જરૂરિયાતને બદલે રાજકીય હસ્તક્ષેપ દર્શાવે છે. ચૂંટણી પંચે બંગાળને જે રીતે અલગ પાડ્યું છે તે અભૂતપૂર્વ અને ખૂબ જ ચિંતાજનક છે. ઔપચારિક ચૂંટણી સૂચના પહેલાં જ, મુખ્ય સચિવ, ગૃહ સચિવ, ડીજીપી, એડીજી, આઈજીએસ, ડીઆઈજી, જિલ્લા મેજિસ્ટ્રેટ અને એસપી સહિત ૫૦થી વધુ વરિષ્ઠ અધિકારીઓને મનસ્વી રીતે દૂર કરવામાં આવ્યા છે. તેને 'રાજકીય હસ્તક્ષેપ' ગણાવતા બેનરજીએ કહ્યું કે, આ ક્રિયાઓ બંધારણીય સિદ્ધાંતોને નબળા પાડે છે અને તેણીએ પૂરક મતદાર યાદીઓ પ્રકાશિત કરવામાં વિલંબ અંગે પણ ચિંતા વ્યક્ત કરી અને સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું ઉલ્લંઘન અને મતદારો માટે અનિશ્ચિતતા ઊભી કરવાનો આરોપ લગાવ્યો છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીઓ બે તબક્કામાં યોજાશે : ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલ, ૨૦૨૬, મતગણતરી ૪ મેના રોજ થશે. **તબક્કો ૧ :** ૧૫૨ મતવિસ્તાર. ગેઝેટ સૂચના ૩૦ માર્ચે, નામાંકન માટેની છેલ્લી તારીખ ૬ એપ્રિલ, ચકાસણી ૭ એપ્રિલ, પાછી ખેંચવાની તારીખ ૯ એપ્રિલ, મતદાન ૨૩ એપ્રિલ છે. **તબક્કો ૨ :** ૧૪૨ મતવિસ્તાર. ગેઝેટ નોટિફિકેશન ૨ એપ્રિલે, નામાંકન માટેની છેલ્લી તારીખ ૯ એપ્રિલ, ચકાસણી ૧૦ એપ્રિલ, ૧૩ એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની તારીખ, ૨૯ એપ્રિલ છે.

# નીતા અંબાણીને શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે યોગદાન બદલ KIIT દ્વારા માનદ ડોક્ટરેટની પદવી એનાયત




(એજન્સી) ભૂવનેશ્વર, તા.૨૦

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન નીતા એમ. અંબાણીને શિક્ષણ, આરોગ્ય અને સામાજિક વિકાસના ક્ષેત્રમાં તેમના પરિવર્તનકારી યોગદાન બદલ ભૂવનેશ્વરની પ્રતિષ્ઠિત કલિંગા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડસ્ટ્રિયલ ટેક્નોલોજી (KIIT) દ્વારા માનદ ડોક્ટરેટ (D.Litt. Honoris Causa)ની પદવી એનાયત કરવામાં આવી છે. ૧૮ માર્ચના રોજ યોજાયેલા એક ભવ્ય સમારોહમાં આ સન્માન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ અને મહાનુભાવોને સંબોધતા ડૉ.નીતા અંબાણીએ 'સેવા'ના ફિલસૂફી પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સેવા એ પાયો છે જેના પર ન્યાયી અને સમાન વિશ્વનું નિર્માણ થઈ શકે છે. KIIT અને કલિંગા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સ (KISS)ની મુલાકાત લેતા તેમણે આ સંસ્થાઓને 'શિક્ષણના આધુનિક મંદિરો' ગણાવ્યા હતા અને હાંસિયામાં ધકેલાયેલા સમુદાયોને ઉત્થાન આપવાના તેમના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમના સંબોધનમાં ડૉ.અંબાણીએ ભારતની યુવા પેઢીને સંબોધતા કહ્યું હતું કે, 'સફળતાનો અર્થ માત્ર પોતાના માટે સિદ્ધિઓ હાંસલ કરવી એવો નથી પરંતુ સાચી સફળતા અન્યોના જીવનમાં પ્રકાશ લાવવામાં રહેલી છે.' તેમણે વિદ્યાર્થીઓને અપીલ કરી હતી કે, તેઓ મોટા સપના જુએ પરંતુ હંમેશા સચ્ચાઈ અને ધર્મના માર્ગ પર અડગ રહે. નીતા અંબાણીએ ભારતને એકતા માટેની વૈશ્વિક શક્તિ ગણાવી હતી અને સૂચવ્યું હતું કે, રાષ્ટ્રની સૌથી મોટી નિકાસ તેની માનવીય નેતૃત્વ અને સર્વસમાવેશી પ્રગતિ કરવાની ક્ષમતા હોવી જોઈએ. તેમણે યુવા પેઢીને શાંતિ અને એકતાના મૂલ્યો સાથે વૈશ્વિક સ્તરે ભારતની ઓળખ મજબૂત કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આ પદવીદાન સમારોહમાં KIITના સ્થાપક ડૉ.અચ્યુત સામંત અને નોબેલ પુરસ્કાર વિજેતા પ્રોફેસર મોહન મુનાસિંઘે પણ હાજરી આપી હતી. આ પ્રસંગે નીતા અંબાણીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતનું ભવિષ્ય માત્ર ઔદ્યોગિક કે ટેક્નોલોજીકલ વિકાસ પર જ નહીં પરંતુ તેના નાગરિકોના ચારિત્ર્ય પર પણ નિર્ભર છે.

# એક સમયે ગુજરાન ચલાવવા માટે સંઘર્ષ કરતી, હવે તે એપલ અને સેમસંગ સાથે ભાગીદાર છે. વિશ્વની 'ટચસ્ક્રીન ક્વીન'ને મળો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

ઘણા લોકો તેમના ભાગ્યનો શોક કરે છે, પરંતુ કેટલાક એવા પણ છે જે પોતાનું ભાગ્ય જાતે લખે છે. લેન્સ ટેકનોલોજીના સ્થાપક ઝોઉ ક્વિ ફેઈ આવા જ એક વ્યક્તિ છે. ચીનના એક દૂરના ગામમાં જન્મેલા, ઝોઉએ બાળપણથી જ દરેક પગલા પર પડકારો અને મુશ્કેલીઓનો સામનો કર્યો. પરંતુ હાર માનવાને બદલે, તેમણે લડવાની ભાવના દર્શાવી અને એવી સ્થિતિ પ્રાપ્ત કરી જેની કલ્પના પણ કરવી મુશ્કેલ લાગે છે. આજે, તેમની કંપની એપલ, સેમસંગ અને હુઆવેઇ જેવી વિશ્વની અગ્રણી ટેક કંપનીઓને સ્ક્રીન સપ્લાય કરે છે. ઝોઉની આજે કુલ સંપત્તિ આશરે રૂા.૬૦,૦૦૦ કરોડ છે.

ઝોઉનો જન્મ ૧૯૭૦માં ચીનના હુનાન પ્રાંતના એક ખૂબ જ ગરીબ પરિવારમાં થયો હતો. બાળપણથી જ ભાગ્યએ તેની કસોટી શરૂ કરી દીધી હતી. તે માત્ર ૫ વર્ષનો હતો ત્યારે તેની માતાનું અવસાન થયું. તેના પિતા, જે લાકડાનું કામ કરતા હતા, તેમણે એક અકસ્માતમાં પોતાની દૃષ્ટિ ગુમાવી દીધી અને પોતાની આંગળીઓ ગુમાવી દીધી. પરિવારની આર્થિક પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે ઝોઉને નાની ઉંમરે જ શાળા છોડી દેવી પડી. ડિલિવરી બોયથી સુપરસ્ટાર બનેલા વિવેક નાયકના દરેક ગીતને હવે લાખો વ્યૂઝ મળે છે. તેમણે વિદેશમાં પોતાની પહેલી નાગપુરી ફિલ્મ દુબઈમાં શૂટ કરી.

જે ઉંમરે બાળકો રમતગમત અને અભ્યાસમાં વ્યસ્ત હતા, તે ઉંમરે ઝોઉ ઘરકામ સંભાળતી અને



તેના અંધ પિતાની સંભાળ રાખતી. પરંતુ શીખવાની તેની તરસ એવી હતી કે આખો દિવસ કામ કર્યા પછી તે રાત્રે મીણબત્તીના પ્રકાશમાં પુસ્તકો વાંચતી. જ્યારે ઘરની પરિસ્થિતિ વધુ ખરાબ થતી, ત્યારે ૧૬ વર્ષની ઉંમરે, ઝોઉએ તેનું ગામ છોડીને શહેરમાં જવાનું નક્કી કર્યું. સારા ભવિષ્યની શોધમાં તે શેનઝેન ગઈ. ત્યાં તેને ઘડિયાળના લેન્સની ફેક્ટરીમાં કામ મળ્યું. તેણીએ ૧૨ કલાક કામ કર્યું, પરંતુ તે ફક્ત પૈસા કમાવવા માટે નહીં પણ શીખવા માટે આવી હતી. ઝોઉ ઉદ્યોગની ગૂંચવણોને સમજતી હતી અને લગભગ $500 બચાવીને ૧૯૯૩માં તેના ભાઈ-બહેનો સાથે પોતાની નાની વર્કશોપ શરૂ કરી. આ તે પાયો હતો જેણે પાછળથી અબજ ડોલરના સામ્રાજ્યનું સ્વરૂપ લીધું.

જૈનબ મોહસીન શેખ



૧૦ વર્ષની ઉંમરમાં પૂરા રમઝાન મહીનાના રોઝા રાખેલ છે. અલ્લાહ કબુલ કરે... આમીન
-: દુઆગીર :-
અરશીન શેખ (મમ્મી)
મોહસીન શેખ (પપ્પા)
અસફાક શેખ (નાના)

### મિની વાવાઝોડા અને માવઠાએ ખેડૂતોને રાતા પાણીએ રડાવ્યા

# ગુજરાતમાં કમોસમી વરસાદથી ખેડૂતો બરબાદ અનાજ, શાકભાજી સાથે કેરીનો પાક પણ ધોવાયો

## બરબાદીના વરસાદે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના ખેડૂતોને પાયમાલ કર્યા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં અચાનક બે દિવસથી વરસેલા કમોસમી વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન પહોંચ્યુ છે, ગુજરાતના ખેડૂતો બરબાદ થઇ ગયા છે, સૌરાષ્ટ્રથી લઇને ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ખેડૂતોના પાકનું ધોવાણ થયુ છે. રાજ્યમાં ચણા, રાયડો, ઈસબગુલ, વરીયાળીના પાકને નુકસાન પહોંચ્યુ છે, આ ઉપરાંત કેરી અને શાકભાજીના પાકને પણ નુકસાન થવાની શક્યતા છે. રાજ્યમાં ખેડૂતોને માવઠાએ રાતા પાણી રડાવ્યા છે. અચાનક માવઠુ થતાં ખેડૂતોને ફરી એકવાર પડ્યા પર પાટુ જેવી સ્થિતિ પેદા થઇ છે. હાલમાં મળેલા રિપોર્ટ પ્રમાણે, રાજ્યમાં મોટા ભાગના પાકોને મોટું નુકસાન મિની વાવાઝોડા અને માવઠાથી થયુ છે. બરબાદીના વરસાદે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારોના ખેડૂતોને પાયમાલ કર્યા છે. ચણા, રાયડો, ઈસબગુલ, વરીયાળીના પાકને મોટુ નુકસાન પહોંચ્યુ છે. આ ઉપરાંત વાવાઝોડાના કારણે કેરીના પાકને પણ નુકસાન થયુ છે, કમોસમી વરસાદથી શાકભાજી સાથે સાથે અન્ય શિયાળુ પાક પણ પલળી જતાં નુકસાનીની ભીતિ છે. અરવલ્લીના મેઘરજમાં પણ માવઠાએ ચિંતા વધારી છે અહીં બસ સ્ટેશન વિસ્તાર, અંબાવાડી સહિતના વિસ્તારમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસતાં બાગાયતી સહિતની ખેતી કરતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. સાબરકાંઠા જિલ્લામાં પણ બરબાદીનો વરસાદ વરસ્યો, હિંમતનગર, ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા પંથકમાં ભારે પવન સાથે માવઠું થતાં ખેડૂતો નુકસાનની આશંકાથી ચિંતામાં મૂકાયા છે. કારણ કે શિયાળું પાક તૈયાર થઇ ગયો હોય પરંતુ હજું ખેતરમાં જ હોય તેવો પાક પલળતા ખેડૂતોની ચિંતા વધી છે. ગોધરા સહિતના વિસ્તારોમાં માવઠાએ ખેડૂતોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. ખાસ કરીને ફળોની ખેતી કરતા ખેડૂતોને નુકસાન થયું છે. કાચી કેરીઓ ખરી જતાં પારાવાર નુકસાન થયું છે. આ ઉપરાંત ખેડૂતો ચિંતિત છે કારણ કે, વરિયાળી, એરંડા, ઘઉં સહિતના પાકને નુકસાન પહોંચ્યુ છે. અચાનક આવેલા ભારે પવન અને કમોસમી વરસાદને કારણે સુરતથી લઈને જામનગર અને અમદાવાદથી લઈને રાજકોટ સુધી વિનાશના દશ્યો જોવા મળ્યા છે. હાલ લાખોનું અનાજ પાણીમાં પલળી ગયું છે. કેરીનો ૭૦% પાક ખરી ગયો છે.

## રાજ્ય પર વધુ એક સંકટ, ૨૨ માર્ચે વધુ એક સિસ્ટમ થશે એક્ટિવ

IMD મુજબ હાલમાં દેશમાં પાંચ હવામાન સિસ્ટમ એક્ટિવ છે. પરિણામે રાજ્યમાં વરસાદ, તોફાન અને કરા પડયાં છે. હવામાન વિભાગની વધુ એક આગાહીએ ચિંતા વધારી છે. ૨૨ માર્ચ પછી એક નવી સિસ્ટમ સક્રિય થશે. હવામાન વિભાગ અનુસાર, અપર સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે હવામાનમાં ફરી એકવાર પલટો આવશે,. આ સિસ્ટમની અસર, ખાસ કરીને ગુજરાત ઉત્તર મધ્યપ્રદેશ રાજસ્થાન પર અનુભવાઈ શકે છે. આગામી કેટલાક દિવસો સુધી રાજ્યમાં હવામાન આંશિક રીતે અસ્થિર રહેશે. દિવસના તાપમાનનો વધારો થશે અને સાંજે વાદળો ઘેરાશે અને ધૂળ ભરી આંધી સાથે ગાજવીજ સાથે છૂટછવાયો વરસાદ વરસી શકે છે.

## ગીર પંથકમાં ધોધમાર વરસાદ રસ્તાઓ-ખેતરોમાં પાણી ફરી વળ્યા

રાજ્યમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. શુક્રવારે ગીર પંથકના વાતાવરણમાં પલટો આવતા ઉના, ગીર ગઢડા અને તાલાલા સહિતના વિસ્તારોમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. કમોસમી વરસાદને પગલે અનેક માર્ગો પર નદીઓની જેમ પાણી વહેતા થયા હતા. જ્યારે માળીયા હાટીના તાલુકાના અકાળા, કાલીંભડા અને વિરડી સહિતના ગામોમાં અડધો ઈંચ જેટલો વરસાદ ખાબકતા ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીના પાકને અસર થઈ છે. ગીર સોમનાથ જિલ્લો જે કેસર કેરી માટે જાણીતો છે, ત્યાં સિઝનના પ્રારંભે જ કમોસમી વરસાદ પડતા બગીચાના માલિકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. તૈયાર થઈ રહેલા આંબાના મોર અને નાની કેરીઓ ખરી જવાની શક્યતાને પગલે ખેડૂતો ભારે મુંઝવણમાં મુકાયા છે.

### AMCને સુપ્રીમની રાહત, ફેરિયાઓ પર પ્રતિબંધ યથાવત્

# ભદ્ર પરિસરમાં ફેરિયાઓને ફરી પુન: સ્થાપિતના ગુજરાત હાઈકોર્ટના હુકમ પર સુપ્રીમ કોર્ટનો સ્ટે

**ઐતિહાસિક ભદ્ર પરિસરમાં સ્ટેટસ ક્વો જાળવી રાખવાનો આદેશ**

**સુપ્રીમે જાહેર રસ્તાઓ અને ફૂટપાથ પર કોઈપણ પ્રકારના ફેરિયાઓના દબાણ અથવા વેચાણ પ્રવૃત્તિઓ પર કડક પ્રતિબંધ લાદી દીધો**



(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ને રાહત આપતા સુપ્રીમ કોર્ટે અમદાવાદ શહેરના ઐતિહાસિક ભદ્ર પરિસરમાં 'સ્ટેટસ ક્વો' એટલે કે યથાસ્થિતિ જાળવી રાખવાનો મહત્વનો આદેશ આપ્યો છે. આ સાથે જ કોર્ટે જાહેર રસ્તાઓ અને ફૂટપાથ પર કોઈપણ પ્રકારના ફેરિયાઓના દબાણ અથવા વેચાણ પ્રવૃત્તિઓ પર કડક પ્રતિબંધ લાદી દીધો છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની ખંડપીઠે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દાખલ કરવામાં આવેલી સ્પેશિયલ લીવ પિટિશન (SLP) પર સુનાવણી કરતા આ નિર્દેશ આપ્યા હતા. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ગુજરાત હાઈકોર્ટના ૧૩ માર્ચ ૨૦૨૬ના તે ચુકાદા પર રોક સમાન છે, જેમાં હાઈકોર્ટે ફેરિયાઓને ફરી બેસવાની મંજૂરી આપી હતી. હાઈકોર્ટના આદેશ મુજબ આગામી શનિવાર, ૨૧ માર્ચથી ફેરિયાઓ માટે જગ્યાઓ ફાળવવાની પ્રક્રિયા શરૂ થવાની હતી, પરંતુ હવે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ આ પ્રક્રિયા સ્થગિત થઈ ગઈ છે. કોર્ટમાં AMC તરફથી પક્ષ રજૂ કરતા સોલિસિટર જનરલે દલીલ કરી હતી કે ભદ્ર વિસ્તાર અમદાવાદનો સૌથી વ્યસ્ત અને ઐતિહાસિક રીતે સંવેદનશીલ વિસ્તાર છે. અહીં રસ્તાઓ પર ફેરિયાઓને મંજૂરી આપવાથી જાહેર સલામતી અને ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ શકે છે. કોર્પોરેશને કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે અગાઉ અહીં ૧,૫૦૦થી વધુ ફેરિયાઓ રસ્તાઓ અને ફૂટપાથ રોકીને બેસતા હતા, જેના કારણે રાહદારીઓને ચાલવામાં મુશ્કેલી પડતી હતી અને એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડ જેવા ઈમરજન્સી વાહનો માટે પણ રસ્તો બચતો નહોતો. સુપ્રીમ કોર્ટે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લેતા આદેશ આપ્યો છે કે ઓક્ટોબર ૨૦૨૫થી AMC દ્વારા જે દબાણમુક્ત અભિયાન ચલાવવામાં આવ્યું છે, તે સ્થિતિ હાલમાં યથાવત રાખવામાં આવે. આ ચુકાદાથી ભદ્ર પરિસરના જાહેર રસ્તાઓ અને ફૂટપાથ દબાણમુક્ત રહેશે, જેનાથી વાહનવ્યવહાર અને રાહદારીઓના અધિકારોનું રક્ષણ થશે. હવે આ મામલે વધુ સુનાવણી ન થાય ત્યાં સુધી ભદ્ર પ્લાઝામાં ફેરિયાઓના પુનઃવસવાટ કે નવી કોઈ પ્રવૃત્તિ પર રોક રહેશે. કેસની વિગતો અનુસાર અમદાવાદના ભદ્ર વિસ્તારમાંથી પાથરણાવાળાઓને દૂર કરવાના વિવાદમાં થયેલી જાહેરહિતની અરજીનો ગત સપ્તાહે ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો જેમા હાઈકોર્ટે નોધ્યું છે કે, AMCએ સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટનો અમલ કર્યો નથી. AMC પહેલા સર્વે કરે અને સ્ટ્રીટ વેન્ડર્સને સાથે રાખી સ્કીમ બનાવે. ભદ્ર પ્લાઝા એરિયામાં પાથરણાવાળાઓને AMC હટાવી શકશે નહીં. સર્વે વગર ભદ્રને નો વેડિંગ ઝોન જાહેર કરી શકાય નહીં. સર્ટિફાઇડ સ્ટ્રીટ વેન્ડર્સને AMC અગાઉ બનેલા પ્લાન મુજબ જગ્યા આપે.

એટલું જ નહીં AMCના ત્રણ અધિકારીઓ સ્ટ્રીટ વેન્ડર્સના સર્ટિફિકેટ તપાસે તેમાં એક સિનિયર પોલીસ અધિકારી પણ રહેશે. આ કાર્ય ૧ અઠવાડિયામાં કરવાનું રહેશે ૨૧ માર્ચ સુધીમાં ભદ્રના સર્ટિફાઇડ ફેરિયાઓને પુન:સ્થાપિત કરવાના રહેશે. જો કે તેને લઈને આવાગમનનો રસ્તો રોકાય નહીં તેનું વ્યવસ્થાતંત્ર ધ્યાન રાખશે. ભદ્ર ખાતે વેપાર-ધંધો કરતા ફેરીયાઓને હટાવવાની કાર્યવાહી સામે વર્ષ ૨૦૧૪માં ગુજરાત હાઈકોર્ટ ખાતે જાહેર હિતની અરજી થઇ હતી. તેના અનુસંધાને ગુજરાત હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો હતો. ચુકાદા સામે મનાઈ હુકમની માગણી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વકીલ દ્વારા કરવામાં આવી હતી તે નકારી કાઢવામાં આવી હતી. AMCના રેકોર્ડ મુજબ અહીં ૮૪૪ ફેરિયાઓને સમાવી શકાય છે, પરંતુ ૫૮૬ ફેરિયાઓને પ્રમાણપત્ર અપાયાનું AMCએ જણાવ્યું હોવાથી તેમને પુન; સ્થાપિત કરવા અને બાકી રહેલા ૨૫૮ ફેરિયાઓને દિવાળી પહેલાની હંગામી વ્યવસ્થાની જેમ રિલોકેટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ બાબતે આગળ કાર્યવાહીની જરૂર પડે તો સુનાવણી ૧૭ એપ્રિલે યોજવામાં આવશે.

### આગામી જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીની તૈયારીઓ તેજ

# ગુજરાતમાં ૩૪ જિલ્લા અને ૨૬૦ તાલુકા પંચાયતો માટે નવું સીમાંકન પૂર્ણ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૨૦

ગુજરાત રાજયમાં જિલ્લા અને તાલુકા પંચાયતની આવનારી ચૂંટણીને લઈને રાજ્ય ચૂંટણી આયોગે તૈયારી તેજ કરી દીધી છે. ચૂંટણી પ્રક્રિયાના પ્રથમ મહત્વપૂર્ણ તબક્કા રૂપે આગામી ૨૩ માર્ચે પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે, જેને કારણે રાજયભરમાં ચૂંટણીનો માહોલ ગરમાયો છે. આયોગે વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે રાજ્યની ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોના મતવિસ્તારોનું સીમાંકન પૂર્ણ કર્યું છે. આ નવા સીમાંકનને આધારે વિધાનસભાની તાજી

### ૨૩ માર્ચે પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ કરાશે

ફોટોવાળી મતદારયાદી પરથી પંચાયતવાર નવી યાદીઓ તૈયાર કરવામાં આવી રહી છે. જાહેર કાર્યક્રમ મુજબ ૨૩ માર્ચે યાદી પ્રસિદ્ધ થયા બાદ નાગરિકો પોતાના નામોની ચકાસણી કરી શકશે. જો કોઈ ભૂલ કે નામ ન હોય તો ૨૭ માર્ચ સુધી દાવા-આક્ષેપો રજૂ કરી શકાશે. ત્યારબાદ આક્ષેપોની તપાસ પૂર્ણ કરીને ૩૦ માર્ચ સુધીમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે અને પછી આખરી મતદારયાદી જાહેર થશે. ચૂંટણીને પારદર્શક બનાવવા માટે તમામ જિલ્લાઓમાં ચૂંટણી અધિકારીઓ (RO) અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ (ARO)ની નિમણૂક કરી દેવામાં આવી છે. આ સાથે જ મતદાર નોંધણી અધિકારીઓ અને મામલતદારોને સૂચના આપવામાં આવી છે કે તેઓ નમૂના-૨ મુજબ ચોક્કસ અને અપડેટેડ યાદીઓ તૈયાર કરે. ખાસ વાત એ છે કે ઉમેદવારી પત્રોની છેલ્લી તારીખ સુધી પૂરવણી મતદારયાદી દ્વારા નામ ઉમેરવા, સુધારવા અથવા કાઢવાની પ્રક્રિયા ચાલુ રહેશે, જેના કારણે મતદારોને વધુ તક મળશે. આ સમગ્ર પ્રક્રિયા સાથે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે રાજકીય ચહલપહલ તેજ બની છે.

# વિશ્વનો પ્રથમ 'અવિશ્વસનીય' હુમલો : ઈરાને 'અજેય' અમેરિકન ફાઈટર જેટને કેવી રીતે તોડી પાડ્યું ?

**ઈરાનના હવાઈ સંરક્ષણ દ્વારા F-35 જેવા અદ્યતન સ્ટીલ્થ ફાઈટર જેટ પર હુમલો કરવામાં આવ્યો છે. આ યુદ્ધમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના છે કારણ કે, અમેરિકાએ ઈરાની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને નષ્ટ કરવાની વાત કરી છે. ઈરાને યુએસ ફાઈટર જેટને કેવી રીતે તોડવામાં સફળતા મેળવી ?**



(એજન્સી) તા.૨૦

અમેરિકાના સૌથી અદ્યતન સ્ટીલ્થ ફાઈટર જેટ F-35, તેના સમગ્ર ઓપરેશનલ ઈતિહાસમાં ક્યારેય યુદ્ધમાં નાશ પામ્યું નથી. ૧૯ માર્ચના રોજ ઈરાને તેને તોડી પાડ્યું. ઈરાનના હવાઈ સંરક્ષણ દ્વારા F-35 જેવા અદ્યતન સ્ટીલ્થ ફાઈટર જેટ પર હુમલો કરવામાં આવ્યો છે. અમેરિકાએ કહ્યું કે, જેટે મધ્ય પૂર્વમાં એક બેઝ પર કટોકટી ઉતરાણ કર્યું, જો કે, ઈરાને દાવો કર્યો હતો કે, તે ક્રેશ થયું હતું. બીજા F-35 જેટને પણ ઈરાનના બંદર અબ્બાસ ઉપર ટક્કર મારવામાં આવી હોવાના અહેવાલ છે. તે એક સુસંગત પ્રશ્ન ઉઠાવે છે. ઈરાન, તેના ક્ષતિગ્રસ્ત હવાઈ સંરક્ષણ સાથે, વિશ્વના સૌથી અદ્યતન અને મોંઘા વિમાનોમાંના એકને કેવી રીતે ટક્કર આપવામાં સફળ રહ્યું ?

યુએસ એફ-૩૫ વિમાન જ્યારે ઈરાનના મધ્ય ભાગ ઉપર ઉડાન ભરી રહ્યું હતું ત્યારે તે હુમલો થયો હતો, જે અમેરિકાના સુરક્ષા વર્તુળોમાં એવા દાવાનો વિરોધાભાસ દર્શાવે છે કે, ઈરાની હવાઈ સંરક્ષણ વ્યવસ્થા નબળી પડી ગઈ છે. યુએસ નિવેદન જારી કરે તે પહેલાં જ ઈરાને ફૂટેજ પ્રકાશિત કર્યો જેમાં તે ક્ષણ દર્શાવવામાં આવી હતી જ્યારે ઈરાની હવાઈ સંરક્ષણ એજન્સીઓએ ૧૦૦ મિલિયન ડોલરથી વધુ કિંમતના અમેરિકન જેટને ટ્રેક કર્યો અને અટકાવ્યો હતો.

નિષ્ણાતોએ કહ્યું કે, તે યુદ્ધમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ક્ષણ હતી. હાલમાં લગભગ ૧૫ દેશો F-35ના વિવિધ સંસ્કરણો વાપરે છે. ગયા વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વ્હાઈટ હાઉસની મુલાકાતે આવ્યા ત્યારે ટ્રમ્પ દ્વારા ભારતને પણ આ જેટ ઓફર કરવામાં આવ્યું હતું. જો કે, ભારતે અત્યાર સુધી કોઈ ઈચ્છા વ્યક્ત કરી નથી.

F-35એ યુએસ એરોસ્પેસ ક્ષમતાઓ છે. તે ટ્રિલિયન ડોલરના કાર્યક્રમનું ઉત્પાદન છે. પરંતુ હવે તેનો નાશ કરીને ઈરાને બતાવ્યું છે કે, અત્યાધુનિક જેટમાં ચોક્કસ નબળાઈઓ છે. પરંતુ રડારથી બચવા માટે ખાસ રચાયેલ સ્ટીલ્થ વિમાનને કેવી રીતે મારવામાં આવ્યું ? સંરક્ષણ નિષ્ણાત સંદીપ ઉન્નિથને કહ્યું કે, કહેવાતી સ્ટીલ્થ ટેક્નોલોજી હતી. કંપનીના બ્રોશર દાવો કરી શકે છે કે, તે રડાર માટે સંપૂર્ણપણે અદશ્ય છે. પરંતુ તેને શોધવાની અન્ય રીતો પણ છે. તેમાંથી એક ગરમી દ્વારા છે. ગુરૂવારે બરાબર આવું જ બન્યું હતું.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા PM મોદી ગુજરાતના પ્રવાસે આવશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે ગુજરાતના રાજકીય માહોલમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ, આગામી ૩૧મી તારીખે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવી શકે છે. PM મોદીના આ પ્રવાસને લઈને વહીવટી તંત્ર અને સંગઠન સ્તરે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતના વાવ અને થરાદ પંથકમાં વડાપ્રધાનની મુલાકાતને લઈને



**વાવ-થરાદમાં જંગી જનસભાની શક્યતા**

કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનના આ પ્રવાસ દરમિયાન વાવ અને થરાદની મુલાકાત લે તેવી પ્રબળ શક્યતા છે. આ વિસ્તારમાં વડાપ્રધાનના હસ્તે વિવિધ વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ અથવા ખાતમુહૂર્ત પણ થઈ શકે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક હોવાથી PMની આ મુલાકાત ભાજપ માટે ખૂબ જ મહત્વની માનવામાં આવે છે. છેલ્લી કેટલીક ચૂંટણીઓના સમીકરણો જોતા, વાવ-થરાદ ભાજપ પોતાનો ગઢ વધુ મજબૂત કરવા માંગે છે, જેના ભાગરૂપે આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હોવાનું મનાય છે.

# વાહન અકસ્માત કેસના અરજદારનું મોતનું સત્ય ૧૧ વર્ષ સુધી વકીલે હાઈકોર્ટથી છુપાવ્યું

## હાઈકોર્ટે અરજી કરનારને રજૂ કરવા વકીલને કહેતા ઘટસ્ફોટ થયો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૨૦

ગુજરાત હાઈકોર્ટમાં એક ચોંકાવનારો કિસ્સો બન્યો છે. એક વકીલે હાઈકોર્ટથી ૧૧ વર્ષ સુધી એક સત્ય છુપાવ્યું હતું, જે તેના ક્લાયન્ટના મોતનું સત્ય હતું. હાઈકોર્ટને આ વાતની જાણ પણ ન થવા દીધી. હાઈકોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો છે. પરંતુ હવે આ કેસમાં નવો ટ્વિસ્ટ આવતા હાઈકોર્ટે ચુકાદાના દિવસે વકીલને અરજી કરનારને રજૂ કરવા કહ્યું હતું. આ પર વકીલે કહ્યું કે, અરજી કરનારનું મોત ૧૧ વર્ષ પહેલા જ થઈ ચૂક્યું છે. આ વાત સાંભળીને હાઈકોર્ટના જજ પણ હેરાન રહી ગયા હતા. તેઓએ વકીલને ફટકાર લગાવી હતી. કેસની વિગતો મુજબ આ કિસ્સો જાન્યુઆરી, ૨૦૦૩નો છે. મકવાણા નામના એક શખ્સ બાઈક પર જઈ રહ્યા હતા, ત્યારે એક ટ્રકે તેમને પાછળથી ટક્કર મારી હતી. ઘટનામાં બાઈક પર પાછળ સવાર વ્યક્તિનું મોત નિપજયું હતું. આ ઘટનામાં મકવાણા પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેના બાદ તેઓ લકવાગ્રસ્ત બન્યા હતા. આ બાદ તેઓએ વડોદરાની આઈપીસીએલ કંપનીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી હતી. વર્ષ ૨૦૧૨માં મોટર દુર્ઘટના એક્ટ અંર્તગત તેઓને ટ્રક માલિક અને વીમા કંપનીને ૧૦.૪ લાખ રૂપિયા વળતર આપવાનો આદેશ કરાયો હતો. આ રકમથી અસંતુષ્ટ થઈને તેઓએ વધુ વળતર માટે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. ૨૭ જાન્યુઆરીના રોજ કોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. અદાલતે અરજીકર્તાના વકીલને આદેશ આપ્યો કે, ૩ ફેબ્રુઆરીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા મકવાણાને રજૂ કરવામાં આવે. આ દરમિયાન વકીલે પહેલીવાર કોર્ટને કહ્યું કે, મકવાણાનું નિધન ૨૦૧૫ માં થયું હતુ. આ સાંભળીને જસ્ટિસ સંગીતા વિનેશ અને જસ્ટિસ નિશા ઠાકોરે વકીલને આકરા શબ્દોમાં ફટકાર લગાવી હતી. કોર્ટે કહ્યું હતુ કે, આટલી મહત્વપૂર્ણ માહિતી છુપાવવી ગંભીર લાપરવાહી છે. તેના બાદ અદાલતે ગુજરાત રાજ્ય વિધિક સેવા પ્રાધિકરણનો નિર્દેશ આપ્યો કે, મકવાણાના કાયદાકીય વારસ વિશે માહિતી મેળવવામાં આવે, અને તેઓને આ કેસમાં સામેલ કરે. ૨૫ ફેબ્રુઆરીના રોજ કોર્ટે અપીલ મંજૂર કરી હતી. હવે મકવાણાના બંને દીકરીઓને કોર્ટમાં અપીલકર્તા બનાવાઈ છે. હવે તેમને ૩૭.૨ લાખ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવશે. કોર્ટે એ પણ જણાવ્યું કે, મકવાણાના પત્નીનું નિધન વર્ષ ૨૦૧૯ માં થયું છે. જ્યારે તેમના સંતાનોનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેઓને આ વિશે કોઈ ખબર ન હતી.

**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૧ માર્ચ-૨૦૨૬ | રૂા. | ૫૩.૦૦ |

### હવે રાંધણગેસ માટે લાઈનમાં ઊભા રહેવાની જરૂર નહીં

# મોબાઈલના એક ક્લિકથી ઘરે આવશે સિલિન્ડર, વોટ્સએપ, મિસ્ડકૉલ, SMS, ઓનલાઈન બુકિંગ અને સ્માર્ટફોન એપથી થશે બુકિંગ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૨૦

રાજ્યમાં રાંધણગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને રાજ્ય સરકાર દ્વારા તે અંગે કોઈ પણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરવામાં આવી છે. ગેસ એજન્સીઓ તરફથી LPG સિલિન્ડરની યોગ્ય આપૂર્તિ સુનિશ્ચિત કરવા માટે ચોક્કસ દેખરેખ રાખવામાં આવી રહી છે અને નાગરિકોએ તેમના સિલિન્ડર માટે એજન્સીએ જઈને લાઈનમાં ઊભા રહેવાની જરૂર નથી. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા નાગરિકોને તેમના ઘરે જ સરળતાથી સિલિન્ડર મળી રહે તે માટે ટેક્નોલોજીના ઉપયોગથી પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. નાગરિકોને મોબાઈલના એક ક્લિકથી જ સિલિન્ડર મળી રહે તે માટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા તમામ સુવિધાઓ પ્રદાન કરવામાં આવી છે. LPG બુકિંગ અને રિફીલ માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નોંધાયેલા લાભાર્થીઓ વોટ્સએપ, મિસ્ડ કૉલ, SMS/IVR બુકિંગ, સ્માર્ટફોન એપ્લિકેશન અને કંપનીના સત્તાવાર પોર્ટલનો ઉપયોગ કરીને સરળતાથી બુકિંગ કરી શકે છે.

બુકિંગ માટેની સુવિધાઓ

IOCLના જણાવ્યા અનુસાર મોબાઈલ દ્વારા LPG બુકિંગ માટે નીચે મુજબની સુવિધાઓનો ઉપયોગ કરી શકાય છે. બુકિંગ બાદ સરળતાથી સિલિન્ડરની હોમ ડિલીવરી થઈ જશે.

વોટ્સએપ માટે: ૭૫૮૮૮૮૮૮૨૪

રજીસ્ટર્ડ નંબર દ્વારા કોલથી બુકિંગ માટે: ૮૪૫૪૯૫૫૫૫૫

SMS / IVRS બુકિંગ માટે : ૭૭૧૮૯૫૫૫૫૫

મોબાઈલ એપ: IndianOil ONE

ઓનલાઈન પોર્ટલ: https://cx.indianoil.in

HP ગેસની બુકિંગ માટે નીચેની સુવિધાઓ ઉપલબ્ધ છે:

વોટ્સએપ માટે: ૯૨૨૨૨૦૧૧૨૨

રજીસ્ટર્ડ નંબર દ્વારા કોલથી બુકિંગ માટે: ૯૪૯૩૬૦૨૨૨૨

SMS / IVRS બુકિંગ માટે: ૮૮૮૮૮૨૩૪૫૬

મોબાઈલ એપ: HP PAY

ઓનલાઈન પોર્ટલ: https://myhpgas.in

ભારતગેસ દ્વારા સરળ બુકિંગ સુવિધાઓ

વોટ્સએપ માટે : ૧૮૦૦૨૨૪૩૪૪

રજીસ્ટર્ડ નંબર દ્વારા કોલથી બુકિંગ માટે: ૭૭૧૦૯૫૫૫૫૫

SMS / IVRS બુકિંગ માટે: ૭૭૧૫૦૧૨૩૪૫

મોબાઈલ એપ: HelloBPCL

ઓનલાઈન પોર્ટલ: my.ebharatgas.com

# RTE પ્રવેશમાં પારદર્શિતા વધશે : હવે વાલીઓ પોતાની પસંદગીની પાળી પસંદ કરી શકશે

## RTE પોર્ટલમાં 'સવાર-બપોર' પાળીનો નવો વિકલ્પ ઉમેરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં રાઈટ ટુ એજ્યુકેશન (RTE) હેઠળ પ્રવેશ લેતા વિદ્યાર્થીઓ સાથે થતો ભેદભાવ દૂર કરવા માટે શિક્ષણ વિભાગે મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. હવે RTE પોર્ટલમાં ટેક્નિકલ સુધારા કરીને વાલીઓને પોતાના બાળક માટે પસંદગીની પાળી પસંદ કરવાની સુવિધા આપવામાં આવશે. આ નિર્ણયથી ખાનગી શાળાઓની મનમાની પર રોક લગાવવામાં આવશે. હાલ સુધી ઘણી ખાનગી શાળાઓ RTE હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને માત્ર બપોરની પાળીમાં જ દાખલ કરતી હતી, જ્યારે સવારની પાળી ફી ચૂકવતા વિદ્યાર્થીઓ માટે જ રાખવામાં આવતી હોવાની ફરિયાદો સામે આવી હતી. આ કારણે વાલીઓ અને વિદ્યાર્થીઓને વિવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ખાસ કરીને પરિવહન, સમય વ્યવસ્થા અને અભ્યાસની ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા થતા હતા. RTE કાયદા અનુસાર, ખાનગી શાળાઓએ ધોરણ-૧માં કુલ બેઠકોમાંથી ૨૫ ટકા બેઠકો આર્થિક રીતે નબળા વર્ગના બાળકો માટે અનામત રાખવાની હોય છે. છતાં પણ કેટલીક શાળાઓ આ વિદ્યાર્થીઓને અલગ પાળીમાં રાખીને પરોક્ષ રીતે ભેદભાવ કરતી હતી. આ મુદ્દે 'મુખ્યમંત્રી જનસંવાદ પોર્ટલ' પર મોટી સંખ્યામાં ફરિયાદો નોંધાઈ હતી. આ ફરિયાદોને ગંભીરતાથી લઈ પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીએ RTE પોર્ટલમાં સુધારા કરવાનો નિર્ણય કર્યો છે. હવે પોર્ટલ પર શાળાઓની કુલ બેઠકો સાથે પાળી મુજબની વિગતો પણ દર્શાવવામાં આવશે. વાલીઓ ફોર્મ ભરતી વખતે જ 'સવાર' કે 'બપોર' પાળી પસંદ કરી શકશે, જેથી શાળાઓ પોતાની મરજી મુજબ પાળી ફાળવી શકશે નહીં. શિક્ષણ વિભાગના જણાવ્યા મુજબ, આ નવા ફેરફારો બાદ ટૂંક સમયમાં RTE પ્રવેશ પ્રક્રિયાનું સમયપત્રક જાહેર કરવામાં આવશે. આ નિર્ણયથી લાખો વાલીઓને રાહત મળશે અને શિક્ષણમાં સમાનતા તથા પારદર્શિતાનો સિદ્ધાંત વધુ મજબૂત બનશે.

# ઉણ પ્રકરણ : પાંચ આરોપીઓને સોમવાર સુધીના રિમાન્ડ

## શિહોરી કોર્ટ સંકુલ પોલીસ છાવણીમાં ફેરવાયું

(સંવાદદાતા દ્વારા) ડીસા,તા.૨૦

ઓગડ તાલુકાના ઉણ ગામે પ્રેમલગ્નના મુદ્દે રબારી અને ચૌધરી સમાજ વચ્ચે થયેલા ઘર્ષણ મામલે નોંધાયેલા ગુનામાં શિહોરી જ્યુડિશિયલ કોર્ટે પાંચ આરોપીઓને સોમવાર સવારે ૧૧ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ ઘટનાને લઈને થરા પોલીસ સ્ટેશનમાં ગુના નંબર ૨૬૦૨૯૦/૨૦૨૬ હેઠળ બી.એન.એસ.ની કલમો ૧૮૯ (૨), ૧૮૯ (૩), ૧૯૧(૨), ૧૯૧ (૩), ૧૧૮ (૧), ૧૦૯ (૧), ૬૧(૨), ૩૨૪ (૫) સહિતના ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. આ કેસમાં ૧૬ નામજોગ આરોપીઓ ઉપરાંત આશરે ૧૦૦૦ લોકોના ટોળા સામે ગુનો નોંધાયો હતો. રેન્જ આઈજી પરીક્ષિતા રાઠોડના જણાવ્યા મુજબ ઘટનાના સમયે લગભગ ૩૫ જેટલા લોકોની અટકાયત કરવામાં આવી હતી.ત્યારબાદ આજે (૨૦ માર્ચ, ૨૦૨૬) પાંચ આરોપીઓને શિહોરી કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટમાં રજૂ કરાયેલા આરોપીઓમાં ખેડૂત આગેવાન અમરાભાઈ ચૌધરી, શીતલ ગિરધરભાઈ પટેલ, ભારમલ જેવતાભાઈ ચૌધરી, નરેશભાઈ ખેતાભાઈ ચૌધરી અને વિજય શંકરભાઈ ચૌધરીનો સમાવેશ થાય છે.પોલીસે પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી, પરંતુ કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ઘટનામાં ચાર પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા તેમજ મોટા પાયે વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી.આરોપીઓને કોર્ટમાં રજૂ કરતી વખતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.કોર્ટ પરિસરમાં આરોપીઓના સગા-સંબંધીઓનો મોટો જમાવડો જોવા મળ્યો હતો, જેને કારણે સમગ્ર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાયો હતો. રિમાન્ડ મળ્યા બાદ આરોપીઓને ડીસા પીઆઈ મેહુલ કોટવાલની હાજરીમાં પોલીસ વાન મારફતે લઈ જવામાં આવ્યા હતા.

**પાસપોર્ટ ખોવાયેલ છે**

મારૂં નામ **મોહમ્મદ હારૂન અબ્બાસ શેખ** છે મારો પાસપોર્ટ નં:- **R-836720** જેની ઈસ્યુ તારીખ- ૨૭/૦૬/૧૯૯૪ અને એક્ષપાયરી તારીખ- ૨૬/૦૬/૨૦૦૪ છે. જે વર્ષ ૨૦૦૪માં અમારા મકાનમાં પાણી ભરાઈ જવાથી અમારા કેટલાક દસ્તાવેજી તથા સરકારી - અર્ધસરકારી પુરાવાઓના સાથે પાસપોર્ટ પણ તણાઈ ગયેલ હતી. જેની ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી જેથી જે કોઈને મળે તો નીચેના સરનામે પરત આપવા નમ્ર વિનંતી છે.

લી. મોહમ્મદ હારૂન અબ્બાસ શેખ
રહેવાસી.: એએફ-૭
જી.એન.પાર્ક, પીરામણ,
અંકલેશ્વર, જી. ભરૂચ.
મો.: ૯૪૨૭૧ ૮૮૨૦૦

**Radisson Blu Hotel Ahmedabad**

**Tender Notice**

**Sealed tenders are invited from reliable vendors for supply of the following items on annual rate contract for a period commencing from 01st April 2026 to 31st March 2027**

Food & Beverage: American Shelled Corn/Frozen Vegetables/Chinese food Ingredients / Italian food ingredients/ Japanese food ingredients/ Chicken/ Mutton/ Eggs /Fresh & Frozen Sea Food/ Fresh Fruits/ Indian & English fresh Vegetable/Local dry provisions and Groceries/ Dry Fruits/Ice Cream & Kulfi/ Juices/Milk & Milk Products/Cold Cuts (Pork & Chicken)/ Indian Sweets/Farsan/ Bakery Products/ and Canned food Products/ Soft beverages. General Item: Guest supplies/Office stationery/ biodegradable disposable items/ Cleaning chemicals/Liquid Fuel/ Charcoal/Cake Base & Boxes/ Cleaning supplies/ Electrical/Printing stationery/Uniforms/Plumbing/Paint

Tender Form can be obtained on payment of INR 1000/- (Non Refundable) for each category and is available with the Purchase Dept. at the hotel from 20th March. 2025 (Friday to Monday) between 11.00 am to 04.00pm Last day for the receipt of the complete tender is 27th March. 2025 before 06.00 pm. Rates must be inclusive of delivery and any other charges and exclusive of GST.

The management reserves the right to reject or accept an offer or in part, without assigning any reason whatsoever and no representation shall be entertained. Please send sealed tender to the Purchase Manager at the following address.

Radisson Blu Hotel, Panchvati Cross Road, Off. C.G Road, Ahmedabad-38006
Mobile No- 7043505816, shani.singh@rdahmedabad.com

# આકાશમાં ફટકો : ઈરાને 'અજેય' યુએસ F-35 પર હુમલો કર્યો, પેન્ટાગોન ચિંતિત

**પશ્ચિમ એશિયામાં એક યુએસ સ્ટીલ્થ ફાઈટર જેટને મિશનની મધ્યમાં પાછા વાળવાની ફરજ પડી હતી અને તે વોશિંગ્ટન અને તેહરાનના પ્રતિસ્પર્ધી દાવાઓ સાથેના સંઘર્ષ વિશે નવા પ્રશ્નો ઊભા કરે છે**

(એજન્સી) તા.૨૦

ઈરાન સાથેની લડાઈના એક મિશન પછી AUS F-35 સ્ટીલ્થ ફાઈટર જેટને પશ્ચિમ એશિયામાં કટોકટી ઉતરાણ કરવાની ફરજ પડી હતી. તેહરાને દાવો કર્યો હતો કે, તેણે વિમાનને તોડી પાડ્યું હતું, જો તેની પુષ્ટિ થાય છે, તો તે યુદ્ધમાં પ્રથમ હશે. યુએસ સૈન્યએ પુષ્ટિ કરી નથી કે જેટને તોડી પાડવામાં આવ્યો હતો. જો કે, યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ)એ સ્વીકાર્યું કે વિમાન ઈરાન ઉપર એક ઓપરેશનલ મિશન પર હતું જ્યારે તેને ડાયવર્ટ કરવું પડ્યું. પાયલોટ સુરક્ષિત છે અને ઘટનાની તપાસ ચાલી રહી છે. આ ઘટના ઝડપથી ચાલુ સંઘર્ષમાં એક મુખ્ય મુદ્દો બની ગઈ છે, કારણ કે, તે એક મોટો પ્રશ્ન ઉઠાવે છે: શું વિશ્વના સૌથી અદ્યતન સ્ટીલ્થ જેટને સક્રિય લડાઈમાં ટ્રેક અને નિશાન બનાવી શકાય છે? ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી)એ જણાવ્યું હતું કે, તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ સ્થાનિક સમય મુજબ સવારે ૨:૫૦ વાગ્યે મધ્ય ઈરાન ઉપર F-35ને નિશાન બનાવ્યું હતું. એક નિવેદનમાં તેણે આ હુમલાને એક સફળતા તરીકે વર્ણવ્યું હતું, દાવો કર્યો હતો કે, વિમાનને ગંભીર નુકસાન થયું હોઈ શકે છે. આ દાવાઓની સ્વતંત્ર રીતે ચકાસણી કરવામાં આવી નથી. યુએસ સંરક્ષણ અધિકારીઓએ કહ્યું છે કે, જેટ સપાટીથી હવામાં પ્રહાર કરતા મિસાઈલ બેરેજમાં ફસાઈ ગયું હશે પરંતુ અધિકારીઓએ સીધી હિટની પુષ્ટિ કરવાનું ટાળ્યું છે. સેન્ટકોમના પ્રવક્તા કેપ્ટન ટિમ હોકિન્સે જણાવ્યું હતું કે, વિમાન 'સુરક્ષિત રીતે ઉતર્યું' અને પાયલોટ 'સ્થિર સ્થિતિમાં' હતો. આ ઘટનાના કારણની હજુ પણ તપાસ કરવામાં આવી રહી છે. F-35 લાઈટનિંગ IIએ વિશ્વના સૌથી અદ્યતન ફાઈટર જેટમાંનું એક છે અને યુએસ હવાના યુદ્ધનો મુખ્ય ભાગ છે. ૧૦૦ કરોડ ડોલરથી વધુ કિંમતનું આ વિમાન શોધથી બચવા અને વિવાદિત હવાઈ ક્ષેત્રમાં સંચાલન કરવા માટે છે. ૧૯થી વધુ દેશો કાં તો વિમાનનું સંચાલન કરે છે અથવા તેને તૈનાત કરવાની તૈયારી કરી રહ્યા છે. જો ઈરાનનો દાવો સાચો સાબિત થાય છે, તો તે સેવામાં આવ્યા પછી યુદ્ધ દરમિયાન F-35ને સફળતાપૂર્વક હિટ કરવાનો પ્રથમ કિસ્સો હશે. અહેવાલો અનુસાર યુ.એસ.એ સંઘર્ષ દરમિયાન અનેક વિમાનો ગુમાવ્યા છે, જેમાં ડ્રોન અને ક્રૂ પ્લેટફોર્મનો સમાવેશ થાય છે. બધા નુકસાન દુશ્મનની કાર્યવાહીને કારણે થયા નથી. કુવૈતી હવાઈ સંરક્ષણ સાથે સંકળાયેલી મૈત્રીપૂર્ણ ફાયર ઘટનામાં ત્રણ F-15 જેટને તોડી પાડવામાં આવ્યા હોવાના અહેવાલ છે, જ્યારે ઈરાકમાં KC-135 રિફ્યુઅલિંગ એરક્રાફ્ટ ક્રેશમાં સવાર તમામ છ ક્રૂ સભ્યો માર્યા ગયા હતા. આ દરમિયાન ઈરાને કહ્યું છે કે, તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ તાજેતરના દિવસોમાં ૧૦૦થી વધુ ડ્રોનને અટકાવ્યા છે - આ દાવો હજુ પણ અપ્રમાણિત છે. વરિષ્ઠ યુએસ અધિકારીઓ સતત કહે છે કે, વ્યાપક લશ્કરી અભિયાન યોજના મુજબ આગળ વધી રહ્યું છે. સંરક્ષણ સચિવ પીટ હેગસેથે કહ્યું કે, યુએસ નિર્ણાયક રીતે જીતી રહ્યું છે અને દાવો કર્યો કે, ઈરાનનું હવાઈ સંરક્ષણ નેટવર્ક નોંધપાત્ર રીતે નબળું પડી ગયું છે. હાલ માટે F-35નું શું થયું તે અસ્પષ્ટ છે પરંતુ તેના સ્પર્ધાત્મક દાવાઓએ પહેલાથી જ એક સંઘર્ષમાં એક નવો વિવાદ શરૂ કર્યો છે.

# ઈરાનના હુમલાથી ૨૬ અબજ ડૉલરના ખર્ચ સાથે બનાવવામાં આવેલ સુવિધાને ૨૦ અબજ ડૉલરનું નુકસાન : કતાર ગેસના CEO અલ-કાબી

**અસરગ્રસ્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેનો અંદાજ ૨૬ અબજ ડૉલરનો ખર્ચ થયો હોવાનો અંદાજ છે, તે કતારના વૈશ્વિક ઊર્જા પુરવઠા નેટવર્કનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે, આ વિક્ષેપથી વાર્ષિક આવકમાં આશરે ૨૦ અબજ ડૉલરનું નુકસાન થઈ શકે છે**

(એજન્સી) તા.૨૦

ઈરાની હુમલાઓએ કતારના LNG ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અંદાજે ૨૬ અબજ ડૉલરના નુકસાન પહોંચાડ્યું છે, જેનાથી વાર્ષિક આવકમાં લગભગ ૨૦ અબજ ડૉલર જોખમ છે. આ હુમલાઓએ કતારની લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) નિકાસ ક્ષમતાના લગભગ ૧૭% ભાગને ખોરવી નાખ્યો છે. કટોકટીના પ્રમાણે માત્ર વિક્ષેપ તરફ જ નહીં પરંતુ કતારએનર્જીના CEO સાદ શેરીદા અલ-કાબી તરફ પણ વૈશ્વિક ધ્યાન ખેંચ્યું છે, જે પ્રતિભાવનું નેતૃત્વ કરનાર કેન્દ્રીય વ્યક્તિ છે. કતારએનર્જીના સીઈઓ અને કતારના ઊર્જા બાબતોના રાજયમંત્રી તરીકે, અલ-કાબી તાજેતરના વર્ષોમાં ગલ્ફ ઊર્જા માળખા પર થયેલા સૌથી ગંભીર હુમલાઓના પરિણામ સમજાવતા મુખ્ય અવાજ બન્યા છે. અલ-કાબીના જણાવ્યા અનુસાર કતારની ૧૪ LNG ટ્રેનોમાંથી બે અને તેની બે ગેસ-ટુ-લિક્વિડ સુવિધાઓમાંથી એકને હુમલામાં નુકસાન થયું હતું. આ અસરથી વાર્ષિક આશરે ૧ કરોડ ૨૮ લાખ ટન LNG ઉત્પાદન બંધ થઈ ગયું છે, જેમાં પુનઃપ્રાપ્તિમાં ત્રણથી પાંચ વર્ષનો સમય લાગવાની અપેક્ષા છે. અસરગ્રસ્ત માળખા, જેનો ખર્ચ ૨૬ અબજ ડૉલર હોવાનો અંદાજ છે, તે કતારના વૈશ્વિક ઊર્જા પુરવઠા નેટવર્કનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. આ વિક્ષેપથી વાર્ષિક આવકમાં આશરે ૨૦ અબજ ડૉલરનું નુકસાન થઈ શકે છે, જે કટોકટીના પ્રમાણને દર્શાવે છે. અલ-કાબીએ આ હુમલાઓ પર આઘાત વ્યક્ત કરતાં કહ્યું, મેં ક્યારેય સપનામાં પણ વિચાર્યું ન હતું કે, કતાર પર આ રીતે હુમલો થશે. તેમણે રમઝાનના પવિત્ર મહિના દરમિયાન થયેલા હુમલાઓનો ઉલ્લેખ કર્યો હતો. આ નુકસાન LNG નિકાસથી વધુ છે. કતારના કન્ડેન્સેટ શિપમેન્ટમાં ૨૪% ઘટાડો થવાનો અંદાજ છે, જ્યારે લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસનું ઉત્પાદન ૧૩% ઘટી શકે છે. હિલિયમ ઉત્પાદનમાં ૧૪% ઘટાડો થઈ શકે છે અને નેપ્થા અને સલ્ફર ઉત્પાદન બંનેમાં લગભગ ૬% ઘટાડો થવાની ધારણા છે. ઈરાની ઊર્જા સુવિધાઓ પર ઈઝરાયેલી હુમલાઓ બાદ, પ્રદેશમાં વધતા તણાવ વચ્ચે તેઓને આ હુમલાઓનો સામનો કરવો પડ્યો હતો. વધતા જતા સંઘર્ષને કારણે વૈશ્વિક ઊર્જા પુરવઠા શૃંખલાઓની સ્થિરતા અંગે ચિંતા વધી રહી છે, ખાસ કરીને યુરોપ અને એશિયાના મુખ્ય બજારો માટે આ ચિંતાનો વિષય છે. અલ-કાબીએ સંકેત આપ્યો હતો કે, કતારએનર્જીને પાંચ વર્ષ સુધી લાંબા ગાળાના LNG કરારો પર ફોર્સ મેજ્યોર જાહેર કરવાની ફરજ પડી શકે છે. પરિણામે ઈટાલી, બેલ્જિયમ, દક્ષિણ કોરિયા અને ચીન સહિતના દેશોને સપ્લાય વિક્ષેપોનો સામનો કરવો પડી શકે છે. આ લાંબા ગાળાના કરારો છે જેને આપણે વિક્ષેપના સમયગાળાના આધારે સ્થગિત કરવા પડી શકે છે. આ કટોકટીએ આંતરરાષ્ટ્રીય ભાગીદારોને પણ અસર કરી છે. યુએસ એનર્જી જાયન્ટ એક્સોનમોબિલ ક્ષતિગ્રસ્ત LNG સુવિધાઓમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે, જેમાં એક ટ્રેનમાં ૩૪% અને બીજી ટ્રેનમાં ૩૦%નો સમાવેશ થાય છે. તેથી આ વિક્ષેપના વ્યાપક કોર્પોરેટ અને ભૂ-રાજકીય અસરો થવાની સંભાવના છે.

# કેન્દ્ર સરકારે ઈરાનને ટેકો ન આપતા ભારતને ભારે નુકસાન થશે : રાજ ઠાકરે

(એજન્સી) મુંબઈ, તા.૨૦

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના વડા રાજ ઠાકરેએ કેન્દ્ર સરકાર દ્વારા ઈરાનને ટેકો ન આપવા પર સવાલ ઉઠાવ્યા. તેમણે કહ્યું કે, ઈરાન લાંબા સમયથી ભારતનો સાથી રહ્યો છે, ખાસ કરીને સંવેદનશીલ જમ્મુ અને કાશ્મીર મુદ્દા પર અને ચેતવણી આપી કે વિશ્વાસપાત્ર ભાગીદારની સાથે ઊભા રહેવામાં નિષ્ફળતા ભારત માટે ગંભીર રાજદ્વારી અને આર્થિક પરિણામો તરફ દોરી જશે. તેમણે કહ્યું કે, ભારતનું મોટાભાગનું તેલ ઈરાનથી આવે છે અને દેશે તે રૂપિયામાં પૂરૂં પાડ્યું હતું. જ્યારે ઈરાન પર હુમલો થયો હતો, ત્યારે આપણા વડાપ્રધાને સમર્થનનું એક પણ નિવેદન બહાર પાડ્યું ન હતું. ખામેનાઈના અવસાન પછી પણ શોક કે વિરોધનો કોઈ સત્તાવાર સંદેશ નહોતો, તેમણે છત્રપતિ શિવાજી મહારાજ પાર્ક ખાતે ગુડી પડવાના ભાષણ દરમિયાન ટિપ્પણી કરી હતી. એક વ્યાપક સંબોધનમાં, તેમણે રાજ્યના વધતા દેવા, બગડતા શહેરી માળખાકીય સુવિધાઓ વિશે વાત કરી અને ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ નીતિની આકરી ટીકા કરી. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં મનસેના પરાજય પછી આ તેમનું પહેલું ભાષણ હતું, જો કે, તેમણે તેમના પિતરાઈ ભાઈ અને શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે સાથે મરાઠી ગૌરવના મુદ્દાઓ અને મરાઠી માનુષીઓના હિતોનું રક્ષણ કરવાના મુદ્દાઓ પર હાથ મિલાવ્યા હતા.

# 'બંગાળમાં બિનસત્તાવાર રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે, કેન્દ્ર સીમાંકનનું આયોજન કરી રહ્યું છે' : મમતા બેનરજીનો આરોપ

**મુખ્યમંત્રી મમતા બેનરજીએ ભાજપની ટીકા કરતા દાવો કર્યો કે, તેમની અપેક્ષિત હારને કારણે વિધાનસભા ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળમાં બિનસત્તાવાર રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે**

(એજન્સી) તા.૨૦

મુખ્યમંત્રી મમતા બેનરજીએ શુક્રવારે આરોપ લગાવ્યો કે, રાજયમાં વિધાનસભા ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળમાં બિનસત્તાવાર રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે કારણ કે, ભાજપ જાણે છે કે, તેનો પરાજય થશે. આગામી ચૂંટણીઓ માટે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)નો ઢંઢેરો રજૂ કરનાર મમતા બેનરજીએ કહ્યું કે, કેન્દ્ર અને ચૂંટણી પંચ આગામી લોકસભા ચૂંટણી જીતવામાં ભાજપને મદદ કરવા માટે મતવિસ્તારોનું સીમાંકન કરવાની યોજના બનાવી રહ્યા છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે, કેન્દ્ર બંગાળની ચૂંટણી પછી રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC) અને વસ્તી ગણતરીના નામે લોકોની નાગરિકતા છીનવી લેવાની યોજના બનાવી રહ્યું છે. મમતા બેનરજીએ ચૂંટણી દરમિયાન અનેક ષડ્યંત્રો રચવાનો આરોપ લગાવ્યો છે. બંગાળ ચૂંટણી માટે ટીએમસીનો મેનિફેસ્ટો જાહેર કરતી વખતે પત્રકારોને સંબોધતા મમતા બેનરજીએ કહ્યું કે, આપણે ચૂંટણી દરમિયાન ઘણી બધી ષડ્યંત્રો જોયા છે પરંતુ આ વખતે તેઓએ બધી મર્યાદાઓ વટાવી દીધી છે. આ ચૂંટણી પછી સીમાંકન થશે પરંતુ મોદી સરકાર સત્તામાં પાછી નહીં આવે કારણ કે, લોકોને ભાજપ સરકાર પસંદ નથી. તેના કારણો એનઆરસી અને સીમાંકન છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, હું બંગાળના લોકોને અપીલ કરૂં છું કે, તેઓ એક થઈને બંગાળને બચાવવા માટે ભાજપ સામે લડે. જો કેન્દ્રીય એજન્સીઓ તમને ડરાવવાનો પ્રયાસ કરી રહી છે, તો ડરો નહીં. જો તેઓ તમને પૈસા આપવાનો પ્રયાસ કરી રહી છે, તો ન લો. તેઓ પૈસા અને શસ્ત્રો લાવે છે, સરહદી વિસ્તારોમાંથી માફિયાઓ, અહીં અશાંતિ અને રમખાણો ફેલાવવાનો પ્રયાસ કરે છે. હું વિભાજનકારી રાજકારણ રમી રહી નથી. હિન્દુઓ, મુસ્લિમો, શીખો અને ખ્રિસ્તીઓ બધા સમાન છે. આ દરમિયાન આગામી ચૂંટણી માટે પાર્ટીનો મેનિફેસ્ટો જાહેર કરતા મમતા બેનરજીએ કહ્યું કે, 'લક્ષ્મી ભંડાર' યોજના હેઠળ, સામાન્ય શ્રેણીની મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા અને SC/STને દર મહિને ૧૭૦૦ રૂપિયા મળશે. બેરોજગાર યુવાનોને દર મહિને ૧૫૦૦ રૂપિયા પોકેટ મની તરીકે મળશે. બંગાળ ઉદ્યોગ માટે એક સ્થળ છે. અમે MSMEમાં નંબર વન છીએ. ૧.૫ કરોડ કર્મચારીઓ MSME હેઠળ કામ કરે છે. બંગાળમાં ચામડાનો ઉદ્યોગ સૌથી મોટો છે.

# હોર્મુઝ, ખાર્ગને સુરક્ષિત રાખવા માટે યુએસ સૈનિકો મોકલવામાં આવશે ? ૨,૦૦૦ મરીન સાથે નવું યુદ્ધ જહાજ રવાના થયું

**ટ્રમ્પે ઈરાનમાં જમીન પર સૈનિકો મોકલવાના સંકેતો આપ્યા છે સેટેલાઈટ છબીઓએ હિંદ મહાસાગરમાંથી ઝડપથી પસાર થતી USS ત્રિપોલી યુદ્ધ જહાજને દર્શાવે છે, શું જમીન પર હુમલો થવાની શક્યતા છે ?**

(એજન્સી) તા.૨૦

છેલ્લા ત્રણ અઠવાડિયાથી દુનિયા એ વાતને લઈને ચિંતામાં છે કે શું યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનમાં સૈનિકો મોકલશે. ટ્રમ્પ આ બાબતમાં અસામાન્ય રીતે ગુપ્ત રહ્યા છે, ભલે તેઓ આ વિચાર કરી રહ્યા હોય, પરંતુ નવીનતમ સેટેલાઈટ છબીઓ દર્શાવે છે કે ૨,૨૦૦ કર્મચારીઓ સાથેનું એક નવું યુએસ યુદ્ધ જહાજ, યુએસએસ ત્રિપોલી, મધ્ય પૂર્વ તરફ જઈ રહ્યું છે. તે હાલમાં ભારતના પાછળના ભાગમાં, દક્ષિણ હિંદ મહાસાગરમાં છે. તે સંકેત આપે છે કે ઈરાન યુદ્ધ આવતા અઠવાડિયે એક નવા તબક્કામાં પ્રવેશ કરી શકે છે. ટ્રમ્પે ગુરૂવારે મીડિયા સાથેની વાતચીત દરમિયાન કહ્યું કે, 'હું ક્યાંય સૈનિકો તૈનાત કરી રહ્યો નથી. જો કર્યા હોત, તો હું ચોક્કસપણે તમને કહીશ નહીં. યુએસ રાષ્ટ્રપતિ ટોપીમાંથી સસલું બહાર કાઢવા માટે જાણીતા છે, ભલે તે ઈચ્છિત પરિણામો ન આપી શકે. યુએસ સુરક્ષા અધિકારીઓએ રોઈટર્સને જણાવ્યું હતું કે ટ્રમ્પ ઈરાનમાં તેના આક્રમણને મજબૂત બનાવવા માટે હજારો યુએસ સૈનિકો તૈનાત કરવાનું સક્રિયપણે વિચારી રહ્યા છે. તેની પાછળ બે મુખ્ય કારણો છે. એક એ છે કે હોર્મુઝના મહત્વપૂર્ણ સ્ટ્રેટને ફરીથી ખોલવાનો માર્ગ શોધવો, જેમાંથી વિશ્વના ૨૦% તેલ અને ગેસ પસાર થાય છે. ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું ત્યારથી, ઈરાને ચેનલ દ્વારા જહાજોની અવરજવર લગભગ સંપૂર્ણપણે બંધ કરી દીધી છે, જેના કારણે તેલના ભાવમાં વધારો થયો છે. ઈરાને ભારત અને પાકિસ્તાન તરફ જતા તેલ ટેન્કરો સહિત અમુક તેલ ટેન્કરોને પસાર થવા દીધા છે, ત્યારે તેણે પશ્ચિમી જહાજો પર હુમલાની ચેતવણી આપી છે. મહત્વપૂર્ણ જળમાર્ગ પર પોતાની પકડ જાળવી રાખવા માટે, ઈરાને ટ્રાન્ઝિટ ફી પણ વસૂલવાનું શરૂ કર્યું છે, જેમાં એક ટેન્કર ઓપરેટરનો દાવો છે કે તેણે સલામત માર્ગના બદલામાં ૨૦ લાખ ડોલર (રૂા.૧૮ કરોડ) ખર્ચ કર્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં, ટ્રમ્પે યુએસ સાથી દેશો પર હોર્મુઝમાં યુદ્ધ જહાજો મોકલવા માટે દબાણ કર્યું છે. જો કે, પ્રતિક્રિયા શાંત રહી છે. ટ્રમ્પ માટે, તેમનો શ્રેષ્ઠ વિકલ્પ યુએસએસ ત્રિપોલી પર સવાર યુએસ મરીન કોર્પ્સ હોઈ શકે છે. મહત્વપૂર્ણ તેલ અવરોધ બિંદુને સુરક્ષિત કરવા માટે, ટ્રમ્પે ઈરાનના કિનારા પર યુએસ સૈનિકો તૈનાત કરવા પડશે. ઈરાનના નૌકાદળના મોટા ભાગનો નાશ થયો હોવાથી, તે એક વ્યવહારૂ અને ઓછો જોખમી વિકલ્પ છે. યુએસ અધિકારીઓના બીજા એક જૂથે સૂચવ્યું છે કે આ હુમલા જહાજ પર સવાર મરીનનો ઉપયોગ ઈરાનના દક્ષિણ કિનારાથી દૂર એક અથવા વધુ ટાપુઓ પર કબજો મેળવવા માટે થઈ શકે છે. અધિકારીઓએ ધ વોશિંગ્ટન પોસ્ટને જણાવ્યું હતું કે, આનો ઉપયોગ વ્યાપારી જહાજો પર સંભવિત ઈરાની હુમલાઓનો સામનો કરવા માટે લીવરેજ તરીકે અથવા બેઝ તરીકે થઈ શકે છે. એક યુનિટ ખાર્ગ આઈલેન્ડ પર પણ મોકલી શકાય છે, જે ઈરાનનું 'ક્રાઉન જ્વેલ' અને આર્થિક જીવનરેખા છે જેના દ્વારા તેની ૯૦% તેલ નિકાસ થાય છે. યુએસએ ૧૩ માર્ચે મુખ્ય ભૂમિથી લગભગ ૨૫ કિમી દૂર ટાપુ પર લશ્કરી સ્થળો પર બોમ્બમારો કર્યો હતો. જો કે, તેલ માળખાને બચાવી લેવામાં આવ્યું હતું. ખાર્ગના મહત્વને ધ્યાનમાં રાખીને, ટ્રમ્પ ટાપુનો નાશ કરવાને બદલે તેને નિયંત્રિત કરવાનું વિચારી શકે છે. તાજેતરમાં, ભારતમાં ઈઝરાયેલી રાજદૂત, રૂવેન અઝારે સૂચવ્યું હતું કે ટ્રમ્પને હોર્મુઝમાં દરિયાઈ ટ્રાફિકને સુરક્ષિત કરવા માટે દળો તૈનાત કરવા પડી શકે છે. બીજું, ટ્રમ્પ ૯૫૦ પાઉન્ડથી વધુ અત્યંત સમૃદ્ધ યુરેનિયમને સુરક્ષિત કરવા માટે જમીન પર સૈનિકો મૂકી શકે છે, જેનો ઉપયોગ ઈરાન સંભવિત રીતે પરમાણુ શસ્ત્રો વિકસાવવા માટે કરી શકે છે. યુરેનિયમનો મોટો ભાગ યુએસ અને ઈઝરાયેલ દ્વારા તોડી પાડવામાં આવેલી સુવિધાઓના કાટમાળ નીચે હોવાનું માનવામાં આવે છે, અને તેને સુરક્ષિત કરવા માટે ભૂમિ દળોની જરૂર પડશે. યુએસએસ ત્રિપોલીનું આગમન મહત્વપૂર્ણ છે. જાપાનના ઓકિનાવા સ્થિત ૩૧મા મરીન એક્સપિડિશનરી યુનિટ (MEU)ના ૨,૨૦૦ સૈનિકો બોર્ડ પર છે. સૈનિકોને જમીન અને ઉભયન લડાઈ, દરોડા, હુમલા અને કામગીરીમાં તાલીમ આપવામાં આવે છે જેમાં જહાજથી કિનારા સુધી ગતિવિધિઓની જરૂર પડે છે.યુએસએસ ત્રિપોલી ફક્ત કોઈ અન્ય યુદ્ધ જહાજ નથી. તે એક વિમાનવાહક જહાજ છે જે સમુદ્રમાંથી મરીન કામગીરીને ટેકો આપવાની ક્ષમતા ધરાવે છે. યુદ્ધ જહાજ F-35 સ્ટીલ્થ ફાઈટર જેટ, MV-22 ઓસ્પ્રે ટ્રાન્સપોર્ટ હેલિકોપ્ટર અને સૈનિકોને કિનારે ખસેડવા માટે લેન્ડિંગ ક્રાફ્ટથી સજ્જ છે. જાપાની વડાપ્રધાન, સના તાકાઈચીએ ગુરુવારે બંધ બારણે બેઠક યોજી હતી. પહેલેથી જ, લગભગ ૫૦,૦૦૦ યુએસ સૈનિકો મધ્ય પૂર્વમાં છે. યુએસએસ ત્રિપોલી આવતા અઠવાડિયે યુદ્ધ ક્ષેત્રમાં પ્રવેશ કરે તેવી અપેક્ષા છે. જો ટ્રમ્પ જમીન પર સૈનિકો ઉતારવાનું નક્કી કરે છે, તો તે બે દાયકાથી વધુ સમય પછી યુદ્ધના દૃશ્યમાં યુએસ સૈનિકોની પ્રથમ તૈનાતી હશે. ઈરાની શાસન દ્વારા શરણાગતિ સ્વીકારવાના કોઈ સંકેતો દેખાતા નથી અને ઉર્જા સંકટ ફક્ત વધતું જાય છે, ટ્રમ્પ માટે શ્રેષ્ઠ ઉપાય બળ દ્વારા હોર્મુઝ સ્ટ્રેટને સુરક્ષિત કરવાનો હોય તેવું લાગે છે.

# વિશ્વનો પ્રથમ 'અવિશ્વસનીય' હુમલો : ઈરાને 'અજેય' અમેરિકન ફાઈટર જેટને કેવી રીતે તોડી પાડ્યું ?

**ઈરાનના હવાઈ સંરક્ષણ દ્વારા F-35 જેવા અદ્યતન સ્ટીલ્થ ફાઈટર જેટ પર હુમલો કરવામાં આવ્યો છે. આ યુદ્ધમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના છે કારણ કે, અમેરિકાએ ઈરાની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને નષ્ટ કરવાની વાત કરી છે. ઈરાને યુએસ ફાઈટર જેટને કેવી રીતે તોડવામાં સફળતા મેળવી ?**



(એજન્સી) તા.૨૦

અમેરિકાના સૌથી અદ્યતન સ્ટીલ્થ ફાઈટર જેટ F-35, તેના સમગ્ર ઓપરેશનલ ઈતિહાસમાં ક્યારેય યુદ્ધમાં નાશ પામ્યું નથી. ૧૯ માર્ચના રોજ ઈરાને તેને તોડી પાડ્યું. ઈરાનના હવાઈ સંરક્ષણ દ્વારા F-35 જેવા અદ્યતન સ્ટીલ્થ ફાઈટર જેટ પર હુમલો કરવામાં આવ્યો છે. અમેરિકાએ કહ્યું કે, જેટે મધ્ય પૂર્વમાં એક બેઝ પર કટોકટી ઉતરાણ કર્યું, જો કે, ઈરાને દાવો કર્યો હતો કે, તે ક્રેશ થયું હતું. બીજા F-35 જેટને પણ ઈરાનના બંદર અબ્બાસ ઉપર ટક્કર મારવામાં આવી હોવાના અહેવાલ છે. તે એક સુસંગત પ્રશ્ન ઉઠાવે છે. ઈરાન, તેના ક્ષતિગ્રસ્ત હવાઈ સંરક્ષણ સાથે, વિશ્વના સૌથી અદ્યતન અને મોંઘા વિમાનોમાંના એકને કેવી રીતે ટક્કર આપવામાં સફળ રહ્યું ? યુએસ એફ-૩૫ વિમાન જ્યારે ઈરાનના મધ્ય ભાગ ઉપર ઉડાન ભરી રહ્યું હતું ત્યારે તે હુમલો થયો હતો, જે અમેરિકાના સુરક્ષા વર્તુળોમાં એવા દાવાનો વિરોધાભાસ દર્શાવે છે કે, ઈરાની હવાઈ સંરક્ષણ વ્યવસ્થા નબળી પડી ગઈ છે. યુએસ નિવેદન જારી કરે તે પહેલાં જ ઈરાને ફૂટેજ પ્રકાશિત કર્યો જેમાં તે ક્ષણ દર્શાવવામાં આવી હતી જ્યારે ઈરાની હવાઈ સંરક્ષણ એજન્સીઓએ ૧૦૦ મિલિયન ડોલરથી વધુ કિંમતના અમેરિકન જેટને ટ્રેક કર્યો અને અટકાવ્યો હતો. નિષ્ણાતોએ કહ્યું કે, તે યુદ્ધમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ક્ષણ હતી. હાલમાં લગભગ ૧૫ દેશો F-35ના વિવિધ સંસ્કરણો વાપરે છે. ગયા વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વ્હાઈટ હાઉસની મુલાકાતે આવ્યા ત્યારે ટ્રમ્પ દ્વારા ભારતને પણ આ જેટ ઓફર કરવામાં આવ્યું હતું. જો કે, ભારતે અત્યાર સુધી કોઈ ઈચ્છા વ્યક્ત કરી નથી. F-35એ યુએસ એરોસ્પેસ ક્ષમતાઓ છે. તે ટ્રિલિયન ડોલરના કાર્યક્રમનું ઉત્પાદન છે. પરંતુ હવે તેનો નાશ કરીને ઈરાને બતાવ્યું છે કે, અત્યાધુનિક જેટમાં ચોક્કસ નબળાઈઓ છે.

**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૧ માર્ચ-૨૦૨૬ | રૂા. | ૫૩.૦૦ |

# પૂર્વ નાવિક અશોક ખરાટ જેઓ જ્યોતિષ હોવાનો દાવો કરે છે : તેમના પર બળાત્કારનો આરોપ, રૂા.૧૦૦ કરોડની સંપત્તિ, એક મુલાકાત માટે રૂા.૫૦ લાખ સુધીનો ચાર્જ

**૨૦૨૨માં તત્કાલીન મુખ્યમંત્રી શિંદેએ અશોક ખરાટ સાથે જોડાયેલા મંદિરની મુલાકાત લીધી હતી; મહારાષ્ટ્ર મહિલા પેનલના વડાના પગ ધોતા હોવાનો વીડિયો પણ વાયરલ થયો છે**

(એજન્સી) તા.૨૨

મર્ચન્ટ નેવીમાં તેમની પૃષ્ઠભૂમિ માટે 'કેપ્ટન' તરીકે જાણીતા ૬૭ વર્ષીય સ્વ-શૈલી ધર્મગુરૂ અને અંકશાસ્ત્રી અશોક ખરાટની ધરપકડથી શ્રદ્ધા, ભય અને રાજકીય સમર્થન પર બનેલા રૂા.૧૦૦ કરોડના વિશાળ સામ્રાજ્ય પર પડદો પડી ગયો છે. એક ફોટામાં રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ રૂપાલી ચાકંકર, અગ્રણી કાર્યકર્તા અંજલી દમણિયા બંને અશોક ખરાટ સાથે છત્રી પકડીને ઊભા છે. જાતીય શોષણના આરોપો સામે આવ્યા પછી ૧૯૯૦ના દાયકાના અંતમાં ખરાટ એક સામાન્ય જ્યોતિષવિદ્યા પ્રથાથી પ્રતિ મુલાકાત રૂા.૫૦ લાખ સુધીનો ચાર્જ વસૂલતા સલાહકાર બન્યા, જે હવે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા વ્યાપક તપાસના કેન્દ્રમાં છે. મર્ચન્ટ નેવીમાં ૨૨ વર્ષ સુધી કામ કર્યા પછી મહારાષ્ટ્રના સિન્નાર તાલુકામાં આવેલા પોતાના વતન ગામ કહાંડલવાડી પરત ફર્યા પછી અશોક ખરાટે પોતાના માટે એક વિશિષ્ટ સ્થાન બનાવવા માટે પોતાની વાતચીત કુશળતાનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. નાવિક તરીકેના તેમના કાર્યને કારણે તેમનો વ્યાપક અનુભવ છે અને તેઓ અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષામાં અસ્ખલિત છે. સિન્નાર સ્થિત સામાજિક કાર્યકરોએ જણાવ્યું હતું કે, ખરાટ રહેવાસીઓનો સંપર્ક કરતા હતા, અંકશાસ્ત્રીય સલાહ આપવા માટે તેમની જન્મ તારીખ અને સંપૂર્ણ નામ પૂછતા હતા. તેમની નૌકાદળની પૃષ્ઠભૂમિએ તેમને પરંપરાગત પૂજારીઓથી અલગ પાડ્યા, આખરે એક ઉચ્ચ પ્રોફાઈલ કન્સલ્ટન્સી બન્યા જે વિશિષ્ટતા અને ભારે ફી સાથે કાર્યરત હતી. જેમ-જેમ તેમની પ્રતિષ્ઠા વધતી ગઈ, તેમ-તેમ તેમની ફી પણ વધતી ગઈ. નાસિકના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ તેમની કામગીરી વિશે વાત કરી : 'અમને જાણવા મળ્યું છે કે, તેમની ફીમાં તીવ્ર ફેરફાર થયો હતો. શ્રીમંત ગ્રાહકો જે ઈચ્છતા હતા કે, તેઓ તેમના પરિસરની મુલાકાત લે અથવા વિસ્તૃત ધાર્મિક વિધિઓ કરે, તેમની પાસેથી રૂા.૫૦ લાખ સુધીનો ખર્ચ વસૂલવામાં આવતો હતો.'રાજકારણીઓ, રિયલ્ટર અને ઉદ્યોગપતિઓ સહિત શ્રીમંત ગ્રાહકોએ વિવેકબુદ્ધિ જાળવવા માટે તેમની પોતાની ઓફિસો અથવા ઘરોમાં ખાનગી સલાહ લીધી હતી. આ વિશિષ્ટતાએ તેમને એક ખૂબ જ ઈચ્છિત સલાહકારની છબી વિકસાવવામાં મદદ કરી હતી. તપાસકર્તાઓ હવે ખરાટની સંપત્તિ રૂા.૧૦૦ કરોડથી વધુ હોવાનો અંદાજ લગાવી રહ્યા છે. બુધવારે ધરપકડ થયા બાદ ખરાટે શરૂઆતમાં મૌન સેવ્યું હતું પરંતુ બાદમાં તેણે વિશાળ રિયલ એસ્ટેટ પોર્ટફોલિયોની આંશિક વિગતો શેર કરી હતી. તેના રોકાણોમાં નાસિક જિલ્લાના અડગાંવ, સિન્નાર, પાથર્ડી અને ઓઝરમાં જમીન અને રહેણાંક મિલકતો તેમજ શિરડીમાં નોંધપાત્ર હોલ્ડિંગનો સમાવેશ થાય છે. અધિકારીઓને શંકા છે કે, મહારાષ્ટ્રમાં અન્યત્ર પણ હોલ્ડિંગ છે અને હાલમાં તેનું વ્યાપક મૂલ્યાંકન ચાલી રહ્યું છે.

**બળાત્કારના આરોપો અને ૫૮ અશ્લીલ વીડિયો :**

૨૭ વર્ષીય મહિલાની ફરિયાદ બાદ નાસિક પોલીસે ખરાટની ધરપકડ કરી ત્યારે સામ્રાજ્ય તૂટી પડવાનું શરૂ થયું. તેણીએ આરોપ લગાવ્યો છે કે, તેણીએ ૨૦૨૨માં વૈવાહિક મુદ્દાઓમાં મદદ માટે ખરાટનો સંપર્ક કર્યો હતો પરંતુ ૨૦૨૫ સુધી વારંવાર જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. FIR મુજબ ખરાટે કથિત રીતે ડરની યુક્તિઓનો ઉપયોગ કર્યો હતો અને દાવો કર્યો હતો કે, તેની 'આગાહીઓ' તેના પતિના જીવન માટે ખતરો દર્શાવે છે અને શામક પીણાંનો ઉપયોગ કર્યો હતો. તેના પર ભારતીય ન્યાય સંહિતા (BNS) અને મહારાષ્ટ્ર માનવ બલિદાન નિવારણ અને નાબૂદી અને અન્ય અમાનવીય, દુષ્ટ અને અઘોરી પ્રથાઓ અને કાળા જાદુ અધિનિયમ હેઠળ બળાત્કારનો ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે પેન ડ્રાઈવમાંથી ૫૮ વીડિયોઝ જપ્ત કર્યા છે, જેમાંથી કેટલાક વાંધાજનક હોવાનું જણાવાયું છે. એક વીડિયોમાં કથિત રીતે ખરાટ એક મહિલાના માથા પર તાંબાના વાસણ સાથે ધાર્મિક વિધિ કરતો અને ત્યારબાદ અયોગ્ય વર્તન કરતો જોવા મળે છે. ખરાટની પત્ની કલ્પના પોતાને નિર્દોષ કહે છે અને કહે છેઃ મારા પતિ કોઈ વ્યાવસાયિક જ્યોતિષી ન હતા. કેટલાક નજીકના સાથીઓએ તેમની છબી ખરાબ કરવાનો પ્રયાસ કર્યો હતો. નવેમ્બર ૨૦૨૨માં પણ ખરાટ રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવ્યા હતા, જ્યારે શિવસેનાના તત્કાલીન મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ખરાટના ટ્રસ્ટ દ્વારા સંચાલિત ઈશાનેશ્વર મહાદેવ મંદિરની મુલાકાત લીધી હતી. શિંદેની સાથે તેમની પત્ની લતા અને તે સમયના સેના-ભાજપ મહાયુતિ શાસનમાં કેબિનેટ મંત્રીઓ રાધાકૃષ્ણ વિખે પાટિલ અને દીપક કેસરકર પણ હતા. શિંદેએ તે સમયે પત્રકારોને કહ્યું હતું કે, 'મારે કોઈ જ્યોતિષીને મારી હથેળી બતાવવાની જરૂર નથી. હથેળી પરની રેખાઓ બદલવા માટે તમારા કાંડામાં તાકાત હોવી જોઈએ અને તે તાકાત અમને બાળાસાહેબ ઠાકરે અને આનંદ દિઘેએ આપી હતી.' વિપક્ષી નેતાઓએ આ મુલાકાતની મજાક ઉડાવી હતી. NCP (તત્કાલીન અવિભાજિત)ના વડા શરદ પવારે કહ્યું હતું કે : 'મહારાષ્ટ્ર જેવા પ્રગતિશીલ રાજ્યના લોકો માટે રાજ્યમાં હાલની ગતિવિધિઓ નવી છે. હું જ્યોતિષમાં માનતો નથી.' તેમની ધરપકડથી ભારે રાજકીય તોફાન શરૂ થયું છે, જેના કારણે રાજ્ય સરકારે IPS અધિકારી તેજસ્વી સાતપુતેના નેતૃત્વમાં SITની રચના કરી છે. આ વિવાદથી મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ અને ખરાટના શિવાનિકા સંસ્થાન ટ્રસ્ટના ટ્રસ્ટી રૂપાલી ચકણકર સામે પણ પ્રશ્નો ઊભા થયા છે. ચાકણકર ખરાટના પગ ધોતા હોવાના વીડિયો અને તેમના માટે છત્રી પકડી રાખતા હોવાના ફોટાને કારણે તેમના રાજીનામાની માગણી કરવામાં આવી છે. શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતે ટિપ્પણી કરી હતી કે, મહારાષ્ટ્રની એપ્સટિન ફાઈલ ખોલવામાં આવી છે. મહિલા આયોગના અધ્યક્ષનું કામ મહિલાઓ પરના અત્યાચાર સામે અવાજ ઉઠાવવાનું અને આરોપીઓ સામે કાર્યવાહી સુનિશ્ચિત કરવાનું છે. જો તેઓ આરોપીઓના પગ ધોતા જોવા મળે છે, તો તેઓ આ પદ પર કેવી રીતે રહી શકે? ચાકંકરે કહ્યું છે કે, મને ખરાટના અંગત જીવન અથવા તેમના પર લાગેલા આરોપો વિશે કોઈ જાણકારી નથી. જ્યાં સુધી આરોપોનો સવાલ છે, પોલીસ તેમની તપાસ કરશે. મને તપાસમાં સંપૂર્ણ વિશ્વાસ છે. NCP નેતા રૂપાલી થોમ્બરે પાટીલે પણ નિષ્પક્ષ તપાસની હાકલ કરી છે અને આરોપ લગાવ્યો છે કે, આવા સમર્થનને કારણે આ કપટી બાબાની હિંમત વધી હતી.

# ઈરાને ૧૯ વર્ષીય કુસ્તીબાજ સાલેહ મોહમ્મદી અને અન્ય બે લોકોને જાહેરમાં ફાંસી આપી

(એજન્સી) તા.૨૦

રાજ્ય મીડિયા અને માનવ અધિકાર જૂથો અનુસાર ઈરાને ૧૯ વર્ષીય ચેમ્પિયન કુસ્તીબાજ અને અન્ય બે વિરોધીઓને કોમમાં જાહેરમાં ફાંસી આપી છે. કાર્યકરો કહે છે કે, આ પગલું અસંમતિ પર સરકારના કડક પગલાંમાં તીવ્ર વધારો દર્શાવે છે. કુસ્તીની પ્રતિભા ધરાવતા ઉભરતા સાલેહ મોહમ્મદીને ગુરૂવારે સઈદ દાવોદી અને મેહદી ગાસેમી સાથે ફાંસી આપવામાં આવી હતી. આ ત્રણેય પર ૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વિરોધ પ્રદર્શન દરમિયાન બે પોલીસકર્મીઓની હત્યામાં સંડોવણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. રાજ્ય મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, ફાંસી 'કોમમાં લોકોના એક જૂથની હાજરીમાં' આપવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૨૫ના અંતમાં શરૂ થયેલી અને જાન્યુઆરી ૨૦૨૬ સુધી ચાલુ રહેલી રાષ્ટ્રવ્યાપી અશાંતિના સંદર્ભમાં ફાંસી આપવામાં આવેલા આ ત્રણ પ્રથમ જાણીતા વિરોધીઓ છે. ઈરાન હ્યુમન રાઈટ્સ (IHRNGO)એ આ કેસ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને ચેતવણી આપી હતી કે, વધુ ફાંસીની સજા ફટકારવામાં આવી શકે છે.

## પાસપોર્ટ ખોવાયેલ છે

મારૂં નામ **મોહમ્મદ હારૂન અબ્બાસ શેખ** છે મારો પાસપોર્ટ નં:- R-836720 જેની ઈસ્યુ તારીખ- ૨૭/૦૬/૧૯૯૪ અને એક્ષપાયરી તારીખ- ૨૬/૦૬/૨૦૦૪ છે. જે વર્ષ ૨૦૦૪માં અમારા મકાનમાં પાણી ભરાઈ જવાથી અમારા કેટલાક દસ્તાવેજી તથા સરકારી - અર્ધસરકારી પુરાવાઓના સાથે પાસપોર્ટ પણ તણાઈ ગયેલ હતી. જેની ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી જેથી જે કોઈને મળે તો નીચેના સરનામે પરત આપવા નમ્ર વિનંતી છે.

લી. મોહમ્મદ હારૂન અબ્બાસ શેખ
રહેવાસી.: એએફ-૭
જી.એન.પાર્ક, પીરામણ,
અંકલેશ્વર, જી. ભરૂચ.
મો.: ૯૪૨૭૧ ૮૮૨૦૦

Radisson Blu Hotel Ahmedabad

Tender Notice

Sealed tenders are invited from reliable vendors for supply of the following items on annual rate contract for a period commencing from 01st April 2026 to 31st March 2027

Food & Beverage: American Shelled Corn/Frozen Vegetables/Chinese food Ingredients / Italian food ingredients/ Japanese food ingredients/ Chicken/ Mutton/ Eggs /Fresh & Frozen Sea Food/ Fresh Fruits/ Indian & English fresh Vegetable/Local dry provisions and Groceries/ Dry Fruits/Ice Cream & Kulfi/ Juices/Milk & Milk Products/Cold Cuts (Pork & Chicken)/ Indian Sweets/Farsan/ Bakery Products/ and Canned food Products/ Soft beverages. General Item: Guest supplies/Office stationery/ biodegradable disposable items/ Cleaning chemicals/Liquid Fuel/ Charcoal/Cake Base & Boxes/ Cleaning supplies/ Electrical/Printing stationery/Uniforms/Plumbing/Paint

Tender Form can be obtained on payment of INR 1000/- (Non Refundable) for each category and is available with the Purchase Dept. at the hotel from 20th March. 2025 (Friday to Monday) between 11.00 am to 04.00pm Last day for the receipt of the complete tender is 27th March. 2025 before 06.00 pm. Rates must be inclusive of delivery and any other charges and exclusive of GST.

The management reserves the right to reject or accept an offer or in part, without assigning any reason whatsoever and no representation shall be entertained. Please send sealed tender to the Purchase Manager at the following address.

Radisson Blu Hotel, Panchvati Cross Road, Off. C.G Road, Ahmedabad-38006
Mobile No- 7043505816, shani.singh@rdahmedabad.com

ભદ્ર પરિસરમાં ફેરિયાઓને ફરી પુનઃસ્થાપિતના ગુજરાત હાઇકોર્ટના હુકમ પર સુપ્રીમ કોર્ટનો સ્ટે

(વધુ અહેવાલ ૧૧મા પાને)


AYURVEDIC KAYAM CHURNA



કાયમ ચૂર્ણ
ભાવનગરવાળા શેઠ બ્રધર્સનું ઉત્પાદન
UIN:GUJARAT/0002/2025

રોઝા મુબારક



અનાયઝાફાતિમા સદ્દામહુસૈન ઘાંચી
ઉંમર : 5 વર્ષ 10 મહિના માહે રમઝાન 1447 ના તમામ 30 રોઝા રાખવા બદલ ખૂબ-ખૂબ મુબારકબાદ
: શુભેચ્છક :
અબ્દુલ અઝીમ અબ્દુલ કરીમ ઘાંચી (દાદા)
AK Chinese ધોળકા

MOTI MAHAL HOTEL
www.motimahalhotel.com
Enjoy the authentic Mughlai Taste
A perfect feast for your loved ones!
EID MUBARAK



Nr. Adani CNG Pump, S.G. Highway, Makarba, A'bad.
Phone: +91 7227906152 / 53 / 54 • Mobile: +91 72279 06155
Main Branch: Nr. Kalupur Railway Station, A'bad.
Ph.: 079 22121881/82, M: 9687778886
Group Dine-in Facility at S.G. Highway
Dine - in • Take Away • Home Delivery

MUMTAZ CLINIC
DR.RASHID VORA
Wish You All
Eid Mubarak
Diabetes, Blood Pressure & Thyroid રોગો ના નિષ્ણાંત
739,7TH FLOOR, SHEETAL VARSHA MAHAVIR COMPLEX, NR. JAMALPUR CROSS ROAD, AHMEDABAD
81416 56265 / 81284 36265


Vadilal
रमज़ान की हर शाम में, वाडीलाल लगाए चार चाँद



Creative visualization only

DR.RUMMAN KHAN
MBBS, MD Pediatrics IPPN (Boston USA)
Wishing you all
Eid MUBARAK
9+ YEARS EXPERIENCE, 10,000+ HAPPY PARENTS
Little Hope Children Hospital - Rakhial 92745 57577
Little Angel Children Hospital - Khanpur 99780 69777

ઈદ મુબારક



નાજુ ફડવાલા
: પ્રવક્તા :
જિલ્લા કોંગ્રેસ સમિતિ-ભરૂચ

Eid Mubarak
Wishing you a peaceful and prosperous Eid filled with love and joy.
POLYCAN EXTRUSION PVT. LTD.
4/2/3,F.D.College Marg, Nr. Jamalpur Darwaja, Ahmedabad-380001
Z. I. SAIYAD: 98240 33101
88667 33101 / 079253 50368
www.plasticssheets.com

EID MUBARAK
Anasbhai - Mo. 8980834216
K.Nisha Trading Co.
GPCB APPROVED A members of GPA & ISSPA
207 / 2, Behind Kashiram Textile Mills, opp. Tulsi Hotel, Post NAROL, Ahmedabad-382405
E-mail : Knishtradingco@yahoo.com
website : www.indiamart.com knishtrading

DR.SAIMA SHAHJADA
MBBS,DVD,FAM (GERMANY)
& ANAYRA SKIN CLINIC
Consultant Dermatologist & Cosmetologist
Fellowship In Cosmetology & Aesthetics (Germany)
EID Mubarak
WISHING YOU ALL
Anayra SKIN, HAIR & LASER
ANAYRA SKIN,HAIR & LASER
Astodia Branch 99251 14383
Rakhial Branch 96647 14383
Khanpur Branch 99780 69777

તાલીમ સે કૌમોં કી બદલ જાતી હૈ હાલત
તાલીમ સે કૌમોં મેં નયા રંગ જમા દો
ઈદ મુબારક
ગુલશને મહેર હાયર સેકન્ડરી સ્કૂલ
(ઈંગ્લીશ - ગુજરાતી માધ્યમ)
એપેક્ષ એપાર્ટમેન્ટની સામે, સરખેજ રોડ, અમદાવાદ
દુઆગીર : ડો. પ્રો.ચાંદબીબી શેખ
● ઝેડ સૈયદ ● ઈરફાના બાનુ સૈયદ
સમગ્ર "ગુલશને મહેર" પરિવાર
આદ્ય સ્થાપક : બેરિસ્ટર રશીદ મોહમ્મદ ચિશ્તી

ઈદ મુબારક
ડહેલાવાળા એમ્પોરીયમ
પ્રખ્યાત મિલોના શૂટીંગ-શર્ટીંગ અને ઝભ્ભા-લેંઘાના સ્પેશીયાલીસ્ટ
પાગામાં, ઢાલગરવાડ, કાપડ બજાર, અમદાવાદ-૧,

ઈદ મુબારક
આપ સૌ ભાઇ-બહેનોને ઇદુલફિત્રના તહેવાર નિમિત્તે સમાજમાં સૌહાર્દ એકતા અને ભાઇચારાના સંદેશ સાથે અમારા તહેદિલથી
ઈદ મુબારક



સફીભાઈ વોરા (એડવોકેટ)
Ex. સરપંચ મકતમપુર, અમદાવાદ
રોશનબેન એસ.વોરા
Ex. મ્યુ.કાઉન્સીલર
મકતમપુર, અમદાવાદ
યામીન સફીમહંમદ વોરા
માય હોલીડે ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
મકતમપુર જુહાપુરા, અમદાવાદ
Mobile : 9328784570, 99789 87999, 9913770738



સર્વે મુસ્લિમ ભાઈ-બહેનોને ઈદ મુબારક
ઝુલફીકારખાન તોફીકખાન પઠાણ
(ગોમતીપુર વોર્ડ મ્યુનિસિપલ કાઉન્સિલર)
મર્હૂમ તૌફીકખાન પઠાણ
(પૂર્વ કાઉન્સિલર રખિયાલ વોર્ડ) પરિવાર

કાપડિયા પરિવાર તરફથી ઈદ મુબારક
મર્હૂમ હાજી એહમદ હુસેન એમ. મનસુરી
મર્હૂમ સિદ્દીક એહમદ હુસેન મનસુરી
યુસુફ અહેમદહુસૈન મનસુરી
યુનુસ એહમદહુસૈન મનસુરી
ડો.આરીફ એહમદ હુસેન મનસુરી
ઢાલગરવાડ, અમદાવાદ



Ashiya
સર્વે મુસ્લિમ ભાઈ-બહેનોને ઈદ મુબારક
શહીદ બદરૂદ્દીન શેખ
(ફાઉન્ડર)
સમીર શેખ
(ડાયરેક્ટર)
આશિયા ઈંગ્લીશ સ્કૂલ
(STD 1 to 12)
દાણીલીમડા, અમદાવાદ



खुशियों से नाराज़ है मेरी ज़िंदगी,
मोहब्बत की मोहताज है मेरी ज़िंदगी
हंसता हूं लोगो को दिखाने के लिए
वरना दर्द की किताब है मेरी ज़िंदगी ।
Eid Mubarak
Mushtaq Ahmed
President Founder
Imtiyazahmed
(Managing Trustee)
Bilal Ahmed
(Secretary)
Of School
SHAMS GROUP
The Name of Quality Education
Shams Group of Schools
N.M. English School
Anas Education Campus
Ajit Mill Char Rasta, Rakhial, Ahmedabad.




# અમેરિકા થિંક ટેન્કનો નવો અભ્યાસ કહે છે કે, ઈરાન સામેના અમેરિકા ઇઝરાયેલના યુદ્ધથી મુસ્લિમ વિરોધી નફરતમાં તીવ્ર વધારો થયો છે

ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મુસ્લિમ વિરોધી નફરત અને ધમકીઓમાં તીવ્ર વધારો થવા પામ્યો છે. આ ઓનલાઈન પોસ્ટ્સને કારણે વિશ્વભરમાં ઈસ્લામ વિરુદ્ધ અમાનવીયકરણ અને ઉશ્કેરણીની નફરત ફેલાવવાના વલણને નવી ચરમસીમાએ પહોંચી ગયું છે.

યુ.એસના વોશિંગ્ટન, ડી.સી. સ્થિત બિન-લાભકારી અને બિન-પક્ષપાતી થિંક ટેન્ક, સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ઓર્ગેનાઈઝ્ડ હેટ (CSOH)એ કરેલા એક નવા અભ્યાસ અને ડેટાના સંગ્રહમાં મુસ્લિમ વિરોધી નફરતની ઓનલાઈન અભિવ્યક્તિમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. અભ્યાસમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે ૨૦૨૬ની શરૂઆતથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મુસ્લિમોને લક્ષ્ય બનાવતી હાનિકારક સામગ્રી ચિંતાજનક ગતિએ વધી છે. જાન્યુઆરી અને ફેબ્રુઆરીના મહિનાઓમાં, ઈસ્લામોફોબિક પોસ્ટ્સે અને ઓક્ટોબર ૨૦૨૩માં ગાઝા પર ઈઝરાયેલી યુદ્ધને કારણે વાતાવરણ પ્રતિકૂળ બની ગયું છે. ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર યુએસ-ઈઝરાયેલ યુદ્ધની શરૂઆતથી આ વલણમાં તીવ્ર વધારો થયો છે.

અભ્યાસ મુજબ રાજકીય વાણી-વર્તનથી કટોકટી વધુ ગંભીર બની છે. ટ્રમ્પ વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ અને કોંગ્રેસના કેટલાક સભ્યોએ ખ્રિસ્તી રાષ્ટ્રવાદી કથાઓનો ઉપયોગ કરીને અને મુસ્લિમ વિરોધી નફરતને ભડકાવીને યુદ્ધને ધાર્મિક શબ્દોમાં રજૂ કર્યું છે. યુદ્ધ સચિવ પીટ હેગસેથે ઈરાનને 'ભવિષ્યવાણી ઈસ્લામિક ભ્રમ' દ્વારા પ્રેરિત ગણાવ્યું હતું. યુ.એસ. વોચડોગ ગ્રુપ, મિલિટરી રિલિજિયસ ફ્રીડમ ફાઉન્ડેશન (MRFF)ને મળેલી ફરિયાદો મુજબ લશ્કરી કમાન્ડરોએ સર્વિસ મેમ્બર્સને કહ્યું હતું કે ઈરાન સાથેનું યુદ્ધ 'ઈશ્વરની દૈવી યોજનાનો એક ભાગ છે' અને સૂચવ્યું હતું કે તે 'આર્માગેડન (ભવિષ્યવાણી મુજબ સારા અને ખરાબ વચ્ચેનું અંતિમ યુદ્ધ)નું કારણ બનશે.' આર્માગેડન રેવિલેશન બુકમાંથી સારા અને અનિષ્ટ વચ્ચે ભવિષ્યવાણી કરાયેલ, અંતિમ યુદ્ધભૂમિ તરીકે ઉદભવે છે, જે સામાન્ય રીતે કોઈપણ સાક્ષાત્કાર, વિશ્વ-અંતના સંઘર્ષનો ઉલ્લેખ કરે છે.

ગૃહના સ્પીકર માઈક જોહ્નસને ઈરાનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, "આપણે તેમની સમાનતા અને તેમના ગેરમાર્ગે દોરેલા ધર્મમાં મહાન શેતાન છીએ." મુસ્લિમ નાગરિક અધિકાર જૂથોએ આવી ભાષાને ખતરનાક અને ઉશ્કેરણીજનક ગણાવી છે.

ઉચ્ચ સ્તરના રાજકીય નેતાઓ એવી ભાષામાં લશ્કરી ઝુંબેશ ઘડી રહ્યા છે જે સમગ્ર ધર્મને દોષિત ઠેરવે છે અને ખ્રિસ્તી રાષ્ટ્રવાદી વાણીકલા પર આધારિત છે, જેના કારણે એવા વાતાવરણમાં ફાળો મળે છે જેમાં મુસ્લિમો અને મુસ્લિમ માનવામાં આવતા લોકો શંકા, દુશ્મનાવટ અને હિંસાના લક્ષ્ય બને છે. ઈરાન સામે યુ.એસ.-ઈઝરાયેલના યુદ્ધ અને ૧ માર્ચે ઑસ્ટિનમાં થયેલા સામૂહિક ગોળીબારની સંયુક્ત અસરને કારણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મુસ્લિમ વિરોધી સામગ્રીનો વિસ્ફોટ થયો છે.

CSOH યુનિવર્સિટીઓ, સરકારી સંસ્થાઓ અને માનવ અધિકાર સંગઠનો સાથે સંશોધનને કાર્યક્ષમ નીતિ ઉકેલોમાં રૂપાંતરિત કરી શકાય તે માટે સહયોગ કરે છે. તેનો ધ્યેય જ્ઞાનને આગળ વધારવાનું અને નીતિઓને જાણ કરવાનું છે જે નફરત, હિંસા, ઉગ્રવાદ, કટ્ટરવાદ અને સંકળાયેલ ઓનલાઈન નુકસાનનો નિર્ણાયક રીતે સામનો કરે છે, જ્યારે તેમના મૂળ કારણોને સંબોધિત કરે છે. ઓનલાઈન ઈસ્લામોફોબિક પ્રવચનના સ્કેલનું મૂલ્યાંકન કરવા માટે, CSOH એ X (અગાઉ ટ્વિટર) પર મુસ્લિમોને લક્ષ્ય બનાવતી અમાનવીયકરણ, ઉશ્કેરણી અને બાકાત રાખવાની રેટરિક સાથે સંકળાયેલ ભાષાને કેપ્ચર કરવા માટે રચાયેલ વ્યાપક ક્વેરીનો ઉપયોગ કરીને પોસ્ટ્સનું વિશ્લેષણ કર્યું છે.

ડેટાસેટમાં ૧ જાન્યુઆરીથી ૫ માર્ચ, ૨૦૨૬ સુધીની મૂળ પોસ્ટ્સ, ક્વોટ પોસ્ટ્સ અને ઈસ્લામોફોબિક સામગ્રી ધરાવતી જવાબોનો સમાવેશ છે. ડેટામાં ૨૮ ફેબ્રુઆરીથી ૫ માર્ચ દરમિયાન, X પર મુસ્લિમોને લક્ષ્ય બનાવતી કુલ ૨૫,૩૪૮ ઈસ્લામોફોબિક પોસ્ટ્સ રેકોર્ડ કરવામાં આવી હતી. જોકે, રિપોસ્ટનો સમાવેશ થયા પછી આ પોસ્ટ્સનો વ્યાપ નોંધપાત્ર રીતે વધુ છે. જ્યારે રિપોસ્ટ્સની ગણતરી કરવામાં આવી ત્યારે ઈસ્લામોફોબિક સામગ્રીનો કુલ ઉલ્લેખ ૨,૭૯,૪૧૭ સુધીનો નોધાયો છે, જે હાનિકારક મૂળ પોસ્ટ્સના ૧૧ ગણા વિસ્તરણનું પ્રતિનિધિત્વ કરે છે. અભ્યાસમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે, આ એમ્પ્લીફિકેશન એ દર્શાવે છે કે નેટવર્ક ઈફેક્ટ્સ અને પ્લેટફોર્મ્સ એંગેજમેન્ટ-આધારિત અલ્ગોરિધમ્સ દ્વારા સ્પષ્ટ રીતે હાનિકારક સામગ્રીને અત્યંત બહોળા પ્રેક્ષકો સુધી પહોંચી શકે છે. જ્યારે ઈસ્લામોફોબિક સામગ્રીમાં શરૂઆતની ટોચથી



થોડો ઘટાડો જોવા મળ્યો છે, ત્યારે આ ઉછાળાને વેગ આપતી અંતર્ગત પરિસ્થિતિઓ મજબૂત રીતે સ્થાને છે.

ડેટાસેટની ગુણાત્મક સમીક્ષામાં હાનિકારક ચર્ચાના અનેક પુનરાવર્તિત દાખલાઓ બહાર આવ્યા છે. આ સંપૂર્ણ ડેટાસેટના સંપૂર્ણ વર્ગીકરણ નથી પરંતુ પ્રતિનિધિ નમૂનાઓ છે જે X અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ફરતી મુસ્લિમ વિરોધી સામગ્રીની પ્રકૃતિ અને ગંભીરતાને દર્શાવે છે.

CSOH દ્વારા સમીક્ષા કરાયેલી પોસ્ટ્સમાં જોવા મળતી સૌથી વધુ ચિંતાજનક રીતોમાંની એક અમાનવીય ભાષાનો ઉપયોગ છે, જેમાં મુસ્લિમોને 'ઉંદર', 'જીવાત'. 'ઉપદ્રવી' અને 'પરોપજીવી' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આવી ભાષા ઐતિહાસિક રીતે લક્ષિત સમુદાયો સામે હિંસાના સૌથી આત્યંતિક સ્વરૂપો પહેલા અને સક્ષમ રહી છે.

મુસ્લિમોને નિશાન બનાવતી અમાનવીય ભાષાના વ્યાપને વધતા જોખમના એક મહત્વપૂર્ણ સૂચક તરીકે ઓળખવું જોઈએ. અમાનવીયકરણ સાથે ગાઢ સંબંધ એ છે કે મુસ્લિમ સમુદાયોને 'ઉપદ્રવી' તરીકે રજૂ કરવામાં આવ્યા છે. આ વાર્તાનો ઉપયોગ કરતી પોસ્ટ્સ મુસ્લિમોને અમેરિકન શહેરો અને સંસ્થાઓને ધમકી આપતા ફેલાતા ચેપ તરીકે દર્શાવે છે.

આ ફ્રેમિંગ અસંખ્ય લઘુમતી સમુદાયો સામે ઉપયોગમાં લેવાતા ઐતિહાસિક પ્રચારને પ્રતિબિંબિત કરે છે, જેમાં લક્ષિત જૂથને એક રોગ અથવા ઉપદ્રવ તરીકે દર્શાવવામાં આવ્યા છે, જેનો નાશ કરવો જ જોઈએ. અમાનવીયકરણ ઉપરાંત, નફરતથી હિંસા માટે સ્પષ્ટ ઉશ્કેરણીમાં બદલાતી પોસ્ટ્સ, જેમાં મુસ્લિમોનો નાશ કરવાના સીધા કોલનો સમાવેશ થાય છે, તે પણ નોંધવામાં આવી હતી. કેટલીક પોસ્ટ્સમાં મુસ્લિમોના નાશને સ્વ-બચાવ અથવા સભ્યતાના અસ્તિત્વના કાર્ય તરીકે રજૂ કરવામાં આવ્યો હતો, જે નરસંહારના રેટરિકને દેશભક્તિની ફરજનો ઢોંગ દર્શાવે છે.

વર્તમાન વાતાવરણમાં, આ સામગ્રી એવા સમુદાય પર કાર્યવાહી કરવા માટે એક આહવાન તરીકે કાર્ય કરે છે જે પહેલાથી જ પક્ષપાત, ઉત્પીડન, ભેદભાવ અને નફરતથી પ્રેરિત હિંસાના વધતા દરનો અનુભવ કરી રહ્યો છે. કેટલીક અત્યંત આત્યંતિક પોસ્ટ્સમાં મુસ્લિમ અમેરિકનોને ઈન્ટર્નમેન્ટ કેમ્પમાં રાખવાની હિમાયત કરવામાં આવી હતી. અન્ય પોસ્ટ્સમાં 'મુસ્લિમ બાકાત કાયદો' બનાવવાની હાકલ કરવામાં આવી હતી, જેમાં મુસ્લિમોને યુ.એસ.માં પ્રવેશવાથી સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. અભ્યાસ મુજબ, મોટી સંખ્યામાં પોસ્ટ્સમાં યુ.એસ.માંથી બધા મુસ્લિમોને કાઢી મૂકવાની માંગ કરવામાં આવી હતી. આ વાણી-વર્તનમાં 'બધા મુસ્લિમોને દેશનિકાલ' કરવાના સામૂહિક કોલથી લઈને મુસ્લિમ અમેરિકનો પાસેથી સામૂહિક નાગરિકતા રદ કરવાના ચોક્કસ કોલનો સમાવેશ થતો હતો. આ શ્રેણીની સામગ્રી ફક્ત તેના જથ્થા માટે જ નહીં પરંતુ તે ઉગ્રવાદી કાલ્પનિકતા અને નીતિ હિમાયત વચ્ચેની રેખાને કેવી રીતે અસ્પષ્ટ કરે છે તે માટે પણ મહત્વપૂર્ણ છે. આમાંની ઘણી પોસ્ટ્સ ચૂંટાયેલા અધિકારીઓને નિર્દેશિત કાર્યવાહીપાત્ર માંગણીઓ તરીકે બનાવવામાં આવી હતી. મસ્જિદોના વિનાશની હિમાયત કરતી, મુસ્લિમ પ્રાર્થનાસ્થળોને દુશ્મન માળખા તરીકે ગણતી પોસ્ટ્સ પણ મળી આવી હતી. આ પોસ્ટ્સમાં મસ્જિદોને 'નાના લશ્કરી ઠેકાણા' અને 'આતંકવાદી કેન્દ્રો' તરીકે દર્શાવવામાં આવ્યા હતા.

યુ.એસ.માં મસ્જિદો લાંબા સમયથી આગચંપી, તોડફોડ, ધમકીઓ અને ગોળીબારનું લક્ષ્ય રહી છે. તેમને કાયદેસર લક્ષ્ય તરીકે રજૂ કરતી સામગ્રીનું પ્રસાર મુસ્લિમ સમુદાયો અને ધાર્મિક સંસ્થાઓ સામે હિંસાનું જોખમ વધારે છે. અભ્યાસ માટે લેવામાં આવેલા વિશ્લેષણના ભાગ રૂપે, CSOHએ Xને આપેલા આ સંક્ષિપ્તમાં ઉદાહરણ તરીકે દર્શાવવામાં આવેલી ૩૦ પોસ્ટ્સનો અહેવાલ આપ્યો હતો જેમાં પ્લેટફોર્મની પોતાની રિપોર્ટિંગ શ્રેણીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં 'હિંસક ભાષણ' અને 'ધિક્કાર, દુર્વ્યવહાર અથવા પજવણી'નો સમાવેશ થાય છે. આ પોસ્ટ્સમાં મુસ્લિમોને 'ઉંદરો' અને 'જીવાત' તરીકે વર્ણવતી ભાષા, સંહારની હાકલ, નજરકેદ શિબિરોની માંગણીઓ અને મસ્જિદોનો નાશ કરવાની હાકલનો સમાવેશ થતો હતો. રિપોર્ટ કરાયેલી ૩૦ પોસ્ટમાંથી ૧૧ પોસ્ટ દૂર કરવામાં આવી હતી. બાકીની ૧૯ પોસ્ટ ૯ માર્ચ સુધી પ્લેટફોર્મ પર લાઈવ રહી હતી. આ અમલીકરણ તફાવત પ્લેટફોર્મ નીતિઓ અને તેમના ઉપયોગ વચ્ચેના મહત્વપૂર્ણ અંતરને રેખાંકિત કરે છે, ખાસ કરીને જ્યારે મુસ્લિમોને લક્ષ્ય બનાવતા અમાનવીયકરણ અને ઉશ્કેરણીનો સામનો કરવાની વાત આવે છે. CSOHએ પુષ્ટિ આપી હતી કે, ઉલ્લંઘન કરતી સામગ્રીની જાણ થયા પછી પણ સક્રિય રીતે કાર્ય કરવામાં નિષ્ફળતા અને તેને છોડી દેવાથી એ સૂચવે છે કે હાલની અમલીકરણ પદ્ધતિઓ અપૂરતી છે અથવા અસંગત રીતે લાગુ કરવામાં આવી છે. અભ્યાસના તારણો મુસ્લિમ વિરોધી નફરત અને ઉશ્કેરણીના વાતાવરણને દર્શાવે છે, જે પહેલાથી જ અસ્થિર હોવા છતાં, અનેક પરિબળોના સંકલનને કારણે એક નિર્ણાયક ટિપિંગ પોઈન્ટ પર પહોંચી ગયું છે. આ વિકાસ બહુવિધ મોરચે તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

અભ્યાસમાં સૂચવવામાં આવ્યું છે કે, સોશિયલ મીડિયા કંપનીઓએ મુસ્લિમો વિરુદ્ધ હિંસાને અમાનવીય બનાવતી અથવા ઉશ્કેરતી હાનિકારક સામગ્રી સામે અમલીકરણ મજબૂત બનાવવું જોઈએ. અભ્યાસમાં દસ્તાવેજીકૃત મોટાભાગની સામગ્રી હાલની પ્લેટફોર્મ નીતિઓનું ઉલ્લંઘન કરતી દેખાય છે પરંતુ તે વ્યાપકપણે સુલભ અને વિસ્તૃત રહે છે. પ્લેટફોર્મ્સે ખાતરી કરવી જોઈએ કે ભૂ-રાજકીય કટોકટીના સમયગાળા દરમિયાન, જ્યારે હાનિકારક ઑનલાઈન સામગ્રીમાં વધારો થાય છે, ત્યારે અમલીકરણ પદ્ધતિઓ ઝડપથી અને સતત પ્રતિક્રિયા આપે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે મુસ્લિમ નાગરિક અધિકાર સંગઠનો માટે ટ્રસ્ટેડ ફ્લેગર સ્ટેટસ સ્થાપિત કરવું જોઈએ જેમાં સામૂહિક ઉશ્કેરણી અને ધમકીઓને ધ્વજાંકિત કરવા માટે સમર્પિત રિપોર્ટિંગ ચેનલ હોવી જોઈએ, ધીમી પ્રમાણભૂત રિપોર્ટિંગ કતારોને બાયપાસ કરીને જે કટોકટીના સમયગાળા દરમિયાન હાનિકારક સામગ્રીને અનિયંત્રિત રીતે ફેલાવવા દે છે. CSOHએ જણાવ્યું હતું કે, જાહેર અધિકારીઓએ ભૂ-રાજકીય સંઘર્ષોને ઘડવામાં ખૂબ કાળજી રાખવી જોઈએ. ધાર્મિક અથવા સભ્યતાના સંઘર્ષ સાથે લશ્કરી મુકાબલાને જોડતી ભાષા, અથવા ખ્રિસ્તી રાષ્ટ્રવાદી કથાઓ પર આધારિત ભાષા, લઘુમતી સમુદાયો પ્રત્યે ઘરેલું દુશ્મનાવટ ભડકાવવાનું જોખમ રાખે છે. રાજકીય નેતાઓની જવાબદારી છે કે તેઓ ખાતરી કરે કે તેમના રેટરિક વૈશ્વિક સંઘર્ષોને એવી રીતે ઘડીને અમેરિકનોને જોખમમાં ન મૂકે જે સમગ્ર ધાર્મિક સમુદાયોને કલંકિત કરે છે. અભ્યાસમાં જણાવાયું છે કે, નાગરિક સમાજ સંગઠનો, કાયદા અમલીકરણ એજન્સીઓ અને સમુદાયના નેતાઓએ મુસ્લિમ સમુદાયો અને સંસ્થાઓ સામેના જોખમોનું નિરીક્ષણ વધારવું જોઈએ. લક્ષિત હિંસાના વધતા જોખમને ધ્યાનમાં રાખીને, દેશભરમાં મસ્જિદો, ઈસ્લામિક કેન્દ્રો અને મુસ્લિમ સમુદાય સંગઠનોના રક્ષણમાં વધારો કરવાની તાત્કાલિક જરૂર છે. CSOHએ જણાવ્યું હતું કે, ચૂંટાયેલા અધિકારીઓ, કાયદા અમલીકરણ એજન્સીઓ અને સોશિયલ મીડિયા કંપનીઓ સહિત સંબંધિત હિસ્સેદારોએ ઓનલાઈન નફરત અને ઉશ્કેરણીમાં ઉભરતા વલણોને વધુ સારી રીતે સમજવા માટે ઈસ્લામોફોબિયાનો અભ્યાસ કરતા સંશોધકો સાથે સંપર્ક કરવો જોઈએ. અભ્યાસમાં રજૂ કરાયેલા તારણો પર બ્રીફિંગ સચોટ અને સમયસર માહિતી શેર કરવામાં મદદ કરી શકે છે. આવા જોડાણથી ઓનલાઈન વાર્તાઓ અને ઘટનાઓ પ્રત્યે વધુ જાણકાર પ્રતિભાવો મળી શકે છે જે મુસ્લિમો અને તેમની સંસ્થાઓને લક્ષ્ય બનાવતી હિંસામાં રૂપાંતરિત થવાની સંભાવના ધરાવે છે.


(સૌ. : ઈન્ડિયા ટુમોરો)


તમામ મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક
★ દારૂલ ઉલૂમ અન્વારે મુસ્તુફા જૂનાગઢ
★ નૂરી ક્લિનીક ખાનકાહે રીઝવીય્યાહ, જૂનાગઢ
★ એમ્બ્યુલન્સ સર્વિસ મુફતીએ આઝમ ફાઉન્ડેશન
ખાનકાહે રીઝવીય્યાહ
શેહજાદાએ ખલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દ
હઝરત ગુલઝારબાપુ નૂરી રીઝવી
હાજી હનીફભાઈ (અમીન ટ્રાન્સપોર્ટવાળા)

ઈદ મુબારક
મુશાહિદ વિકાસ કો.ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લી.
મુકામ-પોસ્ટ-બાદરપુર, તાલુકો-વડનગર, જિલ્લો- મહેસાણા

| | |
|---|---|
| ગુલામહુસૈન ઈબ્રાહીમભાઈ કોડાલિયા......... ચેરમેન | શબ્બીરઅલી ઈબ્રાહીમભાઈ મેડા....... વ્ય.ક.સભ્ય |
| ગુલામહૈદર શરીફભાઈ નાગલપુરા ..... મેને. ડિરેક્ટર | શાનઅલી ઈસ્માઈલભાઈ નાગલપરા... વ્ય.ક.સભ્ય |
| ગુલામહસન રહીમભાઈ હીરા........... વા.ચેરમેન | અકબરઅલી સુલેમાનભાઈ દાસદીયા.... વ્ય.ક.સભ્ય |
| તાલીબઅલી વલીભાઈ દત્ત ............... વ્ય.ક.સભ્ય | અબ્બાસઅલી હૈદરઅલી જાલર......... વ્ય.ક.સભ્ય |
| ગુલામહુસૈન રસુલભાઈ દાસદીયા......... વ્ય.ક.સભ્ય | રોશનઅલી મહંમદભાઈ મસી.......... વ્ય.ક.સભ્ય |
| કમ્મરઅલી નસીરભાઈ રાબડી........... વ્ય.ક.સભ્ય | ગુલામહૈદર ઈબ્રાહીમભાઈ કોડાલિયા........મેનેજર |

તથા તમામ સભાસદ ભાઈ-બહેનો તરફથી ઈદના પવિત્ર તહેવાર નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે

તમામ મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક
આરીફભાઈ - 9426281631 / 8849823235
એહમદ રઝા - 9714567065
એજાજભાઈ - 8866481631
પ્રમુખ સ્ટીલ

દરેક જાતના સ્ક્રેપ ભંગારના પીજીવીસીએલ સ્ક્રેપના વેપારી, ટ્રાન્સફોર્મ કોયલ અને એલ્યુમિનિયમ લેનાર વેપારી

સરનામું : સવજીપરા રોડ, મદીના મસ્જિદ સામે, અમરેલી

ઈદ મુબારક
અફઝલભાઈ (રાજા) 890557 27504
હાજી અમીનભાઈ 93287 62336
GSTIN : 24EXQPK9105R1ZL
રાજ ઈલેક્ટ્રીક બાઈક
તમામ પ્રકારની નવી તથા જૂનીર્ ઈલેક્ટ્રીક બાઈક લે-વેચ કરનાર
૨૦ વર્ષ જૂના અને જાણીતા (સર્ચ ઓન google)
દરેક પ્રકારની ઈલેક્ટ્રીક બાઈક રીપેર કરનાર Offer Discont 38000/-
બહારપરા, પોલીસ ચોકીની બાજુમાં, અમરેલી - ૩૬૫૬૦૧


તમામ મુસ્લિમ ભાઈઓને ઈદ મુબારક
હાજી હારૂનભાઈ મેતર 94287 12370
હાજી યુનુસભાઈ મેતર 9428712371
અંજુમભાઈ મેતર 7777951951
સાજીદભાઈ 77789 70970
અઝહરભાઈ 9979779494
એન. જે. ટ્રેડર્સ
દરેક જાતના સ્ક્રેપના છૂટક તથા જથ્થાબંધ વેપારી
સરનામું : જૂની જેલ રોડ, ખડપીઠ અમરેલી
ન્યુ જનતા સ્ક્રેપ ટ્રેડર્સ
વેસ્ટ પ્લાસ્ટિક તેમજ દરેક જાતના સ્ક્રેપના છૂટક તથા જથ્થાબંધ વેપારી
સરનામું કુંકાવાવ રોડ, ભારતનગર સામે, અમરેલી

ગુજરાત રાજ્યની અગ્રિમ શૈક્ષણિક સંસ્થાઓમાં સ્થાન પ્રાપ્ત
ફલાહે દારૈન એજ્યુકેશન સોસાયટી
(એફ.ડી. એજ્યુકેશન સોસાયટી)
એફ.ડી. કોલેજ રોડ,
જમાલપુર દરવાજા પાસે,
અહેમદાબાદ-૩૮૦૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૯૧૧૧૨
E-mail : fdedusoc@yahoo.com | Web : www.fdesahmedabad.in
સર્વે શુભેચ્છકોને ઈદે સઈદની પુરખુલૂસ મુબારકબાદ

તમામ મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક

ઓર્ગેનાઈઝર
ઈગલ બિલ્ડર્સ
ઈકબાલભાઈ મારફતીયા
બુકીંગ સંપર્ક
અસીમભાઈ મારફતીયા 9824100774
ઈમરાનભાઈ મારફતીયા 9825668760
Architect
Vishwa Intrastructure Ahmedabad.'
સાઈટ
ગેલેક્સી ફ્લેટસ
બી-ડિવિઝન પોલીસ સ્ટેશનની સામે, કોર્ટ રોડ, જૂનાગઢ.

# મગજને સૌથી વધુ સુરક્ષિત રાખતી એક રોજીંદી આદત

હેલ્થ બુલેટીન



**આ**જના જમાનામાં જ્યારે લોકો તેમના જ્ઞાનાત્મક કાર્યને વધારવા માટે સુપરફૂડ અથવા મોંઘા પૂરક લેતા હોય છે ત્યારે યુએસના મિશિગનમાં જગન્નાથન ન્યુરોસર્જરી ઈન્સ્ટિટ્યૂટના ન્યુરોસર્જન ડૉ. જય જગન્નાથન આને બદલે એક ખૂબ જ સરળ અને મફત ઉકેલ તરફ ઈશારો કરે છે.

ઈન્સ્ટાગ્રામ પર ૮ માર્ચની તેમની પોસ્ટમાં, ડૉ. જગન્નાથને મગજના રક્ષણ માટે જીવનશૈલીની સૌથી મહત્વપૂર્ણ આદત તરીકે, ઉચ્ચ ગુણવત્તાવાળી ઊંઘને જાહેર કરી છે.

**મનની 'કચરો વ્યવસ્થાપન' પ્રણાલી**

ડૉ. જગન્નાથનના મતે, ઊંઘની સાચી ... સિસ્ટમ તરીકે ઓળખાતી જૈવિક સફાઈ ... તેમણે કહ્યું, "ન્યુરોસર્જરીમાં વર્ષો પ... જીવનશૈલી પરિબળ છે જે તમારા મગજને સૌથી વધુ સુરક્ષિત રાખે છે અને ઊંઘને મોટાભાગના લોકો નજરઅંદાજ કરી દેતા હોય છે. દરરોજ રાત્રે ગાઢ નિદ્રા દરમિયાન, મગજ ગ્લાયમ્ફેટિક સિસ્ટમને સક્રિય કરે છે. આ એક વિશિષ્ટ પ્રક્રિયા છે જે મગજના પેશીઓમાંથી મેટાબોલિક કચરો સાફ કરે છે."

ડૉ. જગન્નાથને ભારપૂર્વક સમજાવ્યું કે, આ સિસ્ટમ બીટા-એમાઈલોઈડ જેવા પ્રોટીનને શરીરમાંથી બહાર કાઢે છે. તબીબી સમુદાયમાં, બીટા-એમાઈલોઈડનું નિર્માણ એ અલ્ઝાઈમર અને અન્ય ન્યુરોડિજનરેટિવ રોગોના વિકાસ સાથે જોડાયેલું પ્રાથમિક લક્ષણ છે. જ્યારે આપણે આરામ કરવાનું છોડી દઈએ છીએ, ત્યારે આપણે મૂળભૂત રીતે આપણા ન્યુરલ માર્ગોમાં 'ઝેરી કચરો' જમા થવા દઈએ છીએ. ઘણા લોકો ઊંઘને એક લક્ઝરી માનતા હોય છે અથવા તેઓ સપ્તાહના અંતે પુરતી ઊંઘ મેળવી શકતા હોય છે.

આ અંગે ડૉ. જગન્નાથન ચેતવણી આપે છે કે, લોકોની આ માનસિકતા મગજના બંધારણ માટે શારીરિક રીતે નુકસાનકારક છે. તે કહે છે કે, "જ્યારે ઊંઘનો સમયગાળો સતત ઓછો થાય છે અથવા વિક્ષેપિત થાય છે, ત્યારે આ શુદ્ધિકરણ પ્રક્રિયા મંદ બની જાય છે. સમય જતાં, મગજ દિવસના તણાવ અને પ્રવૃત્તિમાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થતું નથી."

ઝેરી પદાર્થોને સાફ કરવા ઉપરાંત, ન્યુરોસર્જને એ વાત પર ભાર મૂક્યો કે ઊંઘ એ શરીરને સ્વસ્થ રાખવાની મુખ્ય ચાવી છે.

**યાદશક્તિની રચના :** ટૂંકા ગાળાની માહિતીને લાંબા ગાળાના સંગ્રહમાં ખસેડવી.

**ભાવનાત્મક નિયમન :** મગજના મૂડ કેન્દ્રોને સ્થિર કરવા.

**તમારા મગજનો સૌથી સારો મિત્ર કોઇ છે તો તે ઊંઘ છે. ઉચ્ચ ગુણવત્તાવાળી ઊંઘ એ તમારા મગજને સુરક્ષિત રાખવાની ચાવી છે : ન્યુરોસર્જન ડો. જય જગન્નાથન**

**હોર્મોનલ સંતુલન :** ભૂખથી લઈને તણાવ સુધી બધું જ નિયંત્રિત કરવું.

**ન્યુરલ રિપેર અને પ્લાસ્ટિસિટી :** મગજને ફરીથી સક્રિય કરવુ અને તાજુ થવા દેવુ.

**ઉપચાર કરતાં નિવારણ**

ડૉ. જગન્નાથનનો સંદેશ આધુનિક દવા માટે દૃષ્ટિકોણમાં પરિવર્તન લાવે છે, જે ઘણીવાર બીમારીને રોકવાને બદલે તેના પર પ્રતિક્રિયા આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે કહે છે કે, "આપણે ઘણીવાર સમસ્યાઓ દેખાય પછી દવા લઈને સારવાર પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ પરંતુ મગજ માટે ઘણી મહત્વપૂર્ણ રક્ષણાત્મક પ્રક્રિયાઓ ઊંઘ દરમિયાન થાય છે. જે લોકો તેમના જીવનના છેલ્લા પડાવમાં આ બાબતમાં સ્વસ્થ રહેવા માંગે છે તે લોકો શોર્ટકટ શોધવાનું બંધ કરે. ઉચ્ચ-ગુણવત્તાવાળી ઊંઘ એ કોઈ વૈભવી વસ્તુ નથી. તે લાંબા ગાળાના મગજના સ્વાસ્થ્યના સૌથી મહત્વપૂર્ણ પાયામાંનો એક છે."

**વાચકો માટે નોંધ :** આ લેખ ફક્ત માહિતીના હેતુ માટે છે અને વ્યાવસાયિક તબીબી સલાહનો વિકલ્પ નથી.

**(સૌ : એચ.ટી.)**

# ભારતમાં પોલીસ કસ્ટડીમાં મૃત્યુ અને ત્રાસના અહેવાલોના મામલે યુએનના નિષ્ણાતોએ પોલીસની નિષ્ફળતાઓ સામે સ્વતંત્ર તપાસની માંગ કરી

**યુએનના નિષ્ણાતોએ ભારત સરકારને કાયદા અમલીકરણ હેઠળ સેંકડો ત્રાસ સંબંધિત મૃત્યુ અને હજારો ઘાયલોના આરોપોની તાત્કાલિક સ્વતંત્ર તપાસ શરૂ કરવા અને આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર ધોરણો મુજબ પોલીસિંગને આધુનિક બનાવવા માટે મોટા સુધારા હાથ ધરવા હાકલ કરી છે**


**યુ**એનના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, "આ આરોપો કાયદા અમલીકરણ હિંસાનું પ્રણાલીગત ચિત્ર રજૂ કરે છે, જે જીવન જીવવાના અધિકાર, ત્રાસ પર સંપૂર્ણ પ્રતિબંધ અને ભેદભાવ નહીં કરવાના અધિકારના ગંભીર ઉલ્લંઘનો દર્શાવે છે. અમને ખૂબ જ દુ:ખ છે કે પોલીસ આ કામગીરીમાં કાયદેસર અને યોગ્ય પ્રક્રિયાને બદલે સંક્ષિપ્ત હિંસાનો ઉપયોગ કરે છે. દરેક ઘટનાની તાત્કાલિક, સ્વતંત્ર અને પારદર્શક રીતે લાગુ આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર તપાસ થવી જોઈએ."

નિષ્ણાતોને વિશ્વસનીય રીતે મળેલી માહિતી મુજબ, પોલીસ દ્વારા ઘણીવાર અતિશય બળનો ઘાતક ઉપયોગ વ્યાપક રીતે થઈ રહ્યો છે. ઉત્તર પ્રદેશ અને આસામ જેવા રાજ્યોમાં, પોલીસે 'એન્કાઉન્ટર' અને 'અડધા એન્કાઉન્ટરો' કરી નાંખ્યા છે. ઉપરાંત વ્યાપક કસ્ટોડિયલ ત્રાસ પણ આપેલા હોવાની માહિતી છે. આ ત્રાસને કારણે મુસ્લિમો, દલિતો, આદિવાસીઓ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો અપ્રમાણસર રીતે પ્રભાવિત થયા છે.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, "એન્કાઉન્ટર અને અર્ધ-એન્કાઉન્ટર દ્વારા એક વ્યાપક અને અમાનવીય પ્રથા ઢંકાઈ જાય છે, જે ગેરકાયદે હિંસાને સામાન્ય બનાવવા અને કાયદાના અમલીકરણમાં જાહેર વિશ્વાસને નષ્ટ કરવાનું જોખમ ધરાવે છે. કાનૂની સુરક્ષા અને જવાબદારીમાં નોંધપાત્ર ખામીઓ આ સ્તરના દુરુપયોગને સક્ષમ બનાવે છે."

પોલીસ અને ન્યાયિક કસ્ટડીમાં મારપીટ, ઈલેક્ટ્રિક શોક, જાતીય હિંસા, માનસિક અપમાન અને તબીબી સંભાળનો ઈન્કાર જેવા કેટલાય અન્ય દુર્વ્યવહારના સતત અહેવાલો પર યુએનના નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી હતી. ઘણીવાર ત્રાસ, સત્તાવાર અને બિનસત્તાવાર અટકાયત સ્થળોએ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે, ભારતે હજુ સુધી આવા ત્રાસ વિરુદ્ધ કોઈ પણ પ્રકારના પગલાં ભર્યા નથી. સ્થાનિક કાયદામાં ત્રાસને સ્પષ્ટ રીતે ગુનાહિત પણ ગણવામાં આવ્યો નથી. તાજેતરના કાયદાકીય સુધારાઓએ પોલીસ સત્તાઓનો વિસ્તાર કર્યો છે પણ દુર્વ્યવહાર સામે રક્ષણ પુરું પાડવામાં નબળા પુરવાર થયા



છે. પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી ઈન્સ્ટોલેશન પર સુપ્રીમ કોર્ટના નિર્દેશો અને એન્કાઉન્ટર તપાસ અંગે માર્ગદર્શિકા સહિત હાલના સુરક્ષા પગલાંને વારંવાર અવગણવામાં આવે છે.

નિષ્ણાતોએ વધુમાં જણાવ્યું હતું કે, "રાજ્યોની ધરપકડ અને કસ્ટડી દરમિયાન તમામ વ્યક્તિઓના જીવન અને અખંડિતતાના અધિકારનું રક્ષણ કરવાની, સ્થાનિક કાયદામાં ત્રાસને ગુનાહિત બનાવવાની, ફરિયાદોની તાત્કાલિક અને નિષ્પક્ષ રીતે તપાસ કરવાની, ત્રાસ દ્વારા મેળવેલા પુરાવાઓને બાકાત રાખવાની અને પીડિતોને પુનર્વસન સહિત અસરકારક ઉપાયો પૂરા પાડવાની જવાબદારી વધુ મજબૂત બને છે. મૂળભૂત માનવ અધિકારોના ધોરણોને પૂર્ણ કરવામાં પોલીસિંગની પ્રણાલીગત નિષ્ફળતા દેખાય છે. ભારતના પોલીસ દળનું આધુનિકીકરણ તાત્કાલિક પ્રાથમિકતા હોવી જોઈએ. શક્તિ અને હિંસાની સંસ્કૃતિથી દૂર સેવા-લક્ષી, અધિકાર-સન્માન કરતી પોલીસિંગ તરફ આગળ વધવું જોઈએ. નિષ્ણાતોએ પીડિતો, પરિવારો, વકીલો, તબીબી કર્મચારીઓ અને નાગરિક સમાજના કાર્યકરોની સામે થયેલા અહેવાલિત ઉત્પીડન અને બદલાની નિંદા કરતાં જણાવ્યું કે, "ન્યાયની માંગણી કરનારાઓને ચૂપ કરવા એ લોકશાહીના સમાજ સાથે અસંગત છે. આ બાબતે ખાસ સંવાદદાતાઓએ ભારત સરકારને પત્ર લખ્યો છે જેમાં તેમણે રાષ્ટ્રીય અધિકારીઓને ટેકનિકલ સલાહ આપવાની તૈયારી દર્શાવી છે.

**(સૌ. : મકતુબ મીડિયા)**

# 'પરિવર્તિત મુસલમાનો : કલંકિત નહીં સન્માનિત છે'

**આ**જે મુસ્લિમોની વસ્તી ૨.૧ અબજથી વધુ છે અને બધા જ ધર્માંતરિત છે. જો કે પરિવર્તિત મુસલમાન હોવું તે તેમના માટે સન્માનની બાબત છે પણ ભારતીય ઈસ્લામોફોબીઓએ ભારતીય મુસ્લિમો માટેના અપમાનની યાદીમાં તેમનો ઉમેરો કરી નાખ્યો છે.

તાજેતરમાં ભારત સરકારના સલાહકાર તરીકે નિયુક્ત કે જે પોતે પછાત જાતિનો છે અને આજકાલ હિન્દુત્વનો દ્વેષી બની ગયો છે, તેણે આ વાતનો પુનરાવર્તન કર્યો છે. તેની સલાહોમાં રહેલી નફરતનો અંદાજ સરળતાથી લગાવી શકાય છે. દિલ્હીની ભવ્ય જામા મસ્જિદમાં આયોજિત ઈફતાર પાર્ટીમાં કેટલાક લોકો નમાઝ વિસ્તારમાં ઉપર બેસીને અને કેટલાક નીચે બેસીને ઈફતાર કરી રહ્યા હતા, તેનો ફોટો બતાવીને, આ વટલાયેલા મુસ્લિમે લખ્યું છે કે, "ઈસ્લામમાં બિચારા ગરીબ ધર્માંતરિત મુસ્લિમોની સાથે ભેદભાવ. તેમને નીચે કેમ બેસાડવામાં આવે છે? આ ગરીબોનો આત્મા પણ મુસ્લિમ છે. પણ જમતી વખતે સાથે બેસવાની મંજૂરી નથી. ઈસ્લામમાં સુધારાની સખત જરૂર છે." પરંતુ સાચી વાત તો તે હતી કે ઉપરની બેઠક કેટલાક આમંત્રિતો માટે ખાસ વ્યવસ્થાના ભાગરુપે કરાઈ હતી. જેમાં જાણીતા વિવાદાસ્પદ પત્રકાર રજત શર્માનો પણ સમાવેશ થતો હતો. તેણે આ તસવીરનો દુરુપયોગ કરીને ઈસ્લામને નીચું દર્શાવવાનો પ્રયાસ કર્યો. જોકે આમ કરવાથી હિન્દુત્વ સમૂહના ધર્માંતરિત આ સભ્યની બૌદ્ધિક નાદારી છતી થઈ છે. આવા લોકો જે 'ધર્માંતરિત મુસ્લિમો'ને એક કલંક તરીકે જુએ છે. તેમણે ઈસ્લામના મૂળભૂત જ્ઞાન પર કામ કરવાની જરૂર છે. એ કહેવું જરૂરી છે કે આ પૃથ્વી પરનો દરેક મુસ્લિમ કાં તો ધર્માંતરિત છે અથવા ધર્માંતરિત થયેલાનો વંશજ છે. 'ધર્માંતરિત મુસ્લિમ' લેબલ એવું સૂચવવાનો પ્રયાસ કરે છે કે, ભારતીય મુસ્લિમો કોઈક રીતે આરબો કરતાં ઓછા પ્રમાણિક છે કારણ કે તેમના પૂર્વજોએ પાછળથી ઈસ્લામનો સ્વીકાર કર્યો હતો. આ ઘણા કારણોસર બૌદ્ધિક રીતે નાદાર છે. પ્રથમ, ધર્માંતરણ સાર્વત્રિક છે. અહીં કેટલીક હકીકતો છે. આજે ૫૭ મુસ્લિમ દેશો છે. ૧૫૦થી વધુ બિન-મુસ્લિમ દેશો એવા છે જ્યાં મુસ્લિમો રહે છે, જેઓ વિશ્વની બધી મુખ્ય ભાષાઓ બોલે છે. તે પૃથ્વી પરનો સૌથી ભૌગોલિક અને વંશીય રીતે વૈવિધ્યસભર ધાર્મિક જૂથ છે, જેની મુખ્ય વસ્તી દરેક ખંડમાં ફેલાયેલી છે. તેઓ બધા જ ધર્માંતરિત છે અને મુસ્લિમ બનીને ખુબ ખુશ છે. તેઓ બધા તેમના ઈસ્લામ ધર્મમાં જોડાયેલા છે. તેઓ બધા ઈસ્લામના છેલ્લા સંદેશવાહક, એકમાત્ર પયગંબર મુહમ્મદ (સ.અ.વ.)સાહેબને અનુસરે છે, જોકે તેમને હઝરત ઈસુ ખ્રિસ્ત (અ.સ.) અને હઝરત મુસા (અ.સ.) સહિત અન્ય પયગંબરોમાં પણ વિશ્વાસ રાખવાની જરૂર છે. અને જ્યારે આ મુસ્લિમો હજ દરમિયાન મક્કામાં ભેગા થાય છે, ત્યારે તેઓ બધા સ્થળ, રંગ, લિંગ, જાતિ, ભાષા અને આવી બીજી બાબતોની મર્યાદાઓ વિના સમાન હોય છે. ઈચ્છુક અને રસ ધરાવતા લોકો માટે, અહીં ઈસ્લામિક સહકાર સંગઠન (OIC)ના ૫૭ સભ્ય દેશોની યાદી રજુ કરાઈ છે : અંગોલા, આર્જેન્ટિના, અર્મેનિયા, ઑસ્ટ્રેલિયા, ઑસ્ટ્રિયા, બહામાસ, બાર્બાડોસ, બેલારુસ, બેલ્જિયમ, બેલીઝ, ભૂટાન, બોલિવિયા, બોત્સ્વાના, બ્રાઝિલ, બલ્ગેરિયા, કંબોડિયા, કેનેડા, મધ્ય આફ્રિકન રિપબ્લિક, ચિલી, ચીન, કોલંબિયા, કોંગો (ડીઆરસી), કોસ્ટા રિકા, ક્રોએશિયા, ક્યુબા, સાયપ્રસ, ચેક રિપબ્લિક, ડેનમાર્ક, ડોમિનિકન રિપબ્લિક, એક્વાડોર, અલ- સાલ્વાડોર, ઈકવેટોરીયલ ગિની, એરિટ્રિયા, એસ્ટોનિયા, ઈથોપિયા, ફિજી, ફિનલેન્ડ, ફ્રાન્સ, જ્યોર્જિયા, જર્મની, ઘાના, ગ્રીસ, ગ્વાટેમાલા, ગુયાના, હૈતી, હોન્ડુરાસ, હંગેરી, આઈસલેન્ડ, ભારત, આયર્લેન્ડ, ઈઝરાયેલ, ઈટાલી, જમૈકા, જાપાન કેન્યા, લાઓસ, લેસોથો, લિબેરીયા, લેક્ઝમબર્ગ, મડાગાસ્કર, માલાવી, માલ્ટા, મોરેશિયસ, મેક્સિકો, મોલ્ડોવા, મોંગોલિયા, મોન્ટેનેગ્રો, મ્યાનમાર, નામીબીઆ, નેપાળ, નેધરલેન્ડ, ન્યુઝીલેન્ડ, નિકારાગુઆ, નોર્થ મેસેડોનિયા, નોર્વે, પનામા, પપુઆ ન્યુ ગિની, પેરાગ્વે, પેરુ, ફિલિપાઈન્સ, પોલાન્ડ, પોર્ટુગલ, રોમાનિયા, રશિયા, રવાન્ડા, સર્બીયા, સિંગાપોર, સ્લોવાકિયા, સ્લોવેનિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, સ્પેન, શ્રીલંકા, સુરીનામ, સ્વીડન, સ્વિટ્ઝર્લેન્ડ, તાઈવાન, તાંઝાનિયા, થાઈલેન્ડ, ત્રિનિદાદ અને ટોબેગો, યુક્રેન, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ, ઉરુગ્વે, વેનેઝુએલા, વિયેતનામ, ઝામ્બિયા અને ઝિમ્બાબ્વે. આ ફક્ત યાદી એ સ્પષ્ટ કરવા માટે છે કે ઈસ્લામ કોઈ ભૌગોલિક કેદી નથી. ભારત વિશ્વમાં ત્રીજા ક્રમની સૌથી મોટી મુસ્લિમ વસ્તી, આશરે ૨૧૩ મિલિયન હોવા છતાં, તે 'લઘુમતી' યાદીમાં દેખાય છે. આ સાબિત કરે છે કે 'લઘુમતી' હોવાનો અર્થ એ નથી કે તમે નાના અથવા તુચ્છ છો. ફ્રાન્સ, જર્મની અને યુકે જેવા દેશોમાં, મુસ્લિમ વસ્તી મોટાભાગે ૨૦મી સદીના સ્થળાંતર અને વધુને વધુ નવા ધર્માંતરણનું પરિણામ છે, જે દર્શાવે છે કે પશ્ચિમમાં આજે પણ 'ધર્માંતરિત લોકોની વાર્તા' લખાઈ રહી છે. ચીનમાં ૨.૫ કરોડ મુસ્લિમો છે અને રશિયામાં ૨ કરોડ મુસ્લિમો છે. અહીં, ઈસ્લામના ઊંડા, સદીઓ જૂના મૂળિયા છે જે ઘણી આધુનિક સરહદો પૂર્વેથી અસ્તિત્વ ધરાવે છે.

**દક્ષિણ એશિયા :** ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં આશરે ૬૦૦+ મિલિયન મુસ્લિમોની વસ્તી છે.

**દક્ષિણપૂર્વ એશિયા :** ઈન્ડોનેશિયા જે વિશ્વની સૌથી વધુ મુસ્લિમ બહુમતી ધરાવતો દેશ છે.

**મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકા (MENA) :** આ પ્રદેશને 'હૃદયભૂમિ' તરીકે જોવામાં આવે છે. આ પ્રદેશ કુલ વૈશ્વિક વસ્તીના માત્ર ૨૦% જેટલો હિસ્સો ધરાવે છે.

**ઉપ સહારન આફ્રિકા :** નાઈજીરીયા, ઈથોપિયા અને સેનેગલમાં વિશાળ સમુદાયો સાથે, સૌથી ઝડપથી વિકસતા પ્રદેશોમાંનો એક છે.

**યુરોપ અને અમેરિકા :** નોંધપાત્ર અને મુખ્યત્વે સ્થળાંતર અને નવા ધર્માંતરણ દ્વારા વધતી જતી લઘુમતી વસ્તી.

હવે મુસ્લિમોના મુખ્ય વંશીય જૂથોને ક્રમમાં વાંચીએ :

- **અફાર્સ :** આફ્રિકામાં રહેતા (જીબુટી, ઈથોપિયા, એરિટ્રિયા).
- **અલ્બેનિયનો :** બાલ્કન્સમાં નોંધપાત્ર વસ્તી સાથે, અલ્બેનિયા અને કોસોવોમાં બહુમતી વંશીય જૂથ છે.
- **આરબો :** મોરોક્કોથી ઈરાક સુધી ફેલાયેલા, જેમાં ઉત્તર આફ્રિકા અને અરબી દ્વીપકલ્પનો સમાવેશ થાય છે.
- **અઝેરી (અઝરબૈજાની) :** અઝરબૈજાન અને ઉત્તરપશ્ચિમ ઈરાનમાં મુખ્ય જૂથ છે.
- **બખ્તિયારી :** પશ્ચિમ ઈરાનમાં એક વિચરતું અને સ્થાયી થયેલ જૂથ છે.
- **બલોચ :** મુખ્યત્વે પાકિસ્તાન, ઈરાન અને અફઘાનિસ્તાનના બલુચિસ્તાન પ્રદેશમાં જોવા મળે છે.
- **બામ્બારા :** માલીના સૌથી મોટા વંશીય જૂથોમાંનો એક છે.
- **બંગાળીઓ :** બાંગ્લાદેશમાં બહુમતી અને ભારતના પશ્ચિમ બંગાળમાં એક વિશાળ લઘુમતી છે.
- **બર્બર્સ (અમેઝીઘ) :** ઉત્તર આફ્રિકા (મોરોક્કો, અલ્જીરિયા, ટ્યુનિશિયા, લિબિયા)ના સ્વદેશી છે.
- **બોસ્નિયાક્સ :** બોસ્નિયા અને હર્ઝેગોવિનામાં મુખ્ય મુસ્લિમ વંશીય જૂથ છે.
- **ચેચેન્સ :** રશિયાના ઉત્તરી કાકેશસ પ્રદેશમાં રહેતો એક સ્વદેશી જૂથ છે.
- **ફુલાની (ખ્યુલ) :** પશ્ચિમ અને મધ્ય આફ્રિકામાં સૌથી મોટા અને સૌથી વધુ ફેલાયેલા જૂથોમાંનું એક છે.
- **ગુજરાતીઓ :** ભારતના ગુજરાત રાજ્યમાં મહત્વપૂર્ણ મુસ્લિમ સમુદાયો અને ડાયસ્પોરા છે.
- **હૌસા :** પશ્ચિમ આફ્રિકાનો સૌથી મોટો વંશીય જૂથ, મુખ્યત્વે ઉત્તરી નાઈજીરીયા અને નાઈજરમાં કેન્દ્રિત છે.
- **હુઈ :** ચીનમાં એક મુખ્ય ચીની ભાષી મુસ્લિમ વંશીય જૂથ છે.
- **જાવાનીઝ :** ઈન્ડોનેશિયાનો સૌથી મોટો વંશીય જૂથ અને વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતું મુસ્લિમ વંશીય જૂથ છે.
- **કાનુરી :** મુખ્યત્વે લેક ચાડ બેસિન (નાઈજીરીયા, નાઈજર, ચાડ)માં સ્થિત છે.
- **કાશ્મીરીઓ :** ભારત અને પાકિસ્તાન વચ્ચે આવેલા કાશ્મીર ક્ષેત્રમાં રહે છે.
- **કઝાખ :** કઝાકિસ્તાનના બહુમતી તુર્કિક લોકો અને ચીન અને રશિયાના કેટલાક ભાગોમાં વસે છે.
- **કુર્દ :** તુર્કી, ઈરાક, ઈરાન અને સીરિયામાં ફેલાયેલા લોકો છે.
- **કિર્ગીઝ :** કિર્ગિસ્તાન અને મધ્ય એશિયામાં રહેતું એક તુર્કિક જૂથ છે.
- **મલય :** સિંગાપોર અને થાઈલેન્ડમાં વસ્તી સાથે, મલેશિયા અને બ્રુનેઈમાં બહુમતી વંશીય જૂથ છે.
- **મેન્ડિંકા :** પશ્ચિમ આફ્રિકા (ગામ્બિયા, સેનેગલ, ગિની)માં એક મુખ્ય જૂથ છે.
- **મિનાંગકાબાઉ :** એક ઈન્ડોનેશિયન વંશીય જૂથ છે,જે તેમની માતૃવંશીય સંસ્કૃતિ માટે જાણીતું છે.
- **ઓરોમો :** ઈથોપિયાનો સૌથી મોટો વંશીય જૂથ, જેમાં નોંધપાત્ર મુસ્લિમ બહુમતી છે.
- **પશ્તુનો :** અફઘાનિસ્તાન અને ઉત્તરપશ્ચિમ પાકિસ્તાનમાં રહે છે.
- **પંજાબીઓ :** પાકિસ્તાન અને ઉત્તર ભારતમાં એક વિશાળ વંશીય જૂથ છે.
- **સિંધીઓ :** મુખ્યત્વે પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં વસેલા છે.
- **સોમાલી :** આફ્રિકાના સોમાલિયા, ઈથોપિયા, કેન્યા, જીબુટીમાં વસવાટ કરે છે.
- **સુદાનીઝ :** ઈન્ડોનેશિયામાં બીજા ક્રમનો સૌથી મોટુ વંશીય જૂથ છે.
- **તાજિક :** તાજિકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ફારસી ભાષી જૂથ છે.
- **ટાટાર્સ :** મુખ્યત્વે રશિયા અને મધ્ય એશિયામાં રહેતો તુર્કિક જૂથ છે.
- **તુઆરેગ :** સહારાના આંતરિક ભાગમાં (માલી, નાઈજર, અલ્જેરિયા) એક વિચરતુ બર્બર જૂથ છે.
- **ટર્ક્સ :** તુર્કીમાં બહુમતી અને યુરોપ અને બાલ્કન્સમાં તુર્કી બોલતા સમુદાયો વસે છે.
- **તુર્કમેન :** તુર્કમેનિસ્તાન અને ઈરાન અને અફઘાનિસ્તાનના કેટલાક ભાગોમાં એક તુર્કિક જૂથ છે.
- **ઉઈગુર :** મુખ્યત્વે ચીનના શિનજિયાંગ પ્રદેશમાં રહેતું એક તુર્કિક જૂથ છે.
- **ઉઝબેક :** મધ્ય એશિયાના (શઉઝબેકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં વસ્તુ સૌથી મોટુ તુર્કિક જૂથ છે.
- **વોલોફ :** સેનેગલમાં મુખ્ય વંશીય જૂથ છે.
- **યોરૂબા :** નાઈજીરીયામાં એક મુખ્ય જૂથ જ્યાં મુસ્લિમ વસ્તી નોંધપાત્ર છે.

જ્યારે આપણે મુસ્લિમ સમુદાયના 'રંગ' વિશે વાત કરીએ છીએ, ત્યારે આપણે ગ્રહ પરના સૌથી વૈવિધ્યસભર માનવ રંગની વાત કરી રહ્યા હોઈએ છીએ. કારણ કે ઈસ્લામ એક ધર્મ છે, કોઈ જાતિ નહીં, તે માનવ પરિવારમાં જોવા મળતા દરેક ત્વચાના રંગને સમાવે છે.

જો આપણે મુસ્લિમોના રંગ મુજબના ક્રમમાં સૂચિબદ્ધ કરીએ, તો તે આના જેવું દેખાશે :

- **બદામી રંગ :** લેવન્ટ, ઉત્તર આફ્રિકા અને ભૂમધ્ય સમુદ્રમાં સામાન્ય રીતે જોવા મળે છે.
- **અમ્બર રંગ :** મધ્ય એશિયા અને અરબી દ્વીપકલ્પના ભાગોમાં જોવા મળે છે.
- **બેજ રંગ :** દક્ષિણ યુરોપ અને તુર્કીમાં સામાન્ય રીતે જોવા મળે છે.
- **કાળો/ઊંડો આબોન રંગ :** પશ્ચિમ, પૂર્વ અને મધ્ય આફ્રિકા તેમજ આફ્રિકન ડાયસ્પોરામાં જોવા મળે છે.
- **કાંસ્ય રંગ :** દક્ષિણપૂર્વ એશિયામાં સામાન્ય, ખાસ કરીને ઈન્ડોનેશિયા અને મલેશિયામાં જોવા મળે છે.
- **ભુરો રંગ :** દક્ષિણ એશિયા - ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ - અને દક્ષિણ અમેરિકામાં જોવા મળતો વિશાળ સ્પેક્ટ્રમ છે.
- **કારમેલ રંગ :** આફ્રિકાના હોર્ન, સાહેલ અને લેટિન અમેરિકામાં જોવા મળે છે.
- **તાંબા રંગ :** ઉત્તર આફ્રિકા અને અમેરિકાના સ્વદેશી સમુદાયોમાં સામાન્ય છે.
- **ફેર/ઓલિવ રંગ :** ભૂમધ્ય સમુદ્ર, બાલ્કન્સ અને કાકેશસનું ઓળખપત્ર છે.
- **સોનેરી રંગ :** હુઈ અને ઉઈગુર સમુદાયો સહિત, પૂર્વ એશિયામાં જોવા મળે છે.
- **હાથીદાંત/સફેદ રંગ :** યુરોપિયન મુસ્લિમો, સર્કાસિયનો અને મધ્ય એશિયાના ભાગોમાં જોવા મળે છે.
- **મહોગની રંગ :** સમૃદ્ધ, ઊંડા સ્વર ઉપ-સહારન આફ્રિકા અને દક્ષિણ ભારતમાં સામાન્ય છે.
- **ટેન રંગ :** વિશ્વભરમાં રણમાં રહેતા અને દરિયાકાંઠાના સમુદાયોના સૂર્ય-ચુંબિત રંગો છે.

આ ભૌતિક વિવિધતા ફક્ત જૈવિક હકીકત નથી; તે આધ્યાત્મિક ગર્વનો મુદ્દો છે. પયગંબર મુહમ્મદ (સ.અ.વ.)એ તેમના અંતિમ ઉપદેશમાં, સ્પષ્ટપણે કહ્યું હતુ કે, "ધર્મનિષ્ઠા અને સત કાર્યો સિવાય, કોઈ અરબ બીજા બિન-અરબ કરતા શ્રેષ્ઠ નથી, કે કોઈ બિન-અરબ પણ અરબ કરતા શ્રેષ્ઠ નથી; તેમજ, કોઈ ગોરો પણ કાળા કરતા શ્રેષ્ઠ નથી કે કોઈ કાળાની પણ ગોરા પર કોઈ શ્રેષ્ઠતા નથી. 'અપમાન કરનારાઓ' ઘણીવાર ઈસ્લામને 'વિદેશી' અથવા 'આરબ' રંગ તરીકે રંગવાનો પ્રયાસ કરે છે, પરંતુ નીચે આપેલી યાદી સાબિત કરે છે કે, ઈસ્લામ વૈશ્વિક છે. ઈસ્લામ ગોરી ચામડીવાળા યુરોપિયન, ભૂરી ચામડીવાળા ભારતીયો અને કાળી ચામડીવાળા આફ્રિકનો બધા જ માટે સમાન છે.

હવે મુસ્લિમો દ્વારા બોલાતી મુખ્ય ભાષાઓ પર નજર કરીએ, જેમાં ભોજપુરી અને હિન્દીનો પણ સમાવેશ થાય છે, જે આ સૂચિમાં નથી.

- **અલ્બેનિયન :** અલ્બેનિયા, કોસોવો અને બાલ્કન્સમાં મુસ્લિમો દ્વારા બોલાતી ભાષા છે.
- **અરબી :** મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકામાં બધા મુસ્લિમોની ધાર્મિક ભાષા અને માતૃભાષા છે.
- **અઝેરી (અઝરબૈજાની) :** અઝરબૈજાન અને ઈરાનમાં બોલાતી તુર્કિક ભાષા છે.
- **બલોચી :** પાકિસ્તાન, ઈરાન અને અફઘાનિસ્તાનના બલુચિસ્તાન ક્ષેત્રમાં બોલાય છે.
- **બંગાળી :** મુસ્લિમ વિશ્વ (બાંગ્લાદેશ અને ભારત)માં સૌથી વધુ બોલાતી ભાષાઓમાંની એક છે.
- **બર્બર (તામાઝાઈટ) :** ઉત્તર આફ્રિકાની સ્વદેશી ભાષા છે.
- **બોસ્નિયન :** બોસ્નિયા અને હર્ઝેગોવિનામાં મુસ્લિમો દ્વારા બોલાતી ભાષા છે.
- **ચેચન :** રશિયાના ઉત્તર કાકેશસ પ્રદેશમાં બોલાતી ભાષા છે.
- **દારી :** અફઘાનિસ્તાનમાં વ્યાપકપણે બોલાતી ફારસી ભાષાની વિવિધતા છે.
- **અંગ્રેજી :** પશ્ચિમ (યુએસએ, યુકે, કેનેડા)માં લાખો મુસ્લિમો દ્વારા બોલાતી અને ભૂતપૂર્વ વસાહતો (નાઈજીરીયા, પાકિસ્તાન, ભારત)માં બીજી ભાષા તરીકે બોલાય છે.
- **ફ્રેન્ચ :** પશ્ચિમ આફ્રિકા (સેનેગલ, માલી) અને મગરેબ, તેમજ ફ્રાન્સમાં મુસ્લિમો માટે એક મુખ્ય ભાષા છે.
- **ફુલાની (પુલાર) :** પશ્ચિમ અને મધ્ય આફ્રિકામાં એક મુખ્ય ભાષા છે.
- **ગુજરાતી :** ભારતમાં મુસ્લિમ સમુદાયો અને વૈશ્વિક ડાયસ્પોરા દ્વારા બોલાતી ભાષા છે.
- **હૌસા :** પશ્ચિમ આફ્રિકા (નાઈજીરીયા, નાઈજર)માં સૌથી વધુ બોલાતી સ્વદેશી ભાષા છે.
- **ઈન્ડોનેશિયન (બહાસા ઈન્ડોનેશિયા) :** વિશ્વની સૌથી મોટી મુસ્લિમ વસ્તી દ્વારા બોલાતી ભાષા છે.
- **જાવાનીઝ :** ઈન્ડોનેશિયામાં ૧૦ કરોડથી વધુ મુસ્લિમોની માતૃભાષા છે.
- **કાશ્મીરી :** કાશ્મીર ખીણમાં બોલાતી ભાષા છે.
- **કઝાક :** મધ્ય એશિયાની એક તુર્કિક ભાષા છે.
- **કુર્દિશ :** તુર્કી, ઈરાક, ઈરાન અને સીરિયામાં લાખો લોકો દ્વારા બોલાતી ભાષા છે.
- **કિર્ગીઝ :** કિર્ગિસ્તાન અને ચીનના કેટલાક ભાગોમાં બોલાતી ભાષા છે.
- **મલય (બહાસા મેલયુ) :** મલેશિયા, બ્રુનેઈ અને સિંગાપોરમાં બોલાય છે.
- **મેન્ડરિન ચાઈનીઝ :** ચીનમાં હુઇ અને અન્ય મુસ્લિમ જૂથો દ્વારા બોલાતી ભાષા છે.
- **ઓરોમો :** ઈથોપિયા અને કેન્યામાં મુખ્ય ભાષા છે.
- **પશ્તો :** અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં બોલાતી ભાષા છે.
- **ફારસી (ફારસી) :** ઈરાન અને તાજિકિસ્તાનની મુખ્ય ભાષા છે.
- **પંજાબી :** પાકિસ્તાન અને ઉત્તર ભારતમાં આ વિશાળ ભાષાનું જૂથ છે.
- **રશિયન :** રશિયા અને મધ્ય એશિયામાં આશરે ૨૦-૨૫ મિલિયન મુસ્લિમો દ્વારા બોલાતી ભાષા છે.
- **સિંધી :** મુખ્યત્વે પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં બોલાય છે.
- **સોમાલી :** આફ્રિકાના શિંગડામાં બોલાતી ભાષા છે.
- **સ્પેનિશ :** લેટિન અમેરિકા અને સ્પેનમાં મુસ્લિમોમાં વધતી જતી ભાષા છે.
- **સુદાનીઝ :** ઈન્ડોનેશિયામાં લાખો લોકો દ્વારા બોલાતી ભાષા છે.
- **સ્વાહિલી :** પૂર્વ આફ્રિકા (તાંઝાનિયા, કેન્યા, યુગાન્ડા)ની ભાષા છે.
- **તાજિક :** મધ્ય એશિયાની ફારસી ભાષા છે.
- **તતાર :** રશિયાના વોલ્ગા ક્ષેત્રમાં બોલાતી તુર્કિક ભાષા છે.
- **ટર્કીશ :** તુર્કીમાં બોલાતી ભાષા અને યુરોપમાં ટર્કિશ ડાયસ્પોરાની ભાષા છે.
- **ઉર્દૂ :** દક્ષિણ એશિયાઈ મુસ્લિમોની એક મુખ્ય ભાષા, જે ઈસ્લામિક સાહિત્ય અને ઓળખ સાથે ઊંડે સુધી જોડાયેલી છે.
- **ઉઈગુર :** પશ્ચિમ ચીનમાં બોલાતી તુર્કિક ભાષા છે.
- **ઉઝ્બેક :** ઉઝબેકિસ્તાનની મુખ્ય ભાષા છે.
- **વોલોફ :** સેનેગલમાં સૌથી વધુ બોલાતી ભાષા છે.
- **યોરૂબા :** દક્ષિણપશ્ચિમ નાઈજીરીયામાં મોટી મુસ્લિમ વસ્તી દ્વારા બોલાતી ભાષા છે.

આ વાંચતા ડૉ. મોહમ્મદ ઈકબાલનો પ્રખ્યાત શેર યાદ આવે છે:

**"એક હી સફ મેં ખડે હો ગયે મહમૂદ-ઓ-અયાઝ !**
**ના કોઈ બંધા રહા ઔર ના કોઈ બંદા-નવાઝ !!"**
**("નમાઝની એક જ હરોળમાં સુલતાન અને ગુલામ ઉભા હતા;**
**માલિક અને સેવક વચ્ચેનો ભેદ ભૂંસાઈ ગયો.")**

પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.)નો ઈસ્લામિક વિશ્વાસ ૭મી સદીમાં પ્રગટ થયો હતો. આનો અર્થ એ થયો કે તે પહેલાં, તેમના અનુયાયી તરીકે કોઈ 'જૈવિક' મુસ્લિમો ન હતા. પયગંબરનો પરિવાર અને તેમના નજીકના સાથીઓ (સહાબા) સહિત, બધા જ પ્રથમ મુસ્લિમો ધર્માંતરિત હતા. તેઓ તેમના સમયની મૂર્તિપૂજક, ખ્રિસ્તી અથવા યહૂદી પરંપરાઓથી ઈસ્લામમાં સંક્રમિત થયા હતા. વ્યાખ્યા મુજબ, મુસ્લિમ હોવું એ નવો માર્ગ પસંદ કરનારા એક વંશનો ભાગ છે.

લોકો અને વિચારોની ગતિવિધિને કારણે ઈસ્લામ ધર્મ અરબી દ્વીપકલ્પની બહાર જવા પામ્યો છે.

- **પર્સિયન અને બાયઝેન્ટાઈન :** આ વિશાળ સામ્રાજ્યો રાતોરાત 'મુસ્લિમ' બન્યા ન હતા; તેમની વસ્તી પેઢી દર પેઢી ધર્માંતરિત થતી રહી છે.
- **આફ્રિકન રાજ્યો :** માલી અને આફ્રિકા જેવા સ્થળોએ, રાજાઓ અને સામાન્ય લોકોએ વેપાર અને બૌદ્ધિક આદાન-પ્રદાન દ્વારા ઈસ્લામ સ્વીકાર્યો હતો.
- **ભારતીય ઉપખંડ :** અહીં, સદીઓથી લાખો લોકો ઈસ્લામ તરફ આગળ વધ્યા, કઠોર જાતિ વ્યવસ્થા સામે ઉભા રહેલા સૂફી સંતોના સમાનતાવાદી સંદેશથી આકર્ષાયા હતા. ઈસ્લામિક ધર્મશાસ્ત્રમાં, ફિત્રાની વિભાવના સૂચવે છે કે દરેક માનવી ભગવાન સાથે જન્મજાત જોડાણ સાથે જન્મે છે. તેથી, જ્યારે કોઈ વ્યક્તિ 'પરિવર્તન' કરે છે, ત્યારે તેને તેમની મૂળ, કુદરતી સ્થિતિમાં 'પાછા ફરતા' તરીકે જોવામાં આવે છે. આ દૃષ્ટિકોણથી, ધર્માંતરણ એ ઓળખનો 'પરિવર્તન' નથી, તે સ્વ તરફ પાછા ફરવાનો છે. દરેક ધર્મમાં ધર્માંતરિત લોકો હોય છે, જેમાં હિન્દુ ધર્મનો પણ સમાવેશ થાય છે, જે ઐતિહાસિક રીતે આદિવાસી અને સ્થાનિક પરંપરાઓને પોતાનામાં સમાવી લે છે. આરબો પણ 'પરિવર્તિત મુસ્લિમ' છે કારણ કે પયગંબર મુહમ્મદ (સ.અ.વ.) પોતે એવા સમાજમાં જન્મ્યા હતા જ્યાં ઈસ્લામ સ્વીકારતા પહેલા બહુદેવવાદનું પાલન થતું હતું. ભારતીય મુસ્લિમોને 'પરિવર્તિત' તરીકે અલગ પાડવા એ દંભ છે અને ધાર્મિક ઈતિહાસની નબળી સમજણને દગો આપે છે. બીજું, ઈસ્લામ કોઈ વંશીય ધર્મ નથી. દક્ષિણ એશિયા, આફ્રિકા અને દક્ષિણપૂર્વ એશિયામાં વિશ્વભરના મોટાભાગના મુસ્લિમો બિન-અરબ છે. એવો દાવો કરવો કે આરબ મુસ્લિમો 'શ્રેષ્ઠ' છે તે ઈસ્લામના પોતાના સમાનતાવાદી સિદ્ધાંતોનો વિરોધાભાસ કરે છે, જે વંશીય વંશવેલોને નકારે છે. ભારતીય મુસ્લિમો આરબો કરતા ઓછા મુસ્લિમ નથી; તેમનો વિશ્વાસ એક જ કુર્આન, સમાન પયગમ્બર અને સમાન પ્રથાઓમાં મૂળ ધરાવે છે. છેલ્લે, ધર્માંતરણ એ શરમનું ચિહ્ન નથી; તે શ્રદ્ધાનો પાયો છે.

**- સમી અહેમદ**

**(સૌ. : ઈન્ડિયા ટુમોરો)**

# વારસા મુદ્દે મુસ્લિમ પર્સનલ લૉની જોગવાઈઓ પર સુપ્રીમ કોર્ટની ગંભીર નજર

CJI સૂર્યકાંતની બેન્ચે સુનાવણી દરમિયાન એવો પ્રશ્ન કર્યો કે શું આ કોર્ટ શરિયા-આધારિત ઉત્તરાધિકાર નિયમોને રદ કરી શકે છે; આ અંગે વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણ દ્વારા લિંગ સમાનતા માટે દલીલ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે વારસા અંગે મુસ્લિમ પર્સનલ લૉની જોગવાઈઓને પડકારતી એક મહત્ત્વપૂર્ણ અરજી પર સુનાવણી કરી હતી. જેમાં અરજદારોનો દાવો છે કે પુરૂષોની તુલનામાં મહિલાઓને ઓછો હિસ્સો આપવામાં આવે છે અને તેમની સાથે ભેદભાવ કરવામાં આવે છે. એક સંગઠન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં ૨૦૧૭ના ટ્રિપલ તલાકના ચુકાદાના આધારે આ કાયદાની ન્યાયિક સમીક્ષા કરવાની માંગ કરવામાં આવી છે, જેમાં ટ્રિપલ તલાકને ગેરબંધારણીય જાહેર કરવામાં આવી હતી.

અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે દલીલ કરી હતી કે મુસ્લિમ પર્સનલ લૉ હેઠળની વર્તમાન વારસા પ્રણાલી લિંગ સમાનતાના બંધારણીય સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે. વારસાના મામલામાં લિંગ સમાનતા સુનિશ્ચિત કરવી જરૂરી છે. આ કોર્ટે ત્રણ તલાકને મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરનાર ગણાવીને ફગાવી દીધી છે, તેવી જ રીતે તે ઉત્તરાધિકાર કાયદામાં આ ભેદભાવપૂર્ણ પ્રથાની તપાસ કરી શકે છે અને કોર્ટે તે કરવી જોઈએ. તેમણે શાયરાબાનો કેસનો ઉલ્લેખ કરતા આ રજૂઆત કરી હતી.

